# પ્રેમ-સ્તવના

(પ્રાચીન ચૈત્યવંદન-થોય-સ્તવન-સજ્ઝાય સંગ્રહ)




સંકલન :

પ.પૂ. નૂતન આચાર્ય શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના

શિષ્યરત્ન પરમાત્મા-ભક્તિ રસિક

પૂ. મુનિરાજશ્રી ભક્તિરત્ન વિજયજી મ.સા.

પ.પૂ. ગુરૂદેવશ્રીનો તપાગચ્છાધિપતિ પદ પાટ મહોત્સવ તથા
પ.પૂ. ગુરૂદેવશ્રીના ૭૫ વર્ષના સુદીર્ઘ સંયમ જીવનની
ઉજવણી મહોત્સવ એટલે જ.... 

# હિરક મહોત્સવ

# Diamond Jubilee



॥ શ્રી ૧૦૮ શંખેશ્વર - ભક્તિ - નાગેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી પાવાપુરી મંડન શ્રી મહાવીર સ્વામિને નમઃ ॥

॥ શ્રી ધર્મ - ભક્તિ - પ્રેમ સુબોધ સૂરીશ્વરેભ્યો નમઃ ॥

# પ્રેમ સ્તવના

(પ્રાચીન ચૈત્યવંદન, થોય, સ્તવન, સજ્ઝાય સંગ્રહ)

-: પ્રેરણા તથા અનન્ય કૃપા :-

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર મહાપ્રાસાદ, શંખેશ્વર તીર્થ,
તથા શ્રી પાવાપુરી જલમંદિર, પંચાસર (શ્રી ગુરૂ-પ્રેમ ધામ)ના
પ્રેરક સદાય - પ્રસન્નમૂર્તિ પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્ય
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

-: સંકલન :-


પ.પૂ. નૂતન આચાર્ય દેવ
શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ
(જૈન જ્યોતિષજ્ઞ)ના શિષ્યરત્ન પરમાત્મ
ભક્તિ - રસિક
પૂ. મુનિરાજશ્રી ભક્તિરત્ન વિજયજી મ.સા.



-: પ્રકાશક :-

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર મહાપ્રાસાદ જૈન ટ્રસ્ટ

# ❋ પરમ-પાવન-અવસર ❋

અવસર જોઈને વિભાગોનું
વિભાગીકરણ

**✳ ચૈત્યવંદન વિભાગ સમર્પણ ✳**

પ.પૂ. દાદા ગુરૂદેવ ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રી
વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના તપાગચ્છાધિપતિ
પદ પાદ મહોત્સવ નિમિત્તે

**✳ થોય વિભાગ અર્પણ ✳**

પ.પૂ. ગુરૂદેવશ્રીના ૭૫ વર્ષના સુદીર્ઘ સંયમ જીવનની ઉજવણી નિમિત્તે

**✳ સ્તવન વિભાગ અર્પણ ✳**

પ.પૂ. પન્યાસ પ્રવર શ્રી હેમચંદ્ર વિજયજી મ.સા. તથા
પ.પૂ. પન્યાસ પ્રવર શ્રી રત્નશેખર વિજયજી મ.સા. ને
આચાર્ય પદ પ્રદાન નિમિત્તે

**✳ સજ્ઝાય વિભાગ અર્પણ ✳**

"શ્રી ગુરૂ-પ્રેમ ધામ" શ્રી પાવાપુરી જલ મંદિર-પંચાસરની
ભવ્યાતિભવ્ય અંજલશલાકા- પ્રતિષ્ઠાની સ્મૃતિમાં
સંવત ૨૦૬૨ના જેઠ સુદ-૨ તા. ૨૯-૫-૨૦૦૬ને સોમવાર

# આમુખ...

જ્ઞાની પુરૂષોના વચનામૃતોનું વારંવાર વાચન નિદિધ્યાસન અને તેને અંતરમાં વણી લેવાં, તદ્રૂપ યથાર્થ સમજણ કરવી અને તે પ્રમાણે પરિણામની પરિણતિ થવી, એ ભક્તિ છે. સત્ પુરૂષોના પ્રત્યક્ષપણામાં તેમનો પ્રાપ્ત થતો બોધ એ ભક્તિનો હેતુ છે, પણ તેમના પરોક્ષપણામાં તેમના વચનામૃતોના સંગ્રહરૂપ શાસ્ત્રો એ જીવને કાર્યકારી અને હિતકારી નિમિત્ત થાય છે.

સર્વમાન્ય, આત્મજ્ઞ એવા શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી મોહનવિજયજી, શ્રી ઉદયરત્નજી, શ્રી જ્ઞાનવિમલજી આદિ મહાત્માઓના ભક્તિ ભાવના, ઉલ્લાસના ફળરૂપ પ્રાપ્ત થતા સ્તવનો, ચૈત્યવંદનો, સ્તુતિઓ, સજ્ઝાયો આદિનો આમાં સમાવેશ કર્યો છે.

સર્વે મુમુક્ષુ અને વાંચક વર્ગ આ પુસ્તકનો સદુપયોગ કરશે, આશાતનાથી બચાવશે અને કોઈ ત્રુટિ હોય તો જણાવશે એ આશા છે.

આ પુસ્તકમાં મુખ્ય પ્રેરણાબળ ''પ. પૂ. તપાગચ્છાધિપતિનું છે, સાથે સાથે પ.પૂ. આ. શ્રી વિજય ભાનુચંદ્રસૂરિજી મ.સા., પ.પૂ. નૂતન આ. શ્રી વિજય હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પ. પૂ. નૂતન ગણીવર્ય શ્રી કુલચંદ્રવિજયજી (K.C.) મ.સા.નું સુંદર માર્ગદર્શન સાંપડેલ છે. પૂ. બાલમુનિશ્રી કુલદર્શન વિ., પૂ. બાલમુનિશ્રી હેમદર્શન વિ., પૂ. બાલમુનિ શ્રી ભાગ્યચંદ્ર વિ. આદિ બાલમુનિઓએ યથાયોગ્ય સહકાર આપેલ છે. પૂ.પ્રવર્તિની સા.વિદ્યુત્પ્રભાશ્રીજીના શિષ્યા પ્રશિષ્યાઓ પ્રુફ સંશોધન કાર્યમાં મદદરૂપ બન્યા છે.

આ પુસ્તક છપાવવામાં શ્રી વીરેન્દ્રભાઈ બી. શાહ, અમદાવાદ, તથા દાન દાતાઓના અમો આભારી છીએ.

હકીકતમાં આ પુસ્તક વરસો પહેલાં પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી મ.સા.(હાલ-નૂતન ગણી) ના બીજા વરસી તપના પારણા નિમિત્તે છપાવવામાં આવેલ, **"પ્રેમ જ્યોત"** નામના પુસ્તકની સવિસ્તાર દ્વિતીય આવૃત્તિ જ છે.

આ ઓ પ્રભુ ભક્તિ કરે, તનમાં વ્યાધિ મનમાં સમાધિ, સમેતશિખર તીર્થ વંદનાવલિ, પ્રેમ જ્યોત, શત્રુંજય તીર્થ સ્તવનાવલિ, ભક્તિ પ્રેમ સ્તવનાવલિ, ભક્તિનું ઝરણું, પ્રેમનું ઝરણું અને હવે આ પ્રેમ સ્તવના, આવી નાની મોટી ચોપડીઓનું સુંદર પ્રકાશન પ.પૂ. નૂતન આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પરમાત્મ ભક્તિ રસિક, મધુર કંઠી પૂ.મુનિરાજ શ્રી ભક્તિરત્ન વિજયજી મ.સા. કરી રહ્યા છે. આ તેમની શ્રુત-યાત્રા, પ્રભુ ભક્તિ યાત્રા અવિરતપણે અથાક ચાલુ રહે એજ શુભેચ્છા.

**પ્રકાશક : ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ, શંખેશ્વર**

**❋ સુકૃતના સહભાગી ❋**

**પૂ.સા. સૂર્યપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા. દિવ્ય પ્રભાશ્રીજી મ.સા.ની**

**પ્રેરણાથી શ્રાવિકા બેનો તરફથી**

**(શ્રી ધર્મ વિદ્યા વિહાર, સાબરમતી, અમદાવાદ)**

**પ્રથમ આવૃત્તિ :- વૈ.સુ.૧૦, વિ.સં. ૨૦૬૨, રવિવાર, તા. ૭-૫-૨૦૦૬**

**નકલ :- ૧૦૦૦** ● **કિંમત : અમૂલ્ય - પરમાત્મા ભક્તિ**

**☞ પ્રાપ્તિ સ્થાન ☜**

**શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ,**

શંખેશ્વર (ઉ.ગુ.) ફોન. : ૦૨૭૩૩, ૨૭૩૩૨૫, ૨૭૩૪૪.

ટાઈપ સેટીંગ તથા છાપનાર

● શ્રી નેમિ પ્રીન્ટર્સ ●

કુવાવાળી ખડકીના નાકે, મંગળ પારેખનો ખાંચો,

શાહપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧

ફોન - ૨૫૬૦૦૮૯૧

# પુસ્તકના શુભેચ્છકો...

૧ જયશ્રીબેન નરેશભાઈ શાહ (એન.એમ.શાહ) - પાટણવાળા.

૨ અરૂણાબેન મનિષકુમાર પી. ઝાંબડ - આર્ણી.

૩ ''તીર્થના'' જન્મ નિમિત્તે-અનિતા અભય ભંડારી - સાદડીવાળા.

૪ અનિલાબેન (એચ.એમ.શાહ) - અમદાવાદ.

૫ ડૉ. જ્યોતિબેન નિતિનભાઈ મહેતા, આનંદ, કુશલ - મોરબી.

૬ રસીલાબેન અરવિંદભાઈ તારાચંદ શાહ - મુંબઈ.

૭ અમરભાઈ જયંતિલાલ નાગડા - મુલુંડ, મુંબઈ.

૮ અશોકભાઈ ભંવરલાલજી પરમાર - કાંદિવલી મુંબઈ.

૯ દિવાળીબેન બાબુલાલજી વર્ધન, (ભીનમાલવાળા) - મુંબઈ.

૧૦ ભૂરમલજી ચેનાજી સંઘવી - વાંકડીયા વડગામ.

૧૧ કલ્પનાબેન ડૉ. ભરતભાઈ શાહ - બાબુલનાથ, મુંબઈ.

૧૨ સુમિત્રાબેન બાબુભાઈ જે. શાહ (માંકણંજવાળા) - મુંબઈ.

૧૩ ભારતીબેનના સ્મરણાર્થે- ડૉ. ભરતભાઈ મહેતા - રાજકોટ.

૧૪ ભાવેશભાઈ રમેશચંદ્ર ઝવેરી (પાટણવાળા) - મુંબઈ.

૧૫ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન સંઘ - સાંતાક્રુઝ, મુંબઈ.

૧૬ ભરતભાઈ ડી. નીબાચીયા - પૂના.

૧૭ ફકીરચંદ નાથાલાલ શાહ - સાબરમતી, અમદાવાદ.

૧૮ ચંપકલાલ એમ. સતીયા - અંધેરી ઈસ્ટ, મુંબઈ.

૧૯ ધર્મેશભાઈ ભગવાનજી દોશી - મલાડ ઈસ્ટ, મુંબઈ.

૨૦ પ્રભાબેન ફુલચંદજી સંચેતી - લોણાર, મહારાષ્ટ્ર.

૨૧ સંગીતાબેન ડો. રવિંદ્રજી સકલેચા - મહારાષ્ટ્ર.

૨૨ ફુલચંદજી એન. શાહ - લેક એવેન્યુ, કલકત્તા.

૨૩ પ્રજ્ઞેશ શાહ - અમેરિકા.
૨૪ દિલિપભાઈ ડી. શાહ - બોસ્ટવાના, આફ્રિકા.
૨૫ તુષાર નવિનચંદ્ર સરકાર - વાલકેશ્વર, મુંબઈ.
૨૬ વીરબાલાબેન જિતેન્દ્રકુમાર શાહ, હેમંત - મહેસાણા.
૨૭ લત્તાબેન હેતલભાઈ મનસુખભાઈ શાહ - પાલડી, અમદાવાદ.
૨૮ પ્રભાબેનના સ્મરણાર્થે-અતુલ હસમુખભાઈ પટવા - મુંબઈ.
૨૯ ભણસાણી મેટલ્સ, (હાડેચાવાળા) - મુંબઈ.
૩૦ હીરાલાલ બી. શાહ, થરાદવાળા - અમદાવાદ.
૩૧ હર્ષદમામા - (મેટ્રો ટ્રેડર્સ) ખાનપુર -અમદાવાદ.
૩૨ હીમાંશુભાઈ શાંતિલાલ શાહ - કાંદિવલી મુંબઈ.
૩૩ ઈંદુબેન વસંતભાઈ ઝોટા - વાલકેશ્વર, મુંબઈ.
૩૪ જયંતિલાલ કેશવલાલ શાહ - આગીયોલ સાબરકાંઠા.
૩૫ કમલનયન ચંપકલાલ શાહ - સાંતાક્રુઝ વેસ્ટ, મુંબઈ.
૩૬ જસીબેન તથા કીર્તિભાઈના સ્મરણાર્થે, ચીમનભાઈ - મુંબઈ.
૩૭ કાંતિલાલજી સાંકલચંદજી પાંથેડીવાળા - તારદેવ મુંબઈ.
૩૮ નયનાબેન મહેન્દ્રભાઈ ભાવચંદ શાહ - ભરૂચ.
૩૯ શારદાબેન રતિલાલભાઈ પારેખ - બોરીવલી, મુંબઈ.
૪૦ મંજુલાબેન મનુભાઈ સંઘરાજકા - પેડરરોડ મુંબઈ.
૪૧ ચંચળબેન શાંતિભાઈ નાગડા - અંધેરી જુહુગલી, મુંબઈ.
૪૨ ચુનિભાઈ તથા સુરેશભાઈ નાગડાં - ઈર્લા મુંબઈ.
૪૩ મણીભાઈ પટેલ - ચંદન પાર્ક સોસાયટી, મહેસાણા.
૪૪ માઁ અંબે કૃપા - રમેશભાઈ (માલાવાડાવાળા) - સુરત.
૪૫ નિરંજનભાઈના સ્મરણાર્થે, સરસ્વતીબેન - મેઘદુત, મરીન ડ્રાઈવ.

૪૬ નિર્મલ એમ. ખીવસરા - લોઅર-પરેલ, મુંબઈ.
૪૭ માઁ અંબે કૃપા - મંજુલાબેન, નીમેશ ટી. શાહ - અમદાવાદ.
૪૮ નરેશભાઈ નેમચંદભાઈ શાહ - દાદર, મુંબઈ.
૪૯ સમુબેન કપુરચંદજી સંઘવી, સુરેશ, જગદીશ - પૂના, મહારાષ્ટ્ર
૫૦ મીલનબેન રોહિતભાઈ શાહ - બારડોલી.
૫૧ ભરતભાઈ લક્ષ્મીચંદભાઈ ગોગરી - મુંબઈ.
૫૨ પ્રીતિબેન ભરતભાઈ - મુંબઈ.
૫૩ હસુબેન હીંમતલાલ. ભાવસાર
જિતુભાઈ, ઉપેન્દ્રભાઈ, નયનાબેન - સાંતાક્રુઝ, મુંબઈ.
૫૪ વાસંતીબેન સેવંતીલાલ શાહ (વાંકાનેર) - વાલકેશ્વર, મુંબઈ.
૫૫ સાવત્રીબેન પુખરાજજી માલાજી (સાંચોર) - મુંબઈ.
૫૬ પ્રમોદભાઈ જે. શાહ - કલકત્તા.
૫૭ પ્રફુલાબેન રાજેન્દ્રભાઈ બેંકર - વડોદરા.
૫૮ શ્રી ભક્તિ પ્રેમ મિત્ર મંડળ, (ઘાણેરાવ) - મુંબઈ.
૫૯ સેવંતિલાલ એમ. શાહ - વસઇ ઇસ્ટ મુંબઈ.
૬૦ પારૂલબેન વિપુલભાઈ બી. શાહ - ન્યુ ચીખલવાડી તારદેવ.
૬૧ સ્મીત સુભાષભાઈ કોઠારી - વાલકેશ્વર, મુંબઈ.
૬૨ સુશીલાબેન ઉત્તમભાઈ હરીયા - ભોજાય, મુંબઈ.
૬૩ જયેશ વસંતભાઈ દેસાઈ - મોરબી.
૬૪ નલીનભાઈ દલાલ - કોઈમ્બતુર
૬૫ ડૉ. નેહાબેન રજનીભાઈ શાહ - મહેસાણા.
૬૬ કલ્પનાબેન વિનોદભાઈ શાહ - હળવદ.
૬૭ આશાબેન નામદેવભાઈ બાવીસ્કર - જલગાવ, મહારાષ્ટ્ર.

૬૮ જ્યોત્સનાબેન દોશી - રાજકોટ.

૬૯ ટમીબેન મૌલિકભાઈ પટેલ, (ચિ.હર - જન્મ નિમિત્તે) - બારેજા.

૭૦ મુકેશભાઇ મહેતા - પાર્લા, મુંબઇ.

૭૧ નલીનભાઇ પી. શાહ - અંધેરી, મુંબઇ.

૭૨ ગીરીશકુમાર બી. મહેતા - બોરીવલી, મુબંઇ.

૭૩ વિજય ફાઇનાન્સ " મોહન " - મદ્રાસ.

૭૪ ફલેર પેન - રાજેશભાઇ રાઠોડ - ગોરેગાંવ, મુબંઇ.

૭૫ વીસનજી એન્ડ કંપની (નેરડીવાળા) - મુંબઇ.

૭૫ રણજીતમલજી ગોઠી - ગોઠી સન્સ - અમદાવાદ.

૭૬ સુમેશ ટ્રેડીંગ કંપની - સુરત.

૭૭ પન્નાબેન રાજેશભાઇ વી. દોશી - પાલડી, અમદાવાદ..

૭૮ દક્ષાબેન ભરતકુમાર વાડીલાલ શાહ - સાબરમતી, અમદાવાદ.

૭૯ વાસન જેમ્સ - ધાનેરા એન્ડ કું. - જંયતિલાલ સી. શાહ - મુંબઇ.

૮૦ પ્રદીપભાઇ આર. સલોત-વિજય સીક્યુરીટી સીસ્ટમ પ્રા.લી. મુંબઇ.

૮૧ રમેશભાઇ મહેતા - "નીલ કેમ " - પાલડી, અમદાવાદ.

૮૨ શીવાભાઇ અંબારામદાસ પ્રભુરામ પટેલ - ઉંઝા.

૮૩ મનીષભાઇ પારેખ - ભાવના એજન્સી - રાજકોટ.

૮૪ હંસાબેન શૈલેષભાઇ છોટાલાલ શાહ - કૈવીન જ્વેલર્સ - અમદાવાદ.

૮૫ પારૂલબેન જીતેન્દ્રકુમાર શાહ, (ઇન્દ્રોડાવાળા) - અમદાવાદ.

૮૬ દક્ષાબેન વિરેન્દ્રકુમાર શાહ - અમદાવાદ.



# અનુક્રમણિકા


| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **ચૈત્યવંદન વિભાગ** | |
| | **એકમ-શ્રી આદિનાથ ભગવાન** | |
| ૧ | સદ્ભકત્યાનત (સંસ્કૃત) | ૧ |
| ૨ | આદિદેવ અલવેસરુ | ૧ |
| | **પૂનમ-શ્રી શત્રુંજય મહાતિર્થ** | |
| ૩ | વિમલ કેવલ જ્ઞાન | ૨ |
| ૪ | શ્રી શત્રુજય સિદ્ધક્ષેત્ર | ૨ |
| | **બીજ-તિથી શ્રી અજીતનાથ ભગવાન** | |
| ૫ | દુવિધ બંધને | ૩ |
| ૬ | સકલ સુખ સમૃદ્ધિ (સંસ્કૃત) | ૩ |
| | **ત્રીજ-શ્રી સંભવનાથ ભગવાન** | |
| ૭ | સાવત્થી નયરી | ૪ |
| | **ચોથ-શ્રી અભિનંદન સ્વામી** | |
| ૮ | વિશદ-શારદ (સંસ્કૃત) | ૪ |
| | **પાંચમ-શ્રી સુમતિનાથ ભગવાન** | |
| ૯ | સુવર્ણ વર્ણો (સંસ્કૃત) | ૪ |
| ૧૦ | શ્યામલ વાન | ૫ |
| | **છઠ-શ્રી પદ્મપ્રભુ સ્વામી** | |
| ૧૧ | ઉદાર પ્રભા (સંસ્કૃત) | ૫ |
| | **સાતમ-શ્રી સુપાર્શ્વનાથ ભગવાન** | |
| ૧૨ | જયવંત મનંત (સંસ્કૃત) | ૫ |
| ૧૩ | આઠમ-મહા સુદિ આઠમ દિને | ૬ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **નોમ શ્રી નવપદજી** | |
| ૧૪ | શ્રી સિદ્ધચક્ર આરાધીએ | ૬ |
| ૧૫ | જો ધુરિ (પ્રાકૃત) | ૭ |
| ૧૬ | બાર ગુણ (પંચ પરમેષ્ઠિ) | ૭ |
| | **દશમ-શ્રી પાર્શ્વનાથ ભગવાન** | |
| ૧૭ | શ્રયામિતં (સંસ્કૃત) | ૭ |
| ૧૮ | ૐ નમઃ પાર્શ્વનાથય (સંસ્કૃત) | ૮ |
| ૧૯ | આશ પૂરે પ્રભુ પાસજી | ૮ |
| ૨૦ | ગૌડી ગ્રામે (સંસ્કૃત) | ૯ |
| | **એકાદશી-શ્રી નેમીનાથ ભગવાન** | |
| ૨૧ | અંગ અગ્યાર | ૯ |
| ૨૨ | વિશુદ્ધ વિજ્ઞાન (સંસ્કૃત) | ૧૦ |
| ૨૩ | નેમીનાથ બાવીશમાં | ૧૦ |
| | **બારશ-શ્રી શાંતિનાથ ભગવાન** | |
| ૨૪ | શાંતિ જિનેશ્વર સોળમાં | ૧૧ |
| ૨૫ | વિપુલ નિર્મલ (સંસ્કૃત) | ૧૧ |
| | **અમાસ-શ્રી મહાવીર સ્વામી ભગવાન** | |
| ૨૬ | સિદ્ધાસ્થ સુત વંદીયે | ૧૧ |
| ૨૭ | શ્રી પર્યુષણ પર્વ-પ્રણમું શ્રી | ૧૨ |
| | **શ્રી સીમંધર સ્વામી** | |
| ૨૮ | શ્રી સીમંધર જગધણી | ૧૨ |
| ૨૯ | શ્રી સીમંધર વિતરાગ | ૧૨ |
| | **સામાન્ય જિન** | |
| ૩૦ | તુજ મૂરતિને નિરખવા (ભાવના) | ૧૩ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૩૧ | આજ દેવ અરિહંત (પંચ તિર્થી) | ૧૩ |
| ૩૨ | પદ્મપ્રભુ ને વાસુપુજય (વર્ણ) | ૧૩ |
| ૩૩ | પ્રથમ તીર્થંકર (ભવ) | ૧૪ |
| ૩૪ | દિવ્યગુણ ધારકં (સંસ્કૃત) | ૧૪ |
| ૩૫ | જય જય તું જિનરાજ | ૧૪ |
| ૩૬ | પરમેશ્વર પરમાત્મા (ગુણ) | ૧૫ |
| ૩૭ | રોહિણી તપ આરાધીએ | ૧૫ |
| ૩૮ | શ્રી વીશસ્થાનક તપ-પહેલે પદ | ૧૬ |
| ૩૯ | શ્રી દીવાળી-શાસનના શણગાર | ૧૬ |
| ૪૦ | શ્રી પુંડરીક સ્વામી - શ્રી શેત્રુંજય | ૧૭ |
| ૪૧ | શ્રી રાયણ પગલા-આદિ જિનેશ્વર | ૧૭ |
| ૪૨ | શ્રી તળેટી-તારક તિર્થ તળેટીએ | ૧૮ |
| ૪૩ | શ્રી ઘેટી પગલા-સર્વ તિર્થ | ૧૮ |
| ૪૪ | શ્રી વર્ધમાન તપ-બે કર જોડી | ૧૮ |
| | **થોયનું નામ** | |
| | **શ્રી આદિનાથ ભગવાન (એકમ)** | |
| ૧ | આદિ જિનવર રાયા | ૧૯ |
| ૨ | પ્રહ ઉઠી વંદું | ૧૯ |
| ૩ | ભાવનયા ણેગ (પ્રાકૃત) | ૨૦ |
| | **શ્રી શાંતિનાથ ભગવાન (બારસ) છઠ્ઠ** | |
| ૧ | વંદો જિન શાંતિ | ૨૧ |
| ૨ | શાંતિ સુહંકર સાહિબો | ૨૨ |
| | **શ્રી નેમીનાથ ભગવાન** | |
| ૧ | સુર અસુર વંદિત | ૨૩ |
| ૨ | નેમીનાથ નિરંજન નિરખ્યો | ૨૩ |
| ૩ | રાજુલ વરનારી | ૨૪ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૪ | ગિરનારે તે નેમીનાથ | ૨૫ |
| | **શ્રી પાર્શ્વનાથ ભગવાન (દશમ)** | |
| ૧ | શંખેશ્વર પાસજી પૂજિયે | ૨૫ |
| ૨ | શંખેશ્વર પાર્શ્વ જુહારિયે | ૨૬ |
| ૩ | પાસ જિણંદા વામા નંદા | ૨૬ |
| ૪ | શ્રેય : શ્રિયા (સંસ્કૃત) | ૨૭ |
| ૫ | ભીલડીપુર મંડણ | ૨૭ |
| ૬ | સકલ સુરાસુર | ૨૮ |
| ૭ | પોષ દશમી દિન | ૩૦ |
| | **શ્રી મહાવીર સ્વામી ભગવાન (અમાસ)** | |
| ૧ | મનોહર મૂર્તિ | ૩૦ |
| ૨ | ગંધારે મહાવીર | ૩૧ |
| ૩ | જય જય ભવિ હિતકર | ૩૨ |
| ૪ | સર હરર (જન્મ-સંગીતમય થોય) | ૩૩ |
| | **શ્રી નવપદજી (નોમ) (સાતમ)** | |
| ૧ | વીર જિનેશ્વર | ૩૩ |
| ૨ | જિન શાસન વાંછિત | ૩૪ |
| ૩ | શ્રી સિદ્ધચક્ર સેવો | ૩૫ |
| ૪ | અરિહંત નમો | ૩૬ |
| | **શ્રી નવતત્વ** | |
| ૧ | જીવા જીવા પુણ્ય ને પાવા | ૩૭ |
| | **શ્રી શત્રુંજય મહાતિર્થ (પૂનમ)** | |
| ૧ | શ્રી શત્રુંજય મંડન | ૩૮ |
| ૨ | શ્રી શત્રુંજય તીરથ સાર | ૩૮ |

| નંબર | વિગત | પા.નં. |
| --- | --- | --- |
| | **બીજ-તિથી** | |
| ૧ | જંબુદ્વીપે | ૩૯ |
| ૨ | અજુવાળી તે બીજ | ૪૦ |
| | **શ્રી સીમંધર સ્વામી** | |
| ૧ | શ્રી સીમંધર સેવિત સુરવર | ૪૧ |
| | **ત્રીજ-તિથી** | |
| ૧ | ત્રણ નિસિહી | ૪૧ |
| | **ચોથ-તિથી** | |
| ૧ | ઋષભ ચંદ્રાનન | ૪૨ |
| | **પાંચમ-તિથી** | |
| ૧ | સમુદ્ર ભૂપાલ (સંસ્કૃત) | ૪૩ |
| ૨ | શ્રાવણ સુદી દિન પંચમીએ | ૪૪ |
| ૩ | શ્રી નેમિ (સંસ્કૃત) | ૪૪ |
| ૪ | પંચ તીર્થ -આબુ અષ્ટાપદ | ૪૫ |
| | **એકાદશી-તિથી** | |
| ૧ | એકાદશી અતિ રૂઅડી | ૪૬ |
| ૨ | શ્રી ભાગ્ નેમિ (સંસ્કૃત) | ૪૭ |
| | **શ્રી પર્યુષણ પર્વ** | |
| ૧ | વરસ દિવસમાં | ૪૮ |
| ૨ | મણિ રચિત સિંહાસન | ૪૯ |
| ૩ | પુણ્યનું પોષણ | ૪૯ |
| ૪ | સત્તર ભેદી | ૫૦ |
| | **શ્રી વીશસ્થાનક તપ** | |
| ૧ | શ્રી વીશસ્થાનક તપ વિશ્વમાં | ૫૧ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **રોહિણી તપ** | |
| ૧ | શ્રી વાસુપૂજ્યજી પૂજીયે | ૫૧ |
| | **ચાર વાર બોલવાની** | |
| ૧ | ભીડભંજન પાસ પ્રભુ સમરો | ૫૨ |
| ૨ | શ્રી ચિંતામણી કીજે સેવ | ૫૨ |
| ૩ | શ્રી સીમંધર જિનવર | ૫૨ |
| ૪ | વીરં દેવં (સંસ્કૃત) | ૫૨ |
| ૫ | પુંડરિક ગણધર | ૫૨ |
| | **સ્તવન વિભાગ** | |
| | **શ્રી આદિનાથના ભગવાન સ્તવનો** | |
| ૧ | પ્રથમ જિનેશ્વર પ્રણમીએ | ૫૩ |
| ૨ | માતા મરૂદેવીના નંદ | ૫૩ |
| ૩ | દાદા આદેશ્વરજી | ૫૪ |
| ૪ | તુમ દર્શન ભલે પાયો | ૫૫ |
| ૫ | ઋષભ દેવ હિતકારી | ૫૫ |
| ૬ | જગજીવન જગવાલ હો | ૫૬ |
| ૭ | ઋષભ જિણંદા | ૫૬ |
| ૮ | દેખો માઈ (અખાત્રીજ) | ૫૭ |
| ૯ | ઋષભ જિનરાજ | ૫૭ |
| ૧૦. | બોલ બોલ આદેશ્વર વાલા | ૫૯ |
| ૧૧ | બાળપણે આપણે સસનેહી | ૬૦ |
| ૧૨ | સંસ્કૃત સ્તવન | ૬૧ |
| ૧૩ | મેં ભેટ્યા નાભિકુમાર | ૬૧ |
| | **શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | પ્રીતલડી બંધાણી રે | ૬૨ |
| ૨ | જિનજી તું ગત મેરી જાને | ૬૩ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૩ | પંથડો નિહાળું રે | ૬૩ |
| ૪ | અજિત જિણંદશું પ્રીતડી | ૬૩ |
| ૫ | તુંમ શું પ્રીત બંધાણી | ૬૪ |
| ૬ | છો જગ તારણહાર | ૬૪ |
| | **શ્રી સંભવનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | સંભવ જિનવર ! વિનંતિ | ૬૫ |
| ૨ | જિનેશ્વર ! તું સવિ ગુણીથી પુરો | ૬૬ |
| ૩ | સાહિબ સાંભળો રે | ૬૬ |
| ૪ | હાં રે હું તો મોહ્યો રે | ૬૭ |
| | **શ્રી અભિનંદન સ્વામીના સ્તવનો** | |
| ૧ | અભિનંદન જિન ! દરિશન તરસીએ | ૬૮ |
| ૨ | અભિનંદન સ્વામી હમારા | ૬૯ |
| ૩ | તારો મોહે સ્વામી | ૬૯ |
| | **શ્રી સુમતિનાથના સ્તવનો** | |
| ૧ | સુમતિનાથ ગુણશું મિલીજી | ૬૯ |
| ૨ | જિનજી, અબ મોહે પાર ઉતારો | ૭૦ |
| | **શ્રી પદ્મપ્રભુ સ્વામીના સ્તવનો** | |
| ૧ | પદ્મપ્રભુ પ્રાણ સે પ્યારા | ૭૦ |
| ૨ | મૂરતિ મોહનગારી પ્રભુજી તેરી | ૭૧ |
| | **શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | કયું ન હો સુનાઇ સ્વામી | ૭૧ |
| ૨ | ઐસે સ્વામી, સુપાર્શ્વ સે દિલ લગા | ૭૨ |
| ૩ | વીતરાગ ! તોરે પાય શરણં | ૭૨ |
| ૪ | શ્રી સુપાર્શ્વ જિનરાજ | ૭૩ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના સ્તવનો** | |
| ૧ | શ્રી ચંદ્રપ્રભુ જીનરાજ રાજે | ૭૩ |
| ૨ | મુજ ઘટ આવજો રે નાથ | ૭૪ |
| ૩ | ચંદ્રપ્રભુજી જિન સાહિબા | ૭૪ |
| ૪ | ચંદ્રપ્રભુજી મને તારો | ૭૫ |
| ૫ | ચંદ્રપ્રભુની ચાકરી નિત્ય કરીએ રે | ૭૬ |
| | **શ્રી સુવિધિનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | મેં કીનો નહી તુમ બિન | ૭૭ |
| ૨ | દરસ સરસ સુખકારા | ૭૮ |
| | **શ્રી શીતલનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | શીતલ જિન મોહે પ્યારા | ૭૮ |
| ૨ | આજ મેં દેખે નંદાજી કે નંદ | ૭૮ |
| ૩ | શ્રી શીતલ જિન.... અરિહંતાજી | ૭૯ |
| ૪ | મુજ મનડામાં | ૭૯ |
| | **શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | તુમે બહુ મૈત્રી રે સાહિબા | ૮૦ |
| ૨ | શ્રી શ્રેયાંસ જિન અંતરજામી | ૮૦ |
| | **શ્રી વાસુપૂજ્ય સ્વામીના સ્તવનો** | |
| ૧ | સ્વામી તુમે કાંઈ કામણ કીધું | ૮૧ |
| ૨ | મનમંદિર નાથ વસાવો રસિયા | ૮૧ |
| ૩ | ધરશો ન દિલમાં રીશ | ૮૨ |
| | **શ્રી વિમલનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો | ૮૩ |
| ૨ | સેવો ભવિયા ! વિમલ જિનેશ્વર | ૮૪ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૩ | મેરો મન મોહ્યો | ૮૪ |
| ૪ | મન વસી મન વસી | ૮૫ |
| | **શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | ધાર તરવારની | ૮૫ |
| | **શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | દેખો માઈ અજબ રૂપ | ૮૬ |
| | **શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં | ૮૬ |
| ૨ | શાંતિ જિનેશ્વર ! સાચો સાહિબ | ૮૭ |
| ૩ | શાંતિ જિનેશ્વર સાહિબા રે | ૮૭ |
| ૪ | મારો મુજરો લ્યો ને | ૮૮ |
| ૫ | શાંતિ તેરે ! લોચન હૈ અણિયારે | ૮૮ |
| ૬ | આંગણ કલ્પ કલ્યોરી હમારે માંઈ | ૮૯ |
| ૭ | દેખતા નયન સોહાય | ૮૯ |
| ૮ | શાંતિ જિણંદ મહારાજ | ૮૯ |
| | **શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | મનડું કિમહિ ન બાજે | ૯૦ |
| | **શ્રી અરનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | અરનાથ કું સદા મોરી વંદના | ૯૧ |
| ૨ | ભજ ભજ રે મન અર ચરણં | ૯૧ |
| | **શ્રી મલ્લીનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | કૌન રમે ચિત્ત કૌન રમે | ૯૧ |
| ૨ | પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો | ૯૨ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **શ્રી મુનિસુવ્રત સ્વામીના સ્તવનો** | |
| ૧ | મુનિસુવ્રત જિન વંદના | ૯૩ |
| ૨ | દિલભર દર્શન પાઉં રે | ૯૩ |
| ૩ | મુનિસુવ્રત મન મોહ્યું રે | ૯૪ |
| | **શ્રી નમીનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | શ્રી નમીનાથના ચરણે રમતાં | ૯૫ |
| ૨ | પુરુષોત્તમ સત્તા છે તારા ઘટમાં | ૯૫ |
| | **શ્રી નેમીનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | નિરખ્યો નેમિ જિણંદને | ૯૬ |
| ૨ | પરમાતમ પૂરણ કલા | ૯૬ |
| ૩ | નેમિ રે ! નિરંજન નાથ હમારો | ૯૭ |
| ૪ | તોરણ આવી રથ ફેરી ગયા | ૯૮ |
| ૫ | શ્રી નેમનાથ જિનરાયા | ૯૯ |
| ૬ | સંયમ લીધો છે બાળાવેશમાં | ૧૦૦ |
| ૭ | રહો રહો રે યાદવ દો ઘડીયા | ૧૦૧ |
| | **શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તવનો** | |
| ૧ | અબ માહે ઐસી આય બની | ૧૦૨ |
| ૨ | રાતા જેવાં ફુલડા ને શામળ | ૧૦૨ |
| ૩ | પ્યારો પ્યારો મારા વાલા | ૧૦૩ |
| ૪ | તું પ્રભુ માહારો | ૧૦૩ |
| ૫ | તારા નયના રે પ્યાલા પ્રેમના ભર્યા | ૧૦૪ |
| ૬ | સમય સમય સો વાર સંભારૂ | ૧૦૪ |
| ૭ | આખિયાં હરખણ લાગી | ૧૦૫ |
| ૮ | કોયલ ટહુકી રહી મધુબનમેં | ૧૦૫ |
| ૯ | જય ! જય ! જય ! જય ! પ્રભુ પાસ જિણંદા | ૧૦૬ |

| નંબર | વિગત | પા.નં. |
| --- | --- | --- |
| ૧૦ | પાસ શંખેશ્વરા સાર કર સેવકા | ૧૦૬ |
| ૧૧ | શ્રી શંખેશ્વર પાસ સુણો મુજ વિનંતિ | ૧૦૭ |
| ૧૨ | અંતરજામી સુણ અલવેસર | ૧૦૮ |
| ૧૩ | દર્શન કી હૈ પ્યાસી અખિયા | ૧૦૮ |
| ૧૪ | શંખેશ્વર પ્રભુ પાસ ગમે રે | ૧૦૯ |
| ૧૫ | હે પ્રભુ પાસ ચિંતામણી મેરો | ૧૦૯ |
| ૧૬ | ઐસી કરો બકસીસ, પ્રભુ મેરે | ૧૧૦ |
| ૧૭ | શેરીમાંહે રમતા દીઠા | ૧૧૦ |
| ૧૮ | ચિત્ત સમરી શારદા માય રે | ૧૧૧ |
| ૧૯ | ૐ નમો પાર્શ્વ પ્રભુ પદ કજે રે લો | ૧૧૧ |
| ૨૦ | ભેટીયે ભેટીયે રે | ૧૧૨ |
| ૨૧ | તમે બોલો બોલો ને પારસનાથ | ૧૧૨ |
| ૨૨ | દરવાજે તેરે ખોલે ખોલ રે | ૧૧૩ |
| ૨૩ | તાર મુજ તાર મુજ | ૧૧૩ |
| ૨૪ | પાસ કી પાસકી | ૧૧૪ |
| ૨૫ | ઓલગડી અવધારો | ૧૧૪ |
| ૨૬ | પાર્શ્વ શ્રી શંખેશ્વર હો તારે દ્વારે | ૧૧૫ |
| ૨૭ | શંખેશ્વર સાહિબ સાચો | ૧૧૬ |
| ૨૮ | પ્યારો પારસનાથ પૂજાવો રસિયા | ૧૧૭ |
| ૨૯ | શ્રી પાસજી પ્રગટ પ્રભાવી | ૧૧૮ |
| ૩૦ | સુણો પાર્શ્વ જિનેશ્વર સ્વામી | ૧૧૮ |
| ૩૧ | આઈ બસો ભગવાન | ૧૧૯ |
| ૩૨ | પાસ પ્રભુ રે ! તુમ હમ શિર કે મોર | ૧૧૯ |
| ૩૩ | અજબ બની હૈ મૂરત જિનકી | ૧૨૦ |
| ૩૪ | કૃપા કરો શંખેશ્વર સાહિબ | ૧૨૦ |
| ૩૫ | રે દાદો પાસજી સુખદાઈ | ૧૨૦ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **શ્રી મહાવીર સ્વામી ભગવાનના સ્તવનો** | |
| ૧ | રૂડી ને રઢીયાળી રે | ૧૨૧ |
| ૨ | માતા ત્રિશલાનંદ કુમાર | ૧૨૧ |
| ૩ | સિદ્ધારથના રે નંદન વિનવું | ૧૨૨ |
| ૪ | ગિરૂઆ રે ગુણ તુમ તણા | ૧૨૩ |
| ૫ | મહાવીર સ્વામી રે વિનંતિ સાંભળો | ૧૨૩ |
| ૬ | વીરજી સુણો એક વિનંતિ મોરી | ૧૨૪ |
| ૭ | દિન દુ:ખીયાનો તું છે બેલી | ૧૨૫ |
| ૮ | જય વીર, જય મહાવીર | ૧૨૫ |
| ૯ | આવ આવ રે મારા મનડા માંહે | ૧૨૬ |
| ૧૦ | મારા લાખેણા સ્વામી તમને વિનવું | ૧૨૬ |
| ૧૧ | ત્રિશલાનંદન વંદન કરીએ | ૧૨૭ |
| ૧૨ | આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે | ૧૨૮ |
| ૧૩ | ના રે પ્રભુ નહિ માનું અવરની આણ | ૧૨૯ |
| | **સામાન્ય જિન સ્તવનો** | |
| ૧ | જિન તેરે ચરણ કી શરણ ગ્રહું | ૧૩૦ |
| ૨ | જિણંદા પ્યારા | ૧૩૦ |
| ૩ | ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી | ૧૩૦ |
| ૪ | આજ મારા પ્રભુજી સામું જુવોને | ૧૩૧ |
| ૫ | જિણંદા ! વે દિન ક્યું ન સંભારે | ૧૩૧ |
| ૬ | ઐસી દશા હો ભગવાન્ | ૧૩૨ |
| ૭ | સકલ સમતા સુરલતાનો | ૧૩૨ |
| ૮ | પ્રભુ પેખી સદા મન હરખે | ૧૩૩ |
| ૯ | ભક્તિ સદા સુખદાઈ | ૧૩૩ |
| ૧૦ | પ્રગટ્યો પૂરણ રાગ | ૧૩૩ |
| ૧૧ | આનંદ કી ઘડી આઈ | ૧૩૪ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૧૨ | એક જ તાહરી જિનેશ્વર | ૧૩૫ |
| ૧૩ | જિણંદા મોરી નૈયા લગા દો બેડા પાર | ૧૩૫ |
| ૧૪ | જગતગુરૂ તારો પરમ દયાલ | ૧૩૫ |
| ૧૫ | મન મોહ્યું રે પ્રભુના ધ્યાનમાં | ૧૩૫ |
| ૧૬ | વિનંતિ કૈસે કરૂં ? | ૧૩૬ |
| ૧૭ | હો કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી ? | ૧૩૬ |
| | **શ્રી સીમંધર સ્વામીના સ્તવનો** | |
| ૧ | સુણો ચંદાજી સીમંધર પરમાતમ | ૧૩૮ |
| ૨ | તારી મુદ્રાએ મન મોહ્યું રે | ૧૩૮ |
| ૩ | તમે મહાવિદેહ જઈને કહેજો | ૧૩૯ |
| ૪ | શ્રી સીમંધર સાહિબા હું કેમ આવું ? | ૧૪૦ |
| ૫ | એક વાર મળો ને મોરા સાહિબા | ૧૪૧ |
| ૬ | શ્રી સીમંધર જગધણીજી | ૧૪૨ |
| ૭ | પ્રભાતે ઉઠી કરૂં વંદના | ૧૪૩ |
| ૮ | પ્યારા સીમંધર સ્વામિ | ૧૪૩ |
| | સીમધર સ્વામિના દુહા | ૧૪૪ |
| | **શ્રી શત્રુંજય મહાતીર્થના સ્તવનો** | |
| ૧ | એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ | ૧૪૫ |
| ૨ | નિલુડી રાયણ | ૧૪૫ |
| ૩ | સિદ્ધાચલના વાસી | ૧૪૬ |
| ૪ | ક્યું ન ભયે હમ મોર | ૧૪૭ |
| ૫ | વિમલાચલ નિતું વંદીએ | ૧૪૭ |
| ૬ | તે દિન ક્યારે આવશે ? | ૧૪૮ |
| ૭ | યાત્રા નવાણું કરીએ વિમલગિરિ | ૧૪૮ |
| ૮ | ભેટ્યા રે ધન્ય ભાગ્ય હમારા | ૧૪૯ |
| ૯ | વિમલ ગિરિ ને ભેટતાં | ૧૪૯ |

| નંબર | વિગત | પા.નં. |
| --- | --- | --- |
| ૧૦ | આખંડીએ રે મેં આજ | ૧૫૦ |
| ૧૧ | વંદના વંદના વંદના રે | ૧૫૧ |
| ૧૨ | શત્રુંજય ગઢના વાસી રે | ૧૫૧ |
| ૧૩ | મારૂ મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચલે રે | ૧૫૨ |
| ૧૪ | શ્રી રે સિદ્ધાચલ ભેટવા | ૧૫૩ |
| ૧૫ | ઉમૈયા મુજને ઘણી જિહો | ૧૫૩ |
| ૧૬ | ડુંગરે ડુંગરે તારા દેહરા | ૧૫૪ |
| ૧૭ | શોભા શી કહું રે શેત્રુંજા તણી | ૧૫૪ |
| ૧૮ | તું ત્રિભુવન સુખકાર | ૧૫૫ |
| ૧૯ | યહ વિમલગિરિવર શિખર સુંદર | ૧૫૭ |
| ૨૦ | લાગે મોરા રોજિંદા | ૧૫૭ |
| ૨૧ | વંદો રે નરનારી સિદ્ધાચલ | ૧૫૭ |
| ૨૨ | આદેશ્વર અલબેલો રે | ૧૫૮ |
| ૨૩ | સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ | ૧૫૮ |
| ૨૪ | હો હો મોરા આતમરામ | ૧૬૦ |
| | **શ્રી બીજ તિથિના સ્તવનો** | |
| ૧ | બે ઢાળીયું મોટુ સ્તવન | ૧૬૧ |
| | **શ્રી પાંચમ તિથિના સ્તવનો** | |
| ૧ | પંચમી તપ તુમે કરો રે પ્રાણી | ૧૬૩ |
| ૨ | શ્રી જિનવરને પ્રગટ થયું રે | ૧૬૪ |
| ૩ | જ્ઞાનપંચમી સેવો મુક્તિનો મેવા | ૧૬૪ |
| ૪ | સુત સિદ્ધારથનો રે | ૧૬૫ |
| | **શ્રી આઠમ તિથિના સ્તવનો** | |
| ૧ | શ્રી રાજગૃહી શુભ ઠામ | ૧૬૬ |

| નંબર | વિગત | પા.નં. |
| --- | --- | --- |
| | **શ્રી એકાદશી તિથિના સ્તવનો** | |
| ૧ | પંચમ સુરલાકના વાસી રે | ૧૬૭ |
| | **શ્રી દિવાળીના સ્તવનો** | |
| ૧ | મારે દિવાળી થઇ આજ | ૧૬૮ |
| ૨ | વીર વેલા આવો રે | ૧૬૮ |
| ૩ | મને ઉપકારી વીર પ્રભુ | ૧૭૦ |
| ૪ | મોક્ષે ગયા | ૧૭૧ |
| ૫ | પ્રભુ વિણ વાણી કોન સુણાવે ? | ૧૭૨ |
| | **શ્રી પર્વ પર્યુષણના સ્તવનો** | |
| ૧ | સુણજો સાજન સંત | ૧૭૩ |
| ૨ | પ્રભુ વીર જિણંદ વિચારી | ૧૭૪ |
| ૩ | રીઝો રીઝો શ્રી વીર દેખી | ૧૭૫ |
| ૪ | હાલરડું | ૧૭૬ |
| ૫ | ૨૭ ભવનું સ્તવન ૫ ઢાળીયા | ૧૭૯ |
| | **શ્રી નવપદજીના સ્તવનો** | |
| ૧ | નવપદ ધરજો ધ્યાન | ૧૮૪ |
| ૨ | નવપદ ધ્યાન સદા જયકારી | ૧૮૫ |
| ૩ | અહોભવી પ્રાણી રે | ૧૮૬ |
| ૪ | અવસર પામીને રે કીજે | ૧૮૬ |
| ૫ | સિદ્ધ જગત શિર શોભતા | ૧૮૭ |
| ૬ | અલબેલાની જોઉ વાટડી રે | ૧૮૮ |
| ૭ | સૌ ચાલો ભવિજન | ૧૮૯ |
| ૮ | અવર અનાદિની ચાલ | ૧૯૦ |
| ૯ | લઇએ શ્રી નવપદનું શરણું | ૧૯૧ |
| ૧૦ | દરિસણ ઘોજી | ૧૯૨ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૧૧ | તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા | ૧૯૨ |
| ૧૨ | શ્રી નવપદજી ૪ ઢાળીયા સ્તવન | ૧૯૩ |
| | **સજ્ઝાયનું વિભાગ** | |
| ૧ | સાંભળો ઉપદેશ સાર, ભવિકજન | ૨૦૭ |
| ૨ | મરૂદેવી માતા રે એમ ભણે | ૨૦૭ |
| ૩ | એક દિન મરૂદેવી આઈ | ૨૦૮ |
| ૪ | હે ઈન્દ્રભૂતિ, તારા ગુણ કહેતા | ૨૦૯ |
| ૫ | મનમેં હી વૈરાગી, ભરતજી | ૨૧૦ |
| ૬ | ઘોર ભયંકર વનવગડામાં | ૨૧૦ |
| ૭ | વીરા મોરા, ગજ થકી ઉતરો | ૨૧૧ |
| | **બીજ** | |
| ૮ | યે દો દિનકા જગ મેલા | ૨૧૨ |
| ૯ | અમે તો આજ તમારા | ૨૧૨ |
| ૧૦ | બીજ તણે દિન દાખવ્યો રે | ૨૧૩ |
| ૧૧ | બોલો બોલો રે શાલિભદ્ર | ૨૧૪ |
| | **ત્રીજ** | |
| ૧૨ | મોંઘેરા દેહ આ પામી | ૨૧૪ |
| | **ચોથ** | |
| ૧૩ | ક્યા તન માંજતા રે, એક દિન | ૨૧૫ |
| ૧૪ | શ્રી મહાવીરે ભાખીયા | ૨૧૬ |
| ૧૫ | આરંભ કરતો રે જીવ | ૨૧૬ |
| | **પાંચમ** | |
| ૧૬ | પુનરપિ પાંચમ | ૨૧૭ |
| ૧૭ | પંચમી તપ | ૨૧૮ |
| ૧૮ | રામ કહો રહેમાન કહો | ૨૧૮ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૧૯ | આશા ઔરન કી ક્યા કીજે | ૨૧૯ |
| | **છઠ** | |
| ૨૦ | કડવા ફળ છે ક્રોધના | ૨૧૯ |
| ૨૧ | કરો ના ક્રોધ રે ભાઈ | ૨૨૦ |
| ૨૨ | છઠ્ઠો આરો એવો આવશે | ૨૨૦ |
| ૨૩ | ક્રોધના સલોકો | ૨૨૧ |
| | **સાતમ** | |
| ૨૪ | રે જીવ ! માન ન કીજીયે | ૨૨૨ |
| ૨૫ | સાધુના સાત સુખ ને સાત દુઃખ | ૨૨૨ |
| ૨૬ | પ્રભુજી મારા કર્મો | ૨૨૩ |
| ૨૭ | અષ્ટમી તપ પ્રેમે કરો રે | ૨૨૪ |
| ૨૮ | અષ્ટ કરમ ચૂરણ કરી રે | ૨૨૪ |
| ૨૯ | માયા-સમકિતનું મૂળ જાણીએજી | ૨૨૫ |
| ૩૦ | મદ આઠ મહામુનિ | ૨૨૫ |
| ૩૧ | આઠ પ્રભાવક | ૨૨૬ |
| | **નોમ** | |
| ૩૨ | નવપદ મહિમા સાર | ૨૨૭ |
| ૩૩ | સમર જીવ એક નવકાર | ૨૨૮ |
| ૩૪ | શ્રીપાળ રાજા - શ્રી સરસ્વતી માતા | ૨૨૯ |
| ૩૫ | લોભ- તમે લક્ષણ જોજો | ૨૩૦ |
| ૩૬ | મારા હાથમાં તે નવકારવાળી | ૨૩૦ |
| ૩૭ | રાજગૃહી ઉદ્યાન | ૨૩૧ |
| | **દશમ** | |
| ૩૮ | ગોયમ મ કર પ્રમાદ | ૨૩૨ |
| ૩૯ | કાશી દેશ (પાર્શ્વનાથ) | ૨૩૩ |
| ૪૦ | વિનય - પવયણ દેવી | ૨૩૪ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| | **એકાદશી** | |
| ૪૧ | આજ મારે એકાદશી રે | ૨૩૫ |
| ૪૨ | નહિ જાવું નરકની ગેહે | ૨૩૬ |
| ૪૩ | વિચરંતા ગામોગામ (રૂક્મીણીની) | ૨૩૭ |
| | **બારસ** | |
| ૪૪ | ધન ધન શ્રી અરિહંતને રે | ૨૩૮ |
| ૪૫ | પર્વ પર્યુષણ આવીયા રે લાલ | ૨૩૯ |
| | **પૂનમ** | |
| ૪૬ | વેરણ નિદ્રા (શત્રુંજય) | ૨૪૦ |
| ૪૭ | કીધા કર્મ (તપ) | ૨૪૧ |
| ૪૮ | રોટલા સર્વ દેવ મે પ્રત્યક્ષ | ૨૪૨ |
| | **અમાસ** | |
| ૪૯ | આધાર જ હતો રે (દીવાળી) | ૨૪૨ |
| ૫૦ | શી કહું કથની મારી, વીર પ્રભુ | ૨૪૩ |
| | **હરિયાળી** | |
| ૫૧ | પડછાયા - ચતુર વિચારો | ૨૪૪ |
| ૫૨ | નવકારવાળી - કહે જો ચતુર | ૨૪૪ |
| ૫૩ | ઓઘા - સુગુણ નર | ૨૪૫ |
| ૫૪ | ફુલની માળા - એક નારી દો પુરૂષ | ૨૪૬ |
| ૫૫ | નારીજી મોટા | ૨૪૬ |
| ૫૬ | નાવ મેં નદીયાં | ૨૪૭ |
| | **કર્મ** | |
| ૫૭ | કર્મથી વધે સંસાર (૨૭ ભવ) | ૨૪૮ |
| ૫૮ | કર્મની ગત કોણે જાણી | ૨૪૯ |
| ૫૯ | સુખ દુઃખ સરજ્યા | ૨૫૦ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૬૦ | એક ભૂપાલ હૈ | ૨૫૧ |
| | **ચરિત્ર** | |
| ૬૧ | પ્રસન્નચંદ્ર - પ્રણમું તુમારા | ૨૫૨ |
| ૬૨ | મેઘકુમાર - ધારણી મનાવે રે | ૨૫૨ |
| ૬૩ | અઈમુત્તા - સંયમ રંગે | ૨૫૩ |
| ૬૪ | ગજસુકુમાલ | ૨૫૪ |
| ૬૫ | મોહનગારી મનોરમા | ૨૫૪ |
| ૬૬ | મેતારજ - શમ દમ ગુણના | ૨૫૫ |
| ૬૭ | કપિલ | ૨૫૬ |
| ૬૮ | વંકચૂલ - જંબુદ્વિપમાં | ૨૫૭ |
| ૬૯ | ધન્ના - ચરણ કમલ નમી | ૨૫૮ |
| ૭૦ | અરણિક મુનિવર | ૨૫૯ |
| ૭૧ | જયભૂષણ | ૨૬૦ |
| ૭૨ | અનાથી - બંભ સારે વનમાં | ૨૬૦ |
| ૭૩ | જંબુસ્વામી (કક્કા) - શ્રી સુધર્મા સ્વામી | ૨૬૧ |
| ૭૪ | વજસ્વામી - સાંભળજો | ૨૬૩ |
| ૭૫ | જુઓ રે જુઓ જૈનો | ૨૬૪ |
| ૭૬ | આધુનિક જમાનાની - એક માસ પછી | ૨૬૬ |
| ૭૭ | જંબુ સ્વામીનો વરઘોડા - સંયમ લેવો | ૨૬૭ |
| | **પડિક્કમણું** | |
| ૭૮ | કર પડિક્કમણું ભાવશું | ૨૬૮ |
| ૭૯ | પડિક્કમણાના ફળ - ગોયમ પૂછે | ૨૬૯ |
| ૮૦ | ઈરિયાવહીયા - નારી મેં દીઠી | ૨૭૦ |
| | **વૈરાગ્ય** | |
| ૮૧ | જગત હૈ સ્વાર્થ કા સાથી | ૨૭૧ |

| નંબર | વિગત | પા.નં. |
|---|---|---|
| ૮૨ | સત્સંગનો રસ ચાખ | ૨૭૧ |
| ૮૩ | માનમાં | ૨૭૨ |
| ૮૪ | મનાજી તું તો | ૨૭૩ |
| ૮૫ | સમજ નર | ૨૭૩ |
| ૮૬ | આપ સ્વભાવ મેં રે | ૨૭૪ |
| ૮૭ | ચેત ચેત પ્રાણી | ૨૭૫ |
| ૮૮ | નરક દુઃખ - હે સુણ ગોયમ | ૨૭૫ |
| ૮૯ | જુઓ ! આ જગતની રચના | ૨૭૬ |
| ૯૦ | મિત્રો ચેતજો રે | ૨૭૭ |
| ૯૧ | કોના રે સગપણ | ૨૭૮ |
| ૯૨ | આ તન રંગ છે રંગ | ૨૭૯ |
| ૯૩ | આ સંસાર છે અસાર | ૨૮૦ |
| ૯૪ | પુણ્ય સંયોગે | ૨૮૧ |
| ૯૫ | મનુષ્ય ભવનું ટાણું રે | ૨૮૨ |
| ૯૬ | તુંને સંસારી સુખ કેમ સાંભરે | ૨૮૪ |
| ૯૭ | સાંભળો ધર્મ સજ્ઝાય | ૨૮૬ |
| ૯૮ | ક્યા સોવે ઉઠ જાગ બાઉં રે | ૨૮૬ |
| ૯૯ | ઈસ તન કા ક્યા ઠિકાના | ૨૮૭ |
| ૧૦૦ | હતું બાળકપણું | ૨૮૭ |
| ૧૦૧ | જીવદયા - ગજ ભવે સસલો | ૨૮૮ |
| ૧૦૨ | સમકિત વિના | ૨૮૯ |
| ૧૦૩ | ખબર નહિં આ જગમેં પલકી | ૨૮૯ |
| ૧૦૪ | ચલ ઉડજા હંસ અકેલા | ૨૯૦ |
| ૧૦૫ | અબ લો સંગ હમારે કાયા | ૨૯૧ |
| ૧૦૬ | મેરે ઘટ ! જ્ઞાન ભાનુ ભયો ભોર | ૨૯૧ |
| ૧૦૭ | બેર બેર નહી આવે ! અવસર | ૨૯૨ |
| ૧૦૮ | અબ હમ, અમર ભયે ન મરેંગે | ૨૯૨ |

# ચૈત્યવંદન વિભાગ

## ૧. શ્રી આદિનાથ પ્રભુનું ચૈત્યવંદન

(શાર્દૂલ વિક્રીડિતમ્ છંદઃ)

સદ્ભક્ત્યાનત મૌલિનિર્જરવર, ભ્રાજિષ્ણુમૌલિપ્રભા
સંમિશ્રાડરુણદીપ્તિશોભિ ચરણાંભોજદ્વયઃ સર્વદા ।।
સર્વજ્ઞઃ પુરુષોત્તમઃ સુચરિતો, ધર્માર્થિનાં પ્રાણીનાં,
ભૂયાદ્ ભૂરિ વિભૂતયે મુનિપતિઃ, શ્રીનાભિસુનુર્જિનઃ ।। ૧ ।।

સદ્બોધોપચિતાઃ સદૈવ દધતા, પ્રૌઢપ્રતાપશ્રિયો,
યેના જ્ઞાન તમો વિતાન મખિલં, વિક્ષિપ્તમન્તઃ ક્ષણમ્ ।।
શ્રી શત્રુંજયપૂર્વ શૈલ શિખરં, ભાસ્વાનિવોદ્ ભાસયન્,
ભવ્યામ્ભોજ હિતઃ સ એષ જયતુ, શ્રી મારુદેવ પ્રભુઃ ।। ૨ ।।

યો વિજ્ઞાનમયો જગત્ત્રય ગુરુર્યંસર્વલોકાઃશ્રિતાઃ
સિદ્ધિર્યેનવૃતા સમસ્ત જનતા, યસ્મૈ નતિં તન્વતે ।।
યસ્માન્ મોહમતિર્ગતા મતિભૃતાં, યસ્યૈવ સેવ્યં વચો,
યસ્મિન્ વિશ્વ ગુણાસ્ત્વમેવ સુતરાં વંદે યુગાદીશ્વરં ।। ૩ ।।

## ૨. શ્રી આદિનાથ પ્રભુનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરુ, વિનિતાનો રાય
નાભિરાયા કુલમંડણો, મરુદેવા માય ।।૧ ।।
પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ ।। ૨ ।।
વૃષભ લંછન જિન વૃષધરુએ, ઉત્તમ ગુણ મણિ ખાણ
તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ ।। ૩ ।।

## ૩. શ્રી શત્રુંજય મહાતીર્થનું ચૈત્યવંદન

વિમલ કેવલ જ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં ॥ ૧ ॥
વિમલ ગિરિવર શ્રૃંગ મંડન, પ્રવર ગુણગણ ભૂધરં
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં ॥ ૨ ॥
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં
નિર્જરાવલી નમે અહર્નિશ, નમો આદિ જિનેશ્વરં ॥ ૩ ॥
પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડી પણ મુનિ મનહરં
શ્રી વિમલ ગિરિવર-શ્રૃંગ સિધ્યા, નમો આદિ જિનેશ્વરં ॥ ૪ ॥
નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડિનન્ત એ ગિરિવરં
મુક્તિ રમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં ॥ ૫ ॥
પાતાલ નર સુર લોકમાંહિ, વિમલ ગિરિવર તો પરં
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં ॥ ૬ ॥
ઈમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈયે
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઈયે ॥ ૭ ॥
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદ સ્થિતિ જયંકરં
ગિરિરાજ સેવા કરણ તત્પર, **પદ્મવિજય** સુહિતકરં ॥ ૮ ॥

## ૪. શ્રી શત્રુંજય મહાતીર્થનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે ॥ ૧ ॥
અનન્ત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય
પૂર્વ નવ્વાણુ ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય ॥ ૨ ॥
સૂરજકુંડ સોહામણો એ, કવડ જક્ષ અભિરામ
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ ॥ ૩ ॥

## ૫. બીજનું ચૈત્યવંદન

દુવિધ બંધને ટાળીયે, જે વળી રાગ ને દ્વેષ
આર્ત રૌદ્ર દોય અશુભ ધ્યાન, નવિ કરો લવલેશ ॥ ૧ ॥

બીજ દિને વળી બોધી બીજ, ચિત્ત ઠાણે વાવો
જિમ દુઃખ દુર્ગતિ નવિ લહો, જગમાં જશ ચાવો ॥ ૨ ॥

ભાવો રૂડી ભાવના એ, વાધો શુભ ગુણ ઠાણ
**જ્ઞાનવિમલ** તપ તેજથી, હોવે કોટી કલ્યાણ ॥ ૩ ॥

## ૬. શ્રી અજિતનાથ પ્રભુનું ચૈત્યવંદન
### (માલિની છંદ)

સકલ સુખસમૃદ્ધિ ર્યસ્ય પાદારવિંદે,
વિલસતિ ગુણરકતા ભક્ત રાજીવ નિત્યમ્ ॥
ત્રિભુવન જનમાન્યઃ શાંતમુદ્રાડભિરામઃ
સ જયતિ જિનરાજસ્તુંગ તારંગતીર્થે ॥ ૧ ॥

પ્રભવતિ કિલ ભવ્યો યસ્ય નિર્વર્ણનેન,
વ્યપગત દુરિતૌઘઃ પ્રાપ્તમોદ પ્રપંચઃ ॥
નિજબલ જિત રાગ દ્વેષ વિદ્વેષિ વર્ગ,
તમજિત વરગોત્રં તીર્થનાથં નમામિ ॥ ૨ ॥

નરપતિજિત શત્રોર્વંશ રત્ના કરેન્દુઃ,
સુરપતિ યતિ મુખ્યૈ ર્ભક્તિ દક્ષૈઃ સમર્ચ્યઃ ॥
દિનપતિરિવ લોકે પાસ્ત મોહાંધકારો,
જિનપતિ રજિતેશઃ પાતુ મામ્ પૂણ્યમૂર્તિઃ ॥ ૩ ॥

## ૭. શ્રી સંભવનાથ પ્રભુનું ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ
જિતારી નૃપનંદનો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥

સેના નંદન ચંદને, પૂજો નવ અંગે
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે ॥ ૨ ॥

સાઠ લાખ પૂરવતણુ એ, જિનવર ઉત્તમ આય
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

## ૮. શ્રી અભિનન્દન સ્વામીનું ચૈત્યવંદન

### (દ્રુતવિલંબિતમ્ છંદ)

વિશદ શારદ સોમ સમાનનઃ કમલ કોમલ ચારુ વિલોચનઃ ॥
શુચિગુણઃ સુતરામભિનન્દનઃ, જય સુનિર્મલતાંચિત ભૂધનઃ ॥ ૧ ॥

જગતિ કાંત હરીશ્વર લાંછિત, ક્રમસરોરુહ ! ભૂરિકૃપાનિધે !
મમ સમીહિત, સિદ્ધિ વિધાયકં, ત્વદપરં કમપીહ ન તર્કયે ॥ ૨ ॥

પ્રવર સંવર! સંવર ભૂપતે સ્તનય ! નીતિ વિચક્ષણ ! તે પદમ્,
શરણમસ્તુ જિનેશ ! નિરંતરં, રુચિર ભક્તિ સુયુક્તિ ભૃતો મમ ॥ ૩ ॥

## ૯. શ્રી સુમતિનાથ પ્રભુનું ચૈત્યવંદન.

### (ઉપેન્દ્રવજ્રા છંદ)

સુવર્ણ વર્ણો હરિણા સવર્ણો, મનોવનં મે સુમતિર્બલીયાન્
ગતસ્તતો દુષ્ટ કુદુષ્ટિ રાગ, દ્વિપેન્દ્ર ! નૈવ સ્થિતિરત્ર કાર્યા ॥ ૧ ॥

જિનેશ્વરો મેઘ નરેન્દ્ર સૂનુ ર્ઘનોપમો ગર્જતિ માનસે મે
અહો ગુરુદ્વેષ હુતાશન ! ત્વામસૌ શમં નેષ્યતિ સદ્ય એવ ॥ ૨ ॥

ઈતઃ સુદૂરં વ્રજ દુષ્ટ બુદ્ધે ! સમં દુરાત્મીય પરિચ્છદેન
સુબુદ્ધિભર્તા સુમતિ ર્જિનેશો, મનોરમઃ સ્વાન્ત મિતો મદીયમ્ ॥ ૩ ॥

## ૧૦. શ્રી પંચમીનું ચૈત્યવંદન

શ્યામલ વાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર ॥ ૧ ॥

પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિમાણ ॥ ૨ ॥

જિમ વરદત્ત ગુણમંજરી એ, આરાધ્યો તપ એહ
જ્ઞાનવિમલ ગુરુ એમ કહે, ધન ધન જગમાં તેહ ॥ ૩ ॥

## ૧૧. શ્રી પદ્મપ્રભ સ્વામીનું ચૈત્યવંદન

(ભૂજંગ પ્રયાત છંદ)

ઉદાર પ્રભામંડલૈર્ભાસમાનઃ, કૃતાત્યન્ત દુર્દાન્ત દોષાપમાનઃ
સુસીમાંગજ ! શ્રીપતિર્દેવ દેવઃ, સદા મે મુદાડભ્યર્ચનીયસ્ત્વમેવ ॥ ૧ ॥

યદીયં મનઃ પંકજં નિત્યમેવ, ત્વયા લંકૃતં ધ્યેયરુપેણ દેવ !
પ્રધાન સ્વરુપં તમેવાંતિ પુણ્યં, જગન્નાથ!જાનામિ લોકે સુધન્યમ્ ॥ ૨ ॥

અતોડધીશ ! પદ્મપ્રભાડનન્દ ધામ, સ્મરામિ પ્રકામં તવૈવાંગ નામ
મનોવાંછિતાર્થ પ્રદં યોગિગમ્યં, યથા ચક્રવાકો રવેર્ધામ રમ્યમ્ ॥ ૩ ॥

## ૧૨. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

(ત્રોટક છંદ)

જયવંતમનંત ગુણૈર્નિભૃતં, પૃથિવી સુત મદ્દ્ભુત રુપ ભૃતમ્
નિજવીર્યવિનિર્જિત કર્મબલં, સુરકોટિ સમાશ્રિત પત્કમલમ્ ॥ ૧ ॥

નિરુપાધિક નિર્મલ સૌખ્ય નિધિં,પરિવર્જિત વિશ્વ દુરંત વિધિમ્
ભવવારિ નિધે : પરપારમિતં પરમોજ્જવલ ચેતન યોન્મિલિતં ॥ ૨ ॥

કલધૌત સુવર્ણ શરીર ધરં, શુભ પાર્શ્વ સુપાર્શ્વ જિનપ્રવરમ્
વિનયાડવનતઃ પ્રણમામિ સદા, હૃદયોદ્ભવ ભૂરિતર પ્રમુદા ॥ ૩ ॥

## ૧૩. શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહા સુદિ આઠમ દિને, વિજયા સુત જાયો
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો ॥ ૧ ॥

ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ ॥ ૨ ॥

માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર ॥ ૩ ॥

એહીજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઈંદ ॥ ૪ ॥

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી
નેમ આષાઢ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી ॥ ૫ ॥

શ્રાવણ વદીની આઠમે, નમિ જન્મ્યા જગભાણ
તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ ॥ ૬ ॥

ભાદરવા વદિ આઠમ દિને એ,ચવિયા સ્વામી સુપાસ
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ ॥ ૭ ॥

## ૧૪. શ્રી નવપદજીનું ચૈત્યવંદન

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસો ચૈતર માસ
નવ દિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ ॥ ૧ ॥

કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ
જુગતે જિનવર પૂજીયા, મયણાં ને શ્રીપાલ ॥ ૨ ॥

પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ
મંત્ર જપો ત્રણ કાળને, ગણણું તેર હજાર ॥ ૩ ॥

કષ્ટ ટળ્યું ઊંબર તણું, જપતાં નવપદ ધ્યાન
શ્રી શ્રીપાલ નરિંદ થયા, વાધ્યો બમણો વાન ॥ ૪ ॥

સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ
પુણ્યે મુક્તિવધુ વર્યા, પામ્યા લીલ વિલાસ ॥ ૫ ॥

## ૧૫. શ્રી નવપદજીનું (પ્રાકૃત) ચૈત્યવંદન

જો ધુરિ સિરિ અરિહંત મૂલ દઢ પીઠ પઈઠ્ઠિઓ
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહૂ, ચિહું પાસ ગરિઠ્ઠિઓ ॥ ૧ ॥

દંસણ નાણ ચરિત્ત તવહિ પડિસાહાહિં સુન્દરુ
તત્તક્ખર સરવગ્ગ લદ્ધિ ગુરુ પયદલ દુંબરુ ॥ ૨ ॥

દિસિવાલજક્ખ જક્ખિણી પમુહ સુર કુસુમેહિં અલંકિઓ
સો સિદ્ધચક્ક ગુરુ કપ્પતરુ, અમ્હ મણવંછિય ફલ દિઓ ॥ ૩ ॥

## ૧૬. શ્રી પંચ પરમેષ્ઠિ ગુણ વર્ણન

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે ॥ ૧ ॥

આચારજ ગુણ છત્રીશ, પંચવીશ ઉવજ્ઝાય
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવ સુખ થાય ॥ ૨ ॥

અષ્ટોત્તર શત ગુણ મળી એ, એમ સમરો નવકાર
ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર ॥ ૩ ॥

## ૧૭. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન
### (પંચચામર છંદ)

શ્રયામિતં જિનં સદા મુદા પ્રમાદ વર્જિતં,
સ્વકીય વાગ્ વિલાસિતો જિતોરુ મેઘ ગર્જિતં ॥

જગત્ પ્રકામ કામિત પ્રદાન દક્ષમક્ષતં,
પદં દધાન મુચ્ચ કૈર કૈતવો પલક્ષિતં ॥ ૧ ॥

સતામવદ્યભેદકં પ્રભૂત સંપદાં પદં,
વલક્ષ પક્ષ સંગતં જને ક્ષણ ક્ષણ પ્રદમ્ ॥

સદૈવ યસ્ય દર્શનં વિશાં વિમર્દિ તૈનસાં,
નિહન્ત્ય શાત જાત માત્મ ભક્તિરક્ત ચેતસાં ॥ ૨ ॥

અવાપ્ય યત્ પ્રસાદ માદિતઃ પુરુશ્રિયો નરા,
ભવંતિ મુક્તિ ગામિન સ્તતઃ પ્રભા પ્રભાસ્વરાઃ ।।
ભજેય માશ્વસેનિ દેવ દેવ મેવ સત્પદં,
તમુચ્ચ માનસેન શુદ્ધ બોધ વૃદ્ધિ લાભદં ।। ૩ ।।

## ૧૮. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન (સંસ્કૃત)

## (અનુષ્ટુપ છંદ)

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણીયતે
હ્રીઁ ધરણેંદ્ર વૈરોટ્યા, પદ્માદેવી યુતાય તે ।। ૧ ।।
શાંતિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કીર્તિ વિધાયિને
ૐ હ્રીઁ દ્વિડ્ વ્યાલ વૈતાલ, સર્વાધિવ્યાધિનાશિને ।। ૨ ।।
જયાઽજિતાખ્યા વિજયાખ્યાઽ પરાજિતયાઽન્વિતઃ
દિશાંપાલૈર્ગ્રહૈ ર્યક્ષૈ, ર્વિદ્યાદેવી ભિરન્વિતઃ ।। ૩ ।।
ૐ અસિઆઉસાય નમસ્તત્ર, ત્રૈલોક્ય નાથતાં
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાસંતે છત્ર ચામરૈઃ ।। ૪ ।।
શ્રી શંખેશ્વર મંડન ! પાર્શ્વજિન ! પ્રણત કલ્પતરુ કલ્પ
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ ! ।। ૫ ।।

## ૧૯. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ
વામા માતા જનમિયા, અહિ લંછન જાસ ।। ૧ ।।
અશ્વસેન સુત સુખકરુ, નવ હાથની કાયા
કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા ।। ૨ ।।
એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ।। ૩ ।।

## ૨૦. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

### (ઇન્દ્રવજ્રા છંદ)

ગૌડી ગ્રામે સ્તંભને ચારૂતીર્થે, જીરાપલ્યાં પત્તને લોદ્રવાખ્યે ।
વારાણસ્યાં ચાપિ વિખ્યાત કીર્તિં, શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થં ॥ ૧ ॥

ઇષ્ટાર્થાનાં સ્પર્શને પારિજાતં, વામાદેવ્યા નંદનં દેવ વંદ્યમ્ ।
સ્વર્ગે ભૂમૌ નાગલોકે પ્રસિદ્ધં, શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થં ॥ ૨ ॥

ભિત્વાઽભેદ્યં કર્મજાલં વિશાલં, પ્રાપ્તાનંતં જ્ઞાનરત્નં ચિરન્તં ।
લબ્ધામંદા નંદ નિર્વાણ સૌખ્યં, શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થં॥ ૩ ॥

વિશ્વાધીશં વિશ્વલોકે પવિત્રં, પાપાગમ્યં મોક્ષલક્ષ્મી કલત્રમ્ ।
અમ્ભોજાક્ષં સર્વદા સુપ્રસન્નં, શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થં॥ ૪ ॥

વર્ષે રમ્યે સ્વર્ગદો નાગચન્દ્ર, સંખ્યે માસે માધવે કૃષ્ણ પક્ષે ।
પ્રાપ્તં પુણ્યૈ દર્શનં યસ્ય તં ચ, શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થં॥ ૫ ॥

•

## ૨૧. શ્રી એકાદશીનું ચૈત્યવંદન

અંગ અગ્યાર આરાધીએ, એકાદશી દિવસે
એકાદશ પ્રતિમા વહી, સમકિત ગુણ વિકસે ॥ ૧ ॥

એકાદશી દિવસે થયા, દીક્ષાને નાણ
જન્મ લહ્યાં કેઈ જિનવર, આગમ પરમાણ ॥ ૨ ॥

**જ્ઞાનવિમલ** ગુણ વાધતાએ, સકલ કલા ભંડાર
અગ્યારસ આરાધતાં, લહીએ ભવજલ પાર ॥ ૩ ॥

## ૨૨. શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

(ઉપજાતિ છંદ)

વિશુદ્ધ વિજ્ઞાન ભૃતાં વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ
યેન પ્રયાસેન વિનૈવ કામં, વિજિત્ય વિક્રાન્ત નરં પ્રકામં ॥ ૧ ॥

વિહાય રાજ્યં ચપલ સ્વભાવં,રાજીમતીં રાજકુમારિકાં ચ
ગત્વા સલીલં ગિરનાર શૈલં, ભેજે વ્રતં કેવલ મુક્તિ યુક્તં ॥ ૨ ॥

નિઃશેષ યોગીશ્વર મૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિત પ્રયત્નં
તમુત્ત મામન્દનિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્ વિવેકમ્ ॥ ૩ ॥

## ૨૩. શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમાં, શિવાદેવી માય
સમુદ્રવિજય પૃથ્વી પતિ, જે પ્રભુના તાય ॥ ૧ ॥

દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર
શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલ નાર ॥ ૨ ॥

સૌરીપૂરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ ॥ ૩ ॥



## ૨૪. શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરા સુત વંદો
વિશ્વસેન કુલ નભમણી, ભવિજન સુખ કંદો ॥ ૧ ॥

મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ
હાત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ ॥ ૨ ॥

ચાલીશ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ
વદન **પદ્મ** જંયુ ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ૩ ॥

## ૨૫. શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

### (દ્રુતવિલંબિતં છંદ)

વિપુલ નિર્મલ કીર્તિ ભરાન્વિતો, જયતિ નિર્જરનાથ નમસ્કૃતઃ
લઘુવિનિર્જિત મોહ ધરાધિપો,જગતિ યઃ પ્રભુ શાંતિ જિનાધિપઃ ॥ ૧ ॥
વિહિત શાન્ત સુધારસ મજ્જનં, નિખિલ દુર્જયદોષ વિવર્જિતમ્
પરમ પુણ્યવતાં ભજનીયતાં, ગતમનન્ત ગુણૈઃ સહિતં સતામ્ ॥ ૨ ॥
તમચિરાત્મજમીશ મધીશ્વરં, ભવિક પદ્મ વિબોધ દિનેશ્વરં
મહિમધામ ભજામિ જગત્રાયે, વરમનુત્તરસિદ્ધિ સમૃદ્ધયે ॥ ૩ ॥

## ૨૬. શ્રી મહાવીર સ્વામીજીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીયે, ત્રિશલાનો જાયો
ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥ ૧ ॥

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય
બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય ॥ ૨ ॥

**ખિમાવિજય** જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત
સાત બોલથી વર્ણવ્યો, **પદ્મવિજય** વિખ્યાત ॥ ૩ ॥

## ૨૭. શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર મહાવીર
સુરવર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ ધીર ॥ ૧ ॥

પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવિ પ્રાણી
જૈન ધર્મ આરાધીયે, સમકિત હિત જાણી ॥ ૨ ॥

શ્રી જિન પ્રતિમા પૂજીએ એ, કીજે જન્મ પવિત્ર
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત ॥ ૩ ॥

## ૨૮. શ્રી સીમંધર સ્વામીજીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો
કરુણાવંત કરુણા કરી, અમને વન્દાવો ॥ ૧ ॥

સયલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ
ભવો ભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ ॥ ૨ ॥

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું
પાય તુમારા સેવીને, શિવ રમણી વરીશું ॥ ૩ ॥

એ અળજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ ॥ ૪ ॥

કર જોડી ઉભો રહું, સામો રહી ઈશાન
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન ॥ ૫ ॥

## ૨૯. શ્રી સીમંધર સ્વામીજીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર ! વીતરાગ ! ત્રિભુવન તુમે ઉપકારી
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમારી ॥ ૧ ॥

ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી
વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી ॥ ૨ ॥

ધનુષ પાંચશે દેહડી એ, સોહીએ સોવન વાન
**કીર્તિવિજય** ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન । ૩ ।।

## ૩૦. સામાન્ય જિન ચૈત્યવંદન

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તરસે
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે ।। ૧ ।।

કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ? ।। ૨ ।।

એમ જાણીને સાહિબા એ, નેક નજરે મોહે જોય
**જ્ઞાનવિમલ** પ્રભુ સુનજરથી, તેહશું જે નવિ હોય ।। ૩ ।।

## ૩૧. પંચ તીર્થ ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ ।। ૧ ।।

શેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખભ જુહાર ।। ૨ ।।

અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશે જોય
મણિમય મૂરતિ માનશું,ભરતે ભરાવી સોય ।। ૩ ।।

સમ્મેત શિખર તીરથ વડું, જ્યાં વીશે જિન પાય
વૈભાર ગિરીવર ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય ।। ૪ ।।

માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ
**ઋષભ** કહે જિન સમરતાં, પહોંચે મનની આશ ।। ૫ ।।

## ૩૨. સામાન્ય જિન ચૈત્યવંદન (વર્ણ-વર્ણન)

પદ્મપ્રભુને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહીએ ।। ૧ ।।

મલ્લીનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરીખા ।। ૨ ।।

સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ
ધીરવિમલ પંડિતતણો, **જ્ઞાનવિમલ** કહે શિષ્ય ॥ ૩ ॥

### ૩૩. સામાન્ય જિન ચૈત્યવંદન (ભવ-વર્ણન)

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે
શાંતિ તણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે ॥ ૧ ॥

દશ ભવ પાસ જિણંદના, સત્યાવીશ શ્રી વીર
શેષ તીર્થંકર ત્રિહું ભવે,પામ્યા ભવજલ તીર ॥ ૨ ॥

જ્યાંથી સમિકત ફરસ્યું એ, ત્યાંથી ગણીએ તેહ
ધીરવિમલ પંડિત તણો, **જ્ઞાનવિમલ** ગુણગેહ ॥ ૩ ॥

### ૩૪. સામાન્ય જિન ચૈત્યવંદન

(રામ ગિરી રાગેણ ગીયતે)

દિવ્યગુણ ધારકં, ભવ્યજન તારકં, દુરિતમતિવારકં સુકૃતિ કાન્તમ્
જિત વિષમ સાયકં, સર્વ સુખ દાયકં, જગતિ જિન નાયકં પરમશાન્તમ્ ॥ ૧ ॥

સ્વગુણ પર્યાયસં મીલિતં નૌમિ તં, વિગત પરભાવ પરિણતિ મખંડમ્
સર્વ સંયોગ વિસ્તાર પારંગતં, પ્રાપ્ત પરમાત્મ રૂપં પ્રચણ્ડં ॥ ૨ ॥

સાધુદર્શનવૃતં ભાવિકૈઃ પ્રસ્તુતં, પ્રાતિ હાર્યાષ્ટ કોદ્ભાસમાનમ્
સતત મુક્તિપ્રદં સર્વદા પૂજિતં, શિવમહી સાર્વભૌમપ્રધાનમ્ ॥ ૩ ॥

### ૩૫. સામાન્ય જિન ચૈત્યવંદન (ભવ વિરહ)

જય જય તું જિનરાજ આજ, મળીયો મુજ સ્વામી
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી ॥ ૧ ॥

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી ॥ ૨ ॥

સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધ વર બુદ્ધ
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આત્મ ઋદ્ધ ॥ ૩ ॥

કાળ બહુ સ્થાવર ગયો, ભમીયો ભવમાંહી
વિકલેન્દ્રિય માંહી વસ્યો, સ્થિરતા નહીં ક્યાંહી ॥ ૪ ॥

તિર્યંચ પંચેન્દ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો
કરી કુકર્મ નરકે ગયો, તુમ દર્શન નહિ પાયો ॥ ૫ ॥

એમ અનંત કાલે કરી એ, પામ્યો નર અવતાર
હવે જગતારક તું હીં મળ્યો, ભવજલ પાર ઉતાર ॥ ૬ ॥

## ૩૬. સામાન્ય જિન ચૈત્યવંદન

પરમેશ્વર પરમાતમા, પાવન તું પરમિટ્ઠ
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિટ્ઠ ॥ ૧ ॥

અચલ અકલ અવિકાર સાર, કરુણારસસિંધુ
જગતી જન આધાર એક, નિષ્કારણ બંધુ ॥ ૨ ॥

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કહ્યાં ન જાય
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય ॥ ૩ ॥

## ૩૭. શ્રી રોહિણી તપનું - ચૈત્યવંદન

રોહિણી તપ આરાધીએ શ્રી, શ્રી વાસુપૂજ્ય;
દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોએ પૂજ્ય... ૧

પહેલાં કીજે વાસક્ષેપ, પ્રહ ઉઠીને પ્રેમે;
મધ્યાન્હે કરી ધોતીઆ, મન વચ કાય ખેમે...૨

અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજા નૃત્ય વાજિંત્ર;
ભાવે ભાવના ભાવીએ, કીજે જન્મ પવિત્ર...૩

ત્રિહું કાલે લઈ ધૂપ દીપ, પ્રભુ આગળ કીજે;
જિનવર કેરી ભક્તિશું, અવિચળ સુખ લીજે...૪

જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ;
જિનવર પદને ધ્યાઈએ, જિમ નાવે સંતાપ...૫

ક્રોડ ક્રોડ ફળ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ;
માન કહે ઈણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ...૬

## ૩૮. શ્રી વીશસ્થાનક તપનું ચૈત્યવંદન

પહેલે પદ અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ;
ત્રીજે પ્રવચન મન ધરો, ચોથે આચાર્ય સિદ્ધ...૧

નમો થેરાણં પાંચમે, પાઠક પદ છટ્ઠે;
નમો લોએ સવ્વસાહૂણં, જે છે ગુણ ગરિટ્ઠે...૨

નમો નાણસ્સ આઠમે, દર્શન મન ભાવો;
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર પદ ધ્યાવો...૩

નમો બંભવય ધારીણં, તેરમે ક્રિયા જાણ;
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણં...૪

સંયમ જ્ઞાન સુઅસ્સને એ, નમો તિત્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણી...૫

## ૩૯. શ્રી દીવાળી ચૈત્યવંદન

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી,
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંત સમય વિસારી...૧

દેવશર્મા પ્રતિબોધવા, મોકલે મુજને સ્વામ,
વિશ્વાસી પ્રભુ વીરજી, છેતર્યો મુજને આમ...૨

હા ! હા ! વીર ! આ શું કર્યુ ? ભારતમાં અંધારું,
કુમતિ મિથ્યાત્વી વધી જશે, કોણ કરશે અજવાળું...૩

નાથ વિનાના સૈન્ય જિમ, થયા અમે નિરધાર,
ઈમ ગૌતમસ્વામી વલવલે, આંખે આંસુની ધાર...૪

કોણ વીર ? ને કોણ તું ? જાણી એહવો વિચાર,
ક્ષપકશ્રેણી આરોહતાં, પામ્યા કેવલ સાર...૫

વીર પ્રભુ મોક્ષ ગયા એ, દિવાળી દિન જાણ,
ઓચ્છવ રંગ વધામણાં, જસ નામે કલ્યાણ...૬

## ૪૦. શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય માહાત્મ્યની, રચના કીધી સાર,
પુંડરીકગીરિના સ્થાપનાર, પ્રથમ જિન ગણધાર...૧

એક દિન વાણી જિનતણી, સુણી થયો આનંદ,
આવ્યા શત્રુંજય ગીરિ, પંચ ક્રોડ સહરંગ...૨

ચૈત્ર પુનમને દિને એ, શિવશું કીધો યોગ,
નમીએ ગીરિને ગણધરૂં, અધિક નહીં ત્રિલોક...૩

## ૪૧. શ્રી રાયણ પગલાનું ચૈત્યવંદન

આદિ જિનેશ્વર રાયના, છે પગલા મનોહાર,
ભાવ સહિત ભક્તિ કરે, પહોંચાડે ભવપાર. ૧

રાયણ રુખ તળે બિરાજી, દીએ જગને સંદેશ,
ભવિયણ ભાવે જુહારીએ, દુર કરે સંકલેશ. ૨

પગલે પડીને વિનવું, પૂરજો મારી આશ,
જ્ઞાન તણી વિનંતી સુણો, દેજો શિવપદ વાસ. ૩

## ૪૨. શ્રી તળેટીનું ચૈત્યવંદન

તારક તીર્થ તળેટીએ, નમતા નર ને નાર,
આધિ ઉપાધિ દૂર કરે, જન મનને સુખકાર...૧

જિનવર ગણધર મુનિવરા, સુર નર કોડાકોડી,
ઇહાં ઊભા ગીરિ વંદતાં,પ્રણમે બે કર જોડી...૨

તીર્થ તળેટી ભેટવા, **ધર્મરત્ન** ઉલ્લાસે,
હરખે ગીરિવર નિરખતાં, પાપ મેવાસી નાસે...૩

## ૪૩. શ્રી ઘેટી પગલાનું ચૈત્યવંદન

સર્વ તીર્થ શિરોમણી, શત્રુંજય સુખકાર,
ઘેટી પગલાં પૂજતાં, સફળ થાય અવતાર...૧

પૂર્વ નવાણું પધારીયા, જિહાં શ્રી અરિહંત,
તે પગલાંને વંદીએ, આણી મન અતિ ખંત...૨

ચોવિહારો છઠ કરી, ઘેટી પગલે જાય,
**ધર્મરત્ન** પસાયથી, મનવાંછિત ફળ થાય...૩

## ૪૪. શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન

બે કર જોડી પ્રણમીએ, વર્ધમાન તપ ધર્મ,
ત્રિકરણ શુદ્ધે પાળતાં, ટળે નિકાચિત કર્મ...૧

વર્ધમાન તપ સેવીને, કેઈ પામ્યા ભવપાર;
અંત્રગડ સૂત્રે વર્ણવ્યાં, વંદુ વારંવાર...૨

અંતરાય પંચક ટળે એ, બાંધે જિનવર ગોત્ર,
નમો નમો તપ રત્નને, પ્રગટે આત્મ જયોત...૩

**(ચૈત્યવંદન વિભાગ સમાપ્ત)**

# થોય વિભાગ

## શ્રી આદિનાથ પ્રભુની થોયો

### ૧. આદિ જિનવર રાયા

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા ।
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષનગરે સિધાયા ॥ ૧ ॥

સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખ ભારી, શોક સન્તાપ વારી ।
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી,
નમીએ નર-નારી, જેહ વિશ્વોપકારી ॥ ૨ ॥

સમવસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા,
કરે ગણપ પઈઠ્ઠા, ઈન્દ્ર ચન્દ્રાદિ દીઠા ।
દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતાં ટાલે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા ॥ ૩ ॥

સુર સમકિતવન્તા, જેહ ઋદ્ધે મહન્તા,
જેહ સજ્જન સન્તા, ટાળીએ મુજ ચિન્તા ।
જિનવર સેવન્તા, વિઘ્ન વારો દૂરન્તા,
જિન ઉત્તમ થુણંતાં, પદ્મને સુખ દિન્તા ॥ ૪ ॥

### ૨. પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ

પ્રહ ઉઠી વંદું, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત ।

ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈંદ્ર,
જિનના ગુણ ગાવે, સુર નરનારીના વૃંદ ॥ ૧ ॥

બાર પર્ષદા બેસે, ઈંદ્રા ઈંદ્રાણી રાય,
નવ કમળ રચે સુર, તિહાં ઠવતાં પ્રભુ પાય।
દેવ દુંદુભિ વાજે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત,
એવા જિન ચોવીશે, પૂજો એકણ ચિત્ત ॥ ૨ ॥

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર ।
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર,
જિન વચન વખાણી, લહિયે ભવનો પાર ॥ ૩ ॥

જક્ષ ગોમુખ ગિરૂઓ, જિનની ભક્તિ કરેવ,
તિહાં દેવી ચક્કેસરી, વિઘ્ન કોડી હરેવ ।
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય,
તસ કેરો શ્રાવક, **ઋષભદાસ** ગુણ ગાય ॥ ૪ ॥

### ૩. ભાવાનયાણેગ

(ઉપજાતિ વૃત્તમ)

ભાવનયા ણેગ નરિંદ વિંદં,
સવ્વિદ સંપુજજ પયાર વિંદં ।
વંદે જસો નિજ્જય ચારૂ ચંદં,
કલ્લાણ કંદં પઢમં જિણિંદં ॥ ૧ ॥

ચિત્તોગહાંરં રિઉદપ્પવારં,
દુકખગ્ગિવારં સમસુકખ કારં ।
તિત્થેસરા દિંતુ સયા નિવારં,
અપાર સસાર સમુદ્દ પારં ॥ ૨ ॥

અન્નાણ સત્તુકખલણે સુવપ્પં,

સન્નાય સંહિ લીય કોહ દપ્પં ।

સંસેમિ સિદ્ધંત મહો અણપ્પં,

નિવ્વાણ મગ્ગે વર જાણ કપ્પં ॥ ૩ ॥

હંસાધિરૂઢા વરદાણ ધન્ના,

વાએસિરી દાણ ગુણો વવન્ના ।

નિચ્ચંપિ અમ્હં હવઉ પ્પસન્ના,

કુંદિંદુ ગોક્ખીર તુસાર વન્ના ॥ ૪ ॥

## શ્રી શાંતિનાથ પ્રભુની થોયો

### ૧. વંદો જિન શાંતિ

વન્દો જિન શાન્તિ, જાસ સોવન્ન કાન્તિ,

ટાલે ભવ ભ્રાન્તિ, મોહ-મિથ્યાત્વ શાન્તિ ।

દ્રવ્ય-ભાવ અરિ પાન્તિ, તાસ કરતાં નિકાન્તિ,

ધરતાં મન ખાન્તિ, શોક સન્તાપ વાન્તિ ॥ ૧ ॥

દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા,

દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ-કીલા ।

ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા,

સોળ સ્વામીજી પીલા, આપજો મોક્ષલીલા ॥ ૨ ॥

જિનવરની વાણી, મોહ-વલ્લીકૃપાણી,

સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ।

અરથે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી,

પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી ॥ ૩ ॥

વાગેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી,
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી ।
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી,
**પદ્મવિજય** કહેવી, ભવ્ય સન્તાપ ખેવી ॥ ૪ ॥

## ૨. શાંતિ સુહંકર સાહિબો

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે ।
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ॥ ૧ ॥

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી,
રાજ્ય વિહુણા એ થયાં, આપે વ્રત ધારી ।
શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લી-નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ॥ ૨ ॥

કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે ।
યોગાવંચક પ્રાણિયા, ફલ લેતાં રીઝે,
પુષ્કારાવર્તનાં મેઘમાં, મગશેલ ન ભીંજે. ॥ ૩ ॥

ક્રોડવદન શૂકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર ।
જક્ષ ગરૂડ વામ પાણિએ, નકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ **વીર** તે જાણે. ॥ ૪ ॥

## શ્રી નેમિનાથ પ્રભુની થોયો

### ૧. સુર અસુર વંદિત

સુર અસુર વંદિત પાય પંકજ, મયણ મલ્લમક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતમ્ ।
શિવાદેવી નંદન ત્રિજગવંદન, ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદો, શ્રી નેમિનાથ જિનેશ્વરમ્ ॥ ૧ ॥

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરિવરં,
વાસુપૂજ્ય ચંપાનયર સિદ્ધયા, નેમિ રૈવતગિરિવરં ।
સમ્મેત શિખરે વીશ જિનવર, મુક્તિ પોહોતા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદું, સયલ સંઘ સુખકરં ॥ ૨ ॥

અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રંથ પસત્થ અત્થા, ચાર મૂળ વખાણીએ ।
અનુયોગદ્વાર ઉદાર નંદી, સૂત્ર જિનમત ગાઈયે,
વૃત્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ, પીસ્તાળીસ આગમ ધ્યાઈયે ॥ ૩ ॥

દોય દિશિ બાલક દોય જેને, સદા ભવિયણ સુખકરૂં,
દુઃખ હરુ અંબા-લુંબ સુંદર, દુરિત દોહગ અપહરૂં ।
ગિરનાર મંડણ નેમિ જિનવર, ચરણ પંકજ સેવિએ,
ચઉવિહ સંઘ સુપ્રસન્ન મંગલ, કરો તે અંબા દેવીએ ॥ ૪ ॥

### ૨. નેમિનાથ નિરંજન નિરખ્યો

### (બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથની અલભ્ય સ્તુતિ)

નેમિનાથ નિરંજન નિરખ્યો, નિજ નયને મેં આજજી ।
પાપ સંતાપ ટલે તુમ નામે, હુવે વાંછિત કાજજી ॥
સેવ સુહાલી ખાંડ જલેબી, લાપસી તર ધારીજી ।
સેવૈયા મોતૈયા મોદક, તુમ નામે લહે નર નારજી ॥ ૧ ॥

ખાજા તાજા ફીની મગદલ, મૈસૂર ને મોતીચૂરજી ।
દાખ બદામ અખરોટ ખલેલા, ખારક સૂરમા ને ખજૂરજી ॥
નાલી કેર નારંગી દાડમ, મીઠા ફનસ ઉદારજી ।
એ ફલફૂલ લઈ જિનજી પૂજો, ચોવીશે સુખકારીજી ॥ ૨ ॥

દૂધ પાક દશે દહી પેડા, પત્તાસા ને પૂડીજી ।
ગૂંદપાક શુદ્ધ ઘીના ગલેપા, ગુલપાપડી ગુણ ભૂરજી ॥
આંબા રાયણ સાકર ઘેબર, બરફી નામ મીઠીજી ।
એ સુખડી થી જિનજી ની વાણી, અતિ મીઠી મેં દીઠીજી ॥ ૩ ॥

સાલી દાલી પંચામૃત ભોજન, ખીર ખાંડ ને પોલીજી ।
સરસ સાલના ઉણા તીખાં, નિત જીમીયે ઘીસું ઝબોલીજી ॥
પાન સુપારી કાથા ચૂનો, ઈલસી વાસિત પાનીજી ।
વીર કહે અંબાઈ તુટે, તો સુખ લહે સવિ પ્રાણીજી ॥ ૪ ॥

### ૩. રાજુલ વરનારી

રાજુલ વરનારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી;
કેવળસિરિ સારી, પામીયા ઘાતી વારી ॥ ૧ ॥

ત્રણ જ્ઞાન સંયુતા, માતની કુખે હુંતા;
જનમે પુરહુંતા, આવી સેવા કરંતાં;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા;
મહીયલ વિચરંતા, કેવલશ્રી વરંતા ॥ ૨ ॥

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે;
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે;
તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે. ॥ ૩ ॥

શાસનસુરી સારી, અંબિકા નામ ધારી;
એ સમકિતી નરનારી, પાપ સંતાપ વારી;
પ્રભુ સેવાકારી, જાપ જપીએ સવારી;
સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ॥ ૪ ॥

### ૪. ગિરનારે તે નેમનાથ

ગિરનારે તે નેમનાથ ગાજે રે, રાણી રાજુલ ધ્રુસકે રૂવે રે ॥
મારો શામળીયો ગિરધારી રે, એને હરણો ને હરણી બચાવી રે ॥ ૧ ॥

એક ચડતા ચડતી દીસે રે, અષ્ટાપદ આદિ જિન ચોવીસે રે ॥
શેત્રુંજે જઈને જુહારો રે, આબુજી જઈ દુઃખ વારો રે ॥ ૨ ॥
જ્યાં ચોત્રીશ અતિશય છાજે રે, ત્યાં બેઠા ઢીંગલમલ ગાજે રે ॥
ઢીંગલમલની વાણી મીઠી રે, સહુ સુણજો સમકિત પ્રાણી રે ॥ ૩ ॥

ત્યાં બેઠા અંબિકા માડી રે, એને નાકે સોનાની વાળી રે ॥
સહુ સંઘના સંકટ ચૂરો રે, **નય વિમલના** વાંછિત પૂરો રે ॥ ૪ ॥

## શ્રી પાર્શ્વનાથ પ્રભુની થોયો

### ૧. શંખેશ્વર પાસજી પૂજીયે

શંખેશ્વર પાસજી પૂજીયે, નર ભવનો લાહો લીજીયે ।
મનવાંછિત પૂરણ સુરતરૂ, જય વામા સુત અલવેસરૂ ॥ ૧ ॥

દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણ નીલા ।
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યાં ॥ ૨ ॥

આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીયો ।
તેહનો રસ જેહને ચાખીયો, તે હુઓ શિવસુખ સાખીયો ॥ ૩ ॥

ધરણેન્દ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણાં ગુણ ગાવતી ।
સહુ સંઘના સંકટ ચૂરતી, **નયવિમલનાં** વાંછિત પૂરતી ॥ ૪ ॥

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR

## ૨. શંખેશ્વર પાર્શ્વ જુહારીયે

શંખેશ્વર પાર્શ્વ જુહારીયે, ઋદ્ધિ દેખીને લોચન ઠારીએ;
પૂજી પ્રણમીને સેવા સારિયે, ભવ સાગર પાર ઉતારીયે.૧
શત્રુંજય ગિરનાર ગિરિ વલી, આબુ અષ્ટાપદ સુખકારી;
એવા તીર્થે જિન પાય લાગીયે, ઝાઝા મુક્તિ તણાં સુખ માગીયે. ૨
સમોસરણમાં બાર પર્ષદા મલે, પ્રભુ ઉપર ચામર છત્ર ધરે;
વાણી સુણતાં સવિ પાતક ટળે, સવિ જીવના મનવાંછિત ફલે.૩
પદ્માવતી પરચો પૂરતી,પ્રભુ પાર્શ્વનો મહિમા વધારતી;
સહુ સંઘના સકટ ચૂરતી, નયવિમલના વાંછિત પૂરતી.૪

## ૩. પાસ જિણંદા વામાનંદા

પાસ જિણંદા, વામાનંદા, જબ ગરભે ફળી,
સુપના દેખે, અર્થ વિશેષે, કહે મઘવા મળી ।
જિનવર જાયા, સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિરાજી, ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લિયે ॥ ૧ ॥

વીર એકાકી, ચાર હજારે, દીક્ષા ધૂરે જિનપતિ,
પાસ ને મલ્લિ, ત્રયશત સાથે, બીજા સહસે વ્રતી ।
ષટ્શત સાથે, સંયમ ધરતા, વાસુપૂજ્ય જગધણી,
અનુપમ લીલા, જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી ॥ ૨ ॥

જિનમુખ દીઠી, વાણી મીઠી, સુરતરૂ વેલડી,
દ્રાખ વિહાસે, ગઈ વનવાસે, પીલે રસ સેલડી ।
સાકર સેંતી, તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું, સ્વર્ગે દીઠું, સુરવધૂ ગાવતી ॥ ૩ ॥

ગજ મુખ દક્ષો, વામન જક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી, કચ્છપવાહી, કાયા જસ શામલી ।
ચઉ કર પ્રૌઢા, નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાંતિ, પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી ॥ ૪ ॥

## ૪. શ્રેયઃ શ્રિયાં

(ઉપજાતિ વૃત્તમ)

શ્રેયઃ શ્રિયાં મંગલ કેલિ સદ્મ!,
શ્રીયુક્ત ચિંતામણી પાર્શ્વનાથ! ।
દુર્વાર સંસાર ભયાચ્ચ રક્ષ,
મોક્ષસ્ય માર્ગે વરસાર્થ વાહ ! ॥ ૧ ॥

જિનેશ્વરાણાં નિકર ! ક્ષમાયાં,
નરેન્દ્ર દેવેન્દ્રનતાંઘ્રિ પદ્મ ।
કુરૂષ્વ નિર્વાણ સુખં ક્ષમાભૃત્ !,
સત્ કેવલજ્ઞાન રમાં દધાન ॥ ૨ ॥

કૈવલ્ય વામા હૃદયૈકહાર,
ક્ષમાસરરદ્રજનીશતુલ્ય ।
સર્વજ્ઞ ! સર્વાતિશય પ્રધાન!,
તનોતુ તે વાગ્ જિનરાજ ! સૌખ્યમ્ ॥ ૩ ॥

શ્રી પાર્શ્વનાથ ક્રમણાડમ્બુજાત,
સારંગ તુલ્યઃ કલધૌતકાંતિઃ ।
શ્રી યક્ષરાજો ગરૂડાભિધાનઃ,
ચિરં જય જ્ઞાન કલા નિધાન ! ॥ ૪ ॥

## ૫. ભીલડીપુર મંડણ

ભીલડીપુર મંડણ, સોહિએ પાર્શ્વ જિણંદ,
તેહને તમે પૂજો, નર નારીના વૃંદ,
તે ત્રુઠયો આપે, ધણ કણ કંચન કોડ,
તે શિવપદ પામે, કર્મતણા ભય છોડ. ॥ ૧ ॥

ઘનઘસીયે ઘનાઘન, કેશરના રંગ રોળ,
તેહમાં તમે ભેળો, કસ્તુરીના ઘોળ,
તિણ શું તુમે પૂજો, ચઉવીશે જિણંદ,
જેમ દેહ દુઃખ જાવે, આવે ઘર આનંદ. ॥ ૨ ॥

ત્રિગડે જિન બેઠા, સોહિયે સુંદર રૂપ,
તસ વાણી સુણવા, આવી પ્રણમે ભૂપ,
વાણી જોજનની, સુણજો ભવિયણ સાર,
તે સુણતાં હોંશે, પાતિકનો પરિહાર. ॥ ૩ ॥

પાય રૂમઝુમ રૂમઝુમ, ઝાંઝરના ઝણકાર,
પદ્માવતી ખેલે, પાર્શ્વ તણા દરબાર,
સંઘ વિઘ્ન હરજો, કરજો જય જયકાર,
એમ **સૌભાગ્ય** વિજય કહે, સુખ સંપત્તિ દાતાર. ॥ ૪ ॥

## ૬. સકલ સુરાસુર સેવે પાયા

## (રાગ-શ્રી શત્રુંજય તીરથ સાર)

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વાણારસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા,
દશ ને ચાર સુપન દિખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;
છપ્પન દિક્કુમરી હુલરાયા, ચોસઠ ઇન્દ્રાસન ડોલાયા,
મેરુ શિખર નવરાયા,
નીલવરણ તનુ સોહે કાયા, શ્રી વિજયસેન સૂરીશ્વર રાયા,
પાસ જિનેશ્વર ગાયા. ૧

વિદ્રુમ વરણા દોય જિણંદા, દો નીલા દો ઉજ્જવલ ચંદા,
દો કાલા સુખકંદા,
સોલે જિનવર સોવન્ન વરણા, શિવપુરવાસી શ્રીપરસન્ના,
જે પૂજે તે ધન્ના;
મહાવિદેહે જિન વિચરંતા, વીસે પૂરા શ્રી ભગવંતા,
ત્રિભુવન તે અરિહંતા,
તીરથ સ્થાનક નામું એ શિશ, ભાવ ધરીને વિશ્વાવીશ,
શ્રી વિજયસિંહ સૂરીશ. ૨
સાંભલ સખરા અંગ અગીઆર, મન શુદ્ધે ઉપાંગ જ બાર,
દશ પયન્ના સાર,
છેદ ગ્રન્થ વળી ષટ્ વિચાર, મૂલસૂત્ર બોલ્યા જિન ચાર,
નંદી અનુયોગદ્વાર;
પણયાલીશ જિન આગમ નામ, શ્રી જિન અરથે ભાખ્યો જામ,
ગણધર ગુંથે તામ,
શ્રી વિજયસેન સૂરીંદ વખાણે, જે ભવિકા નિજ ચિત્તમાં જાણે,
તસ ઘર લક્ષ્મી આણે. ૩
વિજાપુરમાં સ્થાનક જાણી, મહિમા મ્હોટે તું મંડાણી,
ધરણીન્દ્ર ધણિયાણી,
અહનિશ સેવે સુર વૈમાની, પરતો પૂરણ તું સપરાણી,
પૂરવ પૂણ્ય કમાણી;
સંઘ ચતુર્વિધ વિઘ્ન નિવારો, પાર્શ્વનાથની સેવા સારો,
સેવક પાર ઉતારો,
શ્રી વિજયસેન સૂરીશ્વરરાયા, શ્રી વિજયદેવ ગુરુ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

### ૭. પોષ દશમી દિન

**(રાગ-વીર જિનેસર અતિ અલવેસર)**

પોષ દશમી દિન પાસ જિનેશ્વર, જનમ્યા વામા માયજી,
જનમ મહોચ્છવ સુરપતિ કીધો, વલીય વિશેષ રાયજી ;
છપ્પન દિગ્કુમરી હુલરાવ્યો, સુર નર કિન્નર ગાયોજી,
અશ્વસેન કુલ કમલ અવતંસે, ભાનુઉદય સમ આયોજી.૧

પોષ દશમી દિન આંબિલ કરીએ, જેમ ભવસાગર તરીયેજી,
પાસ જિણંદનું ધ્યાન ધરંતાં, સુકૃત ભંડાર ભરીયેજી;
ઋષભાદિક જિનવર ચોવીશે, તે સેવો ભવિ ભાવેજી,
શિવરમણી વરી નિજ ઘર બેઠા, પરમપદ સોહાવેજી.૨

કેવલ પામી ત્રિગડે બેઠા, પાસ જિનેશ્વર સારજી,
મધૂર ગિરાએ દેશના દેવે, ભવિજન મન સુખકારજી;
દાન શીયલ તપ ભાવે આદરશે, તે તરશે સંસારજી,
આ ભવ પરભવ જિનવર જપતાં, ધર્મ હોશે આધારજી.૩

સકલ દિવસમાં અધિકો જાણી, દશમી દિન આરાધોજી,
ત્રેવીશમો જિન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધોજી;
ધરણેન્દ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગેજી,
શ્રીહર્ષ વિજય ગુરુ ચરણ કમલની, રાજ વિજય સેવા માગેજી.૪

### શ્રી મહાવીર સ્વામી પ્રભુની થોયો

### ૧. મનોહર મૂર્તિ

મનોહર મૂર્તિ મહાવીર તણી, જિણે સોળ પહોર દેશના પભણી ।
નવમલ્લી નવ લચ્છી નૃપતિ સુણી, કહે શિવ પામ્યા ત્રિભુવન ધણી ॥ ૧ ॥

શિવ પામ્યા ઋષભ ચઉદશ ભક્તે, બાવીશ લહ્યા શિવ માસ તીથે ।
છટ્ઠે શિવ પામ્યા વીર વળી, કાર્તિક વદી અમાવસ્યા નિરમલી ॥ ૨ ॥

આગામી ભાવી ભાવ કહ્યાં, દીવાળી કલ્પે જેહ લહ્યાં ।
પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરીને સદ્દહ ॥ ૩ ॥

સવિ દેવ મળી ઉદ્યોત કરે, પ્રભાતે ગૌતમ જ્ઞાન વરે ।
**જ્ઞાનવિમલ** સદા ગુણ વિસ્તરે, જિન શાસનમાં જયકાર કરે ॥ ૪ ॥

## ૨. ગંધારે મહાવીર જિણંદા

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુર નર ઈંદા, દીઠે પરમાનંદા ।
ચૈત્ર શુદ તેરશ દિન જાયા, છપ્પન દિક્ કુમરી ગુણ ગાયા,
હરખ ધરી હુલરાયા । ત્રીશ વરસ પાલી ઘરવાસ,
માગશર વદિ દશમી વ્રત જાસ, વિચરે મન ઉલ્લાસ ।
એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીએ શિવ પટરાણી,
પુણ્યતણી એ ખાણી ॥ ૧ ॥

ઋષભ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્ર પ્રભુ ભવ આઠ ઉદાર,
શાંતિ કુમાર ભવ બાર । મુનિસુવ્રત ને નેમ કુમાર, તે જિનના
નવ નવ ભવ સાર, દશ ભવ પાર્શ્વકુમાર । સત્તાવીશ ભવ
વીરના કહીએ, સત્તર જિનનાં ત્રણ ત્રણ લહીએ, જિન વચને
સદ્દહીએ । ચોવીશ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો
પાર, નમતાં જય જયકાર ॥ ૨ ॥

વૈશાખ શુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન, ઉપદેશ
દે પ્રધાન । અગ્નિ ખૂણે હવે પર્ષદા સુણીએ, સાધ્વી વૈમાનિક
સ્ત્રી ગણીએ, મુનિવર ત્યાંહી જ ભણીએ । વ્યંતર જ્યોતિષી
ભુવનપતિ સાર, એહને નૈઋત્ય ખૂણે અધિકાર, વાયવ્ય ખૂણે
એહની નાર । ઈશાને સોહીયે નર નાર, વૈમાનિક સુર થઇ પર્ષદા
બાર, સુણે જિન વાણી ઉદાર ॥ ૩ ॥

ચક્કેસરી અજીયા દુરિઆરિ, કાલિ મહાકાલી મનોહારી, અચ્ચુઆ સંતા સારી । જ્વાલા સુતારયા ને અસોયા સિરિવત્સા વરચંડા માયા, વિજયાંકુસી સુખદાયા । પન્નતિ નિવ્વાણી અચ્ચુઆ ધરણી, વૈરુટ દત્તા ગંધારી અઘહરણી, અંબ પઉમા સુખ કરણી । સિદ્ધાઈકા શાસન રખવાલી, કનકવિજય બુધ આનંદકારી,
**જસવિજય** જયકારી ॥ ૪ ॥

### ૩. જય જય ભવિ હિતકર

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ,
સુર નરના નાયક, જેહની સારે સેવ,
કરૂણારસ કંદો, વન્દો આનંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણમણી કેરો ખાણી ॥ ૧ ॥

જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે,
તે ચ્યવન-જન્મ-વ્રત, નાણ અને નિરવાણ,
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ ॥ ૨ ॥

જિહાં પંચ સમિતિ યુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પ્રકાશ્યા, વળી પાંચે વ્યવહાર,
પરમેષ્ઠિ અરિહન્ત, નાથ સર્વજ્ઞ ને પારગ,
એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર ॥ ૩ ॥

માતંગ સિદ્ધાઈ, દેવી જિન પદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાળે નિતમેવી,
શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ,
**શ્રી જ્ઞાનવિમલ** ગુણ, પૂરો વંછિત આશ ॥ ૪ ॥

## ૪. શ્રી વીર જન્મ મહોત્સવ - સંગીતમય થોય

સર હરર ખલ ખલ, દ્રસ્ગ છબ છન, ન્હવણ જલ ક્રોડો મણો,
ખણ ખણન ખન્ ખન્, ટનક ટન્ ટન્, ઘોષ કલષાવો તણો,
સૂર સંઘ નાચે, છનન છૂમ્ છૂમ્, ભનન ભૂમ્ ભૂમ્ જય કરો,
શ્રી વીર પ્રભુનું, જન્મ મહોત્સવ, જગતનું મંગલ કરો ॥ ૧ ॥

પી પી પીવ પૂં પૂં, તણણ તીં તીં, ભણણ ભૂં ભૂં વાગતા,
ખણ ખણણ ખલ ખલ, ધડાક ધ્રીં ધ્રીં, ધડાક ધ્રૂં ધ્રૂં ગાજતા,
જય જય સુનંદા, જયઉ ભદ્દા, જયઉ અતીવ બલધરો,
ચોવીસ જિનનો, દીક્ષા મહોત્સવ, શાંતિ સદ્‌ગુણ પાથરો ॥ ૨ ॥

ગમ સારી ધપની, તું તિ ણી તું, વીણ વાગે સુસ્વરે,
ધા ધા ધપપ ધ્રીમ્, ધમ્પ ધ્રોં ધ્રો, દેવ વાજા અનુસરે,
સ્યાદવાદ નય, નિક્ષેપ ભંગી, દ્રવ્ય ગુણનો સાગરો,
શ્રી વીર વાણી, ધોધ સહુનો, કર્મમલ દૂરે કરો ॥ ૩ ॥

કડ કડડ ભૂસ, કડા કરી, ભડ વીર ભૈરવ ચૂરતો,
ધમ્ ધમ્ આવાજે, ચાલતો, જિન ભક્તિ પરંચા પૂરતો,
ચારિત્ર દર્શન, વિઘ્ન ભંજન, ધર્મ રક્ષા તત્પરો,
માણિભદ્રની, કલ્યાણમાલા, સંઘને કંઠે સ્તવો ॥ ૪ ॥

## શ્રી નવપદજીની થોયો

### ૧. વીર જિનેશ્વર

વીર જિનેશ્વર અતિ અલેવસર, ગૌતમ ગુણના દરીયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરીયાજી,
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવિ પ્રાણીજી ॥ ૧ ॥

માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહતં સિદ્ધ સૂરી ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી,
દરશણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવાં આયંબિલ, સુખ સંપદા પામીજેજી ॥ ૨ ॥

શ્રેણિક રાય ગૌતમ ને પૂછે, સ્વામી એ તપ કેણે કીધોજી ?
નવ આયંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કેણે લીધોજી ?
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભલો શ્રેણિક વયણાજી
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાલને મયણાજી ॥ ૩ ॥

રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી,
નામ ચકકેસરી ને સિદ્ધાઈ, આદિ જિન વીર રખવાલીજી,
વિઘ્ન ક્રોડ હરે સહું સંઘનાં, જે સેવે એના પાયજી,
ભાણવિજય કવિ સેવક **'નય'** કહે, સાંનિધ્ય કરજો માય જી ॥ ૪ ॥

### ૨. જિન શાસન વાંછિત-પૂરણ

જિન શાસન વાંછિત, પૂરણ દેવ રસાળ,
ભાવે ભવિ ભણીએ, સિદ્ધચક્ર ગુણમાળ ।
ત્રિહું કાળે એહની, પૂજા કરે ઉજમાળ
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાળ ॥ ૧ ॥

અરિહન્ત સિદ્ધ વન્દો, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય ।
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિના, ભવકોટિ દુ:ખ જાય ॥ ૨ ॥

આસો ચૈતરમાં, શુદિ સાતમથી સાર,
પૂનમ લગી કીજે, નવ આંબિલ નિરધાર ।
દોય સહસ ગણણું, પદ સમ સાડા ચાર,
એકાશી આંબિલ, તપ આગમ અનુસાર ॥ ૩ ॥

શ્રી સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેશ્વર દેવ,
શ્રીપાલતણી પરે, સુખ પૂરે સ્વયમેવ ।
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રીસુમતિ સુગુરૂનો, રામ કહે નિત્યમેવ ॥ ૪ ॥

### ૩. શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર

### (રાગ-શ્રી શત્રુંજય તીરથ સાર)

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હરખ અપાર,
જિમ લહો સુખ શ્રીકાર,
મન શુદ્ધે ઓળી તપ કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે,
જિનવર પુજા કીજે;
પડિક્કમણાં દોય ટંકના કીજે, આઠે થુઈએ દેવ વાંદીજે,
ભૂમિ સંથારો કીજે,
મૃષા તણો કીજે પરિહાર, અંગે શીયલ ધરીજે સાર,
દીજે દાન અપાર. ૧
અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુ વંદીજે,
દંસણ નાણ સુણીજે,
ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગણણું ગુણીજે,
નવ આંબિલ પણ કીજે;
નિશ્ચલ રાખીને મન ઈશ, જપીએ પદ એક એક ઈશ,
નવકારવાલી વીશ,
છેલ્લે આંબિલ મોટો તપ કીજે, સત્તર ભેદી જિન પુજા રચીજે,
નર ભવ લાહો લીજે. ૨

સાતસે કુષ્ટીયાના રોગ, નાઠા મંત્ર નમણ સંજોગ,
દૂર હુઆ કર્મના ભોગ,
અઢારે કુષ્ઠ દૂર જાયે, દુઃખ દોહગ દૂર પલાયે,
મનવાંછિત સુખ થાયે;
નિરધનિયાને દે બહુ ધન, અપુત્રીયાને દે પુત્ર રતન,
જે સેવે શુદ્ધ મન,
નવકાર સમો નહિ કોઈ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઈ જંત,
સેવો ભવિ હરખંત. ૩
જિમ સેવ્યા મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો સુખ રસાલ,
પામ્યા મંગલ માલ,
શ્રીપાલતણી પેરે જે આરાધે, દિન દિન દોલત તસ ઘર વાધે,
અતિ શિવસુખ સાધે;
વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે.
દોલત લક્ષ્મી વધારે,
મેઘવિજય કવિયણના શિષ્ય, આણી હૈડે ભાવ જગદીશ,
વિનય વંદે નિશદિશ. ૪

## ૪. અરિહંત નમો

(ત્રોટક છન્દ)

અરિહંત નમો વળી સિદ્ધ નમો, આચરજ વાચક સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ॥ ૧ ॥

અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબીલ તપ ગણણું ગણો વિધિશું ॥ ૨ ॥

છ' રી પાળી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ॥ ૩ ॥

સાડા ચાર વરસ એ તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મન મંદિર થાપો, **નય વિમલેસર** વર આપો. ॥ ૪ ॥

## શ્રી નવતત્ત્વની થોય

જીવા જીવા પુણ્ય ને પાવા, આશ્રવ સંવર તત્તા જી,
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તા જી ।
એ નવતત્તા સમકિત સત્તા, ભાખે શ્રી અરિહંતા જી,
ભૂજ નયર મંડણ રિસહેસર, વંદો તે અરિહંતા જી ॥ ૧ ॥

ધમ્મા ધમ્મા ગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવા જી,
નાણ વિનાણ શુભાશુભ યોગે, ચેતન લક્ષણ જીવા જી ।
*ઈત્યાદિક ષટ્ દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદા જી,*
પ્રહ ઊઠી નિત્ય નમીએ વિધિસું, સિત્તરસો જિનચંદા જી ॥ ૨ ॥

સુક્ષ્મ બાદર દોય એકેન્દ્રિય, બી તી ચઉરિન્દ્રી દુવિહા જી,
તિવિહા પંચિંદા પજ્જતા, અપજ્જતા તે વિવિહા જી ।
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચયને વ્યવહાર જી,
પન્નવણાદિક આગમ સુણતાં, લહીયે શુદ્ધ વિચાર જી ॥ ૩ ॥

ભુવનપતિ વ્યંતર જયોતિષવર, વૈમાનિક સુર વૃન્દા જી,
ચોવિશ જિનના યક્ષ યાક્ષિણી, સમકિત દષ્ટિ સુરિંદા જી ।
ભૂજનગર મહિમંડણ સઘળે, સંઘ સકલ સુખ કરજો જી,
પંડિત **માનવિજય** ઇમ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજો જી ॥ ૪ ॥

## શ્રી શત્રુંજય મહાતીર્થની થોયો

### ૧. શ્રી શત્રુંજય મંડણ

શ્રી શત્રુંજય મંડણ, ઋષભ જિણંદ દયાળ ।
મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાળ ।।
એ તીરથ જાણી, પૂરવ નવાણું વાર ।
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર ।। ૧ ।।

ત્રેવીશ તીર્થંકર, ચઢિયા ઈણ ગિરિ રાય ।
એ તીરથનાં ગુણ, સુર અસુરાદિક ગાય ।।
એ પાવન તીરથ, ત્રિભુવન નહી તસ તોલે ।
એ તીરથનાં ગુણ, સીમંધર મુખ બોલે ।। ૨ ।।

પુંડરિકગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ ।
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ ।।
પંચમ ગતિ પહોંતા, મુનિવર કોડા કોડ ।
ઈણ તીરથેં આવી, કર્મ વિપાક વિછોડ ।। ૩ ।।

શ્રી શત્રુંજય કેરિ, અહોનિશ રક્ષાકારી ।
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી ।।
શ્રી સંઘ વિઘ્નહર, કવડ જક્ષ ગણભૂર ।
શ્રી રવિબુધ સાગર, સંઘના સંકટ ચૂર ।। ૪ ।।

### ૨. શત્રુંજય તીરથ સાર

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકુર રામ અપાર । મંત્રમાંહી નવકાર જ જાણું, તારામાં જેમ ચન્દ્ર વખાણું, જલધર જલમાં જાણું । પંખીમાંહી જેમ ઉત્તમ હંસ, કુલમાંહે જેમ ઋષભનો વંશ, નાભિ તણો એ અંશ । ક્ષમાવન્તમાં શ્રી અરિહંત, તપશૂરા મુનિવર મહન્ત, શત્રુંજય ગિરિ ગુણવન્ત ।। ૧ ।।

ઋષભ અજિત સંભવ અભિનન્દા, સુમતિનાથ મુખ પૂનમ ચન્દા, પદ્મપ્રભ સુખકન્દા। શ્રીસુપાર્શ્વ ચન્દ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ, વાસુપૂજય મતિ શુદ્ધિ। વિમલ અનન્ત ધર્મ જિન શાન્તિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ, મુનિસુવ્રત શિવ પાંતિ। નમિ નેમ પાસ વીર જગદીશ, નેમ વિના એ જિન ત્રેવીશ, સિદ્ધગિરિ આવ્યા ઈશ ॥ ૨ ॥

ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજય ગિરિ કોણ તોલે ? જિનનું વચન અમોલે। ઋષભ કહે સુનો ભરતજી રાય, 'છ-રી' પાલંતાં જે નર જાય, પાતિક ભુકો થાય। પશુ પંખી જે ઈણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે, અજરામર પદ પાવે। જિન મતમેં શેત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલમાંહિ આણ્યો, સુણતાં સુખ ઉર ઠાણ્યો ॥ ૩ ॥

સંઘપતિ ભરત નરેસર આવે, સોવન તણાં પ્રાસાદ કરાવે, મણિમય મૂરતિ ઠાવે। નાભિરાયા મરૂદેવી માતા, બ્રાહ્મી-સુન્દરી બહેન વિખ્યાતા, મૂર્તિ નવાણું ભ્રાતા। ગોમુખ યક્ષ ચક્રેશ્વરી દેવી, શત્રુંજય સાર કરે નિત મેવી, તપગચ્છ ઉપર હેવી। શ્રી વિજયસેન સૂરીશ્વર રાયા, શ્રી વિજયદેવગુરુ પ્રણમી પાયા, **ઋષભદાસ** ગુણ ગાયા ॥ ૪ ॥

## ૧. બીજની થોય

જંબુ દ્વીપે અહોનિશ દીપે, દોય સૂર્ય દોય ચંદાજી,
તાસ વિમાને શ્રીઋષભાદિક, શાશ્વત નામ જિણંદાજી।
તેહ ભણી ઉગતે શશી નિરખી, પ્રણમેં ભવિજન વૃંદાજી,
બીજ આરોપો ધર્મનું બીજે, પૂજી શાંતિ જિણંદાજી ॥ ૧ ॥

દ્રવ્ય ભાવ દોય ભેદે પૂજો, ચોવીસે જિનચંદાજી,
બંધન દોય દૂર કરીને, પામ્યા પરમાણંદાજી ।
દુષ્ટ ધ્યાન દોય મત્ત મતંગજ, ભેદ ન ઉત્તમચંદાજી,
બીજતણે દિન જે આરાધે, તે જગમાં ચિરનંદાજી ॥ ૨ ॥

દ્વિતીય ધર્મ જિનરાજ પ્રકાશે, સમવસરણ મંડાણે જી,
નિશ્ચય ને વ્યવહાર બેહુંસું, આગમ મધુરી વાણે જી ।
નરક તિર્યંચ ગતિ દોય ન હોવે, બીજને જે આરાધે જી,
દ્વિવિધ દયા ત્રસ થાવર કેરી, કરતાં શિવસુખ સાધે જી ॥ ૩ ॥

બીજ ચંદ પરે ભૂષણ ભૂષિત, દીપે નિલવટ ચંદાજી,
ગરૂડ યક્ષ નારી સુખકારી, નિર્વાણી સુખકંદા જી ।
બીજ તણો તપ કરતાં ભવિને, સમકિત સાંનિધ્યકારી જી,
ધીરવિમલ શિષ્ય કહે નય, સંઘના વિઘ્ન નિવારી જી ॥ ૪ ॥

## ૨. અજુવાળી તે બીજ

અજુવાળી તે બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ લાવે રે ।
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, શ્રી સીમન્ધરને વંદના કહેજો રે ॥ ૧ ॥

વીશ વિહરમાન જિનને વંદો રે, જિનશાસન પૂજી આણંદો રે ।
ચંદા એટલું કામ મુજ કરજો રે, શ્રી સીમન્ધરને વંદના કહેજો રે ॥ ૨ ॥

શ્રી સીમન્ધર જિનની વાણી રે, તે તો અમીય પાન સમાણી રે ।
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવ સંચિત પાપ ગમાવો રે ॥ ૩ ॥

શ્રી સીમન્ધર જિનની સેવા રે, તે તો શાસન ભાસન મેવા રે ।
ચંદા હોજો સંઘના ત્રાતા રે, ગજલંછન **ચંદ્ર** વિખ્યાતા રે ॥ ૪ ॥

## શ્રી સીમંધર સ્વામીજીની થોય

### શ્રી સીમંધર સેવિત સુરવર

### (રાગ : ત્ર્યાસી લાખ પૂરવ ઘરવાસે)

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જય જયકારીજી,
ધનુષ પાંચશે કંચન વરણી, મૂરતિ મોહનગારીજી;
વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવિજનને હિતકારીજી,
પ્રહ ઊઠી નિત્ય નામ જપીજે, હૃદય કમલમાં ધારીજી ...૧

સીમંધર યુગબાહુ સુબાહુ, સુજાત સ્વયંપ્રભ નામજી,
અનંત સુર વિશાલ વજ્રધર, ચંદ્રાનન અભિરામજી;
ચંદ્ર ભુજંગ ઈશ્વર નેમિપ્રભ, વીરસેન ગુણધામજી,
મહાભદ્ર ને દેવયશા વલી, અજિત કરું પ્રણામજી...૨

પ્રભુ મુખવાણી બહુ ગુણખાણી, મીઠી અમીય સમાણીજી,
સૂત્ર અને અર્થે ગુંથાણી, ગણધરથી વિરચાણીજી;
કેવલનાણી બીજ વખાણી, શિવપુરની નિશાનીજી,
ઉલટ આણી દિલમાંહે જાણી, વ્રત કરો ભવિ પ્રાણીજી...૩

પહેરી પટોલી ચરણાં ચોલી, ચાલી ચાલ મરાલીજી,
અતિ રુપાલી અધર પ્રવાલી, આંખલડી અણીઆલીજી;
વિઘ્ન નિવારી સાન્નિધ્યકારી, શાસનની રખવાલીજી,
ધીરવિમલ કવિરાયનો સેવક, બોલે નય નિહાલીજી...૪

### ત્રીજની થોય

ત્રણ નિસિહી, ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજેજી;
ત્રણ દિશી, વરજી જિન જુઓ, ભૂમિ ત્રણ પૂંજીજે જી ।
ત્રણ પ્રકારી, પૂજા કરીને, ત્રણ અવસ્થા ભાવીજેજી;
આલંબન ત્રણ, મુદ્રા પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજેજી. ॥ ૧ ॥

પહેલે ભાવ જિન, દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારોજી;
ચોથે નામ જિન, પાંચમે સર્વે, લોક ચૈત્ય જુહારોજી।
વિરહમાન. છઠ્ઠે જિન વંદો, સાતમે નાણ નિહાળોજી;
સિદ્ધ વીર, ઉજ્જંત અષ્ટાપદ, શાસન સૂર સંભારોજી. ॥ ૨ ॥

શક્રસ્તવમાં, દોય અધિકાર, અરિહંત ચેઈઆણં ત્રીજેજી;
નામસ્તવમાં, દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજેજી।
સિદ્ધ સ્તવમાં, પાંચ પ્રકાર, એ બારે અધિકારજી ;
જિત નિર્યુક્તિ, માંહે ભાખ્યો , તેહ તણો વિસ્તારજી. ॥ ૩ ॥

ભોયણ પાણ, તંબુલ વાહન, મેહુણ કરવું ટાલોજી ;
થુંક સળેખમ, વડી લઘુ નીતિ, જુગટે રમવું વારોજી।
એ દશે, આશાતના મોટી, વરજો જિનવર દ્વારેજી ;
**ક્ષમા વિજય,** જિન એણી પરે જંપે, શાસનસૂર સંભારોજી. ॥ ૪ ॥

## ચોથની થોય (ઋષભ ચંદ્રાનન)

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી।
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી. ॥ ૧ ॥

ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઈ, કોડી પન્નરસેં જાણોજી,
ઉપર કોડી બેંતાલીશ પ્રણમો, અડવન લખ મન આણોજી।
છત્રીસ સહસ એંશી તે ઉપરે, બિંબતણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ॥ ૨ ॥

રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી,
જંબુદ્વીપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી।
વલિય અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી,
તે જિન પ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સુત્ર છે સાખીજી ॥ ૩ ॥

એ જિનપૂજાથી આરાધક, ઈશાન ઈન્દ્ર કહાયાજી,
તેમ સુરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણાં સમુદાયાજી ।
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મ વિજય નમે પાયાજી. ॥ ૪ ॥

## પાંચમની થોયો

### ૧. સમુદ્ર ભૂપાલ

**(ઉપજાતિ વૃત્તમ્)**

સમુદ્ર ભૂપાલ કુલ પ્રદીપઃ ।
સંસાર વાર્દ્ધૌ વિપુલાન્તરીપઃ ॥
શ્રી પંચમી પુણ્ય તપો નલીનં ।
શિવાંગજો વ્યાજજનમાત્મલીનમ્ ॥ ૧ ॥

વિતે નિરે મેરૂગિરૌ વિતન્દ્રા ।
યેષાં મુદા જન્મમહં મહેન્દ્રાઃ ॥
રક્ષન્તુ તે પંચમિકા તપસ્થં ।
વિઘ્નૌઘ કૃત્તીર્થ કૃતો ભવસ્થમ્ ॥ ૨ ॥

ચકાર યં પંચમગચ્છનેતા ।
યઃ પાપ ભારસ્ય સદાપ નેતા ॥
સ આગમઃ પંચમિકા તપસ્થં ।
કરોતુ પૂર્ણ ત્રિજગન્નમસ્યમ્ ॥ ૩ ॥

પ્રયાતિ યા નેમિગિરૌ વિનીતા ।
સિંહેધિરૂઢા સ્તમા નિહંત્રી ॥
શ્રી પંચમી ચારૂ તપો મમામ્બા ।
પુષ્ણાતુ દેવી જગતઃ કિલામ્બા ॥ ૪ ॥

## ૨. શ્રાવણ સુદી

શ્રાવણ સુદી દિન પંચમી એ, જન્મ્યા નેમી જિણંદ તો,
શ્યામવરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો ।
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટકર્મ હેલા હણી એ, પહોંતા મુક્તિ મહંત તો. ॥ ૧ ॥

અષ્ટાપદ પર આદિજિન એ, પહોંતા મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરિ એ, નેમ મુક્તિ ગિરનાર તો ।
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રીવીર તણું નિરવાણ તો,
સમેત શિખર વીશ સિદ્ધ હુઆ એ, શીર વહું તેહની આણ તો. ॥ ૨।

નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો,
જીવ દયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો ।
મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો,
અનંત તિર્થંકર એમ કહે એ, પરિહરિએ પરનાર તો. ॥ ૩ ॥

ગોમેધ નામે યક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો,
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો ।
તપગચ્છ નાયક ગુણનીલો એ, શ્રી વિજયસેન સૂરિરાય તો,
**ઋષભદાસ** પાય સેવતાં એ, સફળ કરો અવતાર તો. ॥ ૪ ॥

## ૩. શ્રી નેમિઃ પંચ રૂપ

### (સ્ત્રગ્ધરા છન્દઃ)

શ્રી નેમિઃ પઞ્ચરૂપ સ્ત્રિપતિકૃત પ્રાજ્ય જન્માભિષેક-
શ્ચઞ્ચત્પઞ્ચાડક્ષાત્તાદ્વિરદમદભિદા પઞ્ચવક્ત્રોપમાનઃ ।
નિર્મુક્તઃ પઞ્ચદેહ્યા : પરમસુખમયઃ પ્રાસ્તકર્મ પ્રપઞ્ચઃ
કલ્યાણં પઞ્ચમીસત્તપસિ વિતનુતાં પઞ્ચમજ્ઞાનવાન્ વઃ ॥૧॥

સમ્પ્રીણન્ સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાડડનન્દમૂર્ત્તિઃ
પુણ્યાબ્ધિ પ્રીતિદાયી સિતરુચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ ।
સાન્દ્રાણિ ધ્વંસમાનઃ સકલ કુવલયો લ્લાસમુચ્ચૈશ્ચકાર
જ્ઞાનં પુષ્યાજ્જિનૌઘઃ સ તપસિ ભવિનાં પઞ્ચમીવાસરસ્ય ।।૨।।

પીત્વા નાનાભિધાડર્થાડમૃતરસમસમં યાન્તિ યાસ્યાન્તિ જગ્મુ-
ર્જીવા યસ્માદનેકે વિવિધવદમરતાં પ્રાજ્ય નિર્વાણ પુર્યામ્ ।
યાત્વા દેવાધિદેવાડડગમદશમસુધા કુણ્ડમાડડનન્દ હેતુ-
સ્તત્પઞ્ચમ્યાસ્તપસ્યુદ્યતવિશદધિયાં ભાવિનામસ્તુ નિત્યમ્ ।।૩।।

સ્વર્ણાઙ્લડડકાર વલ્ગન્મણિકિરણગણ ધ્વસ્ત નિત્યાડન્ધકારા
હુઙ્કારારાવદૂરી કૃતસુકૃતજન વ્રાત વિઘ્ન પ્રચારા ।
દેવીશ્રી અમ્બિકાખ્યા જિનવરચરણાડમ્ભોજ ભૃઙ્ગીસમાના
પઞ્ચમ્યહ્નસ્તપોડર્થં વિતરતુ કુશલં ધીમતાં સાડવધાના ।। ૪ ।।

## પંચ તીર્થી થોય

### આબુ અષ્ટાપદ ગિરનાર

આબુ અષ્ટાપદ ગિરનાર,
સમેતશિખર શેત્રુંજે સાર ।
પાંચે તીરથ ઉત્તમ ઠામ,
સિદ્ધિ ગયા તેને કરૂ પ્રણામ....૧

અતીત અનાગતને વર્તમાન,
બહોત્તેર તીર્થંકર વીશ વિહરમાન ।
ઋષભ ચંદ્રાનન વારિષેણ વર્ધમાન,
છશુ જિનને કરૂ પ્રણામ...૨

શાસ્ત્ર વ્યાકરણને સિદ્ધાંત,
ત્યાં પ્રતિમા બોલે દષ્ટાંત ।
આગમમાં જે પ્રતિમા કહી,
કુમતિ કદાગ્રહી માને નહીં...૩

ગૌમુખ યક્ષ ચક્કેશ્વરી,
શાસન સાન્નિધ્ય કરે કેસરી ।
સંઘ તણાં જે રાખણહાર,
જૈન શાસનમાં જયજયકાર...૪

## એકાદશીની થોયો

### (૧) એકાદશી અતિ રૂઅડી

એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ પૂછે નેમ;
કિણ કારણ એ પર્વ મોટું, કહોને મુજશું તેમ ।
જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસો ને પચાશ;
તેણે કારણ એ પર્વ મોટુ, કરો મૌન ઉપવાસ ॥ ૧ ॥

અગિયાર શ્રાવક તણી પડિમા, કહી તે જિનવર દેવ;
એકાદશી એમ અધિક સેવો, વનગજા જિમ રેવ ।
ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ ચંગ;
જેમ ગંગ નિર્મળ નીર જેહવો, કરો જિનશું રંગ ॥ ૨ ॥

અગિયાર અંગ લખાવીએ, અગિયાર પાઠાં સાર;
અગિયાર કવળી વિંટણાં, ઠવણી પૂંજણી સાર ।
ચાબખી ચંગી વિવિધરંગી, શાસ્ત્ર તણે અનુસાર;
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર. ॥ ૩ ॥

વર કમલનયણી કમલવયણી, કમલ સુકોમલ કાય;
ભુજદંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય ।
એકાદશી એમ મન વસી, ગણિ **હર્ષપંડિત** શિષ્ય;
શાસનદેવી વિઘ્ન વારો, સંઘ તણાં નિશદિશ. ॥ ૪ ॥

## (૨) શ્રી ભાગ્ નેમિ

(રાગ - શાર્દૂલ વિક્રીડિતં છન્દ)

શ્રી ભાગ્ નેમિર્બભાષે જલશયસવિધે સ્ફૂર્તિ-મેકાદશીયાં,
માઘન્મોહાવનીન્દ્ર-પ્રશમન-વિશિખઃ પઞ્ચબાણાર્ચિરર્ણઃ ।
મિથ્યાત્વ- ધ્વાન્ત-વાન્તૌ રવિકર નિકર સ્તીવ્રલોભાદ્રિ-વજ્રં,
શ્રેયસ્તત્પર્વ વસ્તાચ્છિવસુખમિતિ વા સુવ્રતશ્રેષ્ઠિનોડભૂત્ ॥ ૧ ॥

ઇન્દ્રૈ-રભ્ર-ભ્રમદ્ભિર્મુનિપ-ગુણરસા-સ્વાદના-નન્દપૂર્ણૈ-
ર્દિવ્યદ્ભિઃ સ્ફારહારૈર્લલિત-વરવપુર્યષ્ટિભિસ્સ્વર્વધૂભિ : ।
સાર્ધં કલ્યાણકૌઘો જિનપતિનવતે-ર્બિન્દુ-ભૂતેન્દુસંખ્યો,
ઘસ્ત્રે યસ્મિન્ જગે તદ્ ભવતુ સુભવિનાં પર્વ સચ્છર્મહેતુઃ ॥ ૨ ॥

સિદ્ધાન્તાબ્ધિ-પ્રવાહઃ કુમતજનપદાન્ પ્લાવયન્ યઃ પ્રવૃત્તઃ
સિદ્ધિદ્વીપં નયન્ ધી ધન-મુનિવણિજઃ સત્યપાત્ર-પ્રતિષ્ઠાન્ ।
એકાદશ્યાદિપર્વેન્દુ-મણિ-મતિદિશન્ ધીવરાણાં મહાર્ઘ્યં,
સન્યાયામ્ભશ્ચ નિત્યં પ્રવિતરતુ સ નઃ સ્વપ્રતિરે નિવાસમ્. ॥ ૩ ॥

તત્પર્વોદ્યાપનાર્થં સમુદિત-સુધિયાં શંભુ-સંખ્યા-પ્રમેયા-
મુત્કૃષ્ટાં વસ્તુ-વીથી-મભયદ-સદને પ્રાભૃતીકુર્વતાં તામ્ ।
તેષાં સવ્યાક્ષપાદૈઃ પ્રલપિત-મતિભિઃ પ્રેતભૂતાદિભિર્વા,
દુષ્ટૈર્જન્યં ત્વજન્યં હરતુ હરિતનુ-ન્યસ્ત-પાદામ્બિકાખ્યા ॥ ૪ ॥

## શ્રી પર્યૂષણ મહાપર્વની થોયો

### ૧. વરસ દિવસમાં

વરસ દિવસમાં અષાઢ-ચોમાસ, તેહમાં વળી ભાદરવો માસ, આઠ દિવસ અતિખાસ। પર્વ પજૂસણ કરો ઉલ્લાસ, અટ્ઠાઈધરનો કરવો ઉપવાસ, પોસહ લીજે ગુરૂ પાસ । વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે, ચૌદ સુપન વાંચીજે । પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય,
વીર જિણેસર રાય ॥ ૧ ॥

બીજે દિને દીક્ષા અધિકાર, સાંજ-સમય નિરવાણ વિચાર, વીર તણો પરિવાર। ત્રીજે દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વળી નેમિસરનો અવદાત, વળી નવભવની વાત । ચોવીશે જિન અન્તર તેવીશ, આદિ જિનેશ્વર શ્રીજગદીશ, તાસ વખાણ સુણીશ । ધવલ મંગલ ગીત ગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત
અનુસરીએ, અટ્ઠમ તપ જપ વરીએ ॥ ૨ ॥

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો, ધ્યાન ધરમ મન ભાવો । સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય, બારસા-સૂત્ર સુણાય । થિરાવલી ને સામાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી, સાંભળજો નરનારી । આગમ સૂત્રને પ્રણમીશ,
કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ, શાસ્ત્ર સર્વે સુણીશ ॥ ૩ ॥

સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો, વિધિશું સ્નાત્ર ભણાવો, આડમ્બરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ, સંઘ સર્વને ખમીએ । પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે, પુણ્ય ભણ્ડાર ભરી જે । શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જસવન્તસાગર ગુરૂ ઉદાર,
જિણંદસાગર જયકાર ॥ ૪ ॥

## ૨. મણિ રચિત સિંહાસન

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર ।
પર્યુષણ કેરો મહિમા અગમ અપાર ॥
નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ ।
એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચન્દ ॥ ૧ ॥

નાગ કેતુની પેરે, કલ્પ સાધના કીજે ।
વ્રત નિયમ આખડી, ગુરૂમુખ અધિકી લીજે ॥
દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર ।
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર ॥ ૨ ॥

જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર ।
ભવ સાત આઠ નવ, શેષ તાસ સંસાર ॥
સહુ સૂત્ર શિરોમણી, કલ્પસૂત્ર સુખકાર ।
તે શ્રવણે સુણીને, સફલ કરો અવતાર ॥ ૩ ॥

સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણા કીજે ।
કરી સાહમ્મિવચ્છલ, કુગતિ દ્વાર પટ દીજે ॥
અઠ્ઠાઈ મહોત્સવ, **ચિદાનંદ** ચિત્ત લાઈ ।
ઈમ કરતાં સંઘને, શાસનદેવ સહાઈ ॥ ૪ ॥

## ૩. પુણ્યનું પોષણ

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજૂસણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી ।
કુંવર ગયવર ખન્ધે ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્ગુરૂસંગે ચઢતે રંગે, વીર-ચરિત્ર સુણાવોજી ॥ ૧ ॥

પ્રથમ વખાણે ધર્મ સારથિ પદ, બીજે સુપનાં ચારજી,
ત્રીજે સુપન પાઠક વળી ચોથે, વીર જન્મ અધિકારજી ।
પાંચમેં દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમેં થિરાવલી સંભળાવી, પિઉડા પૂરો જગીશજી ॥ ૨ ॥

છટ્ઠ અઠ્ઠમ અટ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરસી પડિક્કમણું મુનિવન્દન, સંઘ સકલ ખામીજેજી ।
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ-ગુરૂ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી ॥ ૩ ॥

તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરૂ મહીધર જેમજી,
મુનિવર માંહી જિનવર મ્હોટા, પર્વ પજૂસણ તેમજી ।
અવસર પામી સાહમ્મિવચ્છલ, બહુ પકવાન વડાઈજી,
**ખીમાવિજય જિન દેવી સિદ્ધાઈ, દિન દિન અધિક વધાઈજી ॥ ૪ ॥**

## ૪. સત્તર ભેદી જિન

સત્તર ભેદી જિન પૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજે જી,
ઢોલ દદામા ભેરી નફેરી, ઝલ્લરી નાદ સુણીજે જી ।
વીરજિન આગે ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજે જી,
પર્વ પજૂસણ પૂરવ પુણ્યે, આવ્યા એમ જાણીજે જી ॥ ૧ ॥

માસ પાસ વળી દશમ દુવાલસ, ચત્તારિ અઠ્ઠ કીજે જી,
ઉપર વળી દશ દોય કરીને, જિન ચોવીશે પૂજીજે જી ।
વડા કલ્પનો છટ્ઠ કરીને, વીર વખાણ સુણીજે જી,
પડવેને દિન જન્મ મહોત્સવ, ધવલ મંગલ વરતીજે જી ॥ ૨ ॥

આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનું તપ કીજે જી,
નાગકેતુની પરે કેવળ લહિએ, જો શુભ ભાવે રહિએ જી ।
તેલાધર દિન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજે જી,
પાસ નેમીસર અંતર ત્રીજે, ઋષભ ચરિત્ર સુણીજે જી ॥ ૩ ॥

બારસા સૂત્ર ને સામાચારી, સંવત્સરી પડિક્કમીએ જી,
ચૈત્ય પરિપાટી વિધિસું કીજે, સકલ જન્તુને ખામીજે જી ।
પારણાને દિન સાહમ્મિવચ્છલ, કીજે અધિક વડાઈ જી,
**માનવિજય કહે સકલ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઈ જી ॥ ૪ ॥**

## શ્રી વીશસ્થાનક તપની થોય

વીશસ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે આપજી,
બાંધે જિનવર ત્રીજા ભવમાં, કરીને સ્થાનક જાપજી;
થયા થશે સવિ જિનવર અરિહા, એ તપને આરાધીજી,
કેવલજ્ઞાન દર્શન સુખ પામ્યા, સર્વે ટાળી ઉપાધીજી. ૧

અરિહંત[૧] સિદ્ધ[૨] પયવણ[૩] સૂરિ,[૪] સ્થવિર[૫] વાચક[૬] સાધુ[૭] નાણજી[૮],
દર્શન[૯] વિનય[૧૦] ચરણ[૧૧] બંભ[૧૨] કિરિયા[૧૩], તપ[૧૪] કરો ગોયમ[૧૫] ઠાણજી;
જિનવર[૧૬] ચારિત્ર[૧૭] પંચવિધ નાણ[૧૮], શ્રુત[૧૯] તીર્થ[૨૦] એહ નામજી,
એ વીશસ્થાનક આરાધે તે, પામે શિવપદ ધામજી.૨

દોય કાળ પડિક્કમણું પડિલેહણ, દેવવંદન ત્રણ વારજી,
નવકારવાળી વીશ ગણીજે. કાઉસ્સગ્ગ ગુણ અનુસારજી;
ચારસો ઉપવાસ કરી ચિત્ત ચોખે, ઉજમણું કરો સારજી,
પડિમા ભરાવો સંઘ ભક્તિ કરો, એ વિધિ શાસ્ત્ર મોઝારજી.૩

શ્રેણિક સત્યકી સુલસા રેવતી, દેવપાળ અવદાતજી,
સ્થાનક તપ સેવા મહિમાએ, થયા જગમાંહિ વિખ્યાતજી;
આગમ વિધિ સેવે જે તપીયા, ધન્ય ધન્ય તસ અવતારજી,
વિઘ્ન હરે તસ શાસન દેવી, સૌભાગ્યલક્ષ્મી દાતારજી. ૪

## શ્રી રોહિણી તપની થોય

### શ્રી વાસુપૂજ્યજી પૂજીએ

(રાગ-મનોહર મૂર્તિ મહાવીર તણી)

શ્રી વાસુપૂજયજી પૂજીએ, જિન ચરણ તણાં ફલ લીજીએ;
જયારાણી સુત જયંકરુ, મનવાંછિત પૂરણ સુરતરૂ.૧

પાંચ ભરત પાંચ ઐરાવતા, પાંચ મહાવિદેહમાં વિચરતા;
ત્રણ ચોવીશ બહોતેરા, જિન વીશ નમું જન સુખકરા.૨

ACHARYA SHRI

ત્રિગડે બેઠા જિન ભણે, તિહાં વયણે કરી વખાણ કરે;
જોજન લગી જિનવાણી વિસ્તરે, બાર ષર્ષદા બેઠી ચિત્ત ધરે.૩

શાસનદેવી નામ પ્રભા, સંઘ સકલ સુહંકરા;
વર વાચક મેઘ પવન મુદા, **મેઘચંદ્ર** હુવા સુખસંપદા. ૪

**ચાર વાર બોલવાની થોયો**

ભીડભંજન પાસ પ્રભુ સમરો ॥૧॥
અરિહંત અનંતનું ધ્યાન ધરો ॥૨॥
જિન આગમ અમૃત પાન કરો ॥૩॥
શાસન દેવી સવિ વિઘ્ન હરો ॥૪॥

• • •

શ્રી ચિંતામણી કીજે સેવ ॥૧॥
વળી વંદુ ચોવીશે દેવ ॥૨॥
**વિનય** કહે આગમથી સુણો ॥૩॥
પદ્માવતીનો મહિમા ઘણો ॥૪॥

• • •

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ ॥૧॥
અરિહંત સકલની, ભાવ ધરી કરૂં સેવ ॥૨॥
સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી ॥૩॥
જયવંતી આણા, **જ્ઞાનવિમલ** ગુણ ખાણી ॥૪॥

• • •

વીરં દેવં નિત્યં વંદે ॥૧॥
જૈનાઃ પાદા યુષ્માન્ પાન્તુ ॥૨॥
જૈનં વાક્યં ભૂયાદ્ ભૂત્યૈ ॥૩॥
સિધ્ધા દેવી દદ્યાત્ સૌખ્યમ્.॥૪॥

• • •

પુંડરિક ગણધર પાય પ્રણમીજે, આદીશ્વર જિન ચંદાજી ॥૧॥
નેમ વિના ત્રેવીશ તિર્થંકર, ગીરી ચઢીયા આણંદાજી ॥૨॥
આગમ માંહે પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણંદાજી ॥૩॥
ચૈત્રી પૂનમ દિન દેવી ચક્રેશ્વરી, **સૌભાગ્ય** દયો સુખ કંદાજી. ॥૪॥

# સ્તવન વિભાગ

## ॥ શ્રી આદિનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. પ્રથમ જિનેશ્વર પ્રણમીએ

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગન્ધી રે કાય ।
કલ્પવૃક્ષ પરે તાસ, ઈન્દ્રાણી-નયન જે, ભૃંગ પરે લપટાય ॥ ૧ ॥
રોગ-ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ ।
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરેં, જગમાં તુમશું રે વાદ ॥ ૨ ॥
વગર ધોઈ તુજ નિરમળી,કાયા કંચન-વાન ।
નહીં પ્રસ્વેદ લગાર,તારે તું તેહને, જે ધરે તાહરું ધ્યાન ॥ ૩ ॥
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય ।
રૂધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી, દૂધ-સહોદર હોય ॥ ૪ ॥
શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત ।
દેખે ન આહાર-નિહાર, ચરમ-ચક્ષુ-ધણી, એહવા તુજ અવદાત ॥ ૫ ॥
ચાર અતિશય મૂલથી, ઓગણીશ દેવના કીધ ।
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ॥ ૬ ॥
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ ।
પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાલજો, જેમ થાઉં અક્ષય અભંગ ॥ ૭ ॥

### ૨.માતા મરૂદેવીના નંદ

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુંજી
કે મારૂં ચિત્ત-ચોરાણું જી ! કે મારૂં દિલ લોભાણુંજી - (આંકણી)
કરૂણાસાગર કરૂણાનાગર, કાયા કંચનવાન,
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચશે માન ॥ ૧ ॥

ત્રિગેડ બેસી ધર્મ કહંતાં, સૂણે પર્ષદા બાર ।
યોજનગામિની વાણી મીઠી, વરસન્તી જલધાર... ॥ ૨ ॥

ઉર્વશી રૂડી અપસરાને, રામા છે મનરંગ ।
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારમ્ભ... ॥ ૩ ॥

તુંહી બ્રહ્મા,તુંહી વિધાતા, તું જગતારણહાર ।
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અડવડિયા આધાર ॥ ૪ ॥

તુંહી ભ્રાતા, તુંહી ત્રાતા,તુંહી જગતનો દેવ ।
સુર-નર-કિન્નર-વાસુદેવા,કરતા તુજ પદ સેવ ॥ ૫ ॥

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો,રાજા ઋષભ જિણંદ ।
કીર્તિ કરેં માણેકમુનિ તાહરી, ટાળો ભવભય ફંદ... ॥ ૬ ॥

### ૩. દાદા આદેશ્વરજી

દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો દાદા દરિશન દ્યો !

કોઈ આવે હાથી ઘોડે, કોઇ આવે ચઢે પલાણે;
કોઈ આવે પગે પાલે, દાદા ને દરબાર ॥ ૧ ॥

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચઢે પલાણે;
હું આવું પગે પાલે, દાદા ને દરબાર ॥ ૨ ॥

કોઈ મૂકે સોના રૂપા, કોઈ મૂકે મહોર;
કોઈ મૂકે ચપટી ચોખા, દાદા ને દરબાર ॥ ૩ ॥

શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર;
હું મુકૂં ચપટી ચોખા, દાદા ને દરબાર ॥ ૪ ॥

કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ;
કોઈ માંગે ચરણોંની સેવા, દાદા ને દરબાર ॥ ૫ ॥

પાંગળો માંગે કંચન કાયા,આંધળો માંગે આંખ;
હું માંગું ચરણો ની સેવા, દાદા ને દરબાર ॥ ૬ ॥

હીરવિજય ગુરૂ હીરલો ને, વીર વિજય ગુણગાય;
શત્રુંજયના દરિશન કરતા, આનંદ અપાર ॥ ૭ ॥

## ૪. તુમ દર્શન ભલે પાયો
### (રાગ - દરબારી)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન તુમ. (આંકણી) ।
નાભિ નરેસર નંદન-નિરૂપમ, માતા મરૂદેવા જાયો ॥ ૧ ॥

આજ અમીરસ જલધર વુઠો, માનુ ગંગાજલે નાહ્યો ।
સુરતરૂ સુરમણિ પ્રમુખ અનોપમ, તે સવિ આજ મેં પાયો ॥ ૨ ॥

યુગલા ધર્મ નિવારણ તારણ, જગ જસ મંડપ છાયો ।
પ્રભુ તુજ શાસન વાસન સમકિત, અંતર વૈરી હરાયો ॥ ૩ ॥

કુગુરૂ કુદેવ કુધર્મની વાસે, મિથ્યામતમે ફસાયો ।
મેં પ્રભુ આજસેં નિશ્ચય કીનો, સવિ મિથ્યાત્વ ગમાયો ॥ ૪ ॥

બેર બેર કરૂં વિનતિ ઇતની, તુમ સેવા રસ પાયો ॥
જ્ઞાનવિમલ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો ॥ ૫ ॥

## ૫. ઋષભદેવ હિતકારી
### (રાગ - આશાવરી,રામકલી, મોહિની)

ઋષભદેવ હિતકારી, જગત ગુરૂ ઋષભદેવ હિતકારી,
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર,પ્રથમ યતિ વ્રતધારી ॥ ૧ ॥

વરસીદાન દેઈ તુમ જગમેં , ઇલતિ ઇતિ નિવારી ।
તૈસી કાહી કરતું નાંહિ કરૂણા, સાહિબ બેર હમારી ॥ ૨ ॥

માગત નહી હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી,
દીઓ મોહે ચરણકમલકી સેવા,યાહિ લાગત મોહે પ્યારી ॥ ૩ ॥

ભવલીલા વાસિત સુર ડારે, તુમ પર સબહી ઉવારી
મેં મેરો મન નિશ્ચલ કીનો,તુમ આણા શિરધારી ॥ ૪ ॥

એસો સાહિબ નહી કોઈ જગમેં, યાસું હોય દિલદારી ।
દિલહી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી ॥ ૫ ॥

તુમહી સાહિબ મેં હું બંદા, યા મત દીઓ વિસારી ।
**શ્રીનયવિજય** વિબુધ સેવક કે,તુમ હો પરમ ઉપકારી ॥ ૬ ॥

## ૬. જગજીવન જગ વાલ હો

## (રાગ - મહાવિદેહ ક્ષેત્ર સોહમણો)

જગજીવન જગવાલ હો, મરૂદેવીનો નંદ લાલ રે,
મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહી આનંદ લાલ રે ॥ ૧ ॥

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે,
વદન તે શારદ ચંદલો, વાણી અતિહી રસાળ લાલ રે ॥ ૨ ॥

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે,
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહી પાર લાલ રે ॥ ૩ ॥

ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લઈ ઘડીયું અંગ લાલ રે,
ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે ॥ ૪ ॥

ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે,
વાચક 'જશવિજયે' થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે ॥ ૫ ॥

## ૭. ઋષભ જિણંદા

## (રાગ - યમનકલ્યાણ)

ઋષભ જિણંદા ઋષભ જિણંદા,તુમ દરિસન હોવે પરમાનંદા ।
અહનિશ ધ્યાઉં તુમ દીદારા, મહેર કરીને કરજો પ્યારા ॥ ૧ ॥

આપણને પૂંઠે જે વળગ્યા, તેહ કિસ સરશે કરતાં અળગા
અળગા કીધા પણ રહે જે વળગ્યા, મોર પીંછ પરે ન હુએ ઉભગા ॥ ૨ ॥

તુમ પણ અળગે થયે કિમ સરશે,ભગતી ભલી આકરષી લેશે ।
ગગને ઉડે દૂરે પડાઈ,દોરી બળે હાથે રહે આઈ ॥ ૩ ॥

મુજ મનડું છે ચપળ સ્વભાવે, તોહે અંતર્મુહુર્ત પ્રસ્તાવે ।
તું તો સમય સમય બદલાયે, ઈમ કિમ પ્રીતિ નિહાવો થાયે ॥ ૪ ॥

તે માટે તું સાહિબ મારો, હું છુ સેવક ભવોભવ તાહરો ।
એહ સંબંધમાં મ હશો ખામી, વાચક માન કહે શિરનામી ॥ ૫ ॥

## ૮. અખા ત્રીજનું (વર્ષીતપનું) સ્તવન

### (રાગ - વફા ચાહતે હૈ)

દેખો માઈ, આજ વૃષભ ઘર આવે ॥ આંકણી ॥
રુપ મનોહર, જગદાનંદન, સબહી કો મન ભાવે ॥ ૧ ॥
કોઈ મુક્તાફલ થાલ વિશાલા, કોઈ મણી માણેક લાવે ॥ ૨ ॥
હય ગય રથ પાયક વહુ કન્યા, પ્રભુજી કું વેગે વધાવે ॥ ૩ ॥
શ્રી શ્રેયાંસકુમાર દાનેશ્વર, ઈક્ષુરસ વહોરાવે ॥ ૪ ॥
ઉત્તમદાન દિયે અમૃતરસ, સાધુ કિર્તી ગુણ ગાવે ॥ ૫ ॥

## ૯ ઋષભ જિનરાજ

### (રાગ - કડખાની દેશી)

ઋષભ જિનરાજ ! મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો, જેણે તુંજ નયણ દીઠો;
દુઃખ ટળ્યાં, સુખ મળ્યાં, સ્વામી ! તુંજ નિરખતાં,
સુકૃત સંચય હુઓ,પાપ નીઠો, ઋ૦ ॥ ૧ ॥

કલ્પશાખી ફળ્યો, કામઘટ મુજ મળ્યોં,
આંગણે અમિયનો મેહ વૂઠો;

મુજ મહીરાણ, મહીભાણ તુજ દર્શને;
ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો. ૠ૦ ॥ ૨ ॥

કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે ?
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી, કલ્પતરુ બાવળે ?
તુજ તજી અવર સુર કોણ સેવે ? ૠ૦ ॥ ૩ ॥

એક મુજ ટેક સુવિવેક સાહેબ ! સદા,
તુજ વિના દેવ દુજો ન ઈહું ;
તુજ વચન-રાગ સુખ સાગરે ઝીલતો,
કર્મભર ભ્રમ થકી હું ન બીહું ૠ૦ ॥ ૪ ॥

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;
પતિતપાવન સમો જગત ઉદ્ધાર કર,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ૠ૦ ॥ ૫ ॥

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગ્યો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે.
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો. ૠ૦ ॥ ૬ ॥

ધન્ય તે કાય, જિણે પાય તુજ પ્રણમીએ,
તુજ થુણ્યે જેહ ધન્ય ! જિહાં;
ધન્ય ! તે હૃદય જિણે તુજ સદા સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય ! દિહા. ૠ૦ ॥ ૭ ॥

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો ?
રયણ એક દેત શી હાણ રયણાયરે ?
લોકની આપદા જેણે નાસો. ૠ૦ ॥ ૮ ॥

ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,
રવિ થકી અધિક તપ-તેજ તાજો;
નયવિજય વિબુધ સેવક હું આપરો,
જશ કહે અબ મોહિ ભવ નિવાજો. ઋ૦ ॥ ૯ ॥

## ૧૦. બોલ બોલ આદિશ્વર વાલા

(રાગ : મારવાડી)

બોલ, બોલ આદેસર વહાલા,
કાંઇ થારી મરજી રે ! માંસુ મુંઢે બોલ,
માતા મારુદેવી વાટ જોવતા, ઈતરે વધાઇ આઇ રે,
આજ ઋષભજી ઉતર્યા બાગ મેં સુણ હરખાઈ રે, ॥ ૧ ॥

ન્હાય ધોયને ગજ અસવારી, કરી મરુદેવી માતા રે,
જાય બાગ મેં નન્દન નિરખી, પાઈ સાતા રે ॥ ૨ ॥

રાજય છોડીને નિકલ્યા રિખભા, આ લીલા અદ્‌ભુતિ રે
ચામર છત્રાને ઔર સિંહાસન, મોહની મૂર્તિ રે॥ ૩ ॥

દિનભર બેઠી વાટ જોવતી, કદ મારો રિખબો આવે રે,
કહેતી ભરતને આદિનાથ કી, ખબરાં લાવો રે ॥ ૪ ॥

કિસી દેશ મેં ગયો વાલેસર, તુજ વિના વિનીતા સૂની રે,
બાત કહો દિલ ખોલ લાલજી, ક્યું બન્યા મુનિ રે. ॥ ૫ ॥

રહો મજામેં હો સુખશાતા, ખુબ કિયા દિલ લલચાયા રે,
અબ તો બોલ આદેસર માસું, કલપે કાયા રે ॥ ૬ ॥

ખૈર હુઇ સો હો ગઈ વહાલા, બાત ભલી નહિં કીની રે,
ગયા પછી કાગદ નહિં દીનો, મારી ખબર નહિં લીની રે ॥ ૭ ॥

ઓલમ્ભા મેં દેઉ કઠા લગ, પાછો ક્યું નહીં બોલે રે,
દુઃખ જનની કો દેખ આદેશ્વર, હિવડે તોલે રે ॥ ૮ ॥

અનિત્ય ભાવના ભાઈ માતા, નિજ આતમ કો તારી રે,
કેવલ પામી મુગતે સિધાવ્યા, જ્યાંને વન્દના હમારી રે, ॥ ૯ ॥

મુક્તિ કા દરવાજા ખોલ્યા, મોરાદેવી માતા રે,
કાલ અસંખ્યા રહ્યા ઉઘાડા, જમ્બુ જડ ગયા તાલા રે॥ ૧૦ ॥

સાલ બહોતેર તીર્થ ઓસીયા, 'ગયવર' પ્રભુ ગુણ ગાયા રે,
મૂર્તિ મનોહર પ્રથમ જિણંદ કી પ્રણમું પાયા રે ॥ ૧૧ ॥

### ૧૧. બાળપણે આપણે સસનેહી

### (રાગઃ દેખ તેરે સંસાર કી)

બાળપણે આપણે સસનેહી, રમતા નવ નવ વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઇ, અમે તો સંસાર-નિવેશે;
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો..૧

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિ જાવે...૨

સિદ્ધિનિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શ્યો પાડ તુમારો? ?
તો ઉપગાર તુમારો વહીએ, અભવ્યસિદ્ધને તારો....૩

નાણ રયણ પામી એકાંતે, થઇ બેઠા મેવાશી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી....૪

અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શુ જાય ?...૫

સેવાગુણ રંજો ભવિજનને, જો તુમે કરો બડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નિરાગી....૬

નાભિનંદન જગબંધવ પ્યારો, જગગુરુ જગ જયકારી;
રૂપવિબુધનો **મોહન** પભણે, વૃભષ લંછન બલિહારી...૭

## ૧૨. શ્રી આદિજન સંસ્કૃત સ્તવન

(રાગ- ચંદન સા બદન)

આદિ જિનં વંદે ગુણ સદનં, સદનન્તા મલ બોધં રે
બોધકતા ગુણ વિસ્તૃત કીર્તિ, કીર્તિત પ્રથમ વિરોધં રે....૧
રોધ રહિત વિસ્ફુર દુપયોગં, યોગં દધતમ ભંધં રે,
ભંગ નયવ્રજપેશલ વાચં, વાચં યમ સુખ સંગં રે....૨
સંગત પદ શુચિ વચન તરંગં, રંગં જગતિ દદાનં રે,
દાન સુર દ્રુમ મંજુલ હૃદયં, હૃદયંગમ ગુણ ભાનં રે....૩
ભાડડનન્દિત સુર વર પુન્નાગં, નાગર માનસ હંસં રે,
હંસ ગતિ પંચમ ગતિ વાસં, વાસવ વિહિતા શંસં રે...૪
શંસંતં નય વચનમનવમં, નવ મંગલ દાતારં રે,
તાર સ્વર મઘ ઘન પવમાનં, માન સુભટ જેતારં રે....૫

( વસંતતિલકા છંદ )

ઈત્થં સ્તુતઃ પ્રથમ તીર્થપતિઃ પ્રમોદા-
ચ્છ્રીમ **યશો વિજય** વાચક પુઙ્ગવેન;
શ્રી પુણ્ડરીક-ગિરિરાજ-વિરાજમાનો,
માનોન્મુખાનિ વિતનોતુ સતાં સુખાનિ.

## ૧૩. મેં ભેટ્યા નાભિકુમાર....

(રાગ- છોડ ગયે બાલમ...)

મેં ભેટ્યા નાભિકુમાર, મેરી અખીયા સફળ ભયી
મેં ભેટ્યા નાભિકુમાર, મેરે નયના સફળ ભયે.
તીરથ જગમાં છે ઘણાં રે, તેહમાં એ છે સાર,
શત્રુંજય સમો તીરથ નહીં રે,તુરત કરત ભવપાર... મેં ભેટ્યા...૧
યુગલા ધર્મ નિવારીયો રે, તીન ભુવન તું સાર
સોવનવર્ણો દેહ છે કે, ઋષભ લંછન મનોહાર...મેં ભેટ્યા....૨
સોરઠ મંડન તું પ્રભુ રે, સકલ કરમ કરે દૂર
કેવળ લક્ષ્મી પામવા રે, વાંછિત લીલા પૂર.... મેં ભેટ્યા....૩

ગિરિવર ફરસ્યો ભાવશું રે, સફળ કીધો અવતાર,
**શ્રી જિન હરખ** પસાયથી રે, સંઘ સદા સુખકાર.... મેં ભેટયા...૪

ઘણા દિવસની ચાહ હતી પ્રભુ, દેખત તુજ દેદાર,
'રત્ન-સુંદર' પાઠ કહે છે, અવિચલ લીલા અપાર... મેં ભેટ્યા...૫

**॥ શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનો ॥**

**૧. (રાગ ઓધવજી ! સંદેશો કહેજો મારા શ્યામને...)**

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો,
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદ ઘટા જિમ શિવ સુત વાહન દાયજો, ॥ ૧ ॥

નેહ ઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો,
મ્હારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજજો. ॥ ૨ ॥

સાહિબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો,
એહવા રે આચરણે કેમ કરી રહું ?
બિરુદ તમારું તારણ તરણ જહાજ જો. ॥ ૩ ॥

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો,
તુજ કરુણાની લહેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ ? જાણ આગણ કૃપાળ ! જો. ॥ ૪ ॥

કરુણા દ્રષ્ટી કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મન વાંછિત ફળિયાં રે તુજ આલંબને,
કર જોડી **મોહન** કહે મનરંગ જો. ॥ ૫ ॥

## ૨. (રાગ - શાસ્ત્રીય)

જિનજી તું ગત મેરી જાને (આંકણી)
મેં જગવાસી સહી દુઃખ રાશી,સો તો તુમસે ન છાને ॥ ૧ ॥
સબ લોકન મેં જો જીઉ કી સત્તા, દેખત દર્શન જ્ઞાને ॥ ૨ ॥
ઈન કારણ કહા તુમસે કહેવો, કહીયે તો ન સુણો કાને ॥ ૩ ॥
અપનો હી જાન નિવાજસ કીજે, દેઈ સમકિત દાને ॥ ૪ ॥
માનો અજિત પ્રભુ અરજ હૈ ઇતની, જ્યું **અમૃત** મન માને ॥ ૫ ॥

## ૩. (રાગ - ધારીણી મનાવે રે...)

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જિત્યા રે તેણે હું જિતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ॥ ૧ ॥

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર,
જેણે નયણે કરી મારગ જોઈએ રે,નયણ તે દિવ્ય વિચાર. ॥ ૨ ॥

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. ॥ ૩ ॥

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય ॥ ૪ ॥

વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે,વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. ॥ ૫ ॥

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, **આનંદઘન** મત અંબ ॥ ૬ ॥

## ૪. (રાગ - નિંદ્રડી વેરણ હોઈ રહી)

અજિત જિણંદશું પ્રીતડી,મુજ ન ગમે હો બીજાનો સંગ કે ।
માલતી ફુલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે ॥ ૧ ॥

ગંગાજલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે ।
સરોવર જળધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાળ કે ॥ ૨ ॥

કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે ।
આછાં તરુવર નવિ ગમે, ગિરુઆંશુ હો હોયે ગુણનો પ્યાર કે ॥ ૩ ॥

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે ।
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે ॥ ૪ ॥

તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે ।
શ્રી **નયવિજય** વિબુધ તણો, વાચક જસ હો નિત નિત ગુણ ગાય કે ॥ ૫ ॥

## ૫. તુમ શું પ્રીત બંધાણી

### (રાગ : આશાવારી)

અજિત જિન ! તુમ શું પ્રીત બંધાણી...
જિનશત્રુ નૃપ નંદન વંદન, ચંદન શીતલ વાણી...૧
માતા ઉદર પર તે પ્રભુ તુમચી, અચરિજ એજ કરાણી;
સોગઠ પાસે રમતે જીત્યો, પ્રીતમ વિજયા રાણી...૨
તુંહી નિરંજન જગજન રંજન, તુંહી અનંત ગુણખાણી;
પરમ આનંદ પરમદાતા, તુજ સમકો નહી નાણી...૩
ગજ લંછન કંચન તન ઓપે, માનું સોવન પિંગાણી
તુજ વદન પ્રતિ બિંબત શોભત, વંદિત સુર ઇંદ્રાણી...૪
અજિત જિનેશ્વર કેસર અરચિત, કોમલ કમલ સમપાણિ
**જ્ઞાન વિમલ** પ્રભુ ગુણગણ ભણતાં, શિવસુખ રયણની ખાણી;...૫

## ૬. છો જગ તારણહાર

### (રાગ : તું પ્યારા કા સાગર હૈ.....)

છો જગ તારણહાર અજિતજિન, છો જગ તારણહાર
ભવોદધિ પાર ઉતાર, અજિતજિન છો જગ તારણહાર... (૧)

ત્રિભુવનના આધાર તુમે પ્રભુ, મંગલના કરનાર,
કર્મરોગ કાટન કારણ તુમે, વૈદ્ય તણો અવતાર.... (૨)

જ્ઞાનવંત જાણો સહુ જગને, તો પણ મુજ સંસાર
વીતક પરે જે વિત્યું છે સાહિબ, માતાપિતા પરે ધાર..... (૩)

f t ÷ બાળક મા, આગળ કરે લાડ
તિમ હું કહું સાહિબ તુજ આગળ, મુજ વિનંતી અવધાર.... (૪)

દાન ન દીધું મુનિજનને બહુ, શિયળ ન પાળ્યું લગાર
તપથી તો બહુ ત્રાસ ધરું દિલ, શા થાશે મુજ હાલ.... (૫)

ક્રોધરૂપી દાવાનલ બલીયો, લોભ અહિ વિકરાલ
વળગ્યો છે મુજને શું કરવું, કહો પ્રભુ દિન દયાલ....(૬)

માન મહા અજગરના મુખમે, પડીયો છું નિરધાર
માયાજાળ થકી બંધાણો, કર્મ તણે અનુસાર.... (૭)

આ ભવ પરભવ હિતકારી, કાંઈ કીધુ ન કામ લગાર,
તિણ કારણ સુખ લેશ ન પામ્યો, ગયો જન્મ નિજ હાર... (૮)

જાણ આગળ પ્રભુ શું બહું કહેવું, જલ્દી કરો ઉદ્ધાર,
અવગુણ સઘળાં ઉવેખીને, દ્યો 'શિવ' લક્ષ્મી દાતાર.... (૯)

## ॥ શ્રી સંભવનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - જનમ જનમ કા સાથ હૈ)

સંભવ જિનવર ! વિનતી, અવધારો ગુણ જ્ઞાતા રે ।
ખામી નહિ મુજ ખિજમતે, કદીયે હોશો ફલ દાતા રે ॥ ૧ ॥

કર જોડી ઊભો રહું; રાત દિવસ તુમ ધ્યાને રે ।
જો મનમાં આણો નહીં, તો શું કહિયે થાને રે ? ॥ ૨ ॥

ખોટ ખજાને કો નહિ, દીજિયે વાંછિત દાનો રે ।
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે ॥ ૩ ॥

કાળ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે ।
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે ॥ ૪ ॥

દેશો તો તુમ હી ભલું, બીજા તો નવિ યાચું રે ।
વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે ॥ ૫ ॥

**૨. (રાગ - કર્મથી વધે સંસાર)**

જિનેશ્વર ! તું સવિ ગુણથી પૂરો, મુજ ભવભય સવિ ચૂરો
જ્ઞાનાવરણ વિદારી સાહિબ, કેવલજ્ઞાન ઉપાયો
દૂર કરી દર્શનાવરણ, અનંત દર્શન નિપજાયો ॥ ૧ ॥

વેદનીય વારી, દૂર દુઃખ વારી, સમતારસમાં ભીનો
મારી મોહ ક્ષાયક દર્શન ગુણ, ચરણ રમણતા લીનો ॥ ૨ ॥

આયુ કરમ તે અલગો કાઢી, અક્ષય સ્થિતિ નિપજાવી
નામ કર્મના નાશે અરુપી, નિરંજન દશા આવી ॥ ૩ ॥

ગોત્ર કર્મના નાશે તારક, અગુરુ લઘુ ગુણ ધારી
અંતરાય સવિ મૂલથી વારી, અનંત વીરજ ઉપજારી ॥ ૪ ॥

અષ્ટ કરમના નાશે અડગુણ, ગુણ અનંત ઈમ સોહે
સેના નંદન સંભવ જિનવર, ઉત્તમ ભવિ મન મોહે. ॥ ૫ ॥

**૩.( રાગ - મિત્રો ચેતજો રે...)**

સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી;
નરક નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમ વિના દુઃખ સહ્યા રે, અહોનિશ ક્રોધે ધમધમીયો. સા૦ ॥ ૧ ॥

ઈંદ્રિય વશ પડ્યો રે, પાલ્યાં વ્રત નવિ સુંસે,
ત્રસ પણ નવિ ગણ્યા રે, થાવર હણિયા હુંશે;
વ્રત ચિત્ત નવિ ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તિહાં મેં હઈડલું જઈ ખોલ્યું. સા૦ ॥ ૨ ॥

ચોરી મેં કરી રે,ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવિ સંજમ પાળ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના લાલચે રે, નીરસ પિંડ ઉવેખ્યો. સા૦ ॥ ૩ ॥

નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ ચડિયો;
કામ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરિયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો. સા૦ ॥ ૪ ॥

લક્ષ્મીની લાલચે રે મેં બહુ દીનતા દાખી,
તો પણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સા૦ ॥ ૫ ॥

ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિ ભોજન કીધાં,
વ્રત નવિ પાળિયાં રે, જેહવાં મૂળથી લીધાં. સા૦ ॥ ૬ ॥

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો,
તુમ વિના કોણ દિયે રે ? બોધિરયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વીનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦ ॥ ૭ ॥

## ૪. હાં રે હું તો મોહ્યો

હાં રે હું તો મોહ્યો રે લાલ, જિન મુખડાને મટકે,
જિન મુખડાને મટકે વારી જાઉં, પ્રભુ મુખડાને મટકે...૧

નયન રસીલા વયણ સુખાળાં, ચિતડું લીધું હરી ચટકે,
પ્રભુજીની સાથે ભક્તિ કરતાં, કર્મ તણી કસ તટકે...૨

મુજ મન લોભી ભ્રમર તણી પરે, પ્રભુ પદ કમળે અટકે,
રત્ન ચિન્તામણી મૂકી રાચે; કહો કોણ કાચને કટકે. ૩

એ જિન ધ્યાને ક્રોધાદિક જે, આસપાસથી અટકે,
કેવલનાણિ બહુ સુખખાણી, કુમતિ કુગતિને પટકે. ૪

એ જિનને જે દિલમાં ન આણે, તે તો ભૂલા ભટકે.
પ્રભુજીની સાથે ઓળખ કરતાં, વાંછિત સુખડાં સટકે. ૫

મૂર્તિ સંભવ જિનેશ્વર કેરી, જોતાં હૈડું હરખે,
**નિત્ય લાભ** કહે પ્રભુ કીર્તિ મોટી, ગુણગાઉં હું લટકે. ૬

### ॥ શ્રી અભિનંદન સ્વામીના સ્તવનો ॥

### ૧. (રાગ - પ્રાચીન)

અભિનંદન જિન ! દરિશણ તરસિએ, દરિશણ દુર્લભ દેવ ।
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સૌ થાપે "અહમેવ" ॥ ૧ ॥

સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ ।
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરેં, રવિ-શશિ-રૂપ વિલેષ ॥ ૨ ॥

હેતુવિવાદે હો ચિત ધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ ।
આગમવાદે હો ગુરૂગમ કો નહી, એ સબલો વિખવાદ ॥ ૩ ॥

ઘાતી-ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ !
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગું કોઈ ન સાથ ॥ ૪ ॥

દરિશણ દરિશણ રટતો જો ફિરું, તો રણ-રોઝ સમાન ।
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન ? ॥ ૫ ॥

તરસ ન આવે હો મરણ-જીવનતણી, સીઝે જો દરિશણ કાજ ।
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, **આનંદઘન** મહારાજ ! ॥ ૬ ॥

## ૨. (રાગ - હમ તુમ્હેં ચાહતે હૈ જૈસે)

અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવ દુઃખ ભંજન હારા ।
યે દુનિયાં દુઃખ કી ધારા,પ્રભુ ઈનસે કરો રે નિસ્તારા ॥ ૧ ॥

હું કુમતિ કુટિલ ભરમાયો, દુરનીતિ કરી દુઃખ પાયો ।
અબ શરણ લીયો હૈ થારો, મુઝે ભવ જલ પાર ઉતારો ॥ ૨ ॥

પ્રભુ શીખ હૈયે નહિ ધારી, દુર્ગતિ મેં દુઃખ લિયો ભારી।
ઈન કર્મો કી ગતિ ન્યારી, કરે બેર બેર ખુંવારી ॥ ૩ ॥

તુમે કરુણાવંત કહાવો, જગતારક બિરુદ ધરાવો ।
મેરી અરજીનો એક દાવો, ઈણ દુઃખ સે ક્યું ન છુડાવે ॥ ૪ ॥

મેં વિરથા જન્મ ગુમાયો, નહીં તન ધન સ્નેહ નિવાર્યો ।
અબ પારસ પરસંગ પામી, નહી **વીરવિજયકું** ખામી ॥ ૫ ॥

## ૩. (રાગ - ઓ સાથી રે)

તારો મોહે સ્વામી શરણ તુમ આયો ॥ આંકણી ॥
કાળ અનંતા અનંત ભમત મેં, અબ તુમ દર્શન પાયો ॥ ૧ ॥
તુમ શિવનાયક સબગુણ જ્ઞાયક, નાયક બિરુદ ધરાયો ॥ ૨ ॥
લાયક જાણી, પ્રાણ મન ભાયો, પાય કમલ ચિત લાયો ॥ ૩ ॥
તું હી નિરંજન,જન મન રંજન, ખંજન નૈન સુહાયો ॥ ૪ ॥
ગુણ **વિલાસ** પ્રભુ જિન અભિનંદન, વંદન કું લલચાયો ॥ ૫ ॥

## ॥ શ્રી સુમિતનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - શમદમ ગુણના...)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ ।
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળ માંહે ભલી રીતિ ।
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ ॥ ૧ ॥

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય ।
પરિમલ કસ્તૂરી તણોજી, મહીમાંહે મહકાય ॥ ૨ ॥

આંગળીયે નવિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિ તેજ ।
અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ ।। ૩ ।।

હુઓ છીપે નહીં અધર અરુણ, જિમ ખાતાં પાન સુરંગ ।
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ ।। ૪।।

ઢાંકી ઈક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર ।
વાચક યશ કહે પ્રભુ તણો જી, તિમ મુજ પ્રેમ પ્રકાર ।। ૫ ।।

### ૨. (રાગ શાસ્ત્રીય)

જિનજી, અબ મોહે પાર ઉતારો, વિનંતિ કરુ કર જોડી
અશરણ શરણ ભક્ત સાધારણ, ભવોદધિ પાર ઉતારો ।। ૧ ।।
પરોપકારી પરમ કરુણાકર, સેવક અપનો સંભારો ।। ૨ ।।
ભક્ત અનેક ભવોદધિ તારે, હમકું ક્યું વિસારો ।। ૩ ।।
મેઘ મલ્હાર માત મંગલા સુત, વિનંતિ એ અવધારો ।। ૪ ।।
**સમયસુંદર** કહે સુમતિ જિનેશ્વર, કુમતિ કું અબ મારો ।। ૫ ।।

## ।। શ્રી પદ્મપ્રભ સ્વામીના સ્તવનો ।।

### ૧. (રાગ - લવિપઈ)

પદ્મ પ્રભુ પ્રાણ સે પ્યારા, છુડાવો કર્મ કી ધારા ।
કર્મફંદ તોડવા ધોરી, પ્રભુજી સે અર્જ હૈ મોરી ।। ૧ ।।

લઘુવય એક થે જીયા, મુક્તિ મેં વાસ તુમ કિયા ।
ન જાની પીડ થે મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી ।। ૨ ।।

વિષય સુખ માની મોં મનમેં, ગયો સબ કાલ ગફલત મેં।
નરક દુઃખ વેદના ભારી, નિકલવા ના રહી બારી ।। ૩ ।।

પરવશ દીનતા કીની, પાપ કી પોટ સિર લીની ।
ભક્તિ નહી જાણી તુમ કેરી, રહ્યો નિશ દિન દુઃખ ઘેરી ।। ૪ ।।

ઈસ વિધ વીનતી તોરી, કરુ મેં દોય કર જોડી ।
આતમ આનંદ મુજ દીજો, **વીરનું** કામ સબ કીજો ।। ૫ ।।

**૨. (રાગ - મેરુશિખર ન્હવરાવે...)**

મૂરતિ મોહનગારી પ્રભુજી તેરી.
પદ્મ પ્રભુ જિન તેરે હી આગે, ઓર દેવ કી છબી હારી ।। ૧ ।।

સમતા શીતલભરી દોય અંખીયાં, કમલ પંખરીયા વારી
આનન રાકા ચંદશો રાજે, વાણી સુધારસ સારી ।। ૨ ।।

લક્ષણ અંગ ભર્યો તન તેરો, સહસ અઠ્યોત્તેર ધારી
ભીતર ગુણોં કી પાર ન આવે, જો કોઈ કહત વિચારી ।। ૩ ।।

રવિ શશિ હરિ કો ગુણ લેઈ, નિર્મિત ગાત્ર સંચારી
વખત બુલંદ કહાં સે આયો, એ અચરિજ મુજ ભારી ।। ૪ ।।

યો ગુણ અનંત ભરી છબી પ્યારી, પરમ ધરમ હિતકારી
કવિ **અમૃત** કહે ચિત્ત અવતારી, બિસરત નહી બિસારી ।। ૫ ।।

**।। શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનો ।।**

**૧. (રાગ - કવ્વાલી)**

ક્યું ન હો સુનાઈ સ્વામી, એસા ગુનાહ ક્યા કિયા ?
ઔરોં કી સુનાઈ જાવે, મેરી બારી નહીં આવે ।
તુમ બિન કોણ મેરા, મુજે ક્યું ભુલા દિયા ।। ૧ ।।

ભક્ત જનોંકું તાર દિયા, તારને કા કામ કિયા ।
બિન ભક્તિવાલા મોં પે, પક્ષપાત ક્યું કિયા ।। ૨ ।।

રાય રંક એક જાણો, મેરા તેરા નાહી માનો ।
તરણ તારણ એસા, બિરૂદ ધાર ક્યું લિયા ।। ૩ ।।

ગુનાહ મેરા બક્સ દીજે, મોં પે અતિ રહેમ કીજે ।
પક્કા હી ભરોસા તેરા, દિલોં મેં જમા લિયા ।। ૪ ।।

તું હી એક અન્તરજામી, સુણો શ્રી સુપાર્શ્વસ્વામી ।
અબ તો આશા પુરો મેરી, કહના થા સો કહ દિયા ॥ ૫ ॥

શહર અમ્બાલા ભેટી, પ્રભુજી કા મુખ દેખી ।
મનુષ્ય જનમ કા લાહવા, લેના થા સો લે લિયા ॥ ૬ ॥

ઉન્નીસોં છાસઠ છબીલા, દીપમાલા દિન રંગીલા ।
કહે **વીરવિજય** પ્રભુ, ભક્તિ મેં જગા દિયા ॥ ૭ ॥

### ૨. (રાગ - કલ્યાણ)

ઐસે સ્વામી સુપાર્શ્વ સે દિલ લગા,
સુખ જગા, દુઃખ ભગા જગતરણા ॥ આંકણી ॥
રાજહંસ કું માન સરોવર, રેવા જલ જ્યું વારણા;
ખીર સિંધુ જ્યું હરિ કું પ્યારો, જ્ઞાની કું તત્વ વિચારણા ॥ ૧ ॥

મોર કું મેહ, ચકોર કું ચંદા, મધુ મનમથ ચિત્ત ઠારના;
ફૂલ અમૂલ, ભ્રમર કું અંબ હી, કોકિલ કું સુખ કારના ॥ ૨ ॥

સીતા કું રામ, કામ જ્યું રતિ કું, પંથી કું ઘર બારના;
દાની કું ત્યાગ યાગ બંભન કું; યોગી કું સંયમ ધારના ॥ ૩ ॥

નંદનવન જ્યું સુર કું વલ્લભ, ન્યાયી કું ન્યાય નિહારના;
ત્યું મેરે મન તુંહી સુહાયો, ઓર તો ચિતથેં ઉતારના ॥ ૪ ॥

શ્રી સુપાર્શ્વ દરિશન પર તોરે,કીજે કોટી ઉવારના;
શ્રી **નય વિજય** વિબુધ સેવક કું,દિયો સમતા રસ પારણા ॥ ૫ ॥

### ૩ . (રાગ - ઝું ઝું ઝું ...)

વીતરાગ ! તોરે પાય શરણં (આંકણી)
દીન દયાલ સુપાસ જિનેશ્વર, જેની સંકટ દુઃખ હરણં ॥ ૧ ॥
કાશી જનમ માતા પૃથ્વી સુત, તીન ભુવન તીલકા ભરણં ॥ ૨ ॥
પરોપકારી તું પરમેશ્વર, ભવ સમુદ્ર તારણ તરણં ॥ ૩ ॥

અષ્ટ કરમ મલ પંક પયોધર, સેવક સુખ સંપત્તી કરણં ॥ ૪ ॥
સુર નર કિન્નર કોડી નિસેવિત,**સમય સુંદર** પ્રણમતિ ચરણં ॥ ૫ ॥

### ૪. (રાગ - લાછલ દે માત મલાર)

શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદતણીજી ॥ ૧ ॥

દિવ્ય ધ્વનિ સુરફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી ॥ ૨ ॥

અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે ઓગણીશે, સુરગણ ભાસુરેજી ॥ ૩ ॥

વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજે રે દિવાજે, છાજે આઠશું જી ॥ ૪ ॥

સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામી રે શિવગામી, **વાચક યશ** થુણ્યોજી ॥ ૫ ॥

## ॥ શ્રી ચન્દ્રપ્રભ સ્વામીના સ્તવનો ॥

### ૧. (રાગ - મેરા જીવન)

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે, વદન પૂનમ ચંદ રે,
ભવિક લોક ચકોર નિરખત, લહે પરમાનંદ રે ॥ ૧ ॥

મહમહે મહિમાએ જશભર, સરસ જસ અરવિંદ રે,
રણઝણે ભવિજન ભ્રમર રસિયા, લહે સુખ મકરંદ રે ॥ ૨ ॥

જસ નામે દોલત અધિક દીપે, ટળે દોહગ દંદ રે,
જસ ગુણકથા ભવ્યવ્યથા ભાંજે, ધ્યાન શિવતરુ કંદ રે ॥ ૩ ॥

વિપુલ હૃદય વિશાલ ભુજયુગ, ચાલત ચાલ ગયંદ રે,
અતુલ અતિશય મહિમા મંદિર, પ્રણમત સુરનર વૃંદ રે ॥ ૪ ॥

હું દાસ ચાકર દેવ તારો, શિષ્ય તુજ ફરજંદ રે,
જસવિજય વાચક એમ વિનવે, ટાલો મુજ ભવફંદ રે ॥ ૫ ॥

## ૨. (રાગ - આશાવરી)

મુજ ઘટ આવજો રે નાથ (આંકણી)
કરૂણા કટાક્ષે જોઈને રે, દાસને કરજો સનાથ ॥ ૧ ॥

ચંદ્ર પ્રભુ જિન રાજિયા, તુજ વાસ વિષમો દૂર;
મળવા મન અળજે ઘણો, કિમ આવીયે હજુર... ॥ ૨ ॥

વિરહ વેદના આકરી, કહી પાઠવું કુણ સાથ;
પંથી તો આવે નહિ, તે મારગે જગનાથ... ॥ ૩ ॥

તું તો નિરાગી છે પ્રભુ, પણ વાલહો મુજ જોર;
એક પખી તે પ્રીતડી, જિમ ચંદ્રમા ને ચકોર... ॥ ૪ ॥

તુમ સાથે જે પ્રીતડી, અતિ વિષમ ખાંડા ધાર;
પણ તેહના આદર થકી, તસ ફલ તણો નહિ પાર... ॥ ૫ ॥

અમે ભક્તિ યોગે આણશું, મનમંદિર તુમ આજ;
વાચક વિમલના **રામશું,** ઘણું રીઝશો મહારાજ... ॥ ૬ ॥

## ૩. (રાગ - ધનરા ઢોલા)

ચંદ્રપ્રભ જિન સાહિબા રે ! તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો પદ નિર્વાણ, મનના.
અહો અહો રે ચતુર સુખ ભોગી ! કીજે વાત એકાંત અભોગી !
ગુણ ગોઠે પ્રકટે પ્રેમ, મનમાં માન્યા ॥ ૧ ॥

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ; મનના.
આપે ફળ જે અણકહે રે, ગિરૂઓ સાહિબ તેહ
મનના માન્યા આવો આવો.. ॥ ૨ ॥

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મનના.
જલ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તિણે શ્યામ.
મનના માન્યા આવો... આવો ॥ ૩ ॥

પીયું પીયું કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મનના.
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ.
મનના માન્યા આવો... આવો. ॥ ૪ ॥

મોડું વહેલું આપવું રે,તો શી ઢીલ કરાય ? મનના.
વાચક યશ જગધણી રે ! તૂમ તુઠે સુખ થાય.
મનના માન્યા આવો... આવો. ॥ ૫ ॥

## ૪. ચંદ્રપ્રભુજી મને તારો

(રાગ- તમે વેલા દર્શન દેજો...)

ચંદ્રપ્રભુજી મને તારો, ખરો આશરો મને તારો,
તારો તારો પ્રભુજી મને તારો, ખરો આશરો મને તારો,
નરક નિગોદમાં ભવભવ ભમીયો, છેદન-ભેદન ખમીયો
પરવશમાં પણ કર્મે દમીયો, કાળ અનાદિ નિર્ગમીયો ...૧

ભાગ્ય ઉદયથી નરભવ પાયો, વિષયાતુર થઇ ફરીયો
પુન્ય પાપની ખબર પડે ના, પાપનો પોટલો ભરીયો ...૨

રાત-દિવસ ધન કારણ રળીયો, જ્યાં ત્યાં લોભે આથડીયો
રતિભર જેટલું ધન નવિ મળીયું, નિબીડ વિઘન ઘન નડીયો ...૩

ભાન પોતાનું હું પ્રભુ ભૂલ્યો, ફોગટ ગુણ વિણ ફૂલ્યો
જન્મ અનંતા કર્મે ઝુલ્યો, દુઃખના દરિયામાં રૂલ્યો ...૪

દાન સુપાત્રે મેં નવિ દીધું, શિયળ ન પાળ્યું શુદ્ધ
કિંચિત્ તપ પણ મેં નવિ કીધું, ભાવ પિયૂષ મત પીધું ...૫

જાલિમ ક્રોધાનલથી બળીયો, ગર્વ મહોરગ ગળીયો
માયા સાંકળથી સાંકળીયો, લોભ પિશાચે છલીયો ...૬

ક્ષમાનિધિ તુજ ચરણ કમલમાં, આજે અંતર્યામી
નિરાશ્રયી થઇ અરજ કરું છું, ચરણે પડ્યો હું સ્વામી ...૭

દિન-દયાળ દયા દિલ ધારી, દ્રારિદ્ર દુઃખ વિદારી
**ઉદય રત્ન** કહે આજ પ્રભુજી, લેજો ભવથી ઉગારી ...૮

### ૫. ચંદ્રપ્રભુની ચાકરી....
### (રાગ- વિમલગિરિને ભેટતા...)

ચંદ્રપ્રભુની ચાકરી નિત્ય કરીએ રે,
હાં રે નિત્ય કરીએ રે, નિત્ય કરીએ,
કરીએ તો ભવજલ તરીએ.. હાંરે ચઢતે પરિણામ ...૧

લક્ષ્મણા માતા જનમીયા જિનરાયા, જિન ઉડુપતિ લંછન પાયા,
એ તો ચંદ્રપુરીના રાયા...હાંરે નિત્ય લીજે નામ ...૨

મહસેન પિતા જેહના પ્રભુ બળીયા, મને જિનજી એકાંતે મળીયા,
મારા મનના મનોરથ ફળીયા...હાંરે દીઠે દુઃખ જાય ...૩

દોઢસો ધનુષની દેહડી જિન દીપે, તેજે દિનકર ઝીપે,
સુર કોડી ઉભા સમીપે.... હાંરે નિત્ય કરતા સેવ ...૪

દશ લાખ પૂર્વનું આઉખું જિન પાળી, નિજ આતમને અજવાળી,
દુષ્ટ કર્મના મર્મને ટાળી...હાંરે લહ્યું કેવળજ્ઞાન ...૫

સમેતશિખર ગિરિ આવિયા મન રંગે, એક સહસ મુનિને પ્રસંગે
પાળી અણસણ ઉલટ અંગે.. હાંરે પામ્યા પરમાનંદ ...૬

જિન ઉત્તમ પદ રૂપને જે ધ્યાવે, તે કીર્તિ કમલા પાવે,
મુનિ **મુક્તિ વિજય** ગુણ ભાવે, આપો અવિચલ રાજ ...૭

## ॥ શ્રી સુવિધિનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (દરશન દો ઘનશ્યામ - કેદાર રાગ - યમન કલ્યાણ)

મૈં કીનો નહીં તુમ બિન ઓર શું રાગ ।
દિન દિન વાન ચઢત ગુન તેરો, જ્યું કંચન પરભાગ ।
ઔરન મેં હે કષાયકી કલિમા, સો ક્યું સેવા લાગ ? ॥ ૧ ॥

રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રૂચિ કાગ ।
વિષય ભુજંગમ ગરૂડ તું કહિયે, ઔર વિષય વિષનાગ ॥ ૨ ॥

ઔર દેવ જલ છિલ્લર સરિખે, તું તો સમુદ્ર અથાગ ।
તું સુરતરુ જગ વાંછિત પૂરણ, ઔર તો સુકે સાગ ॥ ૩ ॥

તું પુરૂષોત્તમ તુંહી નિરંજન, તું શંકર બડભાગ ।
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ, તું હી જ દેવ વીતરાગ ॥ ૪ ॥

સુવિધિનાથ તુજ ગુન ફૂલન કો, મેરો દિલ હૈ બાગ ।
જસ કહે ભ્રમર રસિક હોઈ તામેં, લીજે ભક્તિ પરાગ ॥ ૫ ॥

### ૨. (રાગ -કેદાર)

દરસ સરસ સુખકારા દેખ્યા મેં (આંકણી)
અધમ ઉધારણ તારણ હારા... ॥ ૧ ॥
નિરખત નયન સુધારસ વરસે
મુખ છવિ જૈસા મંદ ઉજિયારા... ॥ ૨ ॥
મિથ્યામતિ ભ્રમ દૂર કરણકું
દીપત તેજ ઉદય દિનકારા... ॥ ૩ ॥
સુરપતિ નરપતિ ભાવે પૂજીત
કુમતિ કદાગ્રહ મોહ નિવારા... ॥ ૪ ॥
શ્રી જિન સૌભાગ્ય સૂરિ સુવિધિ જિન
સંકટ કોટી મિટાવન હારા... ॥ ૫ ॥

## ॥ શ્રી શીતલનાથ ભગવાનના સ્તવનો ॥

### (રાગ - આશાવરી, અડાણો)

શીતલ જિન ! મોહે પ્યારા સાહિબ, (આંકણી)
ભુવન વિરોચન પંકજ લોચન, જીઉ કે જીઉ હમારા ॥ ૧ ॥

જ્યોતિશું જ્યોતિ મિલત જબ ધ્યાવે, હોવત નહિ તબ ન્યારા ।
બાંધી મૂઠી ખુલે ભવ માયા, મિટે મહા ભ્રમ ભારા ॥ ૨ ॥

તુમ ન્યારે તબ સબહી ન્યારા, અંતર કુટુમ્બ ઉદારા ।
તુમ હૈ નજીક નજીક હૈ સબહિ, ઋદ્ધિ અનંત અપારા ॥ ૩ ॥

વિષય લગન કી અગ્નિ બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા ।
ભઈ મગનતા તુમ ગુણરસકી, કુણ કંચન કુણ દારા ॥ ૪ ॥

શીતલતા ગુણ હોર કરત તુમ, ચંદન કાંહુ બિચારા ?
નામ હી તુમચા તાપ હરત હૈ, વાકું ઘસત ઘસારા ॥ ૫ ॥

કરહું કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા ।
જસ કહે જનમ મરણ ભય ભાગો, તુમ નામે ભવ પારા ॥ ૬ ॥

### ૨ (રાગ - આશાવરી)

આજ મેં દેખે નંદાજુકે નંદા (આંકણી)
સુર પાદપ સુરમણી સુરઘટ સોહે.
પાયો દરસ સુખકંદા ॥ ૧ ॥

નવનિધિ અષ્ટ મહાસિદ્ધિ પ્રગટી,
નિરખત તુજ મુખચંદા ॥ ૨ ॥

કરમ ભરમ તમ દૂર પલાયે,
ઉદયો જ્ઞાન દિણંદા ॥ ૩ ॥

અબ મુજ કારજ સિદ્ધ ભયે સબ
ફરસત પદ અરવિંદા ॥ ૪ ॥

શીતલ જિન કરૂણા કર દીજે
અમૃતપદ બકસંદા ॥ ૫ ॥

## ૩. શ્રી શીતલ જિન વંદીએ...

(રાગ- નિરખ્યો નેમિ જિણંદને...)

શ્રી શીતલ જિન વંદીએ અરિહંતાજી,
શીતલ દર્શન જાસ ભગવંતાજી.
વિષય કષાય શમાવવા.. અભિનવ જોણે બરાસ ...૧

બાવના ચંદન પરિકરે, કંટક રૂપ સુવાસ,
તિમ કંટક મન માહરૂં.. તુમ ધ્યાને હોવે શુભ વાસ ...૨

નંદન નંદા માતનો, કરે આનંદિત લોક
શ્રી દઢરથ નૃપ કુલ દિનમણિ.. જિત મદ-માન ને શોક ...૩

શ્રી વત્સ લંછન મિસિ રહે પગ કમળે સુખકાર
મંગલિકમાં તે થયો.. તે ગુણ પ્રભુ આધાર ...૪

કેવળ કમળા આપીએ, તે વાધે જગ મામ
'ન્યાયસાગર'ની વિનંતિ... સુણો તિહું જગના સ્વામી ...૫

## ૪. મુજ મનડામાં તું વસ્યો રે...

(રાગ- દેખ તેરે સંસાર કી...)

મુજ મનડામાં તું વસ્યો રે, જયું પુષ્પોમાં વાસ રે,
અળગો ન રહે એક ઘડી રે, સાંભરે સાંસો સાસ

તુમ શું રંગ લાગ્યો, રંગ લાગ્યો સાતે ધાત,
રંગ લાગ્યો શ્રી જિનરાજ, રંગ લાગ્યો ત્રિભુવનનાથ...૧

શીતલ સ્વામિ જે દિને રે, દીઠો તુજ દેદાર રે,
તે દિનથી મન માહરૂં પ્રભુ, લાગ્યું તારી લાર ...૨

મધુકર ચાહે માલતી રે, ચાહે ચંદ ચકોર રે,
તિમ મુજ મનને તાહરી, લાગી લગન અતિ જોર...૩

ભરે સરોવર ઉલટે રે, નદીયાં નીર ન માંય
તો પણ જાચે મેઘકુ રે, જેમ ચાતક જગ માંય...૪

તેમ જગમાંહિ તુમ વિના રે, મુજ મન નવિ કોય રે,
ઉદય વદે પદ સેવના રે, પ્રભુ દીજે સનમુખ હોય...૫

**॥ શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનો ॥**

**૧. (રાગ - સુખ દુઃખ સરજ્યા)**

તુમે બહુ મૈત્રી રે સાહિબા, મારે તો મન એક ।
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક ।
શ્રી શ્રેયાંસ કૃપા કરો ॥ ૧ ॥

મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મળી જાઓ ।
લલચાવો લખ લોકને, સાથી સહેજ ન થાઓ । ॥ ૨ ॥

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ ।
ચિત્ત તુમારો રે સમુદ્રનો, કોઈ ન પામે તાગ । ॥ ૩ ॥

એહવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલા ન કાંઈ ।
સેવક નિપટ અબૂઝ છે, નિર્વહેશો તુમે સાંઈ ॥ ૪ ॥

નીરાગીશું રે કિમ મિલે ? પણ મળવાને એકાંત ।
વાચક **યશ** કહે મુજ મિલ્યોં, ભક્તે કામણ તંત ॥ ૫ ॥

**૨. (રાગ : નગરી નગરી...)**

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. ॥ ૧ ॥

સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. ॥ ૨ ॥

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. ॥ ૩ ॥

નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. ॥ ૪ ॥

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ ગ્રહણ મતિ ધરજો રે. ॥ ૫ ॥

અધ્યાતમી જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મત વાસી રે. ॥ ૬ ॥

## ॥ શ્રી વાસુપુજય સ્વામીના સ્તવનો ॥

### ૧. (રાગ - તુમહી મેરે મંદિર)

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિતડું અમારું ચોરી લીધું,
સાહિબા વાસુપૂજય જિણંદા, મોહના વાસુપૂજય જિણંદા
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું ॥ ૧ ॥

મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો સ્થિર થોભા
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ જુગતે ॥ ૨ ॥

કલેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવ પાર
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા,તો પ્રભુ અમે નવનિધિ ઋદ્ધિ પામ્યા ॥ ૩ ॥

સાત રાજ અળગા જઈ બેઠાં, પણ ભક્તે અમ મનમાં પેઠા
અળગા ને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું, ॥ ૪ ॥

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,ભેદ છેદ કરશું હવે ટેકે,
ખીર નીર પરે તુમશું મિલશું, વાચક **જશ** કહે હેજે હલશું ॥ ૫ ॥

### ૨. (રાગ : તપ કરીએ સમતા રાખી...)

મન મંદિર નાથ વસાવો રસિયા ॥ ૧ ॥
તું હી જ જાણે લીઓ કરી ચોખું
દુરિત દોહગ રજ જાયે ધસિયા ॥ ૨ ॥
મન મંદિર સાહિબ જબ વસિયા
ગુણ આવે સબ ધસમસિયા ॥ ૩ ॥

દર્શન ફરસન દુર્લભ પામી
હૃદયકમલ મુજ ઉલ્લસિયા ॥ ૪ ॥

મનમોહન મનમંદિર બેસી
કર્મ અહિત કો લ્યો તસિયા ॥ ૫ ॥

વાસુપૂજ્ય જિન મન મથારી જાણી
વિષય વિકાર અલગા ખસિયા ॥ ૬ ॥

ન્યાયસાગર પ્રભુ સેવા કરતા
અંતરંગ ગુણ સવિ હસિયા ॥ ૭ ॥

### ૩. ધરશો ન દિલમાં રીશ
### (રાગ- દીલ એક મંદિર હે)

ધરશો ન દિલમાં રીશ પ્રભુજી, ધરશો ન દિલમાં રીશ;
તું દાયક ને હું માંગણ છું, માંગણી તો માંગીશ;
હઠીલો થઈને હઠ માંડીશ. પ્રભુજી...૧

આજ કાલ કહી કહી લલચાવ્યો, દીધું ન હાથથી દાન;
ફરી ફરી ફેરા ફરી થાક્યો, તોયે ન દીધું ધ્યાન;
હવે હું ઘરઘર ઘરણું ઘાલીશ. પ્રભુજી...૨

મોખ નથી હમણાં દેવાનો, મુખે કહેતાં શું થાય;
સૂડી વચ્ચે સોપારી આવી, એવો બન્યો છે ન્યાય;
છતાં નહિ લીધા વિના જઈશ. પ્રભુજી...૩

ના ના કહેતાં માન ન રહેતાં, દેતાં ન ચાલે જીવ;
દાતાથી પણ કંજુસ સારો, ના કહી આપે સદૈવ;
જિણંદજી ખાલી કેમ કાઢીશ. પ્રભુજી...૪

ઓછું થઈ જાશે એવા ભયથી, દેતાં કરો છો વિચાર;
માંગ જે માંગે આપું તુજને, તે કેમ કરશો ન ઉચ્ચાર;
હવે તું મુજને શું આપીશ. પ્રભુજી...૫

દાયક બિરૂદ ધરીને બેઠા, કલ્પતરૂની જેમ;
હવે યાચકનું વાંછીત દેતા, ગુંદા ગાળો છો કેમ;
જગપતિ બિરૂદ કેમ પાળીશ.પ્રભુજી...૬

ધાર્યાથી તને ઓછું આપીશ, કાઢીશ નહીં નિરાશ;
આટલું પણ નવી મુખથી બોલો, શું અમ સરશે આશા;
વળી મુજ દારીદ્ર શું ટાળીશ. પ્રભુજી...૭

તું દારીદ્ર દાવાનળ સમાવવા, સમજી મેઘ સમાન;
વર્ષ વર્ષ કહેતો હું મુખથી, ધરું છું તાહરું ધ્યાન;
છતાં મને ક્યાં સુધી સતાવીશ. પ્રભુજી...૮

વીતરાગ પદ પામી પોતે, ભક્તને રાગી કીધ;
રાગીને શું આપે નિરાગી, હવે મેં સમજણ લીધ,
મુનિવર ઇચ્છાને વારીશ. પ્રભુજી...૯

નરપતિ ચંપા નગરીના વાસી, વાસુપૂજ્ય પરમેશ્વર,
ચતુર વિજયનો કિંકર કહે છે, દર્શન તારૂં હંમેશ,
મળો મુજ ઉમેદ દિલ રાખીશ.પ્રભુજી...૧૦

## ॥ શ્રી વિમલનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - આશાવરી)

પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો,
રાગદશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાલું ।
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું ॥ ૧ ॥

મોહ લેશ ફરસ્યો નહિ તુજને,મોહ લગન મુજ પ્યારી ।
તું અકલંકિત કલંકિત હું તો,એ પણ રહેણી ન્યારી ॥ ૨ ॥

તું હિ નિરાગી ભાવપદ સાધે, હું આશા સંગ વિલુદ્ધો ।
તું નિશ્ચલ હું ચલ તું સુધો, હું આચરણે ઉંધો ॥ ૩ ॥

તુજ સ્વભાવથી અવળા માહરા, ચરિત્ર સકલ જગે જાણ્યા ।
એહવા અવગુણ મુજ અતિ ભારી, ન ઘટે તુજ મુખ આણ્યા ॥ ૪ ॥
પ્રેમ નવલ જો હોઈ સવાઈ, વિમલનાથ મુખ આગે ।
**કાન્તિ** કહે ભવરાન ઉતરતાં, તો વેળા નવિલાગે ॥ ૫ ॥

## ૨. (રાગ - નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર...)

સેવો ભવિયાં ! વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનું દરિસન લેવું, તે આળસમાંહે ગંગાજી. ॥ ૧ ॥

અવસર પામી આળસ કરશે, તે મુરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. ॥ ૨ ॥

ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. ॥ ૩ ॥

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી;
લોયણ ગુરૂ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. ॥ ૪ ॥

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરળ તણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી. ॥ ૫ ॥

શ્રી નયવિજય વિબુધ પય સેવક, **વાચક યશ** કહે સાચુંજી;
કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી. ॥ ૬ ॥

## ૩. મેરો મન મોહ્યો પ્રભુ કી...

## (રાગ- ભીમપલાસ)

મેરો મન મોહ્યો પ્રભુ કી મૂરતીયા
સુંદર ગુણમંદિર છબી દેખતં, હરખિત હુઇ મેરી છતિયા...૧
નયન ચકોર વદન શશી સોહે, જાત ન જાણું દિન રતિયા...૨
પ્રાણ સનેહી પ્રાણ પ્રિયકો, લાગત હૈ મીઠી વતિયા...૩
અંતરજામી સબ જાણત હૈ, ક્યાં લિખકે ભેજૂ પતિયાં...૪
કહે **જિન હર્ષ** વિમલ જિનવર કી, ભક્તિ કરું બહું ભતિયાં...૫

## ૪. મન વસી પ્રભુજીની મૂરતિ

### (રાગ- પરદેશી/જ્યોત સે જ્યોત)

મન વસી મન વસી મન વસી, પ્રભુજીની મુરતિ મારે મન વસી રે,
દિલ વસી દિલ વસી દિલ વસી રે, જિનજીની મુરતિ મારે દિલ વસી રે...૧

જિમ હંસા મન વહતી ગંગ, જિમ ચતુર મન ચતુરનો સંગ
જેમ બાળકને માત ઉછરંગ, તિમ મુજને પ્રભુ સાથે રંગ...૨

મુખડું સોહે પુનમચંદ, નયણ કમલદલ મોહે ઈન્દ્ર
અધર જીસ્યા પરવાળા લાલ, અર્ધશશી સમ દીપે ભાલ...૩

બાહડી જાણે નાલ મૃણાલ, પ્રભુજી મેરો પરમ કૃપાલ
જોતાં કો નહિ પ્રભુજીની જોડ, પૂરે ત્રિભુવન કેરા કોડ...૪

સાયરથી અધિકો ગંભીર, સેવ્યો આપે ભવનો તીર
સેવે સુરનર કોડા કોડ, કર્મ તણા મદ નાખે મોડ...૫

ભાવે ભેટ્યો શ્રી વિમલ જિણંદ, મુજ મન વાધ્યો પરમ આણંદ
વિમલ વિજય વાચકનો શીશ, 'રામ' કહે પૂરો જગીશ...૬

## ॥ શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનો ॥

### (રાગ - કડખાં)

ધાર તરવારની સોહિલી દોહીલી, ચઉદમાં જિનતણી ચરણ સેવા।
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા ॥ ૧ ॥

એક કહે સેવિએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે।
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા; રડવડે ચાર ગતિમાંહિ લેખે ॥ ૨ ॥

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે।
ઉદરભરણાદિ નિજકાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે ॥ ૩ ॥

વચન નિરપેક્ષ વ્યવહાર ઝુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો ॥ ૪ ॥

દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણોં।
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,છાર પર લીંપણુ તેહ જાણોં ॥ ૫ ॥

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચરિત્ર પરીખોં ॥ ૬ ॥

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે
તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી, નિયત **આનંદઘન** રાજ પાવે ॥ ૭॥

## ॥ શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવનો ॥

### (રાગ - શાસ્ત્રીય)

દેખો માઈ ! અજબ રૂપ તેરો,
નેહ નયનસે નિતુ નિરખત, જન્મ સફળ ભયો મેરો. ॥ ૧ ॥

ધર્મ જિનેશ્વર ધર્મનો ધોરી, ત્રિભુવનમાંહી વડેરો;
તારક દેવ ન દેખ્યો ભૂતલે, તુમથી કોઈ અનેરો. ॥ ૨ ॥

જિન તુમકું છોડી ઓરકું ધ્યાવત, કુણ પકડત તસ છેરો;
જયું કુર્કુટ રોહણગિરિ છંડી, શોધીત લે ઉકેરો. ॥ ૩ ॥

પ્રભુ સેવાથી ક્ષાયિક સમકિત, સંગ લહ્યો અબ તેરો;
જન્મ જરા મરણાદિક ભ્રમણા, વારત ભવભય ફેરો. ॥ ૪ ॥

ભાનુ ભૂપકુલ કમલ વિબોધન, તરણી પ્રતાપ ઘણેરો;
**જ્ઞાન વિમલ** પ્રભુ ચરણ કમલકી, સેવા હોત સવેરો... ॥ ૫ ॥

## ॥ શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - માલકોષ)

હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં ।
બિસર ગઈ દુવિધા તન-મન કી,અચિરા સુત ગુણગાન મેં ॥ ૧ ॥

હરિહર બ્રહ્મ પુરન્દરકી ઋદ્ધિ, આવત નહીં કોઈ માન મેં,
ચિદાનન્દકી મોજ મચી હૈ, સમતા રસકે પાન મેં ॥ ૨ ॥

ઇતને દિન તુમ નાંહિ પિછાન્યો, મેરો જન્મ ગયો અજાન મેં,
અબ તો અધિકારી હોઈ બૈઠે,પ્રભુ ગુણ અખય ખજાન મેં ॥ ૩ ॥

ગઈ દીનતા સબ હી હમારી,પ્રભુ તુજ સમકિત દાન મેં
પ્રભુ ગુણ અનુભવ રસકે આગે, આવત નહીં કોઈ માન મેં ॥ ૪ ॥

જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કોઉ કે કાન મેં,
તાલી લાગી જબ અનુભવ કી, તબ સમજે કોઉ સાન મેં ॥ ૫ ॥

પ્રભુ ગુણ અનુભવ ચન્દ્રહાસ જ્યું, સો તો ન રહે મ્યાન મેં,
વાચક યશ કહે મોહ મહા અરિ, જીત લીયો હૈ મૈદાન મેં ॥ ૬ ॥

## ૨. (રાગ - ગિરિવર દર્શન...)

શાંતિ જિનેશ્વર ! સાચો સાહિબ, શાંતિ કરણ ઇણ કલીમેં ।
હો જિનજી ! તું મેરા મનમેં તું મેરા દિલ મેં ।
ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબ જી । તું મેરા..... ॥ ૧ ॥
ભવમાં ભમતા મેં દરિશણ પાયો, આશા પૂરો એક પલમેં હો. ॥ ૨ ॥
નિર્મળ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં હો ॥ ૩ ॥
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો... ॥ ૪ ॥
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં હો ॥ ૫ ॥

## ૩. (રાગ - મેરા જીવન...)

શાંતિ જિનેશ્વર સાહિબા રે, શાંતિ તણા દાતાર,
અંતરજામી છો માહરા રે, આતમના આધાર........ ॥ ૧ ॥
ચિત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ,
નયન ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિસણ મહારાજ.. ॥ ૨ ॥
પલક ન વિસરો મન થકી રે, જેમ મોરા મન મેહ,
એક પખો કેમ રાખીએ રે,રાજ કપટનો નેહ......... ॥ ૩ ॥
નેહ નજરે નિહાળતા રે વાધે બમણો વાન,
અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે,દીજીએ વાંછિત દાન.. ॥ ૪ ॥

આશ કરે જે કોઇ આપણી રે,નવી મૂકીએ નિરાશ,
સેવક જાણી ને આપણો રે, દીજિએ તાસ દિલાસ... ॥ ૫ ॥

દાયકને દેતા થકાં રે, ક્ષણ નવિ લાગે વાર,
કાજ સરે નિજ દાસનાં રે,એ મ્હોટો ઉપકાર.... ॥ ૬ ॥

એવું જાણીને જગધણી રે,દિલમાંહિ ધરજો પ્યાર
**રૂપવિજય** કવિરાયનો રે, **મોહન** જય જયકાર....॥ ૭ ॥

**૪. (રાગ-મન ડોલે રે...)**

મારો મુજરો લ્યોને રાજ ! સાહિબ ! શાંતિ ! સલુણા !
અચિરાજીના નંદન તોરે, દરિશન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો ॥ ૧ ॥

દુ:ખ ભંજન છે બિરુદ તમારું, અમને આશ તુમારી;
તુમે નીરાગી થઈને છુટો, શી ગતિ હોશે હમારી ? ॥ ૨ ॥
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે ? ॥ ૩ ॥

મ્હારે તો તું સમરથ સાહિબ,તો કિમ ઓછું માનું ?
ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ? ॥ ૪ ॥

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલ વિજય વાચકનો સેવક **'રામ'** કહે શુભ ભગતે. ॥ ૫ ॥

**૫. (રાગ-આશાવરી)**

શાંતિ તેરે ! લોચન હૈ અણિયારે...(આંકણી)
કમલ જયું સુંદર મીન જયું ચંચલ, મધુકરથી અતિકારે ॥ ૧ ॥
જાકી મનોહરતા જીતવનમેં, ફિરતે હરિણ બિચારે ॥ ૨ ॥
ચતુર ચકોર પરાભવ નિરખત, બહુ રે ચુગત અંગારે ॥ ૩ ॥
ઉપશમ રસ કે અજબ કટોરે, માનું વિરંચી સંભારે ॥ ૪ ॥
**કીર્તિ વિજય** વાચક વિનયી, કહે મુજકો અતિ પ્યારે ॥ ૫ ॥

### ૬. (રાગ કેદારો)

આંગણ કલ્પ ફલ્યોરી, હમારે માંઇ (આંકણી) ॥ ૧ ॥
રિદ્ધિ સિદ્ધિ સુખ સંપત્તી દાયક, શાંતિનાથ મિલ્યોરી ॥ ૨ ॥
કેસર ચંદન મૃગમદ ભેલી, માંહિ બરાસ મિલ્યોરી ॥ ૩ ॥
પૂજત શ્રી શાંતિનાથકી પ્રતિમા, અલગ ઉદ્વેગ ટલ્યોરી ॥ ૪ ॥
શરણે રાખો કૃપા કરી સાહિબ, જ્યું પારેવો પલ્યોરી ॥ ૫ ॥
**સમય સુંદર** પ્રભુ તુમરી કૃપા સે, શીવસુંદરી સો મિલ્યોરી ॥ ૬ ॥

### ૭. (રાગ - ભૈરવી)

દેખતા નયન સોહાય, પ્રભુજી (આંકણી) ॥ ૧ ॥
અજબ મૂરતિ અચિરાનંદન, ચંદન પરે શીત કાય ॥ ૨ ॥
કંચન કાંતિ પરાજીત સુરગિરી, દીઠો નાવે દાય ॥ ૩ ॥
પંચમ ચક્રી સોળમો જિન, ટાળે સોળ કષાય ॥ ૪ ॥
સોળ શણગાર સજી સુરરમા, રાસ રમે ચિત્ત લાય ॥ ૫ ॥
**ખિમાવિજય** જિન-ચરણની સેવા, કરતા પાપ પલાય ॥ ૬ ॥

### ૮. (રાગ - સારંગ)

શાંતિ જિણંદ મહારાજ, જગતગુરુ, (આંકણી)....
અચિરાનંદન ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ. ॥ ૧ ॥
ગર્ભ થકી જિણે ઈતિ નિવારી, હરખિત સુરનર કોડી;
જનમ થયે ચોસઠ ઇંદ્રાદિક, પદ પ્રણમે કર જોડી. ॥ ૨ ॥
મૃગલંછન ભવિક તુમ ગુંજન, કંચનવાન શરીર;
પંચમ નાણી પંચમ ચક્રી, સોળસમો જિન ધીર... ॥ ૩ ॥
રત્નજડિત ભૂષણ અતિ સુંદર, આંગી અંગ ઉદાર;
અતિ ઉછરંગ ભગતિ નૌતમ ગતિ, ઉપશમ રસ દાતાર. ॥ ૪ ॥

કરુણાનિધિ ભગવન્ ! કૃપા કર, અનુભવ ઉદિત આવાસ;
રૂપ વિબુધનો મોહન પભણે, દીજે જ્ઞાનવિલાસ. ॥ ૫ ॥

## ॥ શ્રી કુંથુનાથ ભગવાનનું સ્તવન ॥

## (રાગ - મેરૂશિખર નવરાવે)

મનડું કિમહિ ન બાજે ? હો કુંથુજિન !
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે હો ॥ ૧ ॥

રજની વાસર વસતી ઊજ્જડ, ગયણ પાયાલે જાય ।
સાંપ ખાયને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો ॥ ૨ ॥

મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે ।
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો ॥ ૩ ॥

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું ।
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલતણી પરે વાંકું હો ॥ ૪ ॥

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિ ।
સર્વમાંહે ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહિ હો ॥ ૫ ॥

જે જે કહું તે કાન ન ધારે, આપમતે રહે કાલો ।
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો ॥ ૬ ॥

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે ।
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે હો ॥ ૭ ॥

મન સાધ્યું તેને સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી ।
એમ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મોટી હો ॥ ૮ ॥

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું ।
આનંદઘન-પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો ॥ ૯ ॥

## ॥ શ્રી અરનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - વંદના વંદના...)

અરનાથ કું સદા મોરી વંદના, જગનાથ કું સદા મેરી વંદના
જગ ઉપકારી ધન જ્યોં વરસેં, વાણી શીતલ ચંદના રે ॥ ૧ ॥
રૂપે રંભા રાણી શ્રી દેવી, ભૂપ સુદર્શન નંદના રે ॥ ૨ ॥
ભાવ ભગતિ શું અહનિશિ સેવે, દુરિત હરે ભવ ફંદના રે ॥ ૩ ॥
છ ખંડ સાધી દ્વિધા કીધી, દુર્જય શત્રુ નિકંદના રે ॥ ૪ ॥
ન્યાયસાગર પ્રભુ સેવા મેવા, માગે પરમાનંદના રે ॥ ૫ ॥

### ૨. (રાગ - યશોદા કે નંદલાલ)

ભજ ભજ રે મન અર ચરણં...(આંકણી)
ભવજલ પતિત ઉદ્ધારન ભવિકો, તરણિ જ્યું તારણ તરણં ॥ ૧ ॥
નમિત અમર ગણ શિર મુગુટ મણિ,
તાંકી દ્યુતિ અધિકી ધરણં ॥ ૨ ॥
વિપદ વિદારક સંપત્તિ કારક,પૂરવ સંચિત અઘ હરણં... ॥ ૩ ॥
ઈતિ અનીતિ ઉદંગલ વારક, નિત નવ નવ મંગલ કરણં ॥ ૪ ॥
ગુણ વિલાસ સુર કિન્નર વંદિત, ભીત જનાં અશરણ શરણં ॥ ૫ ॥

## ॥ શ્રી મલ્લીનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - ત્રોટક છંદ )

કૌન રમે ચિત્ત કૌન રમે
મલ્લિનાથજી વિના ચિત્ત કૌન રમે.
માતા પ્રભાવતી રાણી જાયો,
કુંભ નૃપતિ સુત કામ દમે. ॥ ૧ ॥

કામકુંભ જિમ કામિત પૂરે,
કુંભ લંછન જિન મુખ ગમે. ॥ ૨ ॥
મિથિલા નયરી જનમ પ્રભુકો,
દર્શન દેખત દુઃખ શમે. ॥ ૩ ॥
ઘેબર ભોજન સરસા પીરસ્યા
કુકસ બાક્સ કૌન જમે. ॥ ૪ ॥
નીલ વરણ પ્રભુ કાન્તિ કે આગે,
મરકત મણિ છબી દૂર ભમે. ॥ ૫ ॥
ન્યાય સાગર પ્રભુ જગનો પામી,
હરિ હર બ્રહ્મા કૌન નમે. ॥ ૬ ॥

**૨. (રાગ - કર્મ લાગ્યા છે મારે કેડલે...)**

પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો
કાપજો મારા ભવોદધિના પાપ રે
દયાળુ દેવા પ્રભુ મલ્લી ............ ॥ ૧ ॥

વીતરાગ દેવને વંદુ સદા, બાળ બ્રહ્મચારી જગ વિખ્યાત
અચલ અમલ ને અજાત તું, કષાય મોહ નથી લવ-લેશ ॥ ૨ ॥

સર્પ ડસ્યો છે મને ક્રોધનો,રગે રગે વ્યાપ્યું તેનું વિષ રે
માન પત્થર સ્થંભ સારીખો, મને કીધો તેને જડવાન રે ॥ ૩ ॥

માયા ડાકણ વળગી મને, આપ વિના કોણ છોડાવન હાર રે
લોભ સાગરમાં હું પડ્યો, ઉભગ્યો છું ભવ દુઃખ અપાર રે ॥ ૪ ॥

આપ શરણે હવે આવીયોં, રક્ષણ કરો મુજ જગનાથ રે
અરજ સ્વીકારી આ દાસની, **જ્ઞાનવિમલ** લેજો ઝાલી હાથ રે ॥ ૫ ॥

## ॥ શ્રી મુનિસુવ્રત સ્વામીના સ્તવનો ॥

### ૧. (રાગ - કોના રે સગપણ)

મુનિસુવ્રત જિન વંદતા, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારા ભવોભવના દુઃખ જાય રે;
જગતગુરૂ જાગતો સુખંદ રે, સુખકંદ
અમંદ આનંદ, પરમગુરૂ દીપતો સુખકંદ રે ॥ ૧ ॥

નિશદિન સૂતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારિયો, તબ ઉપજે આનંદ પૂર રે ॥ ૨ ॥

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે;
ગુણ ગુણાનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે ॥ ૩ ॥

અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે
અક્ષર સ્વર ગોચર નહીં,એ તો અકલ અમાપ અરૂપ રે ॥ ૪ ॥

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાય રે;
વાચક **યશ** કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે ॥ ૫ ॥

### ૨. (રાગ - લોકગીત)

દિલભર દર્શન પાઉં રે, પ્રભુજી કે બનકે થાઉ રે ॥ ૧ ॥
પદ્માનંદન હરિકૃત વંદન,ચરણ કમલ બલિજાઉં રે મેં ॥ ૨ ॥
નીલકમલ દલ કોમલ વાને, સેવન મેં ચિત લાઉંરે ॥ ૩ ॥
ચુની ચુની કલિયાં ચંપક કી,હાથ સે માલા બનાઉં રે ॥ ૪ ॥
શ્રી મુનિસુવ્રત સ્વામી સેવી,નાથ સમાન કહાવું રે ॥ ૫ ॥
**ન્યાય સાગર** પ્રભુ સેવત સેવા, નિયત ફલ દિલ ભાવું રે ॥ ૬ ॥

## ૩. શ્રી મુનિસુવ્રત મન મોહ્યું

(રાગ- ભક્તિ રદયમાં ધારજો રે)

મુનિસુવ્રત મન મોહ્યું મારૂં, શરણ હવે છે તુંમારૂં;

પ્રાતઃ સમય હું જયારે જાગું,
સ્મરણ કરૂં છું તુમારૂં હો જિનજી;
તુજ મૂરતિ મન હરણી,
ભવ સાયર જલ તરણી હો જિનજી. (૧)

આપ ભરૂશો આ જગમાં છે,
તારો તો ઘણું સારૂં;
જન્મ જરા મરણો કરી થાક્યો,
આશરો લીધો મેં તારો હો જિનજી. તું૦ (૨)

ચું ચું ચું ચું ચિડીયાં બોલે,
ભજન કરે છે તુમારૂં;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે,
નામ જપે નહિં તારૂં હો જિનજી. તુ૦ (૩)

ભોર થતાં બહું શોર સુણું હું,
કોઈ હસે કોઈ રૂવે ન્યારૂં;
સુખીઓ સુવે દુઃખીઓ રૂવે,
અક્કલ ગતિએ વિચારૂં હો જિનજી. તુ૦ (૪)

ખેલ ખલકનો બધો નાટિકનો,
કુટુંબ કબિલો હું ધારૂં;
જયાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે,
અંત સમય સહુ ન્યારૂં હો જિનજી. તુ૦ (૫)

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારૂં;
ઉદય રત્ન એમ જાણી પ્રભુ તારૂં,
શરણ ગ્રહ્યું છે મેં સારૂં હો જિનજી. તુ૦ (૬)

## ॥ શ્રી નમિનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - સાંભળજો તુમે અદ્‌ભુત વાતો.)

શ્રી નમિનાથને ચરણે રમતાં, મન ગમતા સુખ લહિએ રે;
ભવ જંગલમાં ભમતાં રહીયે, કર્મ નિકાચિત દહીયે રે ॥ ૧ ॥

સમકિત શિવપુર માંહી પહોંચાડે, સમકિત ધરમ આધાર રે;
શ્રી જિનવરની પૂજા કરીએ, એ સમકિત કો સાર રે ॥ ૨ ॥

જે સમકિતથી હોય ઉપરાઠા, તેના સુખ જાએ નાઠા રે,
જે કહે જિન પૂજા નવિ કીજે, તેહનું નામ ન લીજે રે ॥ ૩ ॥

વપ્રા રાણીનો સુત પૂજો, જેમ સંસાર ન ધ્રૂજો રે;
ભવજલ તારક કષ્ટ નિવારક, નવિ કોઈ એહવો દૂજો રે ॥ ૪ ॥

શ્રી **કીર્તિ વિજય** ઉવજ્ઝાયનો સેવક, **વિનય** કહે પ્રભુ સેવો રે;
ત્રણ તત્વ મનમાંહી અવધારી, વંદો અરિહંત દેવો રે ॥ ૫ ॥

### ૨. (રાગ - તપ કરીએ સમતા રાખી ઘટમાં...)

પુરુષોત્તમ સત્તા છે તારા ઘટમાં........................ ॥ ૧ ॥
વપ્રાનંદન વંદન કીજે,તુજ સમ અવર ન યતિ વટમાં ॥ ૨ ॥
હરિહર બ્રહ્મા પુરંદર પમુહા,મગન હુવા સવિ ભવિ નટમાં ॥ ૩ ॥
ઉપશમરતિ પ્રભુ તાહરી જગમેં, જીતી કરાવી અરિથટમાં ॥ ૪ ॥
વીતરાગતા તુજ તનુ આખે, સમરસ વરશે ભવિ વટમાં ॥ ૫ ॥
વિજય નૃપતિ સુત સેવા ખિણમાં, આણે સેવક ભવતટમાં ॥ ૬ ॥
ન્યાયસાગર પ્રભુ સહજ વિલાસી, અજર અમર લહી લટપટમાં ॥ ૭ ॥

## ॥ શ્રી નેમિનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ-સુરસુંદરી - ગુણમંજરી)

નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી,રાજીમતી કર્યો ત્યાગ રે ભગવંતાજી,
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિહંતાજી,અનુક્રમે થયા વીતરાગ રે ભગવંતાજી ॥૧॥

ચામર ચક્ર સિંહાસન અરિ. પાદ પીઠ સંયુક્ત રે ભગવંતાજી ।
છત્ર ચાલે આકાશમાં અરિ-દેવદુંદુંભિ વર યુત રે ભગવંતાજી ॥ ૨ ॥

સહસ જોયણ ધ્વજ સોહતો-અરિ. પ્રભુ આગળ ચાલંત રે ભગવંતાજી । કનક
કમલ-નવ ઉપરે અરિ. વિચરે પાય ઠવંત રે ભગવંતાજી ॥ ૩ ॥

ચાર મુખે દિએ દેશના અરિ. ત્રણ ગઢ ઝાકઝમાલ,રે ભગવંતાજી ।
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિ. વાધે નહિ કોઈ કાલ રે ભગવંતાજી ॥ ૪ ॥

કાંટા પણ ઉંધા હોવે-અરિ,પંચ વિષય અનુકૂળ રે ભગવંતાજી,
ષટ્‌ઋતુ સમકાળે ફળે અરિ. વાયુ નહિ પ્રતિકૂળ રે ભગવંતાજી ॥ ૫ ॥

પાણી સુગંધ સુરકુસુમની-અરિ. વૃષ્ટિ હોયે સુરસાલ ભગવંતાજી,
પંખી દીયે સુપ્રદિક્ષણા-અરિ.વૃક્ષ નમે અસરાલ રે ભગવંતાજી. ॥ ૬ ॥

જિન ઉત્તમ પદ **પદ્મ**ની અરિ. સેવા કરે સુર કોડી ભગવંતાજી । ચાર નિકાયના
જઘન્યથી-અરિ. ચૈત્ય વૃક્ષ તેમ જોડી રે ભગવંતાજી ॥ ૭ ॥

### ૨.( રાગ - પ્રાચીન)

પરમાતમ પૂરણ કલા,પૂરણ ગુણ હો પૂરણ જન આશ ।
પૂરણ દૃષ્ટિ નિહાલીયે ચિત્ત ધરીયે હો અમચી અરદાસ, ॥ ૧ ॥

સર્વ દેશ ઘાતી સહું, સહું,અઘાતી હો કરી ઘાત દયાળ ।
વાસ કિયો શિવમંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાળ, ॥ ૨ ॥

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર ।
તાત ! કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વાર ? ॥ ૩ ॥

મોહ મહામદ છાકથી, હું છકિયો હો નહી શુદ્ધિ લગાર ।
ઉચિત સહી ઇણ અવસરે, સેવકની હો કરવી સંભાળ ॥ ૪ ॥

મોહ ગયા જો તારશો, તિણ વેળા હો કિહાં તુમ ઉપગાર !
સુખવેળા સજ્જન ઘણા, દુઃખવેળા હો વિરલા સંસાર ॥ ૫ ॥

પણ તુમ દરિસણ જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ ।
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ ॥ ૬ ॥

કર્મ કલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતા રામ ।
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરામ ॥ ૭ ॥

ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીનંદ ।
**ચિદાનંદ મન મેં સદા, તુમે આવો હો પ્રભુ ! નાણ દિણંદ ॥ ૮ ॥**

## ૩. (રાગ-બેની રે...)

નેમી રે ! નિરંજન નાથ હમારો, અંજન વર્ણ શરીર
પણ અજ્ઞાન તિમિરને ટાળી, જીત્યો મનમથ વીર ॥ આંકણી ॥

પ્રણમો પ્રેમ ધરીને પાય, પામો પરમાનંદા
યદુકુળ ચંદારાય માતા શિવાદેવી કો નંદા ॥ ૧ ॥

રાજિમતી શું પૂરવ ભવની, પ્રીત ભલી રે પાળી
પાણિગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી ॥ ૨ ॥

અબળા સાથે નેહ ન જોડ્યો, તે પણ ધન્ય કહાણી
એક રસે બેહું પ્રીત થઈ તો, કીર્તિ ક્રોડ ગવાણી ॥ ૩ ॥

ચંદન પરિમલ જિમ જિમ ખીરે ઘૃત, એક રૂપ નવિ અલગા
ઇમ જે પ્રીત નિવાહે અહનિશ, તે ધન ગુણશું વિલગા ॥ ૪ ॥

ઇમ એકાંગી જે નર કરશે, તે ભવ સાગર તરશે
જ્ઞાનવિમલ લીલા તે લહેશે, શિવસુંદરી તસ વરશે ॥ ૫ ॥

### ૪. (રાગ-પર્વ પર્યુષણ આવીયા રે લાભ)

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં દેઈ શિર દોષ મેરે વાલમાં;
નવ ભવ નેહ નિવારીયો રે હાં,
શ્યો જોઈ આવ્યા જોષ ? ॥ ૧ ॥

ચંદ્ર કલંકી જેહથી રે હાં,
રામ ને સીતા વિયોગ;
તેહ કુરંગને વયણડે રે હાં,
પતિ આવે કુણ લોગ ? ॥ ૨ ॥

ઉતારી હું ચિત્તથી રે હાં,
મુક્તિ ધૂતારી હેત;
સિદ્ધ અનંતે ભોગવી રે હાં,
તેહશ્યું કવણ સંકેત ? ॥ ૩ ॥

પ્રીત કરંતાં સોહિલી રે હાં,
નિર વહેતાં જંજાળ;
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં,
જેહવી અગનની ઝાળ. ॥ ૪ ॥

જો વિવાહ અવસરે દિઓ રે હાં,
હાથ ઉપર નવિ હાથ;
દીક્ષા અવસર દીજીએ રે હાં,
શિર ઉપર. જગનાથ! ॥ ૫ ॥

ઈમ વલવલતી રાજુલ ગઈ રે હાં,
નેમિ કને વ્રત લીધ;
વાચક **યશ** કહે પ્રણમીએ રે હાં,
એ દંપતી દોય સિદ્ધ ॥ ૬ ॥

### ૫. (રાગ-યે દો દિન કા જગ મેલા)

શ્રી નેમિનાથ જિનરાયા, મૈં આજે દર્શન પાયા
પ્રભુ શિવાદેવી જાયા, પ્રભુ સમુદ્ર વિજય કુલ આયા
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા
જિને તોડી જગત કી માયા ॥ ૧ ॥

રૈવતિગિરી મંડન રાયા, કલ્યાણક તીન સોહાયા
દીક્ષા કેવલ શિવરાયા, જગતારક બિરૂદ ધરાયા
તુમ બૈઠે ધ્યાન લગાયા. ॥ ૨ ॥

અબ સુનો ત્રિભુવન રાયા, મૈં કર્મો કે વશ આયા
મૈં ચતુર્ગતિ ભટકાયા, મૈં દુઃખ અનંતા પાયા
તેં ગિનતી નહીં ગનાયા ॥ ૩ ॥

મૈં ગર્ભાવાસમેં આયા, ઉંધે મસ્તક લટકાયા
આહાર અરસ વિરસ ભુકતાયા, એમ અશુભ કરમ ફલ પાયા
ઈન દુઃખ સે નહીં છુટાયા ॥ ૪ ॥

નરભવ ચિંતામણી પાયા, તબ ચાર ચોર મિલ આયા
મુઝે ચૌંટે મેં લુટ ખાયા, અબ સાર કરો જિનરાયા
કિણ કારણ દેર લગાયા ॥ ૫ ॥

જિણે અંતરગત મેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા
દુઃખ સંકટ વિઘ્ન હટાયા, તે પરમાનંદ પદ પાયા
ફિર સંસારે નહીં આયા ॥ ૬ ॥

મૈં દૂર દેશ સે આયા, પ્રભુ ચરણે શીશ નમાયા
મૈં અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા
એમ **વીરવિજય** ગુણ ગાયા. ॥ ૭ ॥

## ૬. સંયમ લીધો છે... બાળાવેશમાં

### (રાગ- કર્મ લાગ્યા છે મારે કેડલે)

દ્વારિકા નગરીનો નેમ રાજીયો,
તજી છે જેણે રાજુલ જેવી નાર રે, ગિરનારી નેમ
સંયમ લીધો છે બાળાવેશમાં ...૧
ભાભીએ મેણું માર્યું નેમને,
પરણવા ચાલ્યો શ્રી કૃષ્ણનો વીર રે,
ગિરનારી નેમ, સંયમ લીધો છે બાળાવેશમાં ...૨
મંડપ રચ્યો છે મધ્ય ચોકમાં
હરખ્યા છે સૌ દ્વારિકા નગરીના લોક રે ...૩
ગોખેથી રાજુલ સખી જોઈ રહ્યા,
ક્યારે આવે જાદવકુલ દીપક રે ..૪
સાસુએ પોખણું કીધા નેમને,
વાલો મારો તોરણે ચઢાય રે ...૫
પશુએ પોકાર કર્યો નેમને,
ઉગારો વહાલા રાજિમતી કેરા કંથ રે ....૬
નેમજીએ સાળાને પૂછીયું,
શાને કાજે પશુ કરે પોકાર રે ...૭
રાતે રાજુલ બેની પરણશે,
પ્રભાતે દેશું ગૌરવના ભોજન રે ...૮
નેમજીએ રથ પાછા વાળીયા,
જઈ ચડ્યા ગિરિ ગુહા મોઝાર રે ...૯
રાજુલ રૂવે છે મેલી ધ્રુસકે,
રૂવે રૂવે દ્વારિકા નગરીના લોક રે ....૧૦

જૈન તીર્થંકર બાવીસમાં, સહિયર કહે
અવર ન મળે જોડ રે ....૧૧
હીરવિજય ગુરુ હીરલો,
શ્રી **લબ્ધિવિજય** ગુણ ગાય રે ...૧૨

## ૭. રહો રહો રે યાદવ

## (રાગ- બોલો બોલો રે શાલિભદ્ર)

રહો રહો રે યાદવ ! દો ઘડીયાં,
દો ઘડીયાં, દો ચાર ઘડીયાં - રહો રહો રે યાદવ ! દો ઘડીયાં ॥
શિવામાત મલ્હાર નગીને, ક્યુઠ ચલીએ હમ વિછડીયાં ?
યાદવવંશ વિભૂષણ સ્વામી । તુમે આધાર છો અડવડીયાં ...૧
તો બિન ઓરસે નેહ ન કીસે, ઔર કરનકી આખડીયાં ।
ઈતને બીચ હમ છોડ ન જઈએ, હોત બુરાઈ લાઝડીયાં...૨
પ્રીતમ પ્યારે ! નેહ કર જાનાં, જે હોત હમ શિર બાંકડીયાં
હાથસે હાથ મિલાદે સાંઈ ! ફૂલ બિછાઉં સેજડીયાં...૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુરે સેલડીયાં
સમુદ્ર વિજય કુલ તિલક નેમિકું, રાજુલ ઝારતી આખંડીયાં...૪
રાજુલ છોડ ચલે ગિરનારે, નેમ યુગલ કેવલ વરીયાં
રાજિમતી પણ દીક્ષા લીની, ભાવનાં રંગ રસે ચડીયાં....૫
કેવલ લઈ કરી મુગતિ સિધારે, દંપતી મોહન વેલડીયાં
શ્રી શુભવીર અચલ ભઈ જોડી, મોહરાય શિર લાકડીયાં...૬

## ॥ શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - આશાવરી)

અબ મોહે, ઐસી આય બની ...
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, મેરે તું એક ધની ॥ ૧ ॥

તુમ બિન કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુણી;
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી ॥ ૨ ॥

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરણી;
નામ જપું નિશિ વાસર તેરો, એ મુજ શુભ કરની ॥ ૩ ॥

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની;
નામ જપું જલધાર તિહાં તુજ, ધારું દુઃખ હરની ॥ ૪ ॥

મિથ્યામતિ બહુ જન હૈ જગ મેં,પદ ન ધરત ધરણી;
ઉનકો અબ તુજ ભક્તિ પ્રભાવે,ભય નહીં એક કણી ॥ ૫ ॥

સજ્જન નયન સુધારસ અંજન, દુર્જન રવિ ભરણી;
તુજ મૂરતી નિરખે સો પાવે, સુખ જશ લીલ ધની ॥ ૬ ॥

### ૨. (રાગ- પ્યારા... પાસજી હો લાલ)

રાતાં જેવાં ફુલડા ને, શામળ જેવો રંગ
આજ તારી આંગી નો કાંઈ, રૂડો બન્યો છે રંગ,
પ્યારા પાસજી હો લાલ, દીનદયાલ મુને નયણે નિહાળ ॥ ૧ ॥

જોગી વાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ ।
શામળો સોહામણો કાંઈ,જીત્યા આઠે મલ્લ ॥ ૨ ॥

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ ।
આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ ॥ ૩ ॥

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્લ ।
લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિલ્લ ॥ ૪ ॥

કોઈ નમે પીરને, કોઈ નમે રામ ।
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું કામ ॥ ૫ ॥

### ૩. (રાગ - દરબારી)

પ્યારો-પ્યારો રે, હો વ્હાલા મારા પાસ જિણંદ મને પ્યારો,
તારો તારો રે, વ્હાલા મારા ભવનાં દુઃખડા વારો,
કાશીદેશ વારાણસી નગરી, અશ્વસેન કુલ સોહિયે,
પાર્શ્વ જિણંદા વામાનંદા મારા વ્હાલા, દેખત જનમન મોહિયે ॥ ૧ ॥

છપ્પન દિક્કુમરી મલી આવે, પ્રભુજી ને હુલરાવે ,
થેઈ-થેઈ નાચ કરે મારા વ્હાલા,હરખે જિન ગુણગાવે ॥ ૨ ॥

કમઠ હઠ ગાલ્યો પ્રભુ પાર્શ્વે, બળતો ઉગાર્યો ફણી નાગ,
દીયો સાર નવકાર નાગકું, ધરણેન્દ્ર પદ પાયો ॥ ૩ ॥

દીક્ષા લઈ પ્રભુ કેવલ પાયો, સમવસરણ મેં સુહાયો ,
દીયે મધુરી દેશના પ્રભુ, ચૌમુખ ધર્મ સુણાયો ॥ ૪ ॥

કર્મ ખપાવી શિવપુર જાવે, અજરામર પદ પાવે,
જ્ઞાન અમૃતરસ ફરસે મારા વ્હાલા, જયોતિ સે જયોતિ મિલાવે ॥ ૫ ॥

### ૪. (રાગ - તુમ હી મેરે મંદિર)

તું પ્રભુ માહરો હું પ્રભુ તાહરો, ક્ષણ એક મુજને નાહી વિસારો,
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો ॥ ૧ ॥

લાખ ચૌરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી,
દુર્ગતિ કાપો ને શિવ સુખ આપો, ભક્ત સેવકને નિજ પદ સ્થાપો ॥ ૨ ॥

અક્ષય ખજાનો પ્રભુ તાહરો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે,
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરામાં તુંહિ જ ન્યારો ॥ ૩ ॥

પલ પલ સમરૂં નાથ શંખેશ્વર, સમરથ તારણ તુંહિ જિનેશ્વર,
પ્રાણ થકી તું અધિકો વહાલો, દયા કરી મુજને નેહે નિહાળો ॥ ૪ ॥

ભક્ત વત્સલ તારૂ બિરૂદ જાણી,કેડ ન છોડું લેજો જાણી,
ચરણોની સેવા, હું નિત્ય નિત્ય ચાહું, ઘડી ઘડી મનમાં હું ઉમા હું ॥૫॥

જ્ઞાનવિમલ તુજ ભક્તિ પ્રભાવે,ભવોભવના સંતાપ શમાવે,
અમીય ભરેલી તારી મૂર્તી નિહાળી, પાપ અંતર ના લેજો પખાળી ॥ ૬ ॥

**૫. (રાગ - તુમ હી મેરે...)**

તારા નયનાં રે પ્યાલા પ્રેમના ભર્યા છે,
અમી છાંટના ભર્યા છે,દયા રસના ભર્યા છે ॥ ૧ ॥

જે કોઈ તાહરી નજરે ચઢી આવે,
કારજ તેહનાં તેં સફલ કર્યા છે ॥ ૨ ॥

પ્રગટ થઈ પાતાલથી પ્રભુ તેં,
જાદવના દુઃખ દૂર કર્યા છે ॥ ૩ ॥

પન્નગપતિ પાવકથી ઉગાર્યો,
જનમ મરણ ભય તેહના હર્યા છે ॥ ૪ ॥

પતિત પાવન શરણાગત તુંહી,
દર્શન દીઠે મારા ચિતડાં ઠર્યા છે ॥ ૫ ॥

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેસર,
તુજ પદ પંકજ આજથી ધર્યા છે ॥ ૬ ॥

જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે,
**અમૃતસુખ** તેણે રંગથી વર્યા છે ॥ ૭ ॥

**૬. (રાગ-નગરી નગરી)**

સમય સમય સો વાર સંભારૂં, તુજશું લગની જોર રે
મોહન મુજરો માની લીજો, જ્યું જલધર પ્રીતિ મોર રે ॥ ૧ ॥

માહરે તન ધન જીવન તુંહી, એહમાં જૂઠ ન જાણો રે
અંતરજામી જગજન નેતા, તું કિહાં નથી છાનો રે ॥ ૨ ॥

જેણે તુજને હિયડે નવિ ધાર્યો, તાસ જનમ કુણ લેખે રે
કાચે રાચે તે નર મુરખ, રતનને દૂર ઉવેખે રે ॥ ૩ ॥

સુરતરુ છાયા મૂકી ગહરી, બાઉલ તલે કુણ બેસે રે
તાહરી ઓલગ લાગે મીઠી, કિમ છોડાયે વિશેષે રે ॥ ૪ ॥

વામાનંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં આણો રે
રૂપ વિબુધનો **મોહન** પભણે, નિજ સેવક કરી જાણો રે ॥ ૫ ॥

**૭. (રાગ - આશાવરી)**

અખિયાં હરખણ લાગી, હમારી અખિયાં હરખણ લાગી ।
દરિસણ દેખત પાસ જિણંદકો, ભાગ્ય દશા અબ જાગી ॥ ૧ ॥
અકલ અરૂપી ઓર અવિનાશી, જગજનને કરે રાગી ॥ ૨ ॥
શરણાગત પ્રભુ તુમ પદ પંકજ, સેવના મુજ મન જાગી ॥ ૩ ॥
લીલાલહેર દે નિજ પદવી, તુમ સમ કો નહી ત્યાગી ॥ ૪ ॥
વામાનંદન ચંદનની પરે, શીતલ તું સોભાગી ॥ ૫ ॥
**જ્ઞાનવિમલ** પ્રભુ ધ્યાન ધરંતા, ભવ ભવ ભાવઠ ભાંગી ॥ ૬ ॥

**૮. (રાગ - ટીલડી રે...)**

કોયલ ટહુકી રહી મધુબનમેં,પાર્શ્વ શામળીયા, વસો મેરે દિલમે
કાશી દેશ વાણારસી નગરી, જન્મ લીયો પ્રભુ ક્ષત્રિયકુલમેં ॥ ૧ ॥

બાલપણાંમાં પ્રભુ અદ્‌ભુત જ્ઞાની,
કમઠકો માન હર્યો એક પલમેં ॥ ૨ ॥

નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર,
નાગકું સુરપતિ કીયો એક છીન મેં ॥ ૩ ॥

સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા,
સંયમે ભીંજ ગયો એકજ રંગ મેં ॥ ૪ ॥

સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા
પાર્શ્વજીકો મહિમા તીન ભુવન મેં ॥ ૫ ॥

**ઉદયરતન** કી એહી અરજ હૈ,
દિલ અટક્યો તોરા ચરણ કમલ મેં ॥ ૬ ॥

## ૯. (રાગ - યમન કલ્યાણ)

જય ! જય ! જય ! જય ! પાસ જિણંદ !
અંતરિક્ષ પ્રભુ ! ત્રિભુવન તારન ! ભવિક કમલ ઉલ્લાસ દિણંદ ॥ ૧ ॥
તેરે ચરણ શરણ મેં કીનો, તુમ બીન કુણ તોડે ભવફંદ ?
પરમ પુરૂષ પરમારથ-દર્શી, તું દિયે ભવિકકું પરમાનંદ ॥ ૨ ॥
તું નાયક તું શિવસુખ-દાયક, તું હિતચિંતક તું સુખકંદ,
તું જનરંજન તું ભવભંજન તું કેવલ કમલા ગોવિંદ ॥ ૩ ॥
કોડી દેવ મિલકે કર ન શકે, એક અંગૂઠ રૂપ પ્રતિછંદ,
ઐસો અદ્‌ભુત રૂપ તિહારો, બરસત માનું અમૃતકો બુંદ ॥ ૪ ॥
મેરે મન મધુકર કે મોહન, તુમ હો વિમલ સદલ અરવિંદ,
નયન ચકોર વિલાસ કરત હૈ, દેખત તુમ મુખ પૂરનચંદ ॥ ૫ ॥
દૂર જાવે પ્રભુ તુમ દરિશનસે, દુખ દોહગ દારિદ્ર અઘદંદ,
વાચક **જસ** કહે સહસ ફલતે હૈ,જે બોલે તુમ ગુન કે વૃંદ ॥ ૬ ॥

## ૧૦. (રાગ - કડખા)

પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ ! કાં એવડી વાર લાગે ?
કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે ॥ ૧ ॥
પ્રકટ થા પાસજી, મેલી પડદો પરો, મોહ અસુરાણને આપ છોડો,
મુજ મહિરાણ મંજુષમાં પેસીની, ખલકના નાથજી બંધ ખોલો ॥ ૨ ॥
જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઊંઘે ?
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાલ મુંઘે ॥ ૩ ॥
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણે ત્રીકમે તુજ સંભાર્યો,
પ્રકટ પાતાલથી પલકમાં તેં પ્રભુ, ભક્ત જન તેહનો ભય નિવાર્યો ॥ ૪ ॥
આદિ અનાદિ અરિહંત તું એક છે,દીનદયાલ છે કોણ દૂજો ?
**ઉદયરત્ન** કહે પરગટ પ્રભુ પાસજી, પામી ભયભંજનો એહ પૂજો ॥ ૫ ॥

**દાદા ગુરૂદેવ જગત્પૂજ્ય, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય સ્વ. શ્રી શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) મહારાજ એ આ સ્તવનની રચના કરી છે.**

**।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન ।।**

૧૧. (રાગ - વિહરમાન ભગવાન્ સુણો મુજ વિનતિ)

શ્રી શંખેશ્વર પાસ, સુણો મુજ વિનંતિ,
આવ્યો છું હું આજે, આશા મોટી ધરી;
લાખ ચોરાશી જીવાયોનિ માંહે ભમ્યો,
તે માંહે મનુષ્ય જન્મ, અતિ દોહિલો ।। ૧ ।।

તે પણ પૂરવ પુન્ય, પ્રભાવે અનુભવ્યો,
તો પણ દેવગુરૂને, ધર્મ ન ઓળખ્યો;
શું થાશે પ્રભુ મુજ, તુજ કરૂણા વિના,
રઝળ્યો રાંકની પેરે, પામ્યો વિટંબના. ।। ૨ ।।

ન દીધું શુદ્ધ દાન,સુપાત્રે ભાવથી,
ન પાળ્યું વળી શિયલ, વિટંબ્યો કામથી;
તપ તપ્યો નહી કોઈ, આતમને કારણે,
શું ઝાઝું કહું નાથ, જાવું નરકને બારણે. ।। ૩ ।।

કીધાં જે મેં કુકર્મ, જો હું વિવરી કહું,
તો લાગે બહુ વાર, ભજન ક્યારે કરું;
પૂર્વ વિરાધક ભાવથી, ભાવ ન ઉલ્લસે,
ચારિત્ર ડોળ્યું નાથ, કરમ મોહની વશે. ।। ૪ ।।

ક્ષણ ક્ષણમાં બહુ વાર, પરિણામની ભિન્નતા,
તે જાણો છો મહારાજ,મારી ચંચલતા;
નહીં ગુણનો લવલેશ, જગત ગુણી કહે,
તે દેખી મન મારૂં હરખે, અતિ ગહ ગહે. ।। ૫ ।।

થયુ મુજ દર્શન આજે અતિ ભલું,
પૂરવ પુણ્ય પ્રભાવે કલ્પવૃક્ષ ફળ્યું;
માગું દીન દયાળ ચરણોની સેવના,
હોજો વૃદ્ધિ ધર્મની ભવો ભવ ભાવના ॥ ૬ ॥

**૧૨. (રાગ-લોકગીત)**

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો
સાંભળીને હું આવ્યો તીરે, જનમ મરણ દુઃખ વારો
સેવક અરજ કરે છે રાજ ! અમને શિવસુખ આપો
આપો આપો ને મહારાજ, અમને મોક્ષ સુખ આપો ॥ ૧ ॥

સહુ કોના મન વાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરે
એહવું બિરૂદ છે રાજ ! તમારૂ, કેમ રાખો છો દૂરે ॥ ૨ ॥

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો
કરૂણા સાગર કેમ કહેવાશો ? જો ઉપકાર ન કરશો ॥ ૩ ॥

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દર્શન દીજે
ધુંવાડે ધીજૂ નહીં સાહિબ, પેટ પડ્યા પતિજે ॥ ૪ ॥

શ્રી શંખેશ્વર મંડન સાહીબ, વિનતડી અવધારો
કહે **જિનહર્ષ** મયા કરી મુજને, ભવસાગરથી તારો ॥ ૫ ॥

**૧૩. (રાગ - શીવરંજની, કેદારો, દરબારી)**

દર્શન કી હૈ પ્યાસી અંખિયા દર્શન કી હૈ પ્યાસી
પુરિસાદાની પાર્શ્વ તુમારી, સુરનર જનતા દાસી
આશાપૂરણ તું અવનીતલે, સુરતરૂ ને સંકાશી ॥ ૧ ॥

નિરાગી શું રાગ કરંતા, હોવત જગમેં હાંસી
એક પખો જે નેહ ચલાવે, દીયો તેહને શાબાસી ॥ ૨ ॥

અજર અમર અકલંક અનંત ગુણ, આપ ભયે અવિનાશી
કારજ સકલ કરી સુખ પાયો, અબ ક્યું હોત ઉદાસી ॥ ૩ ॥

તું પુરુષોત્તમ પરમ પુરુષ હૈ, જગમેં તું જીત કાશી
જગથી દૂર રહ્યો મુજ ચિત્ત, અંતર ક્યું કર જાસી ॥ ૪ ॥
વામાનંદન વંદન તુમચા, કરતે શુભ મતિ વાસી
**જ્ઞાન વિમલ પ્રભુ ચરણ પસાયે, સમકિત લીલ વિલાસી** ॥ ૫ ॥

**૧૪. (રાગ - યમન કલ્યાણ)**

શંખેશ્વર પ્રભુ પાસ ગમે રે ॥ ૧ ॥
પ્રહ ઉઠી પ્રભુ મુખડું દીઠે
મુખડુ દીઠે પ્રભુ દુ:ખડું શમે રે ॥ ૨ ॥
ચિંતામણી પરે કામિત પૂરે
કામિત પૂરે, દુ:ખ ખમે રે ॥ ૩ ॥
ત્રિભુવન નાયક, શિવસુખ દાયક
શિવસુખ દાયક, કામ દમે રે ॥ ૪ ॥
પામી અમૃત ભોજન કુકસ
ભોજન કુકસ કોણ જમે રે ? ॥ ૫ ॥
સાહીબ સુરતરૂ સરીખો પામી
સરીખો પામી, કોણ નમે રે ॥ ૬ ॥
મિથ્યા મુકી પ્રભુ મુજ મન રાચે
મુજ મન રાચે શુદ્ધ ધરમે રે ॥ ૭ ॥
**ન્યાય સાગર પ્રભુ અહનિશ ચરણે**
અહનિશ ચરણે શીશ નમે રે ॥ ૮ ॥

**૧૫. (રાગ - ભૈરવી)**

હે પ્રભુ પાર્શ્વ ચિંતામણી મેરો,
મિલ ગયો હીરો, મિટ ગયો ફેરો,
તું પ્રભુ મેરો, મૈં પ્રભુ તેરો, દર્શન દેખત પારસ કેરો
તેરો હૈં યે સુંદર ચહેરો, નામ જપું નિત્ય તેરો ॥ ૧ ॥

પ્રીત બની અબ પ્રભુશું પ્યારી, મહિમા તુમ્હારી ન્યારી ન્યારી
તુમ પર જાવું વારી વારી, જૈસે ચંદ ચકોરો ॥ ૨ ॥
**આનંદ ઘન** પ્રભુ ચરણ શરણ હૈ, દૂર કરો યે જનમ મરણ હૈ
ભાવ ભક્તિ કા ધરણ ભરણ હૈ,દીયો મોહે મુક્તિ કો ડેરો ॥ ૩ ॥

**૧૬. (રાગ - ભીમપલાસ)**

ઐસી કરો બકસીસ, પ્રભુ મેરે ॥ ૧ ॥
દ્વાર દ્વારનપે મેં નહી ભટકું, નમાઉ ન કિસહી સીસ ॥ ૨ ॥
શુદ્ધ આતમ કલા ઘટ પ્રગટે, ઘટે રાગ અરુ રીસ ॥ ૩ ॥
મોહ ફાટક ખુલે છીનમેં, રમે ગ્યાન અધીસ ॥ ૪ ॥
તુમ અજાઈબ પાસ સાહીબ, જગપતી જગદીશ ॥ ૫ ॥
**ગુણ વિલાસ** કી આસા પૂરો, કરો આપ સરીસ ॥ ૬ ॥

**૧૭. (રાગ - નગરી નગરી)**

શેરીમાંહે રમતા દીઠા, પાર્શ્વકુમાર નાનડીયાજી
રૂમઝુમ રૂમઝુમ ઘુગરી વાગે, હાથે ઉછાળે દડિયાજી
પુનમચંદ્ર સમુ મુખડુ મલકે, આંખલડી અણિયારીજી ॥ ૧ ॥
કમલતાલ તણી પરે સાહેલડી, આંગળીઓના ફલીયાંજી
શિર પર ટોપી સોહે અણીયારી,કાને કુંડલ વાંકડીયાજી ॥ ૨ ॥
હૈયે અનુપમ હાર બિરાજે, કેડે કંદોરો જડીયાજી
મા મા કહેતા ઓઢણી તાણે, ઇંદ્રાણી કેડે ચઢીયાજી ॥ ૩ ॥
સવેરે ઉઠી નિશાળે જાવે, હાથમેં પાટી ખડીયાજી
ઈન્દ્ર તણા સંશયને ટાળે, સર્વે શાસ્ત્ર આવડીયાજી ॥ ૪ ॥
શેરી માંહે હરતા ફરતા, પીવે રસ શેલડીયાજી
સરખે સરખી ટોળી મળીને, વહેંચે છે સુખડીયાજી ॥ ૫ ॥
પાર્શ્વ પ્રભુ જન્મ્યા જિન વેળા, અમૃત છે ચૌઘડીયાજી
**આનંદઘન** પ્રભુ એણી પરે બોલે, આછા ભાગ ઉઘડીયાજી ॥ ૬ ॥

### ૧૮. (રાગ-અષ્ટમી સ્તવન)

ચિત્ત સમરી શારદા માય રે, વળી પ્રણમું નિજ ગુરૂ પાય રે ।
ગાઉં ત્રેવીશમાં જિનરાય,વ્હાલાજીનું જન્મ કલ્યાણ ગાઉં રે
સોના રૂપા ને ફુલડે વધાવું, થાલ ભરી ભરી મોતીડે વધાવું
વ્હાલાજીનું જન્મ કલ્યાણક ગાવું રે ।। ૧ ।।

કાશી દેશ વારાણસી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે,
રાણી વામા ગૃહીણી સુરાજે ।। વ્હાલાજી ૦ ।। ૨ ।।

ચૈત્ર વદી ચૌથે તે ચવીયા રે,વામા માતા કુખે અવતરીયા રે,
અજુઆળ્યા એહના પરિયા ।। વ્હાલાજી ૦ ।। ૩ ।।

પોષ વદી દશમી જગભાણ રે, હુઓ પ્રભુજીનો જન્મ કલ્યાણક રે,
વીશસ્થાનક સુકૃત કમાણ ।। વ્હાલાજી ૦ ।। ૪ ।।

નારકી નરકે સુખ થાવે રે, અંતર મુહૂર્ત દુઃખ જાવે રે,
એ તો જન્મ કલ્યાણક કહાવે ।। વ્હાલાજી ૦ ।। ૫ ।।

પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તરણ-તારણ જહાજ રે.
કહે **'દીપ વિજય'** કવિરાજ ।। વ્હાલાજી ૦ ।। ૬ ।।

### ૧૯. (રાગ-પ્રભુ તારુ ગીત)

ૐ નમો પાર્શ્વપ્રભુ પદકજે રે લોલ, વિશ્વ ચિંતામણી રત્ન રે,
ૐ હ્રીઁ ધરણેન્દ્ર પદ્માવતી, વૈરોટ્યા કરો મુજ યત્ન રે...।। ૧ ।।

અબ મોહે શાંતિ તુષ્ટિ મહા, પુષ્ટિ ધૃતિ કીર્તિ વિધાયિ રે,
ૐ હ્રીઁ અક્ષર શબ્દથી, આધિ વ્યાધિ સવિ જાય રે...।। ૨ ।।

ૐ અસિઆઉસા નમો નમઃ તું ત્રૈલોક્યનો નાથ રે,
ચોસઠ ઇંદ્રોં ટોળે મળી, સેવે જોડી પ્રભુ હાથ રે...।। ૩ ।।

ૐ હ્રીઁ શ્રીં પ્રભુ પાર્શ્વજી, મૂળના મંત્રનું બીજ રે,
પાર્શ્વપ્રભુજીના નામથી, આય મિલે સવિ ચીજ રે... ।। ૪ ।।

ૐ અજીતા વિજયા તથા, અપરાજીયા જયાદેવી રે,
દશ દિશિપાલ ગ્રહ યક્ષએ, વિદ્યાદેવી પ્રસન્ન હોય સેવી રે... ॥ ૫ ॥

ગોડી પ્રભુ પાસ ચિંતામણી, થંભણો અહિછત્તો દેવ રે,
જગવલ્લભ તું જગે જાગતો, અંતરિક વરકાણો કરું સેવ રે... ॥ ૬ ॥

શ્રી શંખેશ્વરપુર મંડણો, પાર્શ્વ જિન પ્રણત તરૂકલ્પ રે,
વારજો દુષ્ટના વૃંદને,સુજસ **સૌભાગ્ય** સુખ કલ્પ રે...॥ ૭ ॥

**૨૦. (રાગ - વંદના...)**

ભેટીયે ભેટીયે ભેટીયે રે, મનમોહન જિનવર ભેટીયે ॥ ૧ ॥
શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર,પૂજી પાતિક મેટીયે રે ॥ ૨ ॥
જાદવની જરા જાસ ન્હવણથી, નાઠી એક ચપેટીયે રે ॥ ૩ ॥
આશ ધરીને હું પણ આવ્યો, નિજ કર પીઠ થપેટીયે રે ॥ ૪ ॥
ત્રણ રત્ન આપો જ્યું રાખું, નિજ આતમની પેટીયે રે ॥ ૫ ॥
સાહીબ સુરતરૂ સરીખો પામી, ઔર કુણ આગળ લેટીયે રે ॥ ૬ ॥
**પદ્મવિજય** કહે તુમ ચરણોં સે, ક્ષણ એક ન રહું છેટીયે રે ॥ ૭ ॥

**૨૧. (રાગ - અખંડ સૌભાગ્યવતી...)**

તમે બોલો બોલોને પારસનાથ, બાળક તમને બોલાવે,
આંખડી ખોલોને એક વાર બાળક...૧
મારા કરેલા કર્મો આજે રે નડ્યા,
મારા અવળા તે લેખો કોણે રે લખ્યા,
મારા પૂર્વના પ્રગટ્યાં છે પાપ;... ૨

કંઠ સુકાય મુખેથી બોલાતું નથી,
શ્વાસ રૂંધાય આંખેથી દેખાતું નથી,
હું તો રડું છું હૈય્યાના ભાર... ૩

મારી આશાનો દિપક બુઝાઈ ગયો,
ચારે કોર અંધકાર છવાઈ ગયો,
મારા જીવનમાં પડી છે હડતાલ;... ૪

તમે શાંતિની ગોદમાં પોઢી ગયા,
મને તરછોડી જતાં ન આવી દયા,
હવે ક્યાં સુધી કરશો વિશ્રામ; ... ૫

તારા વિના આંસુ હવે કોણ લુંછે,
તારી ભક્તિના ભાવ રે કોણ પૂછે,
વીર વિજયના પ્રાણ આધાર; ... ૬

**૨૨. (રાગ - દેખી શ્રી પાર્શ્વતણી)**

પાસ જિણંદા, વામાજી નંદા
તુમ પર વારી જાવું ઘોલ ઘોલ રે...
હે, દરવાજે તેરે ખોલ ખોલ રે... ॥ ૧ ॥

દૂર દૂર સે, લંબી સફર સે
હમ દર્શન આયે તોલ તોલ રે... ॥ ૨ ॥

પૂજા કરૂંગા, ધૂપ ધરૂંગા
ફૂલ ચઢાઉંગા મોલ મોલ રે... ॥ ૩ ॥

તું મેરા ઠાકર, મૈં તેરા ચાકર
એક બાર મુજસું બોલ બોલ રે... ॥ ૪ ॥

શંખેશ્વર મંડન, સુંદર મૂરત
મુખડું તે ઝાકમ ઝોલ ઝોલ રે... ॥ ૫ ॥

રૂપ વિબુધનો, મોહન પભણે
રંગ લાગ્યો ચિત્ત ચોલ ચોલ રે...॥ ૬ ॥

**૨૩. (રાગ - કડખા)**

તાર મુજ તાર મુજ તાર ત્રિભુવન ધણી,
પાર ઉતાર સંસાર સ્વામી,
પ્રાણ તું ત્રાણ તું શરણ આધાર તું,આતમા રામ મુજ તું હી સ્વામી... ॥ ૧ ॥

તું હી ચિંતામણી, તું હી મુજ સુરતરુ,કામઘટ કામધેનું વિધાતા,
સકલ સંપત્તી કરુ, વિકટ સંકટ હર, પાસ શંખેશ્વરો મુક્તિ દાતા... ॥ ૨ ॥

પુણ્ય ભરપૂર અંકુર મુજ જાગીયો, ભાગ્ય સૌભાગ્ય મુખ નૂર વાધ્યો,
સકલ વાંછિત ફલ્યો, માહરો દિન વલ્યો, પાર્શ્વ શંખેશ્વરો દેવ લાધ્યો ॥ ૩ ॥

મૂર્તિ મનોહારિણી, ભવજલધિ તારિણી, નિરખત નયન આનંદ હુઓ,
પાર્શ્વ પ્રભુ ભેટીયા, પાતિક મેટીયા, લેટીયા તાહરે ચરણે જુઓ... ॥ ૪ ॥

ધન્ય વઢિયાર શંખેશ્વર નયરી,ધન્ય પાર્શ્વપુરી નયરી નૌકા,
ધન્ય તે ધન્ય તે, ધન્ય કૃત પુણ્ય તે, પાસ પૂજે સદા દેવલોકા... ॥ ૫ ॥

પાસ તું મુજ ધણી પ્રીતી મુજ બની ઘણી, વિબુધવર નયવિજય ગુરુ વખાણી,
મુક્તિપદ આપજો, આપ પદ થાપજો, **જસ વિજય** આપનો ભક્ત જાણી... ॥ ૬ ॥

### ૨૪. (રાગ - વંદના વંદના...)

પાસકી પાસકી પાસકી રે, વારી જાવું રે ચિંતામણી પાસકી રે ॥ ૧ ॥
નરક નિગોદમાં બહુ દુઃખ પામ્યો, ખબર લીનો નહીં દાસકી રે ॥ ૨ ॥
ભમત ભમત તોરે ચરણે આવ્યો, ઘો સેવા પદ આપકી રે ॥ ૩ ॥
અબહી ટેડી ગતિ ન છોડુ,લાગી સૂરત પર આસકી રે ॥ ૪ ॥
દિલકે રમણ તું દિલહી જાણે, ક્યાં કહું વચન વિલાસ કી રે ॥ ૫ ॥
અખય **ચિદાનંદ** અમૃત લીલા, દેઈ કરો ગુણ રાસ કી રે ॥ ૬ ॥

### ૨૫. ઓલગડી અવધારો
### (રાગ- હે ત્રિશલાના જાયા...)

શ્રી શંખેશ્વર અલવેસર તારી, આશ ધરી હું આવ્યો...(૨)
સેવક સાર કરો હવે સાહેબ, ચિંતામણિ મેં પાયો
ઓલગડી અવધારો, આશ ધરી હું આવ્યો....૧

દેવ ઘણા મેં સેવ્યાં પહેલા, જિહાં લગી તું નવિ મળીયો (૨)
હવે ભવાંતર પણ હું તેહથી, કિમહી ન જાઉં છલીયો....૨

અતિશય જ્ઞાનાદિક ગુણ તાહરો, દીસે છે પ્રભુ જેહવો (૨)
સૂરજ આગળ ગ્રહ ગણ દીપે, હરીહર દીસે તેહવો....૩

કલિયુગે પ્રગટ તુજ પરચો, દેખું વિઘ્ન મોઝાર (૨)
પુરિસાદાની પાર્શ્વ જિનેશ્વર, બાહ્ય ગ્રહીને તારો....૪

પુષ્કરાવર્ત ઘનાઘન પામી, ઓર છિલ્લર નવિ યાચું (૨)
કામકુંભ સાચો પામીને, કુણ કરે ચિત્તાને કાચું....૫

જરા નિવારી, જાદવ કેરી, સુરનર વર સહુ પૂજ્યા (૨)
પાર્શ્વજી પ્રત્યક્ષ દેખત દર્શન, પાપ મેવાસી ધ્રુજયા...૬

સો વાતે એક વાતડી જાણો. સેવક પાર ઉતારો (૨)
પંડિત **ઉત્તામ વિજય**નો સેવક, રામવિજય જયકારો...૭

## ૨૬. પાર્શ્વ શ્રી શંખેશ્વરા

## (રાગ : ચાંદ કી દીવાર ન તોડી)

પાર્શ્વ શ્રી શંખેશ્વરા હો તારે દ્વારે આવ્યો છું
ભાવ ભરેલા હૃદયે સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો છું...(૧)
મારું મારું કરતાં રહીને, જનમ જનમ ખોવાના છે
તારા શરણે આવીને પ્રભુ, પાપ મેલ ધોવાના છે...(૨)
ગુણથી ભરેલો નાથ તું છે, હું અવગુણથી ભરેલો છું
જેવો સમજે તેવો સ્વામી, તારી આણા વરેલો છું...(૩)
કોણ મૂકી કલ્પવેલી, આંક ધતૂરા ને ગ્રહે
કોણ તજે ચિંતામણીને, કાચ કટકા સંગ્રહે...(૪)
શ્રી શંખેશ્વર પાર્શ્વ મુજને, પૂરવ પુણ્યોદયે મળ્યા
નય ભવોભવ દાસ તાહરો, મનના મનોરથ સવિ ફળ્યા...(૫)

## ૨૭. શંખેશ્વરા સાહિબ સાચો.

### (રાગ : મહાવીર પ્રભુ ઘેર આવે એ દેશી)

નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતા શીતલ શ્રવણાં,
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલ્લસે વયણાં રે,
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આસરો કાચો રે....૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રૂચિપણું લીજે
અરિહાપદ પજજવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે....૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો,
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણિલોકમાં વયણે ગવાશો રે....૩

એમ દામોદર જિનવાણી, આષાઢી શ્રાવકે જાણી,
જિન વંદી નિજ ઘેર આવે, પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે...૪

ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે,
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાં લાવે રે....૫

ઘણા કાલ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને,
નાગલોકના કષ્ટ નિવાર્યા, જયારે પાર્શ્વ પ્રભુજી પધાર્યા રે....૬

યદુ સેન રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાયે વૈરી,
જરાસંઘે જરા તવ મેલી, હરિ બલ વિના સઘળે ફેલી રે....૭

નેમીશ્વર ચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી,
તૂઠી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે....૮

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રુજી,
છંટકાવ ન્હવણ-જલ જોતી, જાદવની જરા જાય રોતી રે....૯

શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે,
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે....૧૦

રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવાંછિત પૂરે,
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈને રાજે રે....૧૧

નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ,
રાજનગરથી સંઘ ચલાવે, ગામો ગામના સંઘ મિલાવે રે....૧૨
અઢાર અઠ્ઠોતેર વરસે, ફાગણ વદી તેરસ દિવસે,
જિન વંદી આનંદ પાવે, શુભવીર વચન રસ ગાવે રે.....૧૩

## ૨૮.પ્યારો પારસનાથ પુજાઓ રસિયા

### (રાગ : મારા સાહિબાની પાઘડીએ)

પ્યારો પારસનાથ પુજાઓ રસીયા...પ્યારો...
પારસનાથ કે શિરપર સોહે,
જડિત મુગટ ફણિ ઉલ્લસીયા...૧
કેશરમેં પ્રભુ પાર્શ્વ શંખેશ્વર,
રહે ગરકાવ મેરે દિલ વસીયા...૨
ચિહું દિશિ દિપક જયોતિ બિરાજે,
પાપ તિમિર તો જાય ખસીયા...૩
વઢિયાર દેશમેં તીકો એ સાહિબ,
લીઇ તીન ભુવન કો જે તરીયા...૪
યદુકુલકી જેણે જરા નિવારી,
કમઠ કઠોર કો મદ ધસીયા....૫
જગપતિએ જીનરાજને જોતાં,
મેરે નેન કમલ દોનું હસીયા...૬
ઉદયરતન ચા પ્રભુને નમવા,
સંઘ આવે બહુ ધસમસીયા....૭

## ૨૯. શ્રી પાસજી પ્રગટ પ્રભાવી

(રાગ : એ મેરે વતન કે લોગો....)

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે,
મનમોહના જિનરાયા, સુરનર કિન્નર ગુણ ગાયા રે
જે દિનથી તુજ મૂરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી રે....૧
મટકાળું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે,
સમતા રસ કેરાં કચોલાં, નયણાં દીઠે રંગરોલાં રે....૨
હાથે ન ધરે હથિયાર, નહિ જપમાલાનો પ્રચાર રે,
ઉત્સંગે ન ધરે વામા, તેહથી ઉપજે સવિ કામા રે....૩
ન કરે ગીત નૃત્યના ચાલા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે,
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજા રે....૪
ઈમ મૂરતિ તુજ નિરૂપાધિ, વીતરાગપણે કરી સાધી રે,
કહે **માનવિજય** ઉવજ્ઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે....૫

## ૩૦. સુણો પાર્શ્વ જિનેશ્વર સ્વામી

(રાગ : એ મેરે વતન કે લોગો....)

સુણો પાર્શ્વ જિનેશ્વર સ્વામી, અલવેસર અંતરયામી,
હું તો અરજ કરૂં શિરનામી, પ્રભુ સાથે અવસર પામી,
હો સ્વામી, તારો તારો પ્રભુજી મને તારો...૧
મુજને ભવસાગર તારો, ચિંહું ગતિના ફેરા વારો,
કરૂણા કરી પાર ઉતારો, એ વિનંતિ મનમાં ધારો...૨
સંસારે સાર ન કાંઈ, સાચો એક તું હી સખાઈ,
તે માટે કરી થિરતાઈ, મેં તુજ ચરણે લય લાઈ....૩
તારક તું જગત પ્રસિદ્ધો, પહેલા પણ તેં જસ લીધો,
તુજ સેવકને શિવસુખ દીધો, એક મુજ અંતર શું કીધો....૪

ઈમ અંતર તે ન કરેવો, સેવકને શીવસુખ દેવો,
અવગુણ પણ ગુણ કરી લેવો, હેત આણી બાહ્ય ગ્રહેવો....૫
તારો સેવક ચૂકે કોઈ ટાણે, પણ સાહીબ મનમાં ન આણે,
નિજ અંગીકૃત પરમાણે, પોતાનો કરી ને જાણે....૬
તું ત્રિભુવનનાથ કહેવાયો, ઈમ જાણીને જિનરાય,
દ્યો ચરણ સેવા સુપસાય, જિમ **હંસ રતન** સુખ થાય...૭

### ૩૧.આઈ બસો...

આઈ બસો ભગવાન મેરે મન આઈ બસો ભગવાન,
મૈ નિર્ગુણી ઈતના માગત હું, થાયે મેરા કલ્યાણ ....૧
મેરે મન કી તુમ સબ જાનો, ક્યાં કરૂં આપસે બ્યાન,
વિશ્વ હિતેષી દિન દયાળું, રખીયે મુજ પર ધ્યાન ....૨
ભોગાધિન હોવત મન મેલું, બિસરી તુમ ગુણ ગાન,
વહાંસે છોડાવો હૃદયે આઈ, અરિભંજક ભગવાન ....૩
આપ કૃપાસે તર ગયે કેઈ, રહ ગયા મે દર્દવાન,
નિગાહ રખકે નિર્મલ કીજે, ધનવંતરી ભગવાન . ૪
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, દીજિયે તુમ ગુણ ગાન,
ઈન્હિ સહારે '**ચિદ ઘન**' દેવા, બનુંગા આપ સમાન....૫

### ૩૨.પાસ પ્રભુ રે

પાસ પ્રભુ રે ! તુમ હમ શિરકે મોર.....
જો કોઈ સિમરે શંખેશ્વર પ્રભુ રે, હારેગા પાપના ચોર. પાસ૦ ૧
તું મનમોહન ચિદઘન સ્વામી, સાહેબ ચંદ ચકોર. પાસ૦ ૨
ત્યું મન વિકસે ભવિજન કેરો, કાટેગા કર્મ હીડોર. પાસ૦ ૩
તુંમ મુજ સુનેગા દીલકી બાતાં, તારોગે નાથ ખરોર. પાસ૦ ૪
તું મુજ **આતમ આનંદ** દાતા, ધ્યાતા હું તુમરા કિશોર. પાસ૦ ૫

### ૩૩.અજબ બની હૈ

અજબ બની હૈ મૂરતી જિનકી, ખૂબ બની રે સૂરત પ્રભુકી. અ૦ ૧
નીરખત નયનથી ગયો ભય મારે, મિટ ગઈ પલકમેં મૂઢતા મનકી.અ૦૨
અંગ અનોપમ અંગિયા ઓપે, ઝગમગ જ્યોતિ જડાવ રતનકી. અ૦ ૩
પ્રભુકી મહેર નજર પર વારૂં, તન મન સબ કોડા કોડી ધનકી. અ૦ ૪
અહનિશ આણ વહે સુરપતિ શિર, મનમોહન અશ્વસેન સુતનકી.અ૦૫
**ઉદયરત્ન** પ્રભુ પાસ શંખેશ્વર, માન લીજો ખિજમત સબ દીનકી. અ૦૬

### ૩૪.કૃપા કરો શંખેશ્વર સાહિબ

કૃપા કરો શંખેશ્વર સાહિબ, ગુણધામી, અંતરયામી
શંખેશ્વર પુર માંહે બિરાજે, છાજે તખત પર શિવગામી...૧
આનંદ પદ દાયક નાયક, પરમ નિરંજન ધનનામી...૨
તુ અવિનાશી સહેજ વિલાસી, જિતકામી ધ્રુવપદરામી...૩
પરમ જ્યોતિ પરમાતમ પૂરણ, પૂરણાનંદ મય સ્વામી...૪
પ્રગટ પ્રભાકર ગુણમણી આગર, જગજનના છો વિસરામી...૫
કાલ અનાદિ આનંદે સાહિબ, તુંમ મુરત હુ પુણ્યે પામી...૬
અબ દ્યો અમૃત પદ સેવા, રંગ કહે શિરનામી...૭

### ૩૫.સુખદાઈ રે સુખદાઈ....

**(રાગ : પ્રભાતી...)**

સુખદાઈ રે સુખદાઈ, રે દાદો પાસજી સુખદાઈ ...૧
ઐસૌ સાહિબ નહી કોઉ જગમેં, સેવા કીજે દિલ લાઇ ...૨
સબ સુખદાયક એહી જ નાયક, એહી સાયક સુસહાઈ
કિંકર કુ કરે શંકર સરીખો, આપે આપની ઠુકરાઈ...૩

મંગલ રંગ વધે પ્રભુ દયાને, પાપવેલી જાયે કરમાઇ
શીતલના પ્રગટે ઘટ અંતર,મીટે મોહકી ગરમાઇ...૪

કહા કરૂ સુર તરૂ ચિંતામણી કું, જો મેં પ્રભુ સેવા પાઇ
શ્રી **જસવિજય** કહે દર્શન દેખ્યો, ઘર અંગન નવ નિધિ આઈ...૫

## ॥ શ્રી મહાવીર સ્વામી ભગવાનના સ્તવનો ॥

### ૧. (રાગ - પ્રાચીન)

રૂડી ને રઢીયાળી રે, વીર તારી દેશના રે ॥ એ તો ભલી
યોજનમાં સંભળાય, સમકિત બીજ આરોપણ થાય ॥ રૂડી ને ॥ ૧ ॥

ષટ્ મહિનાની રે ભુખ તરસ શમે રે, સાકર દ્રાક્ષ તે હારી જાય,
કુમતિ જનના મદ મોડાય ॥ રૂડી ને ॥ ૨ ॥

ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહે ભલી સપ્તભંગી વિખ્યાત ।
નિજ નિજ ભાષાએ સમજાય.॥ રૂડી ને ॥ ૩ ॥

પ્રભુજીને ધ્યાતા રે શિવપદવી લહે રે,
આતમ ઋદ્ધિનો ભોક્તા થાય, જ્ઞાનમાં લોકાલોક સમાય ॥ રૂડી ને ॥ ૪ ॥

પ્રભુજી સરીખા રે દેશક કો નહીં રે, એમ સહુ જિન ઉત્તમ ગુણ ગાય,
પ્રભુપદ **પદ્મને** નિત્ય નિત્ય ધ્યાય. ॥ રૂડી ને ॥ ૫ ॥

### ૨. (રાગ - તેરે દ્વાર ખડા ભગવાન્)

માતા ત્રિશલા નંદ કુમાર, જગતનો દીવો રે,
મારા પ્રાણ તણો આધાર, વીર ઘણું જીવો રે ।
આમલ કી ક્રીડાયે રમતાં,હાર્યો સુર પ્રભુ પામી રે,
સુણજો ને સ્વામી આતમરામી, વાત કહું છું શિર નામી રે ॥ ૧ ॥

સુધર્મા સુરલોકે રહેતાં, અમો મિથ્યાત્વે ભરાણાં રે,
નાગદેવની પૂજા કરતાં, શિર ન ધરી પ્રભુ આણા રે ॥ ૨ ॥

એક દિન ઈન્દ્રસભામાં બેઠા,સોહમપતિ એમ બોલે રે,
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે ॥ ૩ ॥

સાચું સાચું સહુ સુર બોલ્યા,પણ મેં વાત ન માની રે,
ફણીધર ને લઘુ બાલક રૂપે, રમત રમીયો છાની રે ॥ ૪ ॥

વર્ધમાન તુમ ધૈરજ મોટુ, બલ માં પણ નહિ કાચું રે,
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે ॥ ॥ ૫ ॥

એકજ મુષ્ઠિ પ્રહારે મ્હારૂં, મિથ્યાત્વ ભાગ્યું જાય રે,
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે ॥ ॥ ૬ ॥

આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તારો રે,
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણ થકી તું પ્યારો રે ॥ ॥ ૭ ॥

મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગે સિધાવે,
**"મહાવીર પ્રભુ"** નામ ધરાવે, ઈન્દ્રસભા ગુણ ગાવે રે ॥ ॥ ૮ ॥

પ્રભુ મલપંતા નિજ ઘેર આવે, સરિખા મિત્ર સોહાવે રે,
**શ્રી શુભવીરનું** મુખડું નીરખી, માતાજી સુખ પાવે રે ॥ ॥ ૯ ॥

**૩. (રાગ - પ્રાચીન)**

સિદ્ધારથના રે નન્દન વિનવું, વિનતડી અવધાર ।
ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ ॥
હવે મુજ પાર ઉતાર । સિદ્ધા. ॥ ૧ ॥

ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સન્તાપ ।
દાન દિયંતા રે, પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ ॥ ૨ ॥

ચરણ-અંગૂઠે રે મેરૂ કંપાવીયો, મોડ્યા સુરનાં રે માન ॥
અષ્ટ કરમના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન ॥ ॥ ૩ ॥

શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કુખે રતન ।
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તુમે ધન્ય ધન્ય ॥ ૪ ॥

વાચક-શેખર કીર્તિવિજય ગુરૂ,પામી તાસ પસાય ।
ધર્મ તણા એ જિન ચોવીશમાં, **વિનય વિજય** ગુણ ગાય ॥ ॥ ૫ ॥

**૪. (રાગ-દરબારી અને ધનાશ્રી)**

ગિરૂઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મલ થાયે કાયા રે ॥ ૧ ॥

તુમ ગુણગણ ગંગાજલે, હું ઝીલીને નિર્મલ થાઉં રે,
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે ॥ ૨ ॥

ઝીલ્યા જે ગંગાજલે,તે છિલ્લર જળ નવિ પેસે રે,
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે । ॥ ૩ ॥

એમ અમે તુમ ગુણ ગોઠશું,રંગે રાચ્યા ને વળી માચ્યા રે
તે કેમ પર સુર આદરે, જે પરનારી વશ રાચ્યાં રે ॥ ૪ ॥

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક **યશ** કહે માહરે, તું જીવ જીવન આધારો રે । ॥ ૫ ॥

**૫. (રાગ - ચાર દિવસના...)**

મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો, હું છું દુઃખિયો અપાર ।
ભવોભવ ભટક્યો રે વેદના બહુ સહી, ચઉગતિમાં બહુ વાર ॥ ૧ ॥

જન્મમરણનું રે દુઃખ નિવારવા, આવ્યો આપ હજુર ।
સમ્યગ્દર્શન જો મુજને દીયો, તો લહુ સુખ ભરપૂર ॥ ૨ ॥

રખડી રઝળી રે હું અહીં આવીયો, સાચો જાણી તું એક ।
મુજ પાપીને રે પ્રભુજી તારજો, તાર્યા જેમ અનેક ॥ ૩ ॥

ના નહીં કહેશો રે મુજને સાહિબ, હું છું પામર રાંક ।
આપ કૃપાળુ રે ખાસ દયા કરી, માફ કરજો મુજ વાંક ॥ ૪ ॥

ભુલ અનંતી રે વાર આવી હશે, માફ કરજો મહારાજ ।
ઉદયરત્ન એમ લળી લળી વિનવે, બાહ્ય ગ્રહો રાખી લાજ ॥ ૫ ॥

### ૬. (રાગ - ધનધન શ્રી અરિહંતને રે...)

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ધણી રે,
વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારો ને,

પરિક્રમણ મેં અનંતા રે કીધા, હજુએ ન આવ્યો છેડલો રે,
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ ભમ્યા રે,
વીર મને તારો... ॥ ૧ ॥

તમે અમે વાર અનંતી રે વેળા, રમીયા સંસારી પણે રે,
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો અમને તુમ સમ કરો રે. ॥ ૨ ॥

તુમ સમ અમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે,
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણુ રીજીએ રે. ॥ ૩ ॥

ઈંદ્ર જાળીયો કહેતો રે આવ્યો, ગણધર પદ તેહને દીયો રે,
અર્જુન માળી જે ઘોર પાપી, તેહને જિન તમે ઉદ્ધર્યો રે. ॥ ૪ ॥

ચંદનબાળાએ અડદના બાકુળા, પડિલાભ્યા તમને પ્રભુ રે,
તેહને સાહુણી સાચી રે કીધી, શિવવધુ સાથે ભેળવી રે. ॥ ૫ ॥

ચરણે ચંડકોશિયો ડશીયો, કલ્પ આઠમે તે ગયો રે,
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, તુમ સન્મુખ આવી રહ્યો રે. ॥ ૬ ॥

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરિખા ગણો રે,
ભેદભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એક મેકશું રે. ॥ ૭ ॥

મોડા વહેલા પણ તુમ હી જ તારક, હવે વિલંબ શા કારણે રે,
અજ્ઞાન તણા ભવના પાપ મિટાવો, વારી જાઉં **વીર** તોરા વારણે રે. ॥ ૮ ॥

### ૭. (રાગી - દેખ તેરે સંસાર કી હાલત)

દિન દુ:ખિયાનો તું છે બેલી તું છે તારણ હાર
તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર
રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર ॥ ૧ ॥

ચંડકોશિયો ડસિયો જયારે, દૂધની ધારા પગથી નીકળે
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશિયો આવ્યો શરણે
ચંડકોશિયાને તેં તારીને, ઘણો કીધો ઉપકાર ॥ ૨ ॥

કાનમાં ખીલા ઠોક્યા જયારે, થઈ વેદના પ્રભુને ભારે
તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાળીયાનો વાંક ન લગારે,
ક્ષમા આપીને તે જીવોને, તારી દીધો સંસાર ॥ ૩ ॥

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખોથી આંસુ ધારા વહાવે,
ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ જગમાં મારે
પશ્ચાતાપ કરતાં કરતાં, ઉપન્યું કેવળ જ્ઞાન ॥ ૪ ॥

**જ્ઞાનવિમલ** ગુરૂ વયણે આજે, ગુણ તમારા ભાવે ગાવે,
થઈને સુકાની તું પ્રભુ આવે, ભવ જલ નૈય્યા પાર કરાવે,
અરજી સ્વીકારી દિલમાં ધારી, કરૂં હું વંદન વારંવાર ॥ ૫ ॥

### ૮. (રાગ - રઘુપતિ રાઘવ રાજા રામ)

જય વીર, જય વીર, જય મહાવીર, ભવ ભય ભંજન જય મહાવીર ॥ ૧ ॥
ત્રિશલાનંદન મહાબલ ધીર, પાર ઉતારો ભવજલ તીર ॥ ૨ ॥
શરણે આવ્યો હું મહારાજ, બાહ્ય ગ્રહ્યાની રાખો લાજ ॥ ૩ ॥
તું ઠાકોર હું તારો દાસ, રાખો તુમ ચરણોની પાસ ॥ ૪ ॥
**ગૌતમ** ગણધર કહે જિનરાજ, મહેર કરો મુજ પર મહારાજ ॥ ૫ ॥

### ૯. (રાગ - ચતુર સનેહી મોહના...)

આવ આવ રે, માહરા મનડા માંહે, તું છે પ્યારો રે।
હરિહરાદિક દેવહૂંથી, તું છે ન્યારો રે ॥ ૧ ॥

અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે।
હું નમું તુંને ગમે મુને, સાથ તારો રે ॥ ૨ ॥

ગ્રહી સાહી મીઠડા માહરા, હાથ વેરી વારો રે।
દ્યો દ્યો ને દર્શન દેવ મુને, દ્યો ને લારો રે ॥ ૩ ॥

તું વિના ત્રિલોકમેં કેહનો, નથી ચારો રે।
સંસાર પારાવારનો સ્વામી, તું હી આરો રે ॥ ૪ ॥

ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં,તું છે સારો રે।
તાર તાર મુને તાર, ભવજલ પાર ઉતાર રે. ॥ ૫ ॥

### ૧૦.મારા લાખેણા સ્વામી

ચરણ નમી જિનરાજનાં રે, માંગું એક પસાય
મારા લાખેણા સ્વામી તમને વિનવું રે
મહેર કરો મારા નાથજી રે, દાસ ધરો દિલમાંય
મારા લાખેણા સ્વામી રે તમને વિનવું રે (૧)
પતિત ઘણાં તે ઉદ્ધર્યા રે, બિરુદ ગરીબ નિવાજ
એક મુજને વિસારતાં રે, શ્યે ન લાવો પ્રભુ લાજ..મારા...(૨)
ઉત્તમ જન ધન સારીખા રે, નવિ જોવે ઠામ-કુઠામ
પ્રભુ સુનજર કરુણા થકી રે, લહીએ અવિચલ ઠામ..મારા..(૩)
સુત સિદ્ધારથ રાયનો રે, ત્રિશલા નંદન વીર
વરસ બહોંતેર આઉખું રે, કંચનવાન શરીર.... મારા....(૪)
મુખ દેખી પ્રભુ તાહરું રે, પામ્યો પરમાનંદ,
હૃદય કમળનો હંસલો રે, મુનિજન કૈરવચંદ.... મારા.... (૫)

તું સમરથ શીર નાહલો રે, તો વાધે જશ પૂર,
જિત નિશાનના નાદથી રે, નાઠા દુશ્મન દુર.... મારા... (૬)

શ્રી સુમતિ સુગુરુ પદ સેવના રે, કલ્પતરુની છાંય
રામ પ્રભુ જિન વીરની રે છે, અવલંબનની બાહ્ય...મારા....(૭)

**૧૧. ત્રિશલાનંદન....**

**(રાગ- ગોરી હૈ કલાઈયા)**

ત્રિશલાનંદન વંદન કરીયે, સમરીએ શ્રી વર્ધમાન રે
ભવદુઃખ હરવા, શિવસુખ વરવા, કરીયે નિત્ય ગુણગાનરે...(૧)

જગ ઉપકારી સહુ સુખકારી, શાસનનાં સુલતાન રે
જન્મ થતાં જેણે સહુને આપ્યું, પૂરણ શાંતિ સ્થાન રે....(૨)

બાળપણામાં ચરણ અંગૂઠે, મેરુ ડગાવ્યો જાણ રે
આપણે નમીયે નેહે નિશદિન, તે શ્રી વીર ભગવાન રે...(૩)

આમલકી ક્રીડામાં નક્કી, આવ્યો સુર અજ્ઞાન રે,
અતુલ બળ શ્રી જિનનું જાણી, નાઠો તજી નિજ માન રે...(૪)

સંગમ સુરના ઉપસર્ગોથી, અડગ રહ્યા ધૈર્યવાન રે,
કર્મ બિચારે બાંધ્યાનાં આંસુ, પાડે પ્રભુ વર્ધમાન રે....(૫)

ચંદનબાળા સતી સુકુમાલા, બાકુળાનું દાન રે,
લોહની બેડી તોડી ઉદ્ધરી, ઉરમાં ધરીને ધ્યાન રે... (૬)

ગુણ અનંતા એ વીર કેરા, ગાઓ થઈ મસ્તાન રે,
ભક્તિ ભાવે વીર ચરણમાં, આવી કરી ગુલતાન રે.... (૭)

**("વૈરાગ્ય ભાવના" આ પુસ્તકમાં આ સ્તવન
પૂ. આ. ભક્તિસૂરિજીએ રચેલ છે. એમ ઉલ્લેખ મળે છે.)**

## ૪૨. આજ જિનરાજ મુજ કાજ

(રાગ- તાર મુજ તાર મુજ...)

આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે,
તું કૃપાકુંભ જો મુજ તુઠયો,
કલ્પતરૂ કામઘટ કામઘેનુ મિલ્યો,
આંગણે અમીયરસ મેહ વુઠયો...૧

વીર તું કુંડપુરનયર ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ ત્રિશલા તનૂ જો,
સિંહ લંછન કનક વર્ણકર સમ તનુ
તુજ સમો જગતમાં કો ન દૂજો...૨

સિંહપરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયુ બહોંતર વરસ, પૂર્ણ પાલી,
પુરી અપાપાયે નિષ્પાપ શિવવહૂ વર્યો,
તિહાં થકી પર્વ પ્રગટી દીવાલી...૩

સહસ તુજ ચૌદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીશ રાજે,
યક્ષ માતંગ સિદ્ધાયિકા વરસુરી,
સકલ તુજ ભવિકની ભીતિ ભાંજે....૪

તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વવેલી,
આવિયો ભાવિયો ધરમપંથ હું હવે,
દીજિયે પરમપદ હોઈ બેલી....૫

સિંહ નિશદિહ જો હૃદયગિરિ મુજ રમે,
તું સુગુણલીહ અવિચલ નિરિહો,
તો કુમતરંગ માતંગના જૂથથી,
મુજ નહિ કોઈ લવલેશ બીહો.....૬

ચરણ તુજ શરણમેં ચરણ ગુણનિધિ ગ્રહ્યા,
ભવતરણ કરણદમ શર્મ દાખો,
હાથ જોડી કહે **જશવિજય** બુધ ઈશ્યું,
દેવ નિજ ભવનમાં દાસ રાખો.......૭

## ૧૩. નારે પ્રભુ નહી માનુ

### (રાગ - તારો મને સાંભળશે સથવારો)

ના રે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ,
માહરે તારૂં વચન પ્રમાણ, ના રે પ્રભુ (એ આંકણી)
હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગ માંય રે,
ભામિની ભ્રમર ભૃકુટિએ ભૂલ્યા, તે મુજને ન સુહાય....૧

કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે,
કેઈક મદ માયાના ભરીયા, કેમ કરીએ તસ સેવ....૨

મુદ્રા પણ તેહમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માત્ર રે,
જે દેખી દીલડું નવિ રીઝે, શી કરવી તસ વાત....૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, તું જીવ જીવન આધાર રે,
રાત-દિવસ સુપનાંતર માંહિ, તું મારે નિરધાર.....૪

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલ રે,
જગબંધવ એ વિનતિ મારી, મારાં ભવનાં દુઃખ ટાલ....૫

ચોવીશમાં પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે,
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહિ આણંદ...૬

સુમતિવિજય કવિરાયનો રે, **રામવિજય** કર જોડ રે,
ઉપકારી અરિહંતજી માહરા, ભવોભવના બંધ છોડ....૭

## ॥ સામાન્ય જિન સ્તવનો ॥

### ૧. (રાગ - આશાવરી)

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું ॥ ટેક ॥
હૃદય કમલમેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું ॥ ૧ ॥
તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહી કબહું ॥ ૨ ॥
તેરે ગુણકી જપું જપમાલા, અહનિશ પાપ દહું ॥ ૩ ॥
મેરે મનકી તુમ સબ જાનો, ક્યા મુખ બહુત કહું ॥ ૪ ॥
કહે **જસ વિજય** કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું ॥ ૫ ॥

### ૨. (રાગ - પ્રાચીન)

જિણંદા પ્યારા, મુણિંદા પ્યારા, દેખો રે જિણંદા
ભગવાન્, દેખો રે જિણંદા પ્યારા ॥ ૧ ॥
સુંદર રૂપ સ્વરૂપ બિરાજે, જગનાયક ભગવાન્ ॥ ૨ ॥
દરસ સરસ નિરખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાણ ॥ ૩ ॥
શોક સંતોપ મિટ્યો અબ મેરો, પાયો અવિચલ ઠાણ ॥ ૪ ॥
સફલ ભઈ મેરી આજ કી ઘડીયાં, સફલ ભયે નૈન પ્રાણ ॥ ૫ ॥
દરિસણ દેખ મીટ્યો દુઃખ મેરો, **આનંદઘન** અવતાર ॥ ૬ ॥

### ૩. (રાગ - માલકોષ)

ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી, ॥ આંકણી ॥
ક્રોધ લોભ મદ માન વિષય રસ, છાંડત ગેલ ન મેરી ॥ ૧ ॥
કર્મ નચાવે તિમહી નાચત, માયાવશ નટ ચેરી ॥ ૨ ॥
દ્રષ્ટિરાગ દ્રઢ બંધન બાંધ્યો, નિકસન ન લહી સેરી ॥ ૩ ॥
કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી ॥ ૪ ॥
કહત **માન જિન** ભાવ ભગતિ બિન, શિવ ગતિ હોત ન મેરી... ॥ ૫ ॥

### ૪. (રાગ - ચલતી)

આજ મારા પ્રભુજી સામુ જુવોને, સેવક કહીને બોલાવો રે,
એટલે હું મનગમતું પામ્યો, રુઠડાં બાળ મનાવો, ॥ ૧ ॥

પતિત પાવન શરણાગત વત્સલ, એ જસ જગમાં ચાવો રે
મન રે મનાવ્યા વિણ નહીં મુકું, એહીજ મારો દાવો રે. ॥ ૨ ॥

કબજે આવ્યા તે નહિ મુકું,જીહાં લગે તુમ સમ થાવો રે
જો તુમ ધ્યાન વિના શિવ લહીયે, તો તે દાવ બતાવો રે. ॥ ૩ ॥

મહાગોપ ને મહાનિર્યામિક, એવા એવા બિરુદ ધરાવો
તો તુમ સેવકને ઉદ્ધરતાં, બહું બહું શું કહાવો રે ॥ ૪ ॥

**જ્ઞાનવિમલ** ગુણનો નિધિ મહિમા, મંગલ એ હી વધાવો રે,
અચલ અભેદપણે અવલંબી, અહોનિશ એહી દિલ ધ્યાવો રે. ॥ ૫ ॥

### ૫. (રાગ - ભૈરવી - ઓ સાથી રે...)

જીણંદા ! વે દિન ક્યું ન સંભારે,
સાહિબ તુમ અમ સમય અનંતો, ઈકઠા ઈણ સંસારે ॥ ૧ ॥

આપ અજર અમર હોઈ બૈઠે, સેવક કરીયે કિનારે,
મોટા જેહ કરે તે છાજે, તિહાં કુણ તુમને વારે ॥ ૨ ॥

ત્રિભુવન ઠકુરાઈ અબ પાઈ, કહો તુમ્હ વિણ કુણ સારે,
આપ ઉદાસ ભાવ મેં આયે, દાસકું ક્યું ન સુધારે ॥ ૩ ॥

તુંહી તુંહી તુંહી, તુંહી, યુંહી જે ચિત ધારે,
યાહી હેતુ જે આપ સ્વભાવે, ભવજલ પાર ઉતારે ॥ ૪ ॥

**જ્ઞાનવિમલ** ગુણ પરમાનંદે, સકલ સમીહિત સારે,
બાહ્ય અભ્યંતર ઈતિ ઉપદ્રવ, અરિયણ દૂર નિવારે ॥ ૫ ॥

### ૬. (રાગ - યે હૈ પાવન ભૂમી..)

એસી દશા હો ભગવાન્, જબ પ્રાણ તન સે નિકલે...
ગિરિરાજ કી હો છાયા, મનમેં ન હોવે માયા
તપ સે હો શુદ્ધ કાયા, જબ પ્રાણ તન સે નિકલે... એસી. ॥ ૧ ॥

ઉર મેં ન માન હોવે, દિલ એક તાન હોવે
પ્રભુ ચરણ ધ્યાન હોવે, જબ પ્રાણ તન સે નિકલે... એસી. ॥ ૨ ॥

સંસાર દુઃખ હરણા, જિન ધર્મ કા હો શરણાં
હો કરમ ભરમ હરણા,જબ પ્રાણ તન સે નિકલે... એસી. ॥ ૩ ॥

અનશન કો સિદ્ધવટ હો, પ્રભુ આદિ દેવ ઘટ હો
ગુરુરાજ ભી નિકટ હો, જબ પ્રાણ તન સે નિકલે... એસી. ॥ ૪ ॥

યહ દાન મુઝકો દીજે, ઈતની દયા તો કીજે
અરજી **તિલકકી** લીજે, જબ પ્રાણ તન સે નિકલે... એસી. ॥ ૫ ॥

### ૭. (રાગ - મેરા જીવન કોરા કાગજ)

સકલ સમતા સુરલતાનો, તું હી અનોપમ કંદ રે ।
તું હી કૃપારસ કનક કુંભો, તું હી જિણંદ મુણિંદ રે ॥ ૧ ॥

પ્રભુ તું હી તું હી તું હી તું હી તું હી ધરતા ધ્યાન રે ।
તુજ સ્વરૂપી જે થયા, તેણે લહ્યું તાહરૂં તાન રે ॥ ૨ ॥

તું હી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામ રે ।
પાર ભવનો તે પામે, એહ અચરિજ ઠામ રે ॥ ૩ ॥

જન્મ પાવન આજ મ્હારો, નિરખિયો તૂજ નૂર રે ।
ભવો ભવ અનુમોદના જે, હુઓ આપ હજૂર રે ॥ ૪ ॥

એહ માહરો અખય આતમ, અસંખ્યાત પ્રદેશ રે ।
તાહરા ગુણ છે અનંતા, કિમ કરું તાસ નિવેશ રે ॥ ૫ ॥

એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસ રે ।
એમ કરી તુજ સહજ મીલત, હુએ જ્ઞાન પ્રકાશ રે ॥ ૬ ॥

ધ્યાન ધ્યાતા ધ્યેય એકે, ભાવ હોય એમ રે ।
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોએ ક્ષેમ રે ॥ ૭ ॥

શુદ્ધ સેવા તાહરી જે, હોય અચલ સ્વભાવ રે ।
**જ્ઞાનવિમલ સૂરીન્દ પ્રભુતા**, હોય સુજસ જમાવ રે ॥ ૮ ॥

### ૮. (રાગ - શાસ્ત્રીય)

પ્રભુ પેખી, મેરો મન હરખે ॥ આંકણી ॥
તુમ બીન કહીં ઓર ન ધ્યાવત, રસના તુમ ગુણ ફરસે ॥ ૧ ॥
તેરા હી ચરણ શરણ કરી જાનત,તુમ બીન મુજ કિમ સરસે ॥ ૨ ॥
પતિત પાવન જગત ઉદ્ધારક, બિરુદ કિમ કરી ફરસે ॥ ૩ ॥
જે ઉપકાર કરણ કો જાયા, તે અપકારને કરશે ॥ ૪ ॥
**જ્ઞાન વિમલ** પ્રભુ સહજ કૃપાથી, કેવલ કમલા વરશે. ॥ ૫ ॥

### ૯. (રાગ - આશાવરી)

ભક્તિ સદા સુખદાઈ પ્રભુજી તેરી ॥ આંકણી ॥
અવિધિ આશાતના દૂર કરીને, જે કરે મન નિરમાઈ ॥ ૧ ॥
ઘર આંગણ પર સ્વર્ગતણા સુખ, નર સુખ બહુત સદાઈ ॥ ૨ ॥
સૌભાગ્યાદિક સહજ સુભગતાં, સહચરી પર ચતુરાઈ ॥ ૩ ॥
દુસ્તર ભવજલનિધી સુખો તરવા, દૂર અરતિ પલાઈ ॥ ૪ ॥
મન વચ તનું કરી ભવોભવ ચાહું, એહીજ સુકૃત કમાઈ ॥ ૫ ॥
જ્ઞાન વિમલ ગુણ પ્રભુતા પામી, શિવસુંદરી સો મળી આઈ ॥ ૬ ॥

### ૧૦. (રાગ - ભીમપલાશ)

પ્રગટ્યો પૂરણ રાગ પ્રભુ શું, પ્રગટ્યો પૂરણ રાગ
જિન ગુણ ચંદ્ર કિરણ શું ઉમટ્યો, સહજ સમુદ્ર અથાંગ ॥ ૧ ॥

ધ્યાતા ધ્યેય ભયે દોઉ એક હી, મિટ્યો ભેદકો ભાગ
કુળ વિદારી ચલે જબ સરિતા, તબ નહી રહત તડાગ ॥ ૨ ॥

પૂરન મન સબ પૂરન દીસે, દુવિધા કો નહીં લાગ
પાઉ ચલત પનહિ જો પહેરે, તસ નહીં કંટક લાગ ॥ ૩ ॥

ભયો પ્રેમ લોકોત્તર જુઠો,લોક બંધ કો ત્યાગ
કહો કોઉ કછુ હમ નવી રૂચી, છુટી એક વીતરાગ ॥ ૪ ॥

વાસિત હૈ જિન ગુણ મુજ દિલકુ, જૈસો સુરતરુ બાગ
ઔર વાસના લગે ન તાંકુ,**જસ** કહે તું બડભાગ ॥ ૫ ॥

**૧૧. (રાગ - ભીમપલાશ)**

આનંદ કી ઘડી આઈ સખીરી, આજ આનંદ કી ઘડી આઈ,
કરકે કૃપા પ્રભુ દર્શન દીનો, ભવકી પીડ મિટાઈ,
મોહ નિદ્રાસે જાગ્રત કરકે, સત્ય કી બાત સુણાઈ,
તન મન હર્ષ ન માઈ ॥ ૧ ॥

નિત્યા-નિત્ય કા ભેદ બતાકર, મિથ્યા દ્રષ્ટિ હરાઈ,
સમ્યગ્જ્ઞાન કી દિવ્ય પ્રભાકોં, અંતર મેં પ્રગટાઈ
સાધ્ય સાધન દિખલાઈ ॥ ૨ ॥

ત્યાગ વૈરાગ સંયમ યોગસે, નિઃસ્પૃહ ભાવ જગાઈ
સર્વ સંગ પરિત્યાગ કરાકર, અલખ ધૂન મચાઈ
અપગત દુઃખ કહલાઈ ॥ ૩ ॥

અપૂર્વ કરણ ગુણ સ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ
વેદ તીનોંકા છેદ કરાકર, ક્ષીણ મોહી બનવાઈ
જીવન મુક્તિ દિલાઈ ॥ ૪ ॥

ભકતવત્સલ પ્રભુ કરૂણાસાગર, ચરણ શરણ સુખદાઈ
**જશ** કહે ધ્યાન પ્રભુ કા ધ્યાવત, અજર અમર પદ પાઈ
દ્વંદ સકલ મિટ જાઈ. ॥ ૫ ॥

## ૧૨. (રાગ - આશાવરી)

એકજ તારી આશ, જિનેશ્વર માંગું છું પ્રેમ પ્રકાશ ॥ ૧ ॥
અંધાર ભર્યા અંતરમાંહી, પૂરજો નાથ ઉજાશ ॥ ૨ ॥
આવું તરીને તુજ કને હું, ઉર તણી અભિલાષ ॥ ૩ ॥
સુખને શોધું સુખ મળેના, કેવળ દિસે આભાસ ॥ ૪ ॥
કેમ વિસારૂ **દેવ** જિનેશ્વર, જયાં લગી શ્વાસોશ્વાસ ॥ ૫ ॥

## ૧૩. (રાગ - કાફી)

જિણંદા મોરી, નૈય્યા લગા દો બેડા પાર, મૈં વિનવું વારંવાર ॥ ૧ ॥
યહ સંસાર ગહર કર સિંધુ, જાકો ન દિસે કિનાર ॥ ૨ ॥
કામ તરંગ ઉઠે અતિ ભારી, મોહ ભ્રમર મઝધાર ॥ ૩ ॥
મિથ્યામત કો ભેદ ચિંહુ દિસ, છાંય રહ્યો અંધકાર ॥ ૪ ॥
**દાસ** કવિ કરજોડી વિનવે, વેગે કરો ભવપાર ॥ ૫ ॥

## ૧૪. (રાગ - ભૈરવી)

જગતગુરૂ તારો પરમ દયાલ ॥ આંકણી ॥
જનમ-મરણ જરાદિ દુઃખજલ, ભવ સમુદ્ર ભયાલ ॥ ૧ ॥
દીન અત્રાણ અશરણ મેં હું, તું ત્રિભુવન ભૂપાલ ॥ ૨ ॥
સ્વામી તેરે શરણ મેં આયો, કૃપા નયને નિહાળ ॥ ૩ ॥
કૃપાનાથ અનાથ પીહર, ભવ ભ્રમણ ભય ટાલ ॥ ૪ ॥
**સમય સુંદર** કહત હૈ સેવક, શરણાગત પ્રતિ પાલ ॥ ૫ ॥

## ૧૫. (રાગ - માલકોષ)

મન મોહ્યું પ્રભુના ધ્યાનમાં....(આંકણી)
કાલ અનંત ન જાણ્યો જોતાં, મોહ સુરાકે પાનમાં ॥ ૧ ॥
એકેન્દ્રિય બિ-તિ ચઉરિન્દ્રિમાં, કાલ ગયો અજ્ઞાનમાં
હવે કોઈક પુણ્યોદય પ્રગટ્યો, આવી મિલ્યો તુમ ધ્યાનમાં ॥ ૨ ॥

અંતર ભરમ ગયો સવિ દૂરે, તત્વ સુધારસ પાનમાં
પ્રભુ તુમ દષ્ટિ ભઈ મોહે ઉપર, અંતર આતમ સાનમાં ॥ ૩ ॥

દરસ સરસ નિરખ્યો જિનજી કો, લગન લાગી તારે જ્ઞાનમાં
કેવલ કમલા કંત કૃપાનિધી, ઔર ન દેખ્યો જહાનમાં ॥ ૪ ॥

અશરણ શરણ જગત ઉપકારી, પરમાતમ શુચિ વાનમાં
**રામ** કહે તુમ આણ ભવોભવ, ધારી નય પરમાણમાં ॥ ૫ ॥

## ૧૬. વિનંતિ કૈસે કરૂં

વિનંતી કેસે કરું સાંઈ મોરા, (આંકણી)
ભક્તિ મારગ છે દોહીલડો, કિમ મન સ્થિર કરૂં....૧
કાલ અનાદિ વહ્યો મેરો તુમ બિન, ભવ વન માંહી ફીરૂં
અબ તો ત્રિભુવન નાયક પેખ્યો, હરખે પાય પડું....૨
કયું કરી મળશો તેહ તો બતાવો, અવળો નહિં ઝગડું,
દરિશન પીડ હે ચરણ તું મનકો, પરિચય તાસ કરું....૩
**જ્ઞાન વિમલ** ગુણગણ મોતન કો, કંઠસે હાર ધરું,
તેહના અનુભવ ચરણ વહાણસેં, ભવજલ રાશિ તરું....૪

## ૧૭. કુમતિ કાં પ્રતિમા

ભરતાદિકે ઉદ્ધારજ કીધાં, શત્રુંજય મોઝાર;
સોનાતણાં જેણે દહેરા બંધાવ્યા, રત્નતણાં બિંબ સ્થાપ્યાં,
હો ! કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી ?
એ જિનવચનને સ્થાપી. હો !...કુમતિ.૧

વીર પછી બસેં નેવું વર્ષે, સંપ્રતિરાય સુજાણ;
સવા લાખ જિન દહેરા કરાવ્યા,
સવા ક્રોડ બિંબ સ્થાપ્યા. હો !...કુમતિ. ૨

દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ ઠરાણી !
છઠ્ઠા અંગે એ વીરે ભાખ્યું,
ગણધર પૂરે છે સાખી. હો !... કુમતિ. ૩

સંવત નવસેં ત્રાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ !
આબુ તણાં જેણે દેહરા કરાવ્યાં;
પાંચ હજાર બિંબ સ્થાપ્યા. હો !... કુમતિ. ૪

સંવત અગીઆર નવાણું વર્ષે, રાજા કુમારપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા,
સાત હજાર બિંબ સ્થાપ્યાં. હો !... કુમતિ. ૫

સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાલ તેજપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા,
અગીઆર હજાર બિંબ સ્થાપ્યાં. હો !... કુમતિ. ૬

સંવત બાર બહોંતેર વર્ષે, ધન્નો સંઘવી જેહ !
રાણકપુરે જિન દેહરાં કરાવ્યાં
ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં. હો ! કુમતિ. ૭

સંવત તેર એકોતેર વરસે, સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શત્રુંજય કીધો,
અગીયાર લાખ દ્રવ્ય ખરચ્યો. હો ! કુમતિ. ૮

સંવત સોલ બ્હોંતેર વરસે, બાદશાહને વારે;
ઉદ્ધાર સોળમો શત્રુંજય કીધો,
કરમાશાએ જશ લીધો. હો ! કુમતિ. ૯

જિનપ્રતિમા જિન સરખી જાણી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી !
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો,
વાચક જશની એ વાણી. હો ! કુમતિ. ૧૦

## ॥ શ્રી સીમંધર સ્વામીના સ્તવનો ॥

### ૧. સુણો ચંદાજી

સુણો સંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો !
મુજ વિનતડી ! પ્રેમ ધરીને એણી પેરે તુમે સંભળાવજો !
જે ત્રણ ભુવનનો નાયક છે,જસ ચોસઠ ઈન્દ્ર પાયક છે,
જ્ઞાન-દર્શન જેહને ક્ષાયક છે, સુણો ચન્દાજી ॥ ૧ ॥

જેની કંચન વરણી કાયા છે,જસ ધોરી-લંછન પાયા છે ।
પુંડરીગિણી નગરીનો રાયા છે, સુણો ચન્દાજી ॥ ૨ ॥

બાર પર્ષદામાંહી વિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે ।
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે, સુણો ચન્દાજી ॥ ૩ ॥

ભવિજનને જે પડિબોહે છે, જસ અધિક શીતલ ગુણ સોહે છે ।
રૂપ દેખી ભવિજન મોહે છે, સુણો ચન્દાજી ॥ ૪ ॥

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયોં છું ।
મહા મોહરાય કર ફસિયો છું, સુણો ચન્દાજી ॥ ૫ ॥

પણ સાહિબ ચિતમાં ધરિયો છે, તુમ આણા-ખડ્ગ કર ગ્રહિયો છે ।
તો કાંઈક મુજથી ડરિયો છે, સુણો ચન્દાજી ॥ ૬ ॥

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે **પદ્મવિજય** થાઉં શૂરો ।
તો વાધે મુજ મન અતિ નૂરો, સુણો ચન્દાજી ॥ ૭ ॥

### ૨. તારી મુદ્રાએ મન મોહ્યું રે

તારી મુદ્રાએ મન મોહ્યું રે, મનના મોહનીયા,
તારી સૂરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા ॥ આંકણી ॥

તુમ જોતાં સવિ દુર્ગતિ વિસરી, દિન રાતડી નવિ જાણી,
પ્રભુ ગુણ ગણ સાંકળશું બાંધ્યું, ચંચળ ચિત્તડું તાણી રે ॥ ૧ ॥

પહેલા તો એક કેવળ હરખે, હેજાળુ થઈ હળીયો,
ગુણ જાણીને રૂપે મળીયો, અભ્યંતર જઈ ભળીયો રે ॥ ૨ ॥

વીતરાગ ઈમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ,
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ ધરેહ રે ॥ ૩ ॥

શ્રી સીમંધર તું જગબંધુ, સુંદર તાહરી વાણી,
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વન્દે તે ધન્ય પ્રાણી રે ॥ ૪ ॥

શ્રી 'શ્રેયાંસ' નરેસર નંદન, ચંદન શીતલ વાણી,
'સત્યકી' માતા વૃષભ લંછન પ્રભુ, '**જ્ઞાનવિમલ**' ગુણ ખાણી રે ॥ ૫ ॥

## ૩. તમે મહાવિદેહ

**(રાગ-પ્રીતમજી આણા મોકલજો)**

તમે મહાવિદેહ જઈને, કહેજો ચાંદલિયા, સીમંધર તેડા મોકલે,
તમે ભરત ક્ષેત્રના દુઃખ મારા કહેજો ચાંદલીયા,
અજ્ઞાનતા અહીં છવાઈ ગઈ છે
તત્વોની વાણી ભુલાઈ ગઈ છે
એવા આત્માના દુઃખ મારા, કહેજો ચાંદલીયા ॥ ૧ ॥

પુદ્ગલની મોહમાં ફસાઈ ગયો છું.
કર્મોની જાળમાં જકડાઈ ગયો છું
એવા કર્મોનાં દુઃખ મારા ॥ ૨ ॥

મારુ ન હતું તેણે મારુ કહી માન્યું
મારુ હતું તેણે નહિં કહી પિછાન્યું
એવા મુર્ખતાના દુઃખ મારા ॥ ૩ ॥

સીમંધર સીમંધર હૃદયમાં ધરતો
પ્રત્યક્ષ દર્શનની આશ હું રાખતો
એવા વિયોગના દુઃખ મારા ॥ ૪ ॥

સંસારી સુખ મને કારમુજ લાગે
પ્રભુ તુજ વિણ વાત હું કહું કોની પાસે
એવા **વિરવિજયના** દુઃખ મારા ॥ ૫ ॥

### ૪. શ્રી સીમંધર સાહીબા

**(રાગ- આવોઆવોવીરમારા...)**

શ્રી સીમંધર સાહિબા હું, કેમ આવું તુમ પાસ ?
દૂર વચ્ચે અંતર ઘણો, મને મળવાની ઘણી હોશ
હું તો ભરતને છેડે ॥ આંકણી ॥

હું તો ભરતને છેડલે, કાંઈ પ્રભુજી વિદેહે મોઝાર
ડુંગર વચ્ચે દરિયાં ઘણા કાંઈ, કોશમાં કોશ હજાર ॥ ૧ ॥

પ્રભુ દેતા હશે દેશના, કાંઈ સાંભળે ત્યાંના લોક
ધન્ય તે ગામ નગર પુરી, જ્યાં વસે છે પુણ્યવંત લોક ॥ ૨ ॥

ધન્ય તે શ્રાવક શ્રાવિકા જે, નિરખે તુમ મુખચંદ
પણ એ મનોરથ અમ તણા, ક્યારે ફળશે ભાગ્ય અમંદ ॥ ૩ ॥

વરતારો વર્તી જુઓ કાંઈ, જોશીએ માંડ્યા લગન
ક્યારે સીમંધર ભેટશું મને, લાગી એહ લગન ॥ ૪ ॥

પણ કોઈ જોશી નહી એવો જે, ભાંજે મનની ભ્રાંત
પણ અનુભવ મિત્ર કૃપા કરો, તુમ મળવો તિણો એકાંત ॥ ૫ ॥

વીતરાગ ભાવ સહી તુમે, વર્તો છે ! જગનાથ
મેં જાણ્યું તુમ કહેણથી હું, થયો છું આજ સનાથ ॥ ૬ ॥

પુષ્કરાવર્ત વિજય વસો કાંઇ, નયરી પુંડરિકીણી નામ
સત્યકી નંદના વંદના; અવધારો ગુણના ધામ ॥ ૭ ॥

શ્રી શ્રેયાંસ નૃપ કુલ ચંદ તો, રૂક્મિણી રાણી નો કંત
વાચક **રામ વિજય** કહે, તુમ ધ્યાને મુજ મન ચિત્ત ॥ ૮ ॥

## ૫. એક વાર મળો ને મોરા સાહિબા

સાહેબ શ્રી સીમંધર સાહિબ ! તુમે પ્રભુ દેવાધિદેવ,;
સનમુખ જુઓને મ્હારા સાહિબા, સા૦ મન શુદ્ધે કરું તુમ સેવ,
એકવાર મળોને માહરા સાહિબા. ૧

સા૦ સુખ દુઃખ વાતો મ્હારે અતિ ઘણી, સા૦ કોણ આગળ કહું નાથ?
સા૦ કેવલજ્ઞાની પ્રભુ જો મળે, સા૦ તો થાઉં હું રે સનાથ. ૨

સા ૦ ભરતક્ષેત્રમાં હું અવતર્યો, સા૦ ઓછું એટલું પૂન્ય;
સા૦ જ્ઞાની વિરહ પડ્યો આકરો, સા૦ જ્ઞાન રહ્યું અતિ ન્યૂન. ૩

સા૦ દશ દૃષ્ટાંતે દોહિલો, સા૦ ઉત્તમ કુળ સોભાગ;
સા૦ પામ્યો પણ હારી ગયો, સા૦ જેમ રત્ને ઉડાડ્યો કાગ. ૪

સા૦ ષટરસ ભોજન બહુ કર્યા, સા૦ તૃપ્તિ ન પામ્યો લગાર;
સા૦ હું રે અનાદિની ભૂલમાં, સા૦ રઝળ્યો ઘણો સંસાર. ૫

સા૦ સ્વજન કુટુંબ મળ્યા ઘણાં, સા૦ તેહને દુઃખે દુઃખી થાય;
સા૦ જીવ એક ને કર્મ જૂજુઆ, સા૦ તેહથી દુર્ગતિ જાય. ૬

સા૦ ધન મેળવવા હું ઘસમસ્યો, સા૦ તૃષ્ણાનો નાવ્યો પાર;
સા૦ લોભે લટપટ બહુ કરી, સા૦ ન જોયો પાપ વ્યાપાર. ૭

સા૦ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે, સા૦ રવિ કરે તેહ પ્રકાશ;
સા૦ તિમહી જ જ્ઞાની મલ્યે થકે, સા૦ તે તો આપે રે સમકિત વાસ. ૮

સા૦ મેઘ વરસે છે વાડમાં, સા૦ વરસે છે ગામોગામ;
સા૦ ઠામ કુઠામ જુએ નહિ, સા૦ એહવાં મ્હોટાના કામ. ૯

સા૦ હું વસ્યો ભરતને છેડલે, સા૦ તુમે વસ્યા મહાવિદેહ મોઝાર;
સા૦ દૂર રહી કરૂં વંદના, સા૦ ભવ સમુદ્ર ઉતારો પાર. ૧૦

સા૦ તુમ પાસે દેવ ઘણા વસે, સા૦ એક મોકલજો મહારાજ;
સા૦ મુખનો સંદેશો સાંભળો, સા૦ તો સહેજે સરે મુજ કાજ. ૧૧

સા૦ હું તુમ પગની મોજડી, સા૦ હું તુમ દાસનો દાસ;
સા૦ **જ્ઞાનવિમલસૂરિ** એમ ભણે, સા૦ મને રાખો તમારી પાસ. ૧૨

## ૬. શ્રી સીમંધર જગધણીજી

(રાગ : ધન ધન તુમ....)

શ્રી સીમંધર જગધણીજી, રાય શ્રેયાંસ કુમાર,
માતા સત્યકી નંદનોજી, રૂક્મણીનો ભરથાર,
સુખકારક સ્વામી, સુણો મુજ મનની વાત...૧
જપતાં નામ તુમ તણોજી, વિકસે સાતે ધાત...૨
સ્વજન કુટુંબ છે કારમો જી, કારમો સહુ સંસાર,
ભવોદધિ પડતાં માહરેજી, તું તારક નિરધાર...૩
ધન્ય તિહાંના લોકનેજી, જે સેવે તુમ પાય,
પ્રહ ઊઠીને વાંદવાજી, મુજ મનડું નિત્ય ધાય...૪
કાગળ કંઈ પહોંચે નહિં જી, કેમ કહું મુજ અવદાત,
એકવાર આવો અહીં જી, કરૂં સવિ દિલની વાત...૫
મનડામાં ક્ષણક્ષણ રમેજી, તુંમ દરિસણના કોડ,
વાચક 'યશ' કહે વિનંતીજી, અહોનિશ બે કર જોડ....૬

## ૭. પ્રભાતે ઉઠી કરૂ વંદના

**(રાગ : માલકોષ...)**

પ્રભાતે ઉઠી કરુ વંદના રે.....(આંકણી),
બે કર જોડી ને વિનવું રે, મારી વિનતડી અવધાર,
તમે મહાવિદેહમાં વસ્યા રે, અમને છે તુમ આધાર....૧
ભરતક્ષેત્રમાં અવતર્યાને, કેમ કરી આવું હજૂર,
તુમ દરિશન નહિ પામ્યો, રહ્યો હજુર નો હજુર...૨
તુમ પાસે દેવ ઘણા વસે છે, એક મોકલજો મહારાજ,
મનનો સંદેહ પ્રભુ પુછજો, સફલ કરુ દિન આજ...૩
કેવલજ્ઞાની વિરહથી, મનુષ્ય જન્મ એલે જાય,
શુભ ભાવ આવે નહિ, શી ગતિ મારી થાય...૪
કર્મને મોહે ખૂબ કષાયો, હજુ ન થયો ખુલાસા,
જેમ તેમ કરી પ્રભુ તારજો, હું તો રાખુ તમારી આશ...૫
આશ ધરી સીમંધર નામથી, થાય સફલ અવતાર,
ઉદયરત્ન એમ વિનવે, પ્રભુ નામે જય જય કાર....૬

## ૮. પ્યારા સીમંધર સ્વામી

**( રાગ : પરદેશીયા પરદેશીયા )**

પ્યારા સીમંધર સ્વામી, તમે મુક્તિના ગામી,
વિદેહવાસી...વિહરમાનને વંદન હમારા,
તને મલવા તલશું, મને પ્રીતિ તુજશું,
વિદેહવાસી...વિહરમાનને વંદન હમારા...૧

ચાલે મનમાં તારો એક જાપ,
તોયે પજવે છે ત્રિવિધ તાપ,
આધિ વ્યાધિ વારો, ઉપાધિથી ટાળો,
વિદેહવાસી... વિહરમાનને વંદન હમારા...૨

મને સમવસરણમાં બોલાવો,
મીઠી મધુરી વાણી સુણાવો,
મોહ-તિમિરને ટાળો, મિથ્યાત્વને ગાળો,
વિદેહવાસી... વિહરમાનને વંદન હમારા...૩

થાયે દર્શન તમારા પવિત્ર,
તમે જગના ગુરૂ જગ મિત્ર,
પ્રભુ જગના બંધુ, તને ભાવે વંદું,
વિદેહવાસી... વિહરમાનને વંદન હમારા...૪

તમે શ્રેયાંસરાય કુલચંદા,
સતિ સત્યકી માતાના નંદા,
તમે જન મન રંજન, આપો જ્ઞાન અંજન,
વિદેહવાસી...વિહરમાનને વંદન હમારા...૫

મહાવિદેહના વાસી છો વ્હાલા,
હું તો અંતરથી કરું કાલા વાલા,
**જ્ઞાન વિમલ** ગુણ ધારો, આ ભવ પાર ઉતારો,
વિદેહવાસી... વિહરમાનને વંદન હમારા...૬

## સીમંધર સ્વામિના દુહા

અંનત ચોવિશી જિન નમું, સિદ્ધ અનંતી કોડ;
કેવલધર મુગતે ગયા, વંદુ બે કરજોડ...૧

બે ક્રોડિ કેવલધરા, વિરહમાન જિન વીશ;
સહસ યુગલ કોડિ નમુ, સાધુ નમું નિશદિન...૨

જે ચારિત્રાને નિર્મલા, જે પંચાનન સિંહ;
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિન...૩

રાંકતણી પરે રડવડ્યો, નધણીયો નિરધાર;
શ્રી સીમંધર સાહેબા, તુમવીણ ઇણસંસાર...૪

ભરતક્ષેત્રમાં હું રહ્યો, મહાવિદેહક્ષેત્રમાં આપ;
ઈહાં થકી હું વિનવું ભવજલ પાર ઉતાર...૫

શ્રી સીમંધર સાહિબા, આવ્યો તુમ દરબાર
હાથ ગ્રહી ભવ કૂપ થકી, તાર તાર મુજ તાર...૬

## ॥ શ્રી શંત્રુજય મહાતીર્થના સ્તવનો ॥

### ૧. શ્રી પુંડરીક સ્વામીનું સ્તવન

એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ, પૂછે શ્રી આદિ જિણંદ સુખકારી રે,
કહીએ તે ભવજલ ઉતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવ વારી રે ,
। એક દિન પુંડરીક.॥ ૧ ॥

કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ જયકારી રે
તીર્થ મહિમા વાધશે રે લાલ, અધિક-અધિક મંડાણ નિરધારી રે,
। એક દિન પુંડરીક.॥ ૨ ॥

ઈમ નિસુણીને તિહાં આવીયા રે લાલ, ઘાતી કરમ કર્યા દૂર તમ વારી રે,
પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવ વારી રે
। એક દિન પુંડરીક.॥ ૩ ॥

ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે,
ફલ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે
। એક દિન પુંડરીક.॥ ૪ ॥

દશ વીશ-ત્રીશ ચાલીશ ભલા રે લાલ, પચાસ પુષ્પની માળ અતિ સારી રે,
નરભવ લાહો લીજીએ રે લાલ, જેમ હોય 'જ્ઞાન' વિશાલ મનોહારી રે
। એક દિન પુંડરીક. ॥ ૫ ॥

### ૨. રાયણ પગલાનું સ્તવન

નીલુડી રાયણ તરૂ તળે સુણ સુંદરી, પીલુડા પ્રભુના પાય રે,
ગુણમંજરી, ઉજ્જવળ ધ્યાને ધ્યાઈએ સુણ, એહી જ મુક્તિ ઉપાય રે,
ગુણમંજરી ॥ ૧ ॥

શીતલ છાંયડે બેસીએ, સુણ. રાતડો કરી મન રંગ રે,
ગુણ. પૂજીએ સોવન ફૂલડે, સુણ. જેમ હોય પાવન અંગ રે,
ગુણમંજરી ॥ ૨ ॥

ખીર ઝરે જેહ ઉપરે, સુણ. નેહ ધરીને એહ રે,
ગુણ. ત્રીજે ભવે તે શિવ લહે, સુણ. થાયે નિર્મળ દેહ રે.
ગુણમંજરી ॥ ૩ ॥

પ્રીતિ ધરી પ્રદક્ષિણા સુણ. દીયે એહને જે સાર રે,
ગુણ. અભંગ પ્રીતિ હોય તેહને, સુણ. ભવ ભવ તુમ આધાર રે,
ગુણમંજરી ॥ ૪ ॥

કુસુમ પત્ર ફળ મંજરી, સુણ. શાખા થડ ને મૂળ રે,
ગુણ.દેવ તણા વાસાય છે, સુણ. તીર્થને અનુકૂળ રે,
ગુણમંજરી ॥ ૫ ॥

તીર્થ ધ્યાન ધરો મુદા સુણ. સેવો એહની છાંય રે. ગુણ. ।
**જ્ઞાન વિમલ** ગુણ ભાખીયો સુણ. શત્રુંજય મહાત્મ્ય માંય રે
ગુણમંજરી ॥ ૬ ॥

**૩. શ્રી સિદ્ધાચલ મંડન શ્રી આદિનાથ ભગવાનનું સ્તવન**

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી, જિનજી પ્યારા,
આદિનાથને વંદન હમારા ॥ આંકણી ॥

પ્રભુજીનું મુખડું મલકે, નયનો માંથી વરસે અમીરસ ધારા ॥ ૧ ॥
પ્રભુજીનું મુખડું છે મન કો મિલાકર, દિલ મેં ભક્તિ કી જ્યોત જગાકર,
ભજી લે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી નહીં આવે ॥ જિનજી પ્યારા ॥ ૨ ॥
ભમીને લાખ ચૌરાસી હું આવ્યો, પુણ્યે દર્શન તમારુ હું પાયો,
ધન્ય દિવસ મારો, ભવના ફેરા ટાળો ॥ જિનજી પ્યારા ॥ ૩ ॥

અમે તો માયા ના વિલાસી, તુમે તો મુક્તિપુરીના વાસી,
કર્મ બંધન કાપો, મોક્ષ સુખ આપો ॥ જિનજી પ્યારા ॥ ૪ ॥

અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તુમારી,
કહે **હર્ષ** હવે, સાચા સ્વામી તુમે, પૂજન કરીએ અમે
વંદન કરીએ અમે ॥ જિનજી પ્યારા ॥ ૫ ॥

## ૪. ક્યું ન ભયે હમ મોર

ક્યું ન ભયે હમ મોર, વિમલગિરિ, (આંકણી)
સિદ્ધવડ રાયણ રૂખકી શાખા, ઝુલત કરત ઝકોર ॥ ૧ ॥
આવત સંઘ રચાવત અંગિઆ, ગાવત ગુણ ઘમઘોર ॥ ૨ ॥
હમ ભી છત્ર કલા કરી નિરખત, કટને કર્મ કઠોર ॥ ૩ ॥
મુરત દેખત સદા મન હરખે, જૈસે ચંદ ચકોર ॥ ૪ ॥
શ્રી **રિસહેસર** દાસ તિહારો, અરજ કરત કર જોડ ॥ ૫ ॥

## ૫. વિમલાચલ નિતુ વંદીએ...

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા ।
માનું હાથ એ ધર્મનો, શિવ-તરૂ-ફળ-લેવા ॥ ૧ ॥

ઉજ્જવલ જિન-ગૃહ-મંડળી, તિહાં દીપે ઉત્તુંગા ।
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અમ્બર-ગંગા ॥ ૨ ॥

કોઈ અનેરૂં જગ નહીં, એ તીરથ તોલે ।
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે ॥ ૩ ॥

જે સઘળાં તીરથ કર્યા, જાત્રા ફળ કહીએ ।
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ કહીએ ॥ ૪ ॥

જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વન્દે ।
**સુજસવિજય** સમ્પદ લહે, તે નર ચિર નન્દે ॥ ૫ ॥

## ૬. ॥ તે દિન ક્યારે આવશે ? ॥

તે દિન ક્યારે આવશે ? શ્રી સિદ્ધાચલ જાશું ।
ઋષભ જિણંદ જુહારી ને, સૂરજ કુણ્ડમાં ન્હાશું... ॥ ૧ ॥

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી ।
સાંભળશું સાચે મને, પરમારથ જાણી.. ॥ ૨ ॥

સમકિત વ્રત સુધાં કરી, સદ્‌ગુરૂ ને વંદી ।
પાપ સર્વ આલોઈને, નિજ આતમ નિંદી.. ॥ ૩ ॥

પડિક્કમણાં દોય ટંકના કરશું મન કોડે ।
વિષય કષાય વિસારી ને, તપ કરશું હોડે । ... ॥ ૪ ॥

વ્હાલા ને વૈરી વિચે, નવિ કરશું વહેરો ।
પરના અવગુણ દેખીને, નવિ કરશું મન ચહેરો ... ॥ ૫ ॥

ધર્મ સ્થાનક ધન વાવરી, ષટ્‌કાય ને હેતુ ।
પંચ મહાવ્રત લેઈને, પાલશું મન પ્રીતે ... ॥ ૬ ॥

કાયાની માયા મેલીને, પરીસહ ને સહીશું ।
સુખ દુઃખ સર્વે વિસારીને, સમભાવે રહીશું... ॥ ૭ ॥

અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું ।
'ઉદય રત્ન' એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું.. ॥ ૮ ॥

## ૭. ॥ યાત્રા નવાણું કરીએ ॥

યાત્રા નવાણું કરીએ વિમલગિરિ, યાત્રા નવાણું કરીએ,
પૂર્વ નવાણું વાર શત્રુંજય ગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ,
વિમલ ગિરિ, યાત્રા નવાણું કરીએ ॥ ૧ ॥
કોડી સહસ ભવ પાતક ત્રુટે, શત્રુંજય સામું ડગ ભરીએ ॥ ૨ ॥
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરિએ ॥ ૩ ॥
પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ ॥ ૪ ॥
પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ ॥ ૫ ॥

ભૂમિ સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરિહરિએ ॥ ૬ ॥
સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરૂ સાથે પદ ચરીએ ॥ ૭ ॥
પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ વિખરીએ ॥ ૮ ॥
કલિકાલે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભર દરિએ ॥ ૯ ॥
ઉત્તમ એ ગિરિવર સેવંતા, 'પદ્મ' કહે ભવ તરીયે ॥ ૧૦ ॥

## ૮. સિદ્ધાચલ ગિરિ ભેટ્યા રે

સિદ્ધાચલ ગિરિ વિમલાચલ ગિરિ ભેટ્યા રે, ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા,
રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે, ધન્ય ॥ ૧ ॥

મૂળનાયક શ્રી આદિ જિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા,
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે, ॥ ૨ ॥

ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા,
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વારા રે, ॥ ૩ ॥

દૂર દેશાન્તરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા,
પતિત ઉદ્ધારણ બિરૂદ તમારૂં, એ તીરથ જગ સારા રે, ॥ ૪ ॥

સંવત અઢાર ત્યાશી માસ અષાઢા, વદી આઠમ ભોમવારા,
પ્રભુજીકે ચરણ પ્રતાપ કે સંઘ મેં, 'ક્ષમા-રતન' પ્રભુ પ્યારા ॥ ૫ ॥

## ૯. વિમલ ગિરિને ભેટતા સુખ પાયો રે

(રાગ - પ્રાચીન)

વિમલ ગિરિને ભેટતા સુખ પાયો રે સુખ પાયો રે સુખ પાયો
આનંદ ઘણો દિલ છાયો, નમતાં એ ગિરીરાજ ॥ ૧ ॥

મૂલ મંદિર પ્રભુ ઋષભની અતિ પ્યારી, સોહે મૂરતિ મોહનગારી
જસ મહિમા છે અતિ ભારી, માનું મોહન વેલ ॥ ૨ ॥

આસપાસ જિનબિંબને ચિત્ત ધરીએ, રાયણ પગલા ન વિસરીએ
પુંડરીક ગણધર ગુણ વરીએ,કરીએ જન્મ પવિત્ર ।। ૩ ।।

ઋષભ પ્રભુજી આવીયાં દિલ ધારી, ઈહાં પૂર્વ નવાણું વારી
મુનિ ધ્યાન ધરે અતિ ભારી, એ તીર્થ નમુ ગુણખાણ ।। ૪ ।।

પુંડરીક ગિરી નામ સે ઓળખાયો, જ્ઞાતાં સૂત્રમાં તીર્થ બતાવ્યો
સીમંધર મુખસે ગંવાયો, નામ લીયે સુખ થાય
હાંરે નામ લીયે દુઃખ જાય ।। ૫ ।।

તીર્થ પ્રતાપી ભેટીયે મનોહારી, રૂડો દેશ સોરઠ શણગારી
**સૌભાગ્ય વિજય** દિલ પ્યારી, હાંરે નમીયે વારંવાર ।। ૬ ।।

## ૧૦. આંખડીયે રે મેં આજ શત્રુંજય દીઠો રે

(રાગ - પ્રાચીન)

આંખડીયે રે મેં આજ શત્રુંજય દીઠો રે, સવા લાખ ટકાનો દહાડો રે,
લાગે મને મીઠો રે. (એ આંકણી) સફળ થયો મારા મનનો
ઉમાહ્યો, વાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે; નરક તિર્યંચ
ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે. ।। ૧ ।।

માનવભવનો લાહો લીજે વા૦, દેહડી પાવન કીજે રે ।
સોના-રૂપાને ફૂલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે. ।। ૨ ।।

દૂધડે પખાલી ને કેશર ઘોલી વા૦ શ્રી આદીશ્વર પૂજ્યા રે ।
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ-મેવાસી ધ્રુજ્યા રે. ।। ૩ ।।

સ્વયંમુખ સુધર્મા સુરપતિ આગે વા૦, વીર જિણંદ ઈમ બોલે રે
'ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઈ શેત્રુંજા તોલે રે.' ।। ૪ ।।

ઈંદ્ર સરિખા એ તીર્થની વા૦, ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસલ કાઢી, સુરજકુંડમાં નાહે રે. ।। ૫ ।।

કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે વા૦, સાધુ અનંતા સિધ્યા રે;
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે. ॥ ૬ ॥

નાભિરાયા સુત નયણે જોતાં વા૦, મેહ અમીરસ વુઠ્યા રે;
ઉદયરત્ન કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર તુઠ્યો રે. ॥ ૭ ॥

## ૧૧. વંદના વંદના વંદના રે

(રાગ - ભેટીયે ભેટીયે...)

વંદના વંદના વંદના રે, ગિરિરાજ કું સદા મોરી વંદના રે
વંદના તે પાપ નિકંદના રે...
જિનકો દર્શન દુર્લભ દેખી, કીધો તે કર્મ નિકંદના રે ॥ ૧ ॥

વિષય કષાય તાપ ઉપશમીયે, જિમ મિલે બાવન ચંદના રે
ધન ધન તે દિન કબહું હોશે, થાશે તુમ મુખ દર્શના રે ॥ ૨ ॥

તિહાં વિશાલ ભાવ પણ હોંશે, જિહાં પ્રભુ પદ કજ ફર્શના રે
ચિત્તમાંહેથી કબહું ના વિસરૂ, પ્રભુ ગુણ ગણની ધ્યાવના ॥ ૩ ॥

વળી વળી દરિશના વહેલુ લહીયે, એવી રહે નિત્ય ભાવના
ભવોભવ એહીજ ચિતમાં ચાહું, ઓર નહીં બિચારના ॥ ૪ ॥

ચિત્ર ગયંદના મહાવતની પેરે, ફેરે ન હોય ઉતારનાં
જ્ઞાન વિમલ પ્રભુ પૂર્ણ કૃપાથી, સુકૃત સુબોધ સુવાસના ॥ ૫ ॥

## ૧૨. શેત્રૂંજા ગઢના વાસી રે મુજરો મોનજો રે

(રાગ - પ્રાચીન)

શેત્રુજા ગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે દિલમાં આણજો રે.
પ્રભુ ! મેં દિઠો તુમારો દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર.
સાહિબાની સેવા રે ભવદુઃખ ભાંજશે રે ॥ ૧ ॥

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે, ચોરાશી લાખ ફેરા રે દૂરે નિવારજો, રે; પ્રભુ ! મને દુર્ગતિ પડતો રાખ, તોરું દરિશન વહેલું રે દાખ. સાહિબાની૦ ॥ ૨ ॥

દોલત સવાઈ રે સોરઠ દેશની રે, બલિહારી જાઉં રે પ્રભુ તારા વેશની રે; પ્રભુ દિઠું રૂડું તમારું રૂપ, મોહ્યા સુરનર વૃંદ ને ભૂપ. સાહિબાની૦ ॥ ૩ ॥

તીરથકો નહિ જગમાં શેત્રુંજા સારખું રે, પ્રવચન પેખીને કીધું મેં પારખું રે; ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ, સાહિબાની૦ ॥ ૪ ॥

ભવોભવ માગું રે પ્રભુ તારી સેવના રે, ભાવઠ ન ભાંગે રે જગમાં જે વિના રે; પ્રભુ મારા પૂરજો મનના કોડ, એમ કહે **ઉદયરતન** કર જોડ, સાહિબાની૦ ॥ ૫ ॥

## ૧૩. મારૂ મન મોહ્યું રે

(રાગ - ધારીણી મનારે રે...)

મારૂ મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખિત થાય
વિધીશું કીજે રે જાત્રા એહની રે, ભવભવના દુઃખ જાય ॥ ૧ ॥

પંચમ આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય
મોટો મહિમા રે જગમાં એહનો રે, આ ભરતે ઇહાં જોય ॥ ૨ ॥

ઈણગિરી આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત
કઠણ કરમ પણ એ ગિરી ફરસતા રે, હોવે કરમ નિશાન્ત ॥ ૩ ॥

જૈન ધર્મ તે સાચો જાણીને રે, માનવ તીરથ એ સ્થંભ
સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટારંભ ॥ ૪ ॥

ધન્ય ધન્ય દહાડો રે ધન્ય વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર
**જ્ઞાન વિમલ** સૂરિ ગુણ એના ઘણા રે, કહેતા નાવે પાર. ॥ ૫ ॥

## ૧૪. શ્રી રે સિધ્ધાચલ ભેટવા

### (રાગ - પ્રાચીન)

શ્રી રે સિધ્ધાચલ ભેટવા, મુઝ મન અધિક ઉમાયો
રિખવદેવ પૂજા કરી, લીજે ભવ તણો લાહો ॥ ૧ ॥

મણીમય સૂરત શ્રી વૃષભની, નિપાયે અભિરામ
ભુવન કરાવ્યા કનકના, રાખ્યાં ભરતે નામ ॥ ૨ ॥

નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી
શત્રુંજા સમો તીર્થ નહી, બોલ્યા સીમંધર વાણી ॥ ૩ ॥

પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી વૃષભ જિણંદ
રામપાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ ॥ ૪ ॥

પૂરવ પુન્ય પસાઉલે, પુંડરિક ગિરી પાયો
કાંતિ વિજય હરખે કરી, શ્રી સિદ્ધાચલ ગાયો. ॥ ૫ ॥

## ૧૫. ઉમૈયા મુજને ઘણી જિહો

ઉમૈયા મુજને ઘણી જિહો, ભેટું વિમલ ગિરિ રાય
દો ઈતરા મુજ પાંખડી જીહો, લળી લળી લાગું પાય
કે મોહનગારા હો રાજ, રુડા મારા સાંભળ સુગુણા સુડા ॥ ૧ ॥

શત્રુંજય શિખર સોહામણો, ધન્ય ધન્ય રાયણ રુખ
ધન્ય પગલા પ્રભુજી તણા, દીઠડે ભાંગે ભૂખ ॥ ૨ ॥

ઈણગિરી આવી સમોસર્યા, નાભિ નરિંદ મલ્હાર
પાવન કીધી વસુંધરા, પૂર્વ નવાણું વાર ॥ ૩ ॥

પુંડરિક મુનિ મુગતે ગયા, સાથે મુનિ પંચક્રોડ
પુંડરિક ગિરીવર એ થયા, નમો નમો બે કર જોડ ॥ ૪ ॥

એણે તીર્થ સિધ્યા ઘણા, સાધુ અનંતી ક્રોડ
ત્રણ ભુવનમાં જોવતા, નહીં કોઈ એહની જોડ ॥ ૫ ॥
મનવાંછિત સુખ મેળવે, જપતા એ ગિરીરાજ
દ્રવ્ય ભાવ વૈરીતણા, ભય જાવે સવિ ભાંજ ॥ ૬ ॥
વાચક **રામવિજય** કહે, નમો નમો તીરથ એહ
શિવમંદિરની શ્રેણી છે, એહમાં નહીં સંદેહ ॥ ૭ ॥

## ૧૬. ચઢતી રાખો ને જૈન ધર્મનો

**(રાગ : કર્મ લાગ્યા છે મારે કેડલે..)**

ડુંગરે ડુંગરે તાહરા દેહરા, ડુંગરા ઉપર કીધો તમે વાસ રે
આદીશ્વર દાદા, ચઢતી રાખો ને જૈન ધર્મની....૧
નાભિરાયાનો કુલચંદલો, મરૂદેવા છે તમારી માત રે....૨
ભરતજી રાજપાટ ભોગવે, ઋષભજી ચાલ્યા વનવાસ રે ....૩
બ્રાહ્મી સુંદરી બે બેનડી, આવી વનમાં કીધી તમને જાણ રે....૪
પાલીતાણા નગર સોહામણો, પર્વત ઉપર કીધો તમે વાસ રે....૫
આઠે ટુંકો ત્યાં રળીયામણી, નવમી ટુંકે કીધો તમે વાસ....૬
સૂરજકુંડ સોહામણો, ચક્કેસરી દેવીને કરીએ પ્રણામ રે....૭
કેસર ચંદનના ભર્યા વાટકા, પુષ્પો ચઢાઉ પ્રભુજી આજ રે....૮
હીરવિજય ગુરૂ હીરલો, **વીરવિજય** ગુણ ગાય રે....૯

## ૧૭. શોભા શી કહું રે, શેત્રુંજા તણી....

**(રાગ : લોકગીત...)**

શોભી શી કહું રે શેત્રુંજા તણી,
જીહાં બીરાજે પ્રથમ તીર્થંકર દેવ જો,
રૂડી રે રાયણ તળે ઋષભ સમોસર્યા,
ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવ જો....૧

નિરખ્યો રે નાભિરાયા કેરા પુત્રને,
માતા મરુદેવી કેરા નંદ જો,
રૂડી રે વિનીતા નગરીનો ધણી,
મુખડું સોહિયે શરદ પૂનમનો ચંદ જો...૨

નિત્ય ઉઠીને નારી કંતને વિનવે,
પિયુડા મુજને પાલીતાણા દેખાડજો,
એ ગિરિએ પૂર્વ નવ્વાણું સમોસર્યા,
માટે મુજને આદીશ્વર ભેટાડજો...૩

મારે મન જાવાની ઘણી હોંશ છે,
ક્યારે જાવું ને ક્યારે કરું દર્શન જો,
તે માટે મન મારું તલસે ઘણું,
નયણે નિહાળું તો ઠરે મારા લોચન જો...૪

એવી તે અરજ અબળાની સાંભળો,
હુકમ કરો તો આવું તમારી પાસ જો,
મહેર કરીને દાદા દરિશન દીજીએ,
શ્રી શુભવીરની પહોંચે મનની આશ જો....૫

## ૧૮. તું ત્રિભુવન સુખકાર

તું ત્રિભુવન સુખકાર, ઋષભજિન ! તું ત્રિભુવન સુખકાર,
શત્રુંજયગિરિ શણગાર, ભૂષણ ભરત મોઝાર
આદિ પુરૂષ અવતાર, ઋષભ જિન...
તુમ ચરણે પાવન કર્યું રે, પૂર્વ નવાણું વાર,
તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉદ્ધાર...૧
અવર તે ગિરિ પર્વતે વડો રે, એહ થયો ગિરિરાજ,
સિદ્ધ અનંતા ઈહાં થયા રે, વલી આવ્યા અવર જિનરાજ...૨

સુંદરતા સુર સદનથી રે, અધિક જિહાં પ્રાસાદ,
બિંબ અનેકે શોભતો રે, દીઠે ટળે વિખવાદ...૩
ભેટણ કાજે ઉમહ્યા રે, આવે સત્વ ભવિ લોક,
કલિમલ તસ અડકે નહિ રે, જ્યું સોવનધન રોક....૪
**જ્ઞાનવિમલ** પ્રભુ જસ શિરે રે, તસ ખસે ભવ પરવાહ,
કરતલ ગત શિવસુંદરી રે, મળે સહજ વરી ઉચ્છાંહ....૫

## ૧૯. યહ વિમલ ગિરિવર

યહ વિમલ ગિરિવર શિખર સુંદર, સકલ તીરથ સાર રે,
નાભિનંદન ત્રિજગ વંદન, ઋષભજિન સુખકાર રે...૧
ચૈત્ય તરૂવર રુખ રાયણ, તળે અતિ મનોહાર રે,
નાભિનંદન તણાં પગલાં, ભેટતાં ભવ પાર રે...૨
સમવસરીયા આદિ જિનવર, જાણી લાભ અનંત રે,
અજિત શાંતિ ચોમાસું રહીયા, ઈમ અનેક મહંત રે...૩
સાધુ સિધ્યા જિહાં અનંતા, પુંડરિક ગણધાર રે,
શાંબને પ્રધુમ્ન પાંડવ, પ્રમુખ બહુ અણગાર રે...૪
નેમિ જિનના શિષ્યો થાવચ્ચા, સહસ અઢી પરિવાર રે,
અંતગડજી સૂત્ર માંહે, જ્ઞાતા સૂત્ર મોઝાર રે...૫
ભાવ શું ભવિ જેહ ફરસે, સિદ્ધ ક્ષેત્ર શુભ ઠામ રે,
નરક તિરિ ગતિ દો નિવારે, જપે લાખ નિજ નામ રે...૬
રયણમય શ્રી ઋષભ પ્રતિમા, પંચસયા ધનુમાન રે,
નિત્ય પ્રત્યે જિહાં ઈન્દ્ર પૂજે, દુષમ સમય પ્રમાણ રે...૭
ત્રીજે ભવે જે મુક્તિ પહોંચે, ભવિક ભેટે તેહ રે,
દેવ સાનિધ્ય સકલ વાંછિત, પુરવે સસનેહ રે...૮
ઈણી પેરે જેહનો સબલ મહિમા, કહ્યો શાસ્ત્ર મોઝાર રે,
**જ્ઞાનવિમલ** ગિરિ ધ્યાન ધરંતાં, મુજ આવાગમન નિવાર રે...૯

## ૨૦. સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે....

(રાગ : બેસવું હોય તો....)

સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા,
વિમલાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા,
ઇણ રે ડુંગરીયામાં ઝીણી ઝીણી કોરણી,
ઉપર શિખર બિરાજે મોરા રાજીંદા...૧

કાને કુંડલ માથે મુગટ બિરાજે,
બાહે બાજુબંધ છાજે મોરા રાજીંદા...૨

ચૌમુખ બિંબ અનુપમ છાજે,
અદ્‌ભૂત દીઠે દુ:ખ ભાંજે મોરા રાજીંદા...૩

ચુવા ચુવા ચંદન ઔર અગરજા,
કેસર તિલક બિરાજે મોરા રાજીંદા...૪

ઇણ ગિરિ સાધુ અનંતા સિધ્યા,
કહેતાં પાર ન આવે મોરા રાજીંદા...૫

**જ્ઞાનવિમલ** પ્રભુ એણી પેરે બોલે,
આ ભવ પાર ઉતારો મોરા રાજીંદા...૬

## ૨૧. સિદ્ધાચલ વંદો રે નરનારી....

સિદ્ધાચલ વંદો રે નરનારી, રે નરનારી, રે નરનારી,
નાભિરાયા મરુદેવા નંદન, ઋષભદેવ સુખકારી...૧
પુંડરિક પમુહા મુનિવર સિદ્ધા, આતમતત્ત્વ વિચારી...૨
શિવસુખ કારણ ભવદુ:ખ વારણ, ત્રિભુવન જન હિતકારી...૩
સમકિત શુદ્ધ કરણ એ તીરથ, મોહ મિથ્યાત્વ નિવારી...૪
જ્ઞાનઉદ્યોત પ્રભુ કેવળ ધારી, ભક્તિ કરું એક તારી...૫

## ૨૨. સિદ્ધાચલ શિખરે દીવો રે....

(રાગ : સમુહ ગીત....)

સિદ્ધાચલ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો રે,
જાણે દર્શન અમૃત પીવો રે, આદીશ્વર અલબેલો રે,
શિવ સોમયશાની લારે રે, આ. તેર કોડી મુનિ પરિવારે રે, ...૧
કરે શિવસુંદરીનું આણું રે. આ નારદજી લાખ એકાણું રે,
વસુદેવની નારી પ્રસિદ્ધિ રે. આ. પાંત્રીશ હજાર તે સિદ્ધિ રે...૨
લાખ બાવનને એક કોડી રે, આ. પંચાવન સહસને જોડી રે,
સાતસે સત્યોતેર સાધુ રે, આ. પ્રભુ શાંતિ ચોમાસું કીધું રે...૩
તવ એ વરીયા શિવનારી રે, આ. ચૌદ સહસ મુનિ દમિત્તારી રે,
પ્રદ્યુમ્નપ્રિયા અચંભી રે, આ. ચૌઆલીસસેં વૈદર્ભી રે...૪
થાવચ્ચા પુત્ર હજારે રે, આ. શુક પરિવ્રાજક એ ધારે રે,
સેલગ પણસય વિખ્યાતે રે, આ. સુભદ્ર મુનિ સય સાતે રે...૫
ભવ તરીયા તેણે ભવ તારણ રે, આ. ગજચંદ્ર મહોદય કારણ રે,
સુરકાંત અચલ અભિનંદો રે, આ. સુમતિ શ્રેષ્ઠિ ભય કંદો રે...૬
ઈહાં મોક્ષ ગયા કેઈ કોટી રે, આ. અમને પણ આશા મોટી રે,
શ્રદ્ધા સંવેગે ભરિયો, રે, આ. મેં મોટો દરીયો તરિયો રે...૭
શ્રદ્ધા વિણ કુણ ઈહાં આવે રે ? આ. લઘુ જળમાં કેમ તે નાવે રે ?
તિણે હાથ હવે પ્રભુ ઝાલો રે ! આ. **શુભવીર** ને હઈડે વહાલો રે...૮

## ૨૩. સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ

સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ, ગિરિ ભેટી પાવન થઈએ,
સોરઠદેશે જાત્રાનું મોટું ધામ છે.
જયાં ધર્મશાળાઓ બહુ સોહે, મહેલાતો મનડા મોહે
એવું સુંદર પાલીતાણા ગામ છે...૧

જ્યાં તળેટી પહેલી આવે, ગિરિ દર્શન વિરલા પાવે,
પ્રભુજીના પગલાં પુનિત ને અભિરામ છે...૨

જ્યાં ગિરિ ચડતાં સમીપે, દેવાલય દિવ્યજ દીપે,
બંગાળી બાબુનું અવિચળ એ તો ધામ છે...૩

જ્યાં કુંડ વિસામાં આવે, થાક્યા નો થાક ભુલાવે,
પરબો રૂડી પાણીની ઠામો ઠામ છે....૪

જ્યાં હડો આકરો આવે, કેડે દઈ હાથ ચડાવે,
એવી દેવી હિંગલાજ જેનું નામ છે.....૫

જ્યાં ગિરિવર ચડતાં ભાવે, રામ પોળ છેલ્લે આવે,
ડોળીવાળાનું વિસામાનું ઠામ છે...૬

જ્યાં નદી શત્રુંજી વહે છે, સૂરજકુંડ શોભા દે છે,
ન્હાયો નહીં જે એનું જીવન બે બદામ છે...૭

જ્યાં સોહે શાંતિ દાદા, સોલમા જિન ત્રિભુવન ભ્રાતા,
પોળે જાતાં સૌ પહેલાં પ્રણામ છે...૮

જ્યાં ચક્કેશ્વરી છે માતા, વાઘેશ્વરી દે સુખશાતા,
કવડ જક્ષાદિ દેવતાઓ તમામ છે...૯

જ્યાં આદીશ્વર બિરાજે, જે ભવની ભાવઠ ભાંજે,
પ્રભુજી પ્યારા નિરાગી ને નિષ્કામ છે...૧૦

જ્યાં સોહે પુંડરિક સ્વામી, ગિરુઆ ગણધર ગુણગામી,
અંતરજામી આતમના આરામ છે...૧૧

જ્યાં રાયણ છાંય નિલુડી, પ્રભુ પગલાં પરે પરે રૂડી,
શીતળકારી એ વૃક્ષાનો વિરામ છે...૧૨

જ્યાં નિરખીને નવ ટુંકો, જબ થાયે પાતિકનો ભૂક્કો,
દિવ્ય દહેરાનાં અલૌકિક કામ છે...૧૩
જ્યાં ગૃહિલીંગ અનંતા, સિદ્ધિ પદ પામ્યા સંતા,
પંચમ કાલે એ મુક્તિનું મુકામ છે...૧૪
જ્યાં કમલસૂરિ ગુણ ગાવે, તે લાભ અનંતો પાવે,
જાત્રા કરવા મનડાની મોટી હામ છે...૧૫

**૨૪. ઓ...હો... મોરા આતમરામ**

**(રાગ : ઓ હંસારાણા રહી જાઓ... )**

ઓ...હો...મોરા આતમરામ (૨) કુણ દિને શેત્રુંજે જાશું
શેત્રુંજા કેરી પાગે ચઢંતા, ઋષભતણા ગુણ ગાશું રે
ઓ...હો...મોરા આતમરામ...૧
એ ગિરિવરનો મહિમા, નિસુણી, હૈડે સમકિત વાસ્યું,
જિનવર ભાવ સહિત પૂજીને, ભવોભવ નિર્મલ થાશું રે,...૨
મન વચ કાયા નિર્મલ કરીને, સુરજકુંડમાં નાશું
મરુદેવાનો નંદન નીરખી, પાતિક દુરે પલાશું રે... ૩
ઈણગિરિ સિદ્ધ અનંતા હુઆ, ધ્યાન સદા તુમ ધ્યાશું
સકળ જનમમાં એ માનવભવ, લેખે કરીય સરાસું રે...૪
સુરવર પુજિત પદકજની રજ, નિલવટે તિલક ચડાવશું
મનમાં હરખી ડુંગર ફરસી, હૈડે હરખિત થાશું રે. - મોરા...૫
સમકિત ધારી સ્વામી સાથે, સદગુરુ સમકિત લાશું
છ'રી પાલી પાપ પખાલી, દુર્ગતિ દુરે પલાશું રે, - મોરા...૬
શ્રી જિનનામી સમકિત પામી, લેખે ત્યારે ગણાશું,
**'જ્ઞાન-વિમલ'** કહે, ધન ધન તે દિન પરમાનંદ પદ પાશું રે...૭

## શ્રી બીજ-તીથિનું સ્તવન

### દુહા

સરસ વચન રસ વરસતિ, સરસતી કળા ભંડાર;
બીજ તણો મહિમા કહું, જે કહ્યો શાસ્ત્ર મોઝાર,...૧
જંબૂદ્વીપના ભરતમાં, રાજગૃહી નયરી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન...૨
શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય;
પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય...૩
ત્રિગડે બેઠા ત્રિભુવન પતિ, દેશના દીયે જિનરાય;
કમળ સુકોમળ પાંખડી, એમ જિન હૃદય સોહાય...૪
શશી પ્રગટે જેમ તે દિને, ધન્ય તે દિન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ...૫

**(ઢાળ ૧લી.) (અષ્ટાપદ અરિહંતજી એ રાગ)**

કલ્યાણક જિનના કહું, સુણ પ્રાણીજી રે,
અભિનંદન અરિહંત, એ ભગવંત, ભવિ.
માઘ શુદ્ધિ બીજને દિને, સુણ,
પામ્યા શિવસુખ સાર, હરખ અપાર ભવિ...૧
વાસુપૂજય જિન બારમા, સુણ.
એહ જ તિથિએ થયું નાણ, સફળ વિહાણ. ભવિ.
અષ્ટ કર્મ ચૂરણ કરી, સુણ.
અવગાહન એક વાર, મુક્તિ મોઝાર. ભવિ...૨
અરનાથ જિનજી નમું, સુણ.
અષ્ટાદશમાં અરિહંત, એ ભગવંત. ભવિ.
ઉજજવલ તિથિ ફાગણની ભલી, સુણ.
વરીયા શિવવધુ સાર, સુંદર નાર. ભવિ...૩

દશમાં શીતલ જિનેશ્વરૂં, સુણ.
પરમ પદની એ વેલ, ગુણની ગેલ. ભવિ.
વૈશાખ વદિ બીજને દિને, સુણ.
મૂક્યો સરવે એ સાથ, સુરનર નાથ. ભવિ....૪
શ્રાવણ સુદની બીજ ભલી, સુણ.
સુમતિ નાથ જિન દેવ, સારે સેવ. ભવિ.
એણી તિથિએ જિન જી તણા, સુણ.
કલ્યાણક પંચ સાર, ભવનો પાર. ભવિ....૫

**ઢાળ બીજી**

જગપતિ જિન ચોવીસમો રે લાલ,
એ ભાખ્યો અધિકાર રે ભવિકજન;
શ્રેણીક આદે સહુ મળ્યા રે લાલ,
શક્તિ તણે અનુસાર રે ભવિકજન.
ભાવ ધરી ને સાંભળો રે લાલ...૧

દોય વરસ દોય માસની રે લાલ,
આરાધો ધરી ખંત રે, ભવિક;
ઉજમણું વિધિશું કરો રે લાલ,
બીજ તે મુક્તિ મહંત રે, ભવિક...૨

માર્ગ મિથ્યા દૂરે તજો રે લાલ,
આરાધો ગુણ થોક રે, ભવિક;
વીરની વાણી સાંભળી રે લાલ,
ઉછરંગ થયા બહુ લોક રે ભવિક. ભાવ...૩

એણી બીજે કેઈ તર્યા રે લાલ,
વળી તરશે કેઈ શેખ .રે, ભવિક;
શશિ નિધિ અનુમાન થી રે લાલ,
સઈલા નાગધર એષ રે, ભવિક. ભાવ...૪

અષાડ શુદિ દશમી દિને રે લાલ,
એ ગાયો સ્તવન રસાળ રે, ભવિક;
**નવલવિજય** સુપસાપથી રે લાલ,
ચતુરને મંગળ માલ રે, ભવિક. ભાવ. ૫

**કળશ**

ઈમ વીર જિનવર, સયલ સુખર, ગાયો અતિ ઉલટ ભરે,
અષાડ ઉજજવળ દશમી દિવસે, સંવત અઢાર અઠ્ઠોતરે.
બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસ એ,
જે ભવિક ભાવે સુણે ગાવે, તસ ઘર લીલ વિલાસ એ.

## ॥ શ્રી જ્ઞાનપંચમીના સ્તવનો ॥

### ૧. પંચમી તપ તમે કરો રે પ્રાણી

(રાગ - પ્રાચીન)

પંચમી તપ તમે કરો રે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાન રે,
પહેલું જ્ઞાન ને પછી કિરિયા, નહિ કોઈ જ્ઞાન સમાન રે. ... ॥ ૧ ॥

નંદી સુત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે,
મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલ એક ઉદાર રે. ... ॥ ૨ ॥

મતિ અઠ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છે અસંખ્ય પ્રકાર રે,
દો ભેદે મનઃ પર્યવ દાખ્યું, કેવલ એક ઉદાર રે. ... ॥ ૩ ॥

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે,
કેવળજ્ઞાન સમું નહિ કોઈ, લોકા લોક પ્રકાશ રે. ... ॥ ૪ ॥

પાર્શ્વનાથ પસાય કરીને, પૂરો માના મનની ઉમેદ રે,
**સમય સુંદર** કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદ રે. ... ॥ ૫ ॥

## ૨. શ્રી જિનવરને પ્રગટ થયું રે

(રાગ - શ્રી નેમિસર જિનતણુંજી...)

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે,
ભવિયા,વંદો કેવલજ્ઞાન, પંચમી દિન ગુણખાણ રે, ॥ ૧ ॥

અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય ?
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે ॥ ૨ ॥

ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે. ॥ ૩ ॥

છતાં પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવ નવી વર્તના રે, સમયમાં સર્વ જણાય રે. ॥ ૪ ॥

બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય;
રવિ પ્રભાથી અધિક નહીં રે, નક્ષત્ર ગણ સમુદાય રે. ॥ ૫ ॥

ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ
**વિજયલક્ષ્મીસૂરિ** તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ રે. ॥ ૬ ॥

## ૩. જ્ઞાનપંચમી સેવો

(રાગ - મેરા જીવન...)

જ્ઞાન પંચમી સેવો, મુક્તિનો મેવો, ચાખો ચતુર સુજાણ ,
મહાનિશિથે પંચમી મહિમા, ભાખે શ્રી ગણધાર
પંચમી દિન પાંચ જ્ઞાન આરાધો, પંચમી ગતિ દાતાર ॥ ૧ ॥

મતિ શ્રુત અવધિ મનપર્યવ, પંચમ કેવલજ્ઞાન
એકાવન ભેદે કરી રે, સેવો શાસ્ત્ર પ્રમાણ ॥ ૨ ॥

જ્ઞાન પંચમી આરંભીને સુદી પંચમી કરો ઉપવાસ
જ્ઞાન આરાધન કીજીયે રે, પાંચ વરસ પાચ માસ ॥ ૩ ॥

ૐ હ્રીઁ નમો નમો નાણસ્સની, નવકારવાળી વીસ
એકાવન લોગસ્સ સ્વસ્તિક, ખામણા શ્રી જગદીશ ॥ ૪ ॥

જ્ઞાનવિના નવિ જાણતા રે, ધર્માધર્મ વિવેક
અજ્ઞાની પશું સરિખા રે, બાંધે કર્મ અનેક ॥ ૫ ॥

પંચમી તપ સુપસાયથી રે, પ્રગટે સમ્યગ્જ્ઞાન
કર્મ દહન કરી જ્ઞાનથી રે, પામે અવિચલ ઠાણ ॥ ૬ ॥

જિમ વરદત્ત ને ગુણમંજરી, આરાધ્યો તપ એહ
વીર આરાધે જ્ઞાનને રે, ધન્ય જગતમાં તેહ ॥ ૭ ॥

### ૪ સુત સિદ્ધારથનો

સુત સિદ્ધારથ ભૂપનો રે, સિદ્ધારથ ભગવાન;
બાર વર્ષદા આગળે રે, ભાખે શ્રી વર્ધમાન રે;
ભવિયણ ચિત્ત ધરો,
મન વચ કાય અમાયો રે, જ્ઞાન ભક્તિ કરો.૧
ગુણ અનંત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેમાં પણ જ્ઞાન જ વડું રે, જેહથી દંસણ હોય રે. ભવિ૦ ૨
જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય;
જ્ઞાને સ્થવિરપણું લહે રે, આચારજ ઉવજઝાય રે.ભવિ૦ ૩
જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ;
વહ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ રે. ભવિ૦ ૪
પ્રથમ જ્ઞાન પછી દયા રે, સંવર મોહ વિનાશ;
ગુણસ્થાનક પગ થાલીએ રે, જેમ ચઢે મોક્ષ આવાસો રે.ભવિ૦ ૫

મઈ સુઅ ઓહી મણપજ્જવા રે, પંચમ કેવલજ્ઞાન;
ચઉ મુંગા શ્રુત એક છે રે,સ્વપર પ્રકાશ નિદાનો રે. ભવિ૦ ૬
તેહના સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવે રે, ધર્મો ધરી અપ્રમાદો રે.ભવિ૦ ૭
ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય;
અંધા બહેરા બોબડા રે, મુંગા પાંગુલા થાય રે; ભવિ૦ ૮
ભણતાં ગણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્ત પરે રે, જ્ઞાન વિરાધન બીજ રે. ભવિ૦ ૯
પ્રેમે પૂછે પર્ષદા રે, પ્રણમી જગગુરુ પાય;
ગુણમંજરી વરદત્તનો રે, કરો અધિકાર પસાયો રે, ભવિ રે૦ ૧૦

## શ્રી આઠમનું સ્તવન

(૧)

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજે રે,
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે,
ચોત્રીશ અને પાંત્રીશ, વાણી ગુણ લાવે રે,
પાઉ ધર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે, ॥ ૧ ॥

તિહાં ચોસઠ સુરપતિ આવી,ત્રિગડું બનાવે રે,
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે,
સુર નર ને તિર્યંચ, નિજ નિજ ભાષા રે,
તિહાં સમજીને ભવતીર,પામે સુખ ખાસા રે ॥ ૨ ॥

તિહાં ઈન્દ્રભૂતિ ગણધાર, શ્રી ગુરૂ વીરને રે,
પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમને રે,
તવ ભાખે વીર જિણંદ, સુણો સહુ પ્રાણી રે,
આઠમ દિન જિનના કલ્યાણ, ધરો ચિત્ત આણી રે ॥ ૩ ॥

(૨)

શ્રી ઋષભનું જન્મ-કલ્યાણ રે । વળી ચારિત્ર લહ્યું ભલે વાણ રે ।
ત્રીજા સંભવનું ચ્યવન કલ્યાણ । ભવિ તુમે અષ્ટમી, તિથિ સેવો રે ।
એ છે શિવવધૂ વરવાનો મેવો - ભવિ તુમે અષ્ટમી ॥ ૧ ॥

શ્રી અજિત સુમતિ નમિ જન્મ્યા રે । અભિનન્દન શિવપદ પામ્યાં રે ।
જિન સાતમા ચ્યવન દીપાવ્યા - ભવિ તુમે અષ્ટમી ॥ ૨ ॥

વીશમાં મુનિસુવ્રત સ્વામી રે । નમિ જન્મ્યા હોય ગુણ ધામી રે ।
બાવીશમાં શિવ વિશરામી - ભવિ તુમે અષ્ટમી ॥ ૩ ॥

પાર્શ્વનાથજી મોક્ષ-મહંતા રે । ઈત્યાદિક જિન ગુણવન્તા રે ।
કલ્યાણક મુખ્ય કહન્તા - ભવિ તુમે અષ્ટમી ॥ ૪ ॥

શ્રી વીર જિણંદની વાણી રે । નિસુણી સમજ્યા ભવિ પ્રાણી રે ।
આઠમ દિન અતિ ગુણ ખાણી - ભવિ તુમે અષ્ટમી ॥ ૫ ॥

આઠ કર્મ તે દૂર પલાય રે । એથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાય રે ।
તે કારણ સેવો ચિત્ત લાય-ભવિ તુમે અષ્ટમી ॥ ૬ ॥

શ્રી ઉદયસાગર સૂરિ રાયા રે । ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયા રે ।
તસ **ન્યાયસાગર** ગુણ ગાયા - ભવિ તુમે અષ્ટમી ॥ ૭ ॥

## શ્રી એકાદશીનું સ્તવન

(રાગ - અષ્ટમી સ્તવન)

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનંતિ ગુણની રાશિ, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે;
ભવિજીવને શિવસુખ દીજે, મલ્લી... ॥ ૧ ॥

તુમે કરૂણા રસ ભંડાર રે, પામ્યા છો ભવનો પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ॥ ૨ ॥

પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગના દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વપણે તસ થાપે, મલ્લી જિન ॥ ૩ ॥

સુરપતિ સઘળાં મળી આવે રે, મણિરયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શિષ નમાવે, મલ્લિજિન... ॥ ૪ ॥

તીર્થોદક કુંભો લાવે રે, પ્રભુ સિંહાસને ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે, મલ્લિજિન... ॥ ૫ ॥

વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલમાળા હૃદય પર ધારે રે;
દુઃખડા ઈન્દ્રાણી ઓવારે; મલ્લિજિન... ॥ ૬ ॥

મળ્યા સુરનર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી, મલ્લિજિન... ॥ ૭ ॥

માગસર સુદની અજુવાળી રે, એકાદશી ગુણની આળી રે;
વર્યા સંયમ વધુ લટકાળી, મલ્લિજિન... ॥ ૮ ॥

દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે તેહ રે;
કહે **"રૂપવિજય"** સસનેહ, મલ્લિજિન... ॥ ૯ ॥

## દીવાળી સ્તવન

(રાગ - મન ડોલે રે... મેં તો આરતી ઉતારૂં રે...)

મારે દીવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને,
સર્યાં સર્યાં રે સેવકના કાજ, ભવ દુઃખ ખોવાને ।
મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવલજ્ઞાન રે ।
ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી, મહાવીર પ્રભુ નિરવાણ ॥ ૧ ॥

ચારિત્ર પાળી નિરમલું રે, ટાળ્યાં વિષય-કષાય રે ।
એવા મુનિને વન્દીએ જે, ઉતારે ભવ પાર ॥ ૨ ॥

બાકુળા વહોર્યા વીર જિને, તારી ચન્દનબાળા રે ।
કેવલ લઈ પ્રભુ મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર ॥ ૩ ॥

એવા મુનિને વન્દીએ જે, પંચ જ્ઞાન ને ધરતા રે ।
સમવરસરણ દઈ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર ॥ ૪ ॥
ચોવીશમા જિનેશ્વરૂ રે, મુક્તિ તણા દાતાર રે ।
કર જોડી કવિ એમ ભણે પ્રભુ, દુનિયા ફેરો ટાલ ॥ ૫ ॥

## ૨. વીર વહેલા આવે રે.

વીર વહેલાં આવે રે, ગૌતમ કહી બોલાવો રે
દરિશન વહેલાં દિજીએ હોજી,
તું નિસ્નેહી હું સસ્નેહી અજાણ રે વીર...(૧)
ગૌતમ ભણે ભો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો
પ્રભુજી તારા ગુપ્ત ભેદોથી અજાણ રે વીર....(૨)
શિવનગર થયું શું સાંકડું કે, હતી નહિ મુજ યોગ્યતા
જો કહ્યું હોત મુજને તો, કોણ કોઈને રોકતા
પ્રભુજી હું શું માગત ભાગ સુજાણ રે વીર...(૩)
મમ પ્રશ્નના ઉત્તર દઇ, ગૌતમ કહી કોણ બોલાવશે
કોણ સાર કરશે સંઘની ને, શંકા બિચારી ક્યાં જશે
હે પુન્ય કથા કરી પાવન કરો મમ કાન રે વીર...(૪)
જિન ભાણ અસ્ત થતા, તિમિર મિથ્યાત્વ સઘળે વ્યાપશે
કુમતિ કૌતુક જાગશે, વળી ચોર ચુંગલ વધી જશે
ત્રિગડે બેસી દેશના દિયો, જગભાણ રે વીર....(૫)
મુનિ ચૌદ સહસ છે તાહરે ને, માહરે વીર તું એક છે
ટળવળતો મને મૂકી ગયાં, પ્રભુ ક્યાં તુમારી ટેક છે
હે સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણ રે વીર....(૬)

પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, ન મળે કોઈ અવસરે,
હું રાગ વશ રખડું નિરાગી, વીર શીવપુર સંચરે,
હે "વીર વીર" કરું વીર ન ધરે કાંઈ ધ્યાન રે વીર...(૭)

કોણ વીરને કોણ ગૌતમ, નહિ કોઈ કોઈનું કદા,
એ રાગ ગ્રંથી છૂટતાં, વળી જ્ઞાન ગૌતમને થતાં,
હે સુરતરુ સુરમણિ ગૌતમ નામે નિધાન રે વીરે....(૮)

કાર્તિક માસે અમાસ રાત્રે અસ્ત ભાવ દિપક તણો,
દ્રવ્ય દિપક જ્યોત પ્રગટે, લોકો દેવ દિવાળી ભણે,
**હે વિર વિજય ના** નર નારી, કરે ગુણગાન રે વીર....(૯)

## ૩. મને ઉપકારી

મને ઉપકારી વીર પ્રભુ સાંભળે રે લોલ,
મારા દર્શનના દાયક દેવ રે, ઉપકારી વીર પ્રભુ સાંભળે
રે લોલ...(૧)

મને મૂકીને મુક્તિમાં સંચર્યા રે લોલ
હવે કોની કરીશ હું ભક્તિ રે... ઉપકારી વીર... (૨)

મારા હૈયાના હાર પ્રભુજી વીરજી રે લોલ.
રાખી તરફડતો આ દાસ થયા સિદ્ધ રે.. ઉપકારી વીર...(૩)

ગૌતમ ગૌતમ કહેનાર ગયાં મુક્તિમાં રે લોલ
કહુ કોની આગળ જઈ દુઃખ રે... ઉપકારી વીર...(૪)

ગયા ત્રિપદી સુણાવનાર મુક્તિમાં રે લોલ
કોણ પ્રશ્નની ટાળશે ભૂખ રે... ઉપકારી વીર...(૫)

બોલે ગૌતમ વેણ એમ રાગથી રે લોલ
ઘડીભરમાં વિચારે પ્રભુ વેણ રે...ઉપકારી વીર...(૬)

પ્રભુ વીતરાગ રાગને ટાળતાં રે લોલ
રાગ હોતાં ન કેવળ જ્ઞાન રે...ઉપકારી વીર....(૭)

એમ ભાવી ગૌતમ હુઆ કેવલી રે લોલ
દેવ ઓચ્છવ કરે ગુણગાન રે... ઉપકારી વીર...(૮)
વીર વાણીમાં અહર્નિશ રાચતા રે લોલ
વળી મુખડું સુપ્રસન્ન રે... ઉપકારી વીર...(૯)
નમો ગૌતમ વીર પદ 'પદ્મ'ને રે લોલ
પામી હોંશે દિવાળીનું પર્વ રે.... ઉપકારી વીર... (૧૦)

### ૪ મોક્ષે ગયા

### (રાગ - ઓલી ચંદનબાળાને)

મોક્ષે ગયા મહાવીર રે ચોવિશમા જિનચંદ
અંતરજામી ઉડી ગયા રે, છોડી દુનિયાના ફંદ...(૧)
સિદ્ધારથ કુલ ચંદ્રમાં રે, સિદ્ધારથ ભગવંત
વિરહ પડ્યો ભરતક્ષેત્રમાં રે, આજ પછી અરિહંત રે....(૨)
સંઘ સકલને શોક થયો, ત્યાં ભાવદિપક થયો અસ્ત રે
કુમતિ અંધકાર બહુ પ્રસરશે રે, હવે કોણ કરશે પ્રકાશ....(૩)
દેવશર્માને પ્રતિબોધવા રે, ગૌતમને મૂક્યો આજ
શિવપુર આપ પધારિયા રે, મન મોહન મહારાજ....(૪)
વળતા ગૌતમ શ્રવણે સુણી, મન થયું અરિહંત સાથ
ઈણ સમય અળગો કેમ મૂક્યો, મને શ્રી જગન્નાથ રે....(૫)
મનના સંશય કોણ ભાંજશે રે, અહોનિશ મારા આધાર
ગૌતમ કહી કોણ બોલાવશે રે, ક્ષણ ક્ષણમાં કંઈ વાર રે...(૬)
કુમતિ ખજુઆ બહુ જામશે, આપ વિના અરિહંત
રવિ વિના જેમ ચમકે તારા તેહને, કોણ કરશે સંત રે....(૭)
સ્નેહી વીતરાગી હું રાગીઓ, ભૂલી ગયો નિજ ભાન
એમ નિર્મોહી ભાવે ભાવના, ગૌતમ કેવળ જ્ઞાન રે....(૮)

દિન દિવાળીએ ગાઈએ રે બાલાપુર નયનાનંદ
પ્રવચન નવનિધિ ચંદ્રમા રે, **વીરવિજય** જિનચંદ્ર રે.(૯)

## ૫. પ્રભુ વિણ વાણી

**(રાગ - રૈના બિત જાયે)**

પ્રભુ વિણ વાણી કોણ સુણાવે
મારા નાથ વિણ વાણી કોણ સુણાવે....(૧)
જબ યે વીર ગયે શિવમંદિર
તબ મેરો સાંસો કોણ મિટાવે...(૨)...(૨) પ્રભુ
તુમ વિના ચઉવિહ સંઘ કમલ દલ
વિકસિત કોણ કરાવે... (૨)...(૩) પ્રભુ
કહે ગૌતમ ગણધર તુમ વિરહે
જિનવર દિનકર જાવે...(૨)...(૪) પ્રભુ
મોકું સાથ લઈ ક્યું ન ચલે
ચિત્ત અપરાધ ધરાવે...(૨)...(૫) પ્રભુ
ઈમ પરભાવ વિચારી અપનો
સમભાવ ભાવ મિલાવે...(૨)...(૬) પ્રભુ
સમવસરણ બેઠે તખત પર
હુકમ કોણ ફરમાવે...(૨)...(૭) પ્રભુ
વીર વીર બોલતે વીર અક્ષર સે
અંતર તિમિર હટાવે...(૨)... (૮) પ્રભુ
સકલ સુરાસુર હર્ષિત હોવે
જુહાર કરણ કું આવે...(૨)...(૯) પ્રભુ
ઈન્દ્ર ભૂતિ અનુભવકી લીલા
**જ્ઞાન વિમલ** ગુણ ગાવે...(૨)...(૧૦) પ્રભુ

# ॥ શ્રી પર્યુષણ મહાપર્વના સ્તવનો ॥

## ૧. સુણજો સાજન

સુણજો સાજન સંત પજૂસણ આવ્યા રે ।
તુમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યા રે
વીર જિણેસર અતિ અલેવસર, વાલા મારા પરમેશ્વર એમ બોલે રે ।

પર્વ માંહે પજુસણ મોટા, અવર ન આવે તસ તોલે રે ॥ ૧ ॥
ચૌપદમાં જેમ કેશરી મોટો વા. મારા ખગમાં ગરૂડ તે કહિએ રે ।
નદીમાંહે જેમ ગંગા મોટી, નગમાં મેરૂ લહિએ રે ॥ ૨ ॥

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વા. દેવ માંહે સુર ઈંદ્ર રે ।
તીર્થ માંહે શેત્રુંજો દાખ્યો, ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે ॥ ૩ ॥

દશરા દીવાળી ને વળી હોળી, વા. અખા ત્રીજ દિવાસો રે ।
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે ॥ ૪ ॥

તે માટે તમે અમર પળાવો વા. અઠ્ઠાઈ મહોચ્છવ કીજે રે ।
અઠ્ઠમ તપ અધિકાઈએ કરીને, નર ભવ લાહો લીજે રે ॥ ૫ ॥

ઢોલ દદામા ભેરી નફેરી, વા. કલ્પસૂત્ર ને જગાવો રે ।
ઝાંઝરનો ઝમકાર કરીને, ગોરીની ટોલી મલી આવો રે ॥ ૬ ॥

સોના રૂપાને ફૂલડે વધાવો, વા. કલ્પસૂત્ર ને પૂજો રે ।
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રૂજો રે ॥ ૭ ॥

એમ અઠ્ઠાઈ મહોચ્છવ કરતાં, વા. બહુ જગજન ઉદ્ધરિયા રે ।
વિબુધ વિમલ વર સેવક એહથી, નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ વરિયા રે ॥ ૮ ॥

## ૨. પ્રભુ વીર જિણંદ વિચારી

(રાગ - પ્રભુપાસનું મુખડું જોવા)

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી
આખા વર્ષમાં તે દિન મોટા, આઠે નહીં એમાં છોટા રે,
એ ઉત્તમને ઉપકારી ॥ ૧ ॥

જેમ ઔષધમાંહિ કહીએ, અમૃતને સારૂ લહીએ રે,
મહામંત્રમાં નવકારવાળી ॥ ૨ ॥

વૃક્ષમાંહી કલ્પતરૂ સારો, એમ પર્વ પજુસણ ધારો રે,
સૂત્ર માંહિ કલ્પ ભવ તારી ॥ ૩ ॥

તારાગણમાં જેમ ચંદ્ર, સુરવરમાંહી જેમ ઇંદ્ર રે,
સતીયોમાં સીતા નારી ॥ ૪ ॥

જો બને તો અઠ્ઠાઈ કીજે, વળી માસક્ષમણ તપ લીજે રે,
સોળ ભત્થાની બલીહારી ॥ ૫ ॥

નહી તો ચોથ છઠ્ઠ તો લહીયે, અઠ્ઠમ કરી દુઃખ સહીયે રે,
તે પ્રાણી જુજ અવતારી ॥ ૬ ॥

તે દિવસે રાખી સમતા, છોડો મોહ માયા ને મમતા
સમતારસ દિલમાં ધારી ॥ ૭ ॥

નવપૂરવ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે
ભદ્રબાહુ વાર અનુસારી ॥ ૮ ॥

સોના રૂપાના ફુલડા ધરીએ, એ કલ્પની પૂજા કરીએ રે,
એ શાસ્ત્ર અનોપમ ભારી ॥ ૯ ॥

ગીત ગાન વાજિંત્ર બજાવે, પ્રભુજીની આંગી રચાવે રે,
કરે ભક્તિ વાર હજારી ॥ ૧૦ ॥

સુગુરૂ મુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વાર રે,
એ જુવે અષ્ટ ભવે શિવ પ્યારી ॥ ૧૧ ॥

એમ અનેક ગુણના ખાણી, તે પર્વ પજુસણ જાણી રે,
સેવો **દાન** દયા મનોહારી ॥ ૧૨ ॥

## ૩. રીઝો રીઝો શ્રી વીર દેખી

**(રાગ - ભીમપલાશ)**

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શિરતાજ
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણ આજ ॥ ૧ ॥

પ્રભુજી દેવે પર્ષદામાંહે, ઉત્તમ શિક્ષા એમ
આળસમાં બહુ કાળ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ ॥ ૨ ॥

સોનાના રજકણ સંભાળે, જિમ સોની એક ચિત
તેથી પણ આ અવસર અધિકો, કરો આતમ પવિત્ત ॥ ૩ ॥

જેને માટે નિશદિન રખડો, તજી ધર્મના નેમ
પાપ કરો તો શિરપર બોજો, તેહ વ્યાજબી કેમ ॥ ૪ ॥

કોઈ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ
પરભવ જાતા સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ ॥ ૫ ॥

સંપીને સમતાએ સુણજો, અઠ્ઠાઈ વખાણ
છઠ્ઠ કરજો શ્રી કલ્પસૂત્રનો, વાર્ષિક અઠ્ઠમ જાણ ॥ ૬ ॥

નિશીથ સૂત્રની ચૂર્ણી માંહે, આલોચના વખણાય
ખમીએ હોંશે સર્વ જીવોને, જીવન નિર્મળ થાય ॥ ૭ ॥

ઉપકારી શ્રી વીરની કીજે, પૂજા અષ્ટ પ્રકાર
ચૈત્ય જૂહારો ગુરૂ વંદીજે, આવશ્યક બે કાલ ॥ ૮ ॥

પૌષધ ચોસઠ પહોરી કરતાં, જાયે કર્મ જંજાળ
**પદ્મ વિજય સમતા રસ ઝીલે, ધર્મે મંગલમાલ ॥ ૯ ॥**

## શ્રી મહાવીર પ્રભુનું હાલરડું

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે,
ગાવે હાલો હાલો હાલરવાનાં ગીત ।
સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું રે,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત ।
હાલો હાલો હાલો હાલો મારા નન્દને રે ॥ ૧ ॥

જિનજી પાસ પ્રભુજી વરસ અઢીસે અંતરે રે,
હોશે ચોવીશમો તીર્થંકર જિન પરિમાણ ।
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભળી રે,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ ॥ ૨ ॥

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહી હવે ચક્રીરાજ ।
જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાંર,
તેહને વચને જાણ્યા ચોવીશમાં જિનરાજ ॥ ૩ ॥

મારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ ।
મારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુન્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ ॥ ૪ ॥

મુજને દોહલા ઉપન્યા બેસું ગજ અંબાડીયે રે,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય ।
એ સહું લક્ષણ મુજને નન્દન તારા તેજનાં રે,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય ॥ ૫ ॥

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે રે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ ।
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો રે,
મેં તો પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ ॥ ૬ ॥

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓંના દેવર છો સુકુમાલ ।
હસશે ભોજાઈઓ કહી દીયર માહરા લાડકા રે,
હસશે રમશે ને વળી ઠૂંસા દેશે ગાલ,
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ ॥ ૭ ॥

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલી પાંચસે મામીના ભાણેજા છો ।
નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ,
હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજા રે ।
આંખોં આંજીને વળી ટપકું કરશે ગાલ ॥ ૮ ॥

નંદન મામા મામી લાવશે ટોપી આંગલા રે,
રતને જડીયા ઝાલર મોતી કસબી કોર ।
નીલાં પીળાં ને વળી રાતાં સરવે જાતિનાં રે,
પહેરાવશે મામી માહરા નંદકિશોર ॥ ૯ ॥

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે રે,
નંદન ગજવે ભરશે લાડૂ મોતીચૂર ।
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં રે,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર ॥ ૧૦ ॥

નંદન નવલા ચેડા મામાની સાતે સતી રે,
મારી ભત્રીજી ને બ્હેન તમારી નંદ ।
તે પણ ગજવે ભરવા લાખણ સાઈ લાવશે રે,
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનન્દ ॥ ૧૧ ॥

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો રે,
વળી સુડો મૈના પોપટ ને ગજરાજ ।
સારસ હંસ કોયલ તીતર ને વળી મોરજી રે,
મામા લાવશે રમવા નંદ તમારે કાજ ॥ ૧૨ ॥

છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવીયા રે,
નંદન તમને અમને કેલી ઘરની માંહિ ।
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે રે,
બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહી ॥ ૧૩ ॥

તમને મેરુગિરિ પર સુરપતિએ નવરાવીઆ રે,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય ।
મુખડા ઉપર વારૂં કોટી કોટી ચંદ્રમાં રે,
વળી તન પર વારિ ગ્રહ ગણનો સમુદાય ॥ ૧૪ ॥

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું રે,
ગજ પર અંબાડી બેસાડી મોટે સાજ ।
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગર વેલશું રે,
સુખલડી લેશું નિશાળીયાને કાજ ॥ ૧૫ ॥

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું રે,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર ।
સરખા સરખી વેવાઈ વેવાણોને પધરાવશું રે,
વહુ વર પોંખી લેશું જોઈ જોઈને દેદાર ॥ ૧૬ ॥

પીયર સાસર મારા બેહું પખ નંદન ઊજળા રે,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ ।
માહરે આંગણે વુઠયા અમૃત દુધે મેંહુલા રે,
માહરે આંગણે ફલિયા સુરતરૂ સુખના કંદ ॥ ૧૭ ॥

ઈણી પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું રે,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ ।
બિલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં રે,
જય જય મંગલ હોજો **દીપવિજય** કવિરાજ ॥ ૧૮ ॥

## શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન

શ્રી **શુભવિજય** સુગુરૂ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ॥ ૧ ॥

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય ॥ ૨ ॥

વીર જિનેશ્વર સાહીબો, ભમીયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત, ॥ ૩ ॥

### ઢાળ ૧લી

**(મંદાક્રાંતા - સ્નાત્રપૂજા - ગજસુકુમાલ - )**

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે,
પ્રાણી ! ધરીયે સમકિત રંગ, જિમ પામીયે સુખ અભંગ રે ॥ ૧ ॥
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરું રે, તો વાંછિત ફળ હોય રે. ॥ ૨ ॥
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કિમ ભટકો ઇહાં રે, મુનિ કહે સાથ વિયોગ રે ॥ ૩ ॥
હર્ષ ભેર તેડી ગયો રે,પડિલાભ્યા મુનિરાજ,
ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળાં કરું આજ રે. ॥ ૪ ॥
પગવટીએ ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ માર્ગ અપવર્ગ રે. ॥ ૫ ॥

દેવ ગુરૂ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ-મહાવિદેહમાં રે, પામ્યા સમકિત સાર રે. ॥ ૬ ॥

શુભ ધ્યાને મરી સુર હુઆ રે, પહેલા સ્વર્ગ મોઝાર;
પલ્યોપમ-આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે. ॥ ૭ ॥

નામે મરીચિ યૌવને રે, સંયમ લીએ પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક **શુભ વાસ** રે. ॥ ૮ ॥

**ઢાળ ૨ જી**

**( પ્રભુ પાસનું - જરા સામને - એ મેરે વતન કે )**

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા;
જલ થોડે સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેષે. ॥ ૧ ॥

ધરે ત્રિદંડી લાકડી મોટી, શિરમુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ॥ ૨ ॥

સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ॥ ૩ ॥

જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા ॥ ૪ ॥

ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચિને પ્રદક્ષિણા દેતા, નમી વંદી ને એમ કહેતા ॥ ૫ ॥

તુમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવી વંદુ ત્રિદંડીક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ. ॥ ૬ ॥

એમ સ્તવના કરી ઘેર જાવે, મરીચિને મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ॥ ૭ ॥

અમે વાસુદેવ ધૂર થઈશું, કુળ ઉત્તમ અમારૂં કહીશું;
નાચે કુળમદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ॥ ૮ ॥

એક દિન તનું રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે ;
ત્યારે વંછે ચેલો એક, તવ મળીયો કપિલ અવિવેક ॥ ૯ ॥

દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચિ લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું દીક્ષા અમે ઉલ્લાસે. ॥ ૧૦ ॥

તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચિ એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ॥ ૧૧ ॥

મરીચિ કહે ધર્મ ઉભયમાં,લીઓ દીક્ષા યૌવન વયમાં;
તેણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ॥ ૧૨ ॥

લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગ સિધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, **શુભ વીર** સદા સુખમાંહી. ॥ ૧૩ ॥

**ઢાળ ૩જી**

**( તમે ક્યા તે - રઘુપતિ - અચ્છા સીલા )**

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ,
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેશે મરી. ॥ ૧ ॥

કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર,
બહોંતેર લાખ પૂરવનું આય, વિપ્ર ત્રિદંડીક વેશ ધરાય. ॥ ૨ ॥

સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મૂઓ. ॥ ૩ ॥

મધ્ય સ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિર પુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂરવ આયુ પૂરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ॥ ૪ ॥

ત્રીજે સ્વર્ગ મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પુરવ લાખ ચુંમાળીશ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય. ॥ ૫ ॥

તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચૌદમે ભવે રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પૂરવનું આય. ॥ ૬ ॥

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વરસ સમ આય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ॥ ૭ ॥

સંભૂતિ મુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરી એ ગયા. ॥ ૮ ॥

ગાયે હણ્યા મુનિ પડિયા વસા, વિશાખાનંદી પિતરીયા હસ્યા;
ગોશૃંગે મુનિ ગર્વે કરી, ગગન ઉછાળી ધરતી ધરી. ॥ ૯ ॥

તપ બળથી હોજો બળ ઘણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, **શ્રી શુભવીર** સત્તર સાગરા. ॥ ૧૦ ॥

### ઢાળ ૪થી

**( શ્રી શંખેશ્વર પાર્શ્વ સુણો મુજ - હે શંખેશ્વર સ્વામી )**

અઢારમે ભવે સાત, સુપન સૂચિત સતી,
પોતનપુરીએ પ્રજાપતિ,રાણી મૃગાવતી,
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નિપન્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ॥ ૧ ॥

વીશમે ભવે થઈ સિંહ, ચોથી નરકે ગયા,
તિહાંથી ચ્યવી સંસારે ભવ બહુલાં થયા;
બાવીશમે નર ભવ લહી, પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજયધાની, મૂકાએ સંચર્યા ॥ ૨ ॥

રાય ધનંજય ધારિણી રાણીએ જનમિયા,
લાખ ચોરાસી પૂરવ આયુ જીવિયા;
પ્રિયમિત્રા નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ॥ ૩ ॥

મહાશુક્રે થઈ દેવ, ઇણે ભરતે ચ્યવી;
છત્રિકા નગરીએ જીતશત્રુ રાજવી,
ભદ્રા માય લખ પચવીસ વરસ સ્થિતિ ધરી;
નંદન નામે પુત્રો, દીક્ષા આચરી. ॥ ૪ ॥

અગીયાર લાખ ને એંશી હજાર છસ્સેં વળી;
ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂળી,
વીશસ્થાનક માસખમણે, જાવજ્જીવ સાધતાં,
તીર્થંકર નામકર્મ, તિહાં નિકાચતાં. ॥ ૫ ॥

લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા,
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે,
**શ્રી શુભવીર** જિનેશ્વર ભવ સુણજો હવે. ॥ ૬ ॥

**ઢાળ ૫મી**

**(માલકોષ - પ્યારા પ્યારા મુખ પ્રભુકા)**

નયર માહણકુંડમાં વસે રે, મહાઋષિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ. ॥ ૧ ॥

બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય,
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ॥ ૨ ॥

નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ॥ ૩ ॥

સંસાર લીલા ભોગવી રે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવવહું તિલક શીર દીધ રે. ॥ ૪ ॥

સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ॥ ૫ ॥

ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીશ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. ॥ ૬ ॥

ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આયખું રે, દીવાળીએ શિવપદ લીધ રે. ॥ ૭ ॥

અગુરૂલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ,
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. ॥ ૮ ॥

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખિયા કરો રે, અમે ધરીએ તુમારી આશ રે ॥ ૯ ॥

અખય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ-ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે ॥ ૧૦ ॥

મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, **શ્રી શુભવીર** સદા સુખવાસ રે. ॥ ૧૧ ॥

### કળશ

(સર હરર ખલ ખલ)

ઓગણીશ એકે, વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક વર્ધમાન જિનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જસ વિજય સમતા ધરો.
શુભવિજય પંડિત ચરણ સેવક, **વીર વિજયો** જય કરો. ॥ ૧ ॥

## શ્રી નવપદજીના સ્તવનો

### ૧. નવપદ ધરજો ધ્યાન

(રાગ - શાસ્ત્રીય)

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે, નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન ધરંતા, પામે જીવ વિશ્રામ. ॥ ૧ ॥

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણ ખાણ.
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ॥ ૨ ॥

આસો ચૈત્રની શુદિ સાતમથી, પુનમ લગી પ્રમાણ.
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડા ચારનું માન ॥ ૩ ॥

પડિક્કમણા દોય ટંકના કીજે, પડિલેહણા બે વાર.
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રણ કાળ ॥ ૪ ॥

બાર આઠ છત્રીશ પચવીશ ને, સતાવીશ સડસઠ સાર
એકાવન સીત્તેર પચાશનો, કાઉસ્સગ કરો સાવધાન. ॥ ૫ ॥

એક એક પદનું ગણણું ગણીયે, ગણીયે દોય હજાર.
ઇણ વિધ જે એ તપ આરાધે, તે પામે ભવપાર. ॥ ૬ ॥

કર જોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાલ.
તાસ શિષ્ય મુનિ 'હેમ' કહે છે, જન્મ - મરણ દુઃખ ટાળ. ॥ ૭ ॥

## ૨. નવપદ ધ્યાન સદા ઊપકારી

**(રાગ - યમન કલ્યાણ)**

નવપદ ધ્યાન સદા જયકારી
સિદ્ધચક્ર ધ્યાન સદા ઊપકારી ।

અરિહંત સિદ્ધ આચારજ પાઠક
સાધુ દેખો રૂપ ગુણ ઉદારી ॥ ૧ ॥

દર્શન જ્ઞાન ચરિત્ર એ ઉત્તમ
તપ દોય ભેદે હૃદય વિચારી ॥ ૨ ॥

મંત્રી જડી ઔર તંત્ર ઘણેરા
ઉનકું અબ સબ દૂર નિવારી ॥ ૩ ॥

બહોત જીવ ભવજલસે તારે
ગુણ ગાવત હૈ બહુ નરનારી ॥ ૪ ॥

શ્રી જિનભદ્ર મોહન મુનિ વંદન
દિન દિન ચઢતે હર્ષ અપારી ॥ ૫ ॥

## ૩. અહો ભવિ પ્રાણી રે સેવો

(રાગ - પ્રાચીન)

અહો ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિં મેવો
જે સિદ્ધચક્રને આરાધે, તેહનો જગમાંહિ જશ વાધે ।। ૧ ।।

પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત,
ત્રીજે પદે રે સૂરીશ, ચોથે ઉવજ્ઝાયને પાંચમે મુનીશ ।। ૨ ।।

છઠ્ઠે દરિસણ રે કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે,
આઠમે ચારિત્ર પાળી, નવમે તપથી મુક્તિ ભાળો ।। ૩ ।।

આંબેલ ઓળી રે કીજે, નવકારવાળી વીશ ગણીજે,
ત્રણે ટંકના દેવ વંદીજે, પડિલેહણ, પડિક્કમણું કીજે ।। ૪ ।।

ગુરૂ મુખ કિરિયા રે કીજે, દેવગુરૂ ભક્તિ ચિત્તમાં ધરીજે,
એમ કહે રામનો રે શિશો, ઓળી ઉજવીએ જગીશો. ।। ૫ ।।

## ૪. અવસર પામીને રે

(રાગ - આજ મારા પ્રભુજી)

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓળી,
ઓળી કરતાં આપદ જાયે, રિદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. ।। ૧ ।।

આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી. ।। ૨ ।।

પૂનમને દિન પૂરી થાતે, પ્રેમેશું પખાલી રે,
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. ।। ૩ ।।

દહેરે જેઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે,
ચોવીશે જિન ચાહીને પૂજો, ભાવશું ભગવંત. ।। ૪ ।।

બે ટંક પડિક્કમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાળ રે,
શ્રી શ્રીપાલ તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. ॥ ૫ ॥

સમકિત પામી અંતર જામી, આરાધો એકાંત રે,
સ્યાદવાદ પંથે સંચરતા, આવે ભવનો અંત. ॥ ૬ ॥

સત્તર ચોરાણું સુદિ ચૈત્રીએ, બારસે બનાવી રે,
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. ॥ ૭ ॥

ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નરનારી ચાલે રે,
ભવના ભાવઠ તે ભાંજીને, મુક્તિ પુરીમાં મહાલે રે. ॥ ૮ ॥

### ૫. સિદ્ધપદ સ્તવન

(રાગ - હે શંખેશ્વર સ્વામી....)

સિદ્ધ જગત શિર શોભતા, રમતા આતમરામ;
લક્ષ્મી લીલાની લહેરમાં, સુખીયા છે શિવઠામ ॥ ૧ ॥

ૐ નમો સિદ્ધાણં, ૐ નમો સિદ્ધાણં ॥ આંકણી ॥
મહાનંદ અમૃતપદ નમો, સિદ્ધ કેવળ નામ;
અપુનર્ભવ બ્રહ્મપદ વળી, અક્ષય સુખ વિશરામ ॥ ૨ ॥

સંશ્રેય નિશ્રેય અક્ષરા, દુઃખ સમસ્તની હાણ;
નિવૃત્તિ અપવર્ગતા, મોક્ષ મુક્તિ નિર્વાણ ॥ ૩ ॥

અચલ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ;
નિજ નિજ રૂપે રે જુજુઆ, વિત્યાં કર્મ તે આઠ. ॥ ૪ ॥

અગુરૂલઘુ અવગાહના, નામે વિકસે વદન;
**શ્રી શુભવીર**ને વંદન, રહીએ સુખમાં મગન ॥ ૫ ॥

## ૬. અલબેલાની જોઉ.....

અલબેલાની જોઉં વાટડી રે, અલબેલાની જોઉં વાટડી રે
મારી ખસી ખસી જાયે પાટડી રે. અલબેલાની....
જાણે ઘેબર કેરી માટલી રે... અલબેલાની....(૧)
પ્રેમ ધરીને પરખીયે રે, અંતર ભાવે હરખીયે રે
નેક નજરથી નિરખીયે રે....અલબેલાની...(૨)
નવપદને મનમાં ધરો રે, શીવસુંદરી સ્હેજે વરો રે
પ્રદક્ષિણાએ ફેરા ફરોને... અલબેલાની....(૩)
પહેલે પદ અરિહંતના રે, ગુણ ગાવે ભગવંતના રે
કર્મ ચૂરો જેમ સંતના રે...અલબેલાની...(૪)
બીજે પદે સિદ્ધ શોભતાં રે, ત્રણ ભુવનમાં નથી લોભતાં રે
તુમ કોઈ ઉપર નથી કોપતાં રે, ...અલબેલાની...(૫)
ત્રીજે પદે સુખ પામીયે, આચારજ શીશ નામીયે રે
અષ્ટ કર્મ દુઃખ વામીયે રે.... અલબેલાની...(૬)
ચોથે પદે ઉવજઝાયને રે, સમરે સંપત્તિ થાય રે
દુઃખ દાહગ સહુ જાયને રે... અલબેલાની....(૭)
પાંચમે પદ મુખે વરો રે, સાધુ સકળ દૈવ ધરો રે
ભવ સમુદ્ર સ્હેજે તરો રે.... અલબેલાની (૮)
સમકિત સરખી સુંદરી રે, ખટપટને મુકો પરી રે
સ્હેજે શીવસુંદરી વરો રે... અલબેલાની (૯)
જ્ઞાન ચારિત્રને તળનો રે ચૌદ ભુવનમાં ખપનો રે
નવપદ વિના નહિ જાયનો રે... અલબેલાની (૧૦)

નવપદને નિશ્ચય જાણીને રે, શીવસુંદર સુખ માનીયે રે
'રણવીર' વિજયની વાણીએ રે....અલબેલાની (૧૧)

### ૭. સૌ ચાલો ભવિજન

સૌ ચાલો ભવિજન જઈએ, નમી વંદી પાવન થઇએ
સિદ્ધચક્ર સિદ્ધિના નવ સ્થાન છે...(૧)
પહેલે પદે અરિહંત, તે ઉજ્જવલ વર્ણે સંત
શ્રેણિકરાજા આરાધે ગુણનું ધામ છે...(૨)
બીજે પદ વળી સિદ્ધ, છે રાતો વર્ણ પ્રસિદ્ધ,
શ્રીપાળરાજા અનંત ગુણોનું માન છે...(૩)
ત્રીજે પદ આચાર, તે પીળો વર્ણ ઉદાર,
ગુણ છત્રીસ પંચાચાર નું તે કામ છે...(૪)
ચોથે પદ ઉવજ્ઝાય, તે નીલો વર્ણ મનાય,
ગુણ પચીશ ગુણોની એ તો ખાણ છે...(૫)
પાંચમે પદ સાધુ, શ્યામ વર્ણે હું આરાધુ,
ગુણનું ભાજન સત્તાવીશનું એ માન છે...(૬)
છઠ્ઠે પદ દર્શન, દેખીને ચિત પ્રસન્ન,
ઉજ્જવલ વર્ણે સડસઠ વર્ણનું કામ છે....(૭)
સાતમે પદ નાણ, એકાવન ભેદે જાણ,
ગુણથી ધોળું સાચવવાનું એ કામ છે...(૮)
આઠમે પદ ચારિત્ર, એ કરે આત્મ પવિત્ર,
શુકલ વર્ણે સિત્તેર ભેદની એ ખાણ છે...(૯)
નવમે પદ વળી તપ, મોક્ષનો મારે ખપ,
સફેદ વર્ણે પચાસ ભેદનું એ કામ છે...(૧૦)

આરાધે શ્રીપાળ રાજા, દેવલોકે ગુણ અવાજા,

મયણાસુંદરી સતી શિરોમણી સાર છે...(૧૧)

શ્રી મુનિશ્ચંદ્ર ગુરુ, સિદ્ધચક્ર બતાવે સાર,

આતમ કાજે ગુણનો એ તો ભંડાર છે....(૧૨)

અરિહંતાદિક નવપદ, ૐ હ્રીઁ વર્ણે સંયુક્ત.

મારી બ્હેનો પૂજવાનો એ અવસર છે...(૧૩)

નમો હિરસૂરીરાયા, વળી વિજયસેન સૂરીરાયા,

'રૂપવિજયા' ગાવે નવપદના ગુણને...(૧૪)

## ૮. અવર અનાદિની ચાલ

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે જી,
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતિક છીજે,
ભવિજન ભજીએ જી.
અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જી.....૧
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુર નર ઇંદા જી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠાં, પ્રણમોં શ્રી જિનચંદા,...ભવિ૦ ૨
અજ અવિનાશી અકલ અજરામર, કેવલદંસણ નાણી જી;
અવ્યાબાધ અનંતું વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી....ભવિ૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગપીઠ જી;
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠ્ઠ....ભવિ૦ ૪
અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદને મૂળ ચાર જી;
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર...ભવિ૦ ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાય જી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય...ભવિ૦ ૬

ઉપશમ ક્ષય ઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકાર જી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર...ભવિ૦ ૭
અટ્ઠાવીશ ચૌદ ષટ દુગ એક, મત્યાદિકના જાણ જી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ...ભવિ૦ ૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહાર જી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર...ભવિ૦ ૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુ જી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ...ભવિ૦ ૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચાર જી;
દેવગુરુને ધર્મ તે એહમાં, દો તીન ચાર પ્રકાર...ભવિ૦ ૧૧
મારગદેશક અવિનાશપીણું, આચાર વિનય સંકેત જી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહિજ હેત...ભવિ૦ ૧૨
વિમલેશ્વર સાન્નિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધે જી;
**પદ્મવિજય** કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે..ભવિ૦ ૧૩

### ૯. લઇએ શ્રી નવપદનું

લઈએ શ્રી નવપદનું શરણું,
નવપદ શરણું લેતા જીવને, ભ્રમણ ન રહે ભવભવનું...૧
શ્રી અરિહંતો સિદ્ધ ભગવંતો, ભાવદયાનું ઝરણું
સૂરિ ઉવજ્ઝાય સાધુ સેવાથી, ઉઘડે દ્વાર અંતરનું...૨
દર્શનથી દર્શન જો થાયે, નિર્મળ નિજ આતમનું
તો તે સમ્યગદર્શન જાણો, પરમાતમ શાસનનું...૩
જ્ઞાન આરાધું સંયમ સાધુ, સાધન સિદ્ધિ ગમનનું
બાર પ્રકારના તપથી ખૂલે, બારણું મોક્ષ નગરનું...૪

નવપદ મુજ આંખોમાં વસીયા, નવપદ તેજ નયનનું
નવપદ નવનિધિ ઋદ્ધિ અપાવે, જે ગણે નવપદ ગણણું...૫
નવપદ ભક્તિ મુક્તિ અપાવે, ધ્યેય એ મુજ જીવનનું
પ્રેમ હેમની ધર્મ વૃદ્ધિ થાવે, ફળ એ નવકાર મંતરનું...૬

## ૧૦. દરિસન દ્યોજી

દ્યોજી દ્યોજી દ્યોજી દરિસણ દ્યોજી, શંખેશ્વર સાહિબ દરિશણ દ્યોજી.
ત્રિભુવનના તુમે નાયક નાયક, મ્હેંચ્છા તુમ પદના પાયક,
જિમ પ્રગટે સમકિત ખાયક દરિસણ દ્યોજી.૧
આશ કરી ઉમાહ્યા ધરીને, અળગાથી અમે આયા;
મહેર ધરી જો દરિસણ આપો, તો અમે સવિ સુખ પાયા. દરિ૦ ૨
એકણ ચિત્તો શુભ વિધિ રીતે, અવિચલ પ્રીતે ધ્યાતાં;
ગતિ મતિ થિતિ છતાં તુંહિ તુંહિ, ઈમ બહુવિધ ગુણજ્ઞાતા.દરિ૦ ૩
લોચન લીલે અનુભવ શીલે, ખલક પલકમે તારી;
તો એવડી શી ઢીલ કરો છો, આજે અમારી વારી.દરિ૦ ૪
દરિસણથી દર્શન હુએ નિર્મલ, દર્શન ગુણ પણ આવે;
દર્શન મુદ્રા તેહિ જ શુદ્ધિ, ત્રિકરણ તુમ ગુણ ગાવે. દરિ૦ ૫
જ્ઞાનવિમલ લીલાએ જાણો, વાત અમારી સ્વામી;
તુમ આણા અનુસારે સાચું, એ પ્રતીત મેં પામી.દરિ૦ ૬

## ૧૧. ''તપસ્યા કરતા હો કે''

તપસ્યા કરતાં કરતાં હો કે, ડંકા જોર બજાયા હો
ઉજમણાં તપ કેરાં કરતાં, શાસન સોહ ચઢાયા હો.
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા...૧

અડસિદ્ધિ અણિમાં લઘિમાદિક, તિમ લબ્ધિ અડવીસા
વિષ્ણુ કુમારાદિક પરે જગમાં, પામત જગત જગીશા...૨
ગૌતમ અષ્ટાપદ ગિરિ ચઢીયા, તાપસ આહાર કરાયા
જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા...૩
સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા
ઘોર તપે કેવલ લહ્યા તેહના, **પદ્મવિજય** નમે પાયા...૪

## ૧૨. નવપદની ચાર ઢાળો

### ઢાળ પહેલી

### (રાગ - મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ)

આસો માસે તે ઓળી આદરી રે લોલ;
ધર્યું નવપદજીનું ધ્યાન રે.
શ્રીપાળ મહારાજ મયણા સુંદરી રે લોલ. (૧)
માલવદેશનો રાજીયો રે લોલ;
નામે પ્રજાપાલ ભૂપ રે. શ્રીપાલ૦ (૨)
સૌભાગ્ય સુંદરી રૂપ સુંદરી રે લોલ;
રાણી બે રૂપ ભંડાર રે. શ્રીપાલ૦ (૩)
એક મિથ્યાત્વી ધર્મની રે લોલ;
બીજી જૈન ધર્મ રાગ રે. શ્રીપાલ૦ (૪)
પુત્રી એકેકી બેઉને રે લોલ;
વધે જેમ બીજ કેરો ચંદ્ર રે. શ્રીપાલ૦ (૫)
સૌભાગ્ય સુંદરીની સુર સુંદરી રે લોલ;
ભણે મિથ્યાત્વી પાસ રે. શ્રીપાલ૦ (૬)
મયણા સુંદરીને, રૂપસુંદરી રે લોલ;
ભણાવે જૈન ધર્મ સાર રે. શ્રીપાલ૦ (૭)

રૂપ કલા ગુણે શોભતી રે લોલ;

ચોસઠ કળાની જાણ રે. શ્રીપાલ૦ (૮)

બેઠો સભામાં રાજવી રે લોલ;

બોલાવે બાલિક દોય રે. શ્રીપાલ૦ (૯)

સોળે શણગાર શોભતી રે લોલ;

આવી ઉભી પિતાજીની પાસ રે. શ્રીપાલ૦ (૧૦)

વિદ્યા ભણ્યાનું જોવા પારખું રે લોલ;

પૂછે રાજા તિહાં પ્રશ્ન રે. શ્રીપાલ૦ (૧૧)

**સાખી**

જીવ લક્ષણ શું જાણવું, કોણ કામદેવ ઘર નાર,
શું કરે પરણી કુમારીકા, ઉત્તમ ફુલ શું સાર;
રાજા પૂછે ચારનો આપો ઉત્તાર એક,
બુદ્ધિશાળી કુંવરી આપે ઉત્તાર છેક. (૧૨)
શ્વાસ લક્ષાણ પહેલું જીવનું રે લોલ,
રતિ કામદેવ ઘર નાર રે; શ્રીપાલ૦
જાઈનું ફુલ ઉત્તમ જાતિમાં રે લોલ,
કન્યા પરણીને સાસરે જાય રે. શ્રીપાલ૦ (૧૩)

**સાખી**

પ્રથમ અક્ષર વિના જીવાડનાર જગનો કહ્યો,
મધ્યમ અક્ષર વિના સંહાર જગનો તે થયો,
અંતિમ અક્ષર વિના સૌ મન મીઠું હોય;
આપો ઉત્તાર એકમાં જેમ સ્ત્રીને વ્હાલુ હોય,
આપે ઉત્તાર મયણા સુંદરી રે લોલ,
મારી આંખોમાં કાજળ સોહાય રે. શ્રીપાલ૦ (૧૪)

(સાખી)

પહેલો અક્ષર કાઢતાં, સોહે નરપતિ સોય,
મધ્યાક્ષર વિના જાણવું, સ્ત્રી મન વ્હાલું હોય;
ત્રીજો અક્ષર કાઢતાં, પંડીત પ્યારો ભયો,
માગું ઉત્તર એકમાં, તાતે પુત્રીને કહ્યો.

મયણાએ ઉત્તર આપીયો રે લોલ;
અર્થ ત્રણેનો વાદળ થાય રે. શ્રીપાલ૦ (૧૫)
રાજા પૂછે સુર સુંદરી રે લોલ;
કહો પુન્યથી શું શુ પમાય રે. શ્રીપાલ૦ (૧૬)
ધન યૌવન સુંદર દેહડી રે લોલ;
ચોથો મન વલ્લભ ભરથાર રે. શ્રીપાલ૦ (૧૭)
કહે મયણા નિજ તાતને રે લોલ;
સહુ પામીયે પુણ્ય પસાય રે. શ્રીપાલ૦ (૧૮)
શીયલ વ્રતે શોભે દેહડી રે લોલ;
બીજી બુદ્ધિ ન્યાયે કરી હોય રે. શ્રીપાલ૦ (૧૯)
ગુણવંત ગુરુની સંગતી રે લોલ;
મળે વસ્તુ પુન્યને યોગ રે. શ્રીપાલ૦ (૨૦)
બોલે રાજા અભિમાને કરી રે લોલ;
કરું નિરધનને ધનવંત રે. શ્રીપાલ૦ (૨૧)
સર્વે લોકો સુખ ભોગવે રે લોલ;
એ સઘળો છે મારો પસાય રે. શ્રીપાલ૦ (૨૨)
સુર સુંદરી કહે તાતને રે લોલ;
એ સાચામાં શાનો સંદેહ રે. શ્રીપાલ૦ (૨૩)

રાય રૂઠયો સુર સુંદરી રે લોલ;

પરણાવી પહેરામણી દીધ રે. શ્રીપાલ૦ (૨૪)

શંખ પુરીનો રાજીયો રે લોલ;

જેનું અરિદમન છે નામ રે. શ્રીપાલ૦ (૨૫)

રાય સેવાર્થે આવીયો રે લોલ;

સુર સુંદરી આપી સોય રે. શ્રીપાલ૦ (૨૬)

રાયે મયણાને પૂછ્યું રે લોલ;

મારી વાતમાં તને **સંદેહ રે. શ્રીપાલ૦** (૨૭)

મયણા કહે નીજ તાતને રે લોલ;

તમે શાને કરો છો અભિમાન રે. શ્રીપાલ૦ (૨૮)

સંસારમાં સુખદુઃખ ભોગવે રે લોલ;

તે તો કર્મનો જાણો પસાય રે. શ્રીપાલ૦ (૨૯)

રાજા ક્રોધે બહુ કળ કળ્યો રે લોલ;

ભાખે મયણા શું રોષ વચન રે. શ્રીપાલ૦ (૩૦)

રત્ન હીંડોલે હીંચતી રે લોલ;

પહેરી રેશમી ઊંચા ચીર રે. શ્રીપાલ૦ (૩૧)

જગત સૌ જી જી કરે રે લોલ;

તારી ચાકર કરે પગ સેવ રે. શ્રીપાલ૦ (૩૨)

તે મારા પસાયથી જાણજો રે લોલ;

રૂઠે રોલી નાંખુ પલમાંય રે. શ્રીપાલ૦ (૩૩)

મયણા કહે તુમ કુળમાં રે લોલ;

ઉપજવાનો ક્યાં જોયો તો જોશ રે. શ્રીપાલ૦ (૩૪)

કર્મ સંયોગે ઉપની રે લોલ;

મળ્યા ખાન પાન આરામ રે. **શ્રીપાલ૦ (૩૫)**

ત્હમે મ્હોટે મને મહલાવતા રે લોલ;

મુજ કર્મ તણો છે પસાય રે **શ્રીપાલ૦ (૩૬)**

રાજા કહે કર્મ ઉપરે રે લોલ;

દીસે તને ઘણો હઠવાદ રે. **શ્રીપાલ૦ (૩૭)**

કર્મે આણેલાં ભરથારને રે લોલ

પરણાવી ઉતારું ગુમાન રે. **શ્રીપાલ૦ (૩૮)**

રાજાનો ક્રોધને નિવારવા રે લોલ;

લઈ ચલ્યો રયવાડી પ્રધાન રે. **શ્રીપાલ૦ (૩૯)**

નવપદ ધ્યાન પસાય રે લોલ;

સવી સંકટ દૂરે પલાય રે. **શ્રીપાલ૦ (૪૦)**

કહ્યું ન્યાય સાગરે પહેલી ઢાળમાં રે લોલ;

નવપદથી નવનિધિ થાય રે. **શ્રીપાલ૦ (૪૧)**

**ઢાળ બીજી**

**(રાગ-ટોપીવાળાના ટોળાં ઉતર્યા)**

રાજા ચાલ્યો રે રયવાડી એ,

સાથે લીધો સૈન્યનો પરીવાર રે;

**સાહેલી મોરી ધ્યાન ધરો અરિહંતનું.**

ઢોલ નિશાન તિહાં ઘુરકે,

બરછીઓને ભાલાનો ઝલહલાટ રે. **સાહેલી મોરી૦ (૧)**

ધૂળ ઉડેને લોકો આવતા,

રાજા પૂછે પ્રધાનને એ કોણ રે;

કહે પ્રધાન સુણો ભુપતિ,

એ છે સાતસો કોઢિયાનું સૈન્ય રે. સાહેલી મોરી૦ (૨)

રાજા રાણાની પાસે યાચવા,

આવે કોઢીયા સ્થાપી રાજા એક રે; સાહેલી૦

કોઢે ગળી છે જેની અંગુલી,

યાચવા આવ્યો કોઢીયા કેરો દૂત રે. સાહેલી મોરી૦ (૩)

રાણીની નહી રે અમ રાયને,

ઊંચાં કુળની કન્યા મલે કોઈ રે; સાહેલી૦

દાઢ ખટકે રે જાણે કાંકરો,

નયણ ખટકે તે તો રેણું સમાન રે. સાહેલી મોરી૦ (૪)

વયણ ખટકે જાણે પાઉલો,

રાજા હૈડે ખટકે મયણા બોલ રે; સાહેલી૦

કોઢીયા રાજાને કેવરાવીયું,

આવજો નગરી ઉજેણીની માય રે. સાહેલી મોરી૦ (૫)

કીર્તિ અવિચલ રાખવા,

આપીશ મારી રાજકુંવરી કન્યા'ય રે; સાહેલી૦

ઉંબર રાણો હવે આવીયો,

સાથે સાતમો કોઢીયા કેરૂં સૈન્ય રે. સાહેલી મોરી૦ (૬)

આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં,
ખચ્ચર ઉપર બેઠા ઉંબર રાય રે; સાહેલી૦
કોઈ લુલા ને કોઈ પાંગુળા રે,
કોઈના મોટા સુપડા જેવા કાન રે. સાહેલી મોરી૦ (૭)
મોઢે ચાંદાને ચાઠા ચગ ચગે,
મુખ ઉપર માખીયોનો ભણકાર રે; સાહેલી૦
શોર બકોર સુણી સામટા,
લાખો લોકો જોવા ભેગા થાય રે. સાહેલી મોરી૦ (૮)
સર્વે લોકો મળી પુછતાં,
ભૂત પ્રેત કે રખે હોય પિશાચ રે; સાહેલી૦
ભૂતડા જાણીને ભસે કુતરા,
લોકોને મન થયો છે ઉત્પાત રે. સાહેલી મોરી૦ (૯)
જાન લઈને અમે આવીયાં,
પરણે અમારો રાણો રાજ કન્યા'ય રે; સાહેલી૦
કૌતુક જોવાને લોકો સાથમાં,
ઉંબર રાણો આવ્યો રાયની પાસ રે. સાહેલી મોરી૦ (૧૦)
હવે રાય મયણાને કહે સાંભલો,
કર્મે આવ્યો કરો તુમે ભરથાર રે; સાહેલી૦
કરો અનુભવ સુખનો,
જુઓ તમારા કર્મ તણો પસાય રે; સાહેલી૦
કહ્યું ન્યાય સાગરે બીજી ઢાળમાં,
નવપદ ધ્યાને થાશે મંગળ માળ રે. સાહેલી મોરી૦ (૧૧)

## ઢાળ ત્રીજી

### (રાગ-માલવ ધૂર ઉજેણી એ રે લાલ)

તાત આદેશે મયણાં ચિંતવે રે લોલ,

જે જ્ઞાનીએ દીઠું તે થાય રે.

કર્મતણી ગતિ પેખજો રે લોલ૦ (૧)

અંશ માત્ર ખેદ નથી આણતી રે લોલ,

ન મુખડાનો રંગ પલટાય રે. કર્મ૦ (૨)

હશે જાયો રાજા રંકનો રે લોલ,

પિતા સોંપે છે પંચની સાખ રે. કર્મ૦ (૩)

એને દેવની પેરે આરાધવો રે લોલ,

ઉત્તમ કુલની સ્ત્રીનો એ આચાર રે, કર્મ૦ (૪)

એમ વિચારી મયણા સુંદરી રે લોલ,

કર્યું તાતનું વચન પ્રમાણ રે. કર્મ૦ (૫)

મુખ રંગ પુનમની ચાંદની રે લોલ,

શાસ્ત્રે લગ્ન વેળા જાણી શુદ્ધ રે. કર્મ૦ (૬)

આવી ઉંબર રાણાની ડાબી બાજુએ રે લોલ,

જાતે કરે છે હસ્ત મેલાપ રે. કર્મ૦ (૭)

કોઢી રાણો કહે રાયને રે લોલ,

કાગ કંઠે મોતી ના સોહાય રે. કર્મ૦ (૮)

હોય દાસી કન્યા તો પરણાવજો રે લોલ,

કોઢી સાથે ન રાજકન્યા'ય રે. કર્મ૦ (૯)

માતા મયણાની ઝુરતી રે લોલ,

રોવે કુટુંબ સખી પરિવાર રે. કર્મ૦ (૧૦)

કોઈ રાજાનો રોષ ધીક્કારતા રે લોલ,

કોઈ કહે કન્યા અપરાધ રે. કર્મ૦ (૧૧)

દેખી રાજકુંવરી અતી દીપતી રે લોલ,

રોગી સર્વ થયા રળીયાત રે. કર્મ૦ (૧૨)

ચાલી મયણા ઉંબરની સાથમાં રે લોલ,

જ્યાં છે કોઢી તણો જાની વાસ રે. કર્મ૦ (૧૩)

હવે ઉંબર રાણો મન ચિંતવે રે લોલ,

ધીક્ ધીક્ મ્હારો અવતાર રે. કર્મ૦ (૧૪)

સુંદર રંગીલી છબી શોભતી રે લોલ,

તેનું જીવન કર્યું મેં ધૂળ રે. કર્મ૦ (૧૫)

કહે ઉંબર રાણો મયણા સુંદરી રે લોલ,

તમે ઊંડો કરોને આલોચ રે. કર્મ૦ (૧૬)

ત્હારી સોના સરીખી છે દેહડી રે લોલ,

મારા સંગતથી થાસે વિનાશ રે. કર્મ૦ (૧૭)

તું તો રૂપ કેરી રંભા સારીખી રે લોલ,

મુજ કોઢી સાથે શું સ્નેહ રે. કર્મ૦ (૧૮)

પતિ ઉંબર રાણાના વચન સાંભળી રે લોલ,

મયણા હૈડે દુઃખ ન સમાય રે. કર્મ૦ (૧૯)

ઢળક ઢળક આંસુ ઢળે રે લોલ,

કાગ હસવું દેડક જીવ જાય રે. કર્મ૦ (૨૦)

(સાખી)

કમલિની જળમાં વસે, ચંદ્ર વસે આકાશ,
જે જીહાં રે મન વસે, તે તીહાં રે પાસ.

હવે મયણા કહે ઉંબર રાયને રે લોલ,
તમે વ્હાલા છો જીવન પ્રાણ રે. કર્મ૦ (૨૧)

પશ્ચિમ રવિ ઉગે નહિ રે લોલ,
નવિ મુકે જલધિ મર્યાદ રે. કર્મ૦ (૨૨)

સતી અવર પુરુષ ઇચ્છે નહિ રે લોલ,
કદી પ્રાણ જાય પરલોક રે. કર્મ૦ (૨૩)

પંચની સાખે પરણાવીયો રે લોલ,
અવર પુરુષ બાંધવ મુજ હોય રે. કર્મ૦ (૨૪)

હવે પાય લાગીને વીનવું રે લોલ,
તમે બોલો વિચારીને બોલ રે. કર્મ૦ (૨૫)

રાત્રી વીતી એમ વાતમાં રે લોલ,
બીજે દીન થયો પરભાત રે. કર્મ૦ (૨૬)

હવે મયણા આદીસર ભેટવા રે લોલ,
જાય સાથે લઇ ભરથાર રે. કર્મ૦ (૨૭)

ભરી કુસુમ ચંદને જઈ પુજીયા રે લોલ,
પ્રભુ કંઠે ઠવી ફુલની માળ રે. કર્મ૦ (૨૮)

કરે ચૈત્યવંદન ભાવે ભાવના રે લોલ,
ઘરે કાઉસ્સગ મયણાં ધ્યાન રે. કર્મ૦ (૨૯)

પ્રભુ હાથે બીજોરૂં શોભતું રે લોલ,

પ્રભુ કંઠે સોહે ફુલની માળ રે. કર્મ૦ (૩૦)

શાસન દેવ સહુ દેખતા રે લોલ,

આપ્યું બીજોરૂ ને ફુલ માળ રે. કર્મ૦ (૩૧)

લીધું ઉંબર રાણાએ તે હાથમાં રે લોલ,

મયણા હૈડે હર્ષ ન માય રે. કર્મ૦ (૩૨)

પૌષધ શાળામાં ગુરુ વાંદવા રે લોલ,

ચાલી મયણા સાથે ભરથાર રે. કર્મ૦ (૩૩)

ગુરુ આપે ધર્મની દેશના રે લોલ,

દોહિલો મનુષ્ય અવતાર રે. કર્મ૦ (૩૪)

પાંચે ભુલ્યાને ચારે ચુકીયો રે લોલ,

ત્રણનું જાણ્યું ન નામ રે. કર્મ૦ (૩૫)

જગત ઢંઢેરો ફેરીયો રે લોલ,

છે શ્રાવક અમારું નામ રે. કર્મ૦ (૩૬)

પપ્પા શું પરખ્યો નહિ રે લોલ,

વ્હાલો દદો કીધો દુર રે. કર્મ૦ (૩૭)

લલ્લાસું લાગી રહ્યો રે લોલ,

વ્હાલો નન્નો રહ્યો હજુર રે. કર્મ૦ (૩૮)

ઉંબર મયણા એ ગુરુ વાંદીઆ રે લોલ,

ગુરુ દીએ છે ધર્મ લાભ રે. કર્મ૦ (૩૯)

સખી પરિવારે તું શોભતી રે લોલ,

આજ સખી ન દીસે એક રે. કર્મ૦ (૪૦)

સર્વ વૃત્તાંત સુણાવીયો રે લોલ,

એક વાતનું મને છે દુઃખ રે. કર્મ૦ (૪૧)

દેખી જૈન શાસનની હેલના રે લોલ,

કરે મૂર્ખ મિથ્યાત્વી લોક રે. કર્મ૦ (૪૨)

હવે ગુરુને મયણા વિનવે રે લોલ,

મટે રોગ જો મુજ ભરથાર રે. કર્મ૦ (૪૩)

લોક નિંદા ટલે જેહથી રે લોલ,

ઉપાય કહો ગુરુરાજ રે. કર્મ૦ (૪૪)

યંત્ર જડી બુટી ઔષધી રે લોલ,

ભણી મંત્ર બીજા ઉપચાર રે. કર્મ૦ (૪૫)

ગૃહસ્થીને એ કહેવા તણો રે લોલ,

નહિ સાધુનો એ આચાર રે. કર્મ૦ (૪૬)

ગુરુ કહે મયણા સુંદરી રે લોલ,

આરાધો નવપદ સાર રે. કર્મ૦ (૪૭)

જેથી વિઘન સહુ દુર થશે રે લોલ,

ધર્મ ઉપર રાખો મન દૃઢ રે. કર્મ૦ (૪૮)

કહે ન્યાય સાગર ત્રીજી ઢાળમાં રે લોલ,

તમે સાંભળજો નરનાર રે. કર્મ૦ (૪૯)

## ઢાળ ચોથી

**(રાગ- રાતું રાતું ગુલાબનું ફુલ ગુલાબે રમતીતી)**

મયણા સિદ્ધચક્ર આરાધે ગુલાબે રમતીતી,
નિજ પતિ ઉંબરની સાથે જાપોને જપતીતી. (૧)
પહેલે પદે અરિહંત પૂજયા ગુલાબે રમતીતી,
હણ્યા ઘાતી અઘાતી ધ્રુજે જાપોને જપતીતી. (૨)
ત્રણ લોકની ઠકુરાઇ છાજે ગુલાબે રમતીતી,
વાણી પુર યોજનમાં ગાજે જાપોને જપતીતી. (૩)
બીજે સોહે સિદ્ધ મહારાજ ગુલાબે રમતીતી,
ત્રણ લોકના થઇ શીરતાજ જાપોને જપતીતી. (૪)
ત્રીજે પદે આચારજ જાણો ગુલાબે રમતીતી,
મલી લાકડી અંધ પ્રમાણો જાપોને જપતીતી. (૫)
ચોથે પદે ઉપાધ્યાય સોહે ગુલાબે રમતીતી,
ભણે ભણાવે જન મન મોહે જાપોને જપતીતી. (૬)
પદ પાંચમે સાધુ મનિરાયા ગુલાબે રમતીતી,
ગુણ સત્તાવીશ સોહાયા જાપોને જપતીતી. (૭)
મન વચન ગોપવી કાયા ગુલાબે રમતીતી,
વંદુ તેવા મુનિવર રાયા જાપોને જપતીતી. (૮)
છઠ્ઠે દર્શન પદ છે મૂળ ગુલાબે રમતીતી,
કોઈ આવે ન તસ તોલે રે જાપોને જપતીતી. (૯)
સોહે સાતમું પદ વરનાણ ગુલાબે રમતીતી,
તેના ભેદ એકાવન જાણ જાપોને જપતીતી. (૧૦)
જ્ઞાન પાંચમું કેવલ થાય ગુલાબે રમતીતી,
ત્રણ લોકના ભાવ જણાય જાપોને જપતીતી. (૧૧)

પદ આઠમે ચરિત્ર આવે ગુલાબે રમતીતી,
દેવો ઇચ્છા કરે ના પાવે જાપોને જપતીતી. (૧૨)
ભવિ જીવો તે ભાવના ભાવે ગુલાબે રમતીતી,
કેવી રીતે ઉદયમાં આવે જાપોને જપતીતી. (૧૩)
કરો નવમે પદ તપ ભાવે ગુલાબે રમતીતી,
આઠ કર્મો બળીને રાખ થાવે જાપોને જપતીતી. (૧૪)
રિદ્ધિ આતમ અનંતી પાવે ગુલાબે રમતીતી,
દેવ દેવી મલી ગુણ ગાવે જાપોને જપતીતી. (૧૫)
પ્રભુ પૂજો કેશર મદ ઘોળી ગુલાબે રમતીતી,
ભરી હરખે હેમ કચોલી જાપોને જપતીતી. (૧૬)
ભરી શુદ્ધ જલે અંઘોલી ગુલાબે રમતીતી,
ચઉગતીની આપદા ચોલી જાપોને જપતીતી. (૧૭)
દુરગતિના દુઃખ દુર ઢોલી ગુલાબે રમતીતી,
આસો સુદી સાતમથી ખોલી જાપોને જપતીતી. (૧૮)
કરો નવ આંબેલની ઓળી ગુલાબે રમતીતી,
મળી સરખી સૈયરોની ટોલી જાપોને જયતીતી. (૧૯)
મયણા ધરે નવપદ ધ્યાન ગુલાબે રમતીતી,
પતિ કાયા થઇ કંચનવાન જાપોને જપતીતી. (૨૦)
સૌ મંત્રમાં છે શિરદાર ગુલાબે રમતીતી,
તમે આરાધો નરનાર જાપોને જપતીતી. (૨૧)
**ન્યાય સાગરે** કહી ઢાલ ચોથી ગુલાબે રમતીતી,
સુણો શ્રીપાળ રાજાની પોથી જાપોને જપતીતી. (૨૨)

## સ્તવન વિભાગ સમાપ્ત.....

# સજ્ઝાય વિભાગ

## ૧ ઉપદેશ સાર

(રાગ - મેરૂ શિખર...)

સાંભળો ઉપદેશ સાર, ભવિકજન
વિહાર કરી ગુરવ પુરવ પુણ્યે, પવિત્ર કીધુ તમારું ગામ
આપની સાથે ઉત્તમ ચેલા, દીપાવે ગુરૂજીનું નામ ॥ ૧ ॥

ધન દિવસ ધન્ય આજની ઘડી આ, સફળ થઈ તુમ આશ
આળસ અંગથી પરિહારીને, લાભ લેજો તમે ખાસ ॥ ૨ ॥

બહોત ગઈ હવે થોડી ઉંમર છે, મૂકો આળ જંજાળ
ધર્મધ્યાન કરી આતમ સાધો, થાય સફલ અવતાર ॥ ૩ ॥

દેવ જુહારી ગુરૂને વાંદી, કરીયે નિત્ય પચ્ચકખાણ
સંઘની ભક્તિ સાચા ભાવે, કરજો નિજ કલ્યાણ ॥ ૪ ॥

સુલભ બોધી જીવ સુણીને, વૈરાગ્ય દિલમાં થાય
ચેતન ચેતો વાર ન લાવો, માન કહે દુઃખ જાય. ॥ ૫ ॥

## ૨. શ્રી મરૂદેવી માતાની સજ્ઝાય

(રાગ - ભુલ્યો મન ભમરા...)

મરૂદેવી માતા રે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુત્ર વિશેષ. ॥ ૧ ॥

વત્સ તુમે વનમાં જઈ શું વસ્યા, તમારે ઓછું શું આજ;
સર્વે ઈન્દ્રાદિક દેવતાં, સાધ્યાં ષટ્ ખંડ રાજ. ॥ ૨ ॥

સાચું સગપણ માતા તણું, બીજા કારમો લોક;
રડતાં પડતાં મેલો નહિ,હૃદય વિચારીને જોય. ॥ ૩ ॥

ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરી મોઝાર;
હરખે દેઉં રે વધામણાં, ઉઠી કરૂં રે ઉલ્લાસ. ॥ ૪ ॥

આઈ બેઠા ગજ ઉપરે, ભરતજી વાંદવા જાય;
દૂરથી વાજા રે વાગીયાં, હિયડે હરખ ન માય. ॥ ૫ ॥

હરખનાં આસું રે આવીયાં,પડલ તે દૂર પલાય;
પર્ષદા દીઠી રે પુત્રની, ઉપન્યું કેવલજ્ઞાન. ॥ ૬ ॥

ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેહનો પરિવાર;
**"વિનય વિજય"** ઉવજ્ઝાયનો, વર્ત્યો જય જયકાર. ॥ ૭ ॥

## ૩. શ્રી મરુદેવી માતાની સજ્ઝાય

એક દિન મરુદેવી આઈ, કહે ભરતને અવસર પાઈ રે. સુણો પ્રેમધરી ॥ ૧ ॥
મારો રીખવ ગયો કેઈ દેશે, કેઈ વારે મુજને મળશે રે. સુણો...॥ ૨ ॥
તું તો ષટખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે. સુણો...॥ ૩ ॥
તું તો ચામર છત્ર ધરાવે, મારો રિખવ પંથે જાવે. સુણો...॥ ૪ ॥
તું તો સરસ ભોજનનો આસી, મારો રિખવ નિત્ય ઉપવાસી. સુણો..॥ ૫ ॥
તું તો મંદિરમાંહે સુખ વિલસે, મારો અંગજ ધરતી ફરસે. સુણો...॥ ૬ ॥
તું તો સ્વજન કુટુંબમાં મહાલે, મારો રિખવ એકલડો ચાલે. સુણો...॥ ૭ ॥
તું તો વિષય તણા સુખમાં રાચે, મારા સુતની વાત ન પૂછે. સુણો...॥ ૮ ॥
એમ કહેતા મરુદેવી વયણે, આંસું જળ લાવ્યા નયણે. સુણો' ॥ ૯ ॥
એક સહસ વરસને અંતે, લહ્યું કેવળ ઋષભ ભગવંતે. સુણો...॥ ૧૦ ॥
હવે ભરત કહે સુણો આઈ, સુત દેખી કરો વધાઈ, સુણો...॥ ૧૧ ॥
આઈ ગજ ખંધે બેસાડ્યા, સુત મળવાને પાઉ ધાર્યા. સુણો...॥ ૧૨ ॥
કહે એ અપૂરવ વાજા, કિંહા વાજે છે એ વાજા તાજા. સુણો...॥ ૧૩ ॥

તવ ભરત કહે સુણો આઈ, તુમ સુતની એહ ઠકુરાઈ. સુણો...।। ૧૪ ।।
હરખે નયણે જળ આવે, તવ પડલ બેઉ ખરી જાવે રે. સુણો...।। ૧૫ ।।
હું જાણતી દુઃખીઓ કીધો, સુખીયો છે સહુથી અધીકો. સુણો...।। ૧૬ ।।
તુમ સુત રિધ્ધિ આગે સૌની, તૃણ તોલે સુરનર બેહુની. સુણો...।। ૧૭ ।।
ગયો મોહ અનિત્યતા આવે, તવ સિદ્ધ સ્વરૂપી થાવે રે. સુણો...।। ૧૮ ।।
જબ "**જ્ઞાન વિમલ**" શિવનારી, તસ પ્રગટે અનુભવ સારી રે. સુણો...।। ૧૯ ।।

## ૪. શ્રી ગૌતમ સ્વામીની સજ્ઝાય

**(તર્જ-સુણો ચંદાજી)**

હે ઈંદ્રભૂતિ ! તાહરા ગુણો કહેતા હરખ ન માય
હે ગુણ દરિયા ! સુર વધુ કરજોડી ગુણ ગાય
જે શંકર વિરંચીની જોડી, વલી મોરલીધરને વિછોડી
તે જિનજી સાથે પ્રીત જોડી. ।। ૧ ।।

વેદના અર્થ સુણી સાચા, વીરના ચેલા થયા જાચા
કોઈ લબ્ધિએ ન રહ્યા કાચા. ।। ૨ ।।

પરિગ્રહ નવવિધના ત્યાગી, તુમચી જાગરણ દશા જાગી
ધર્મ ધ્યાન શુક્લ ધ્યાનના રાગી. ।। ૩ ।।

અનુજોગ ચારના બહુ જાણ, તેણે નિર્મળ પ્રબળ તુજ જાણ
અમૃતરસ સમ મીઠડી વાણ ।। ૪ ।।

જે કામનૃપને રમવા દડી, ત્રણ ગતિ ત્રિવટે તેહ પડી
તે રમણી તુજને નવિ નડી. ।। ૫ ।।

અતિ જાગરણ દશા જ્યારે જાગી, ભાવઠ સઘળી ત્યારે ભાગી.
કહે **ધર્મ જીત** નોબત વાગી. ।। ૬ ।।

## ૫. શ્રી ભરત ચક્રવર્તીની સજ્ઝાય

(રાગ - ભૈરવી)

મનમેં હી વૈરાગી, ભરતજી મનમેં હી વૈરાગી;
સહસ બત્રીસ મુકુટ બદ્ધ રાજા, સેવા કરે બડભાગી,
ચોસઠ સહસ અંતે ઉરી જાકે, તોહિ ન હુવા અનુરાગી ॥ ૧ ॥

લાખ ચોરાશી તુરંગમ જા કે, છન્નુ ક્રોડ હે પાગી;
લાખ ચોરાશી ગજરથ સોહિયે, સૂરતા ધર્મ શું લાગી. ॥ ૨ ॥

ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લૂણ દશ લાખ મણ લાગી;
તીન ક્રોડ ગોકુલ ઘર દૂઝે, એક ક્રોડ હળ સાગી. ॥ ૩ ॥

સહસ બત્રીસ દેશ બડભાગી, ભયે સરવ કે ત્યાગી;
છન્નુ ક્રોડ ગામ કે અધિપતિ, તોહી ન હુઆ સરાગી ॥ ૪ ॥

નવ નિધિ રતન ચોઘડિયાં બાજે, મન ચિંતા સબ ભાગી;
**કનક કીર્તિ** મુનિવર વંદત હૈ, દેજ્યો મુક્તિ મેં માગી ॥ ૫ ॥

## ૬. ઘોર ભયંકર વન વગડામાં

(હે શંખેશ્વરના વાસી મારા હૈયે)

ઘોર ભયંકર વનવગડામાં, બાહુબલી ધરે ધ્યાન રે,
અંતરમાં અભિમાન ભર્યુંને, માંગે કેવલ જ્ઞાન રે... ॥ ૧ ॥

રાજપાટનો ત્યાગ કરીને, ત્યજી દીધો પરીવાર રે,
એકજ ક્ષણમાં સાધુ થયાને, છોડ્યો આ સંસાર રે,
બધુ ત્યજ્યું પણ ના ભૂલાયું, માન અને અપમાન રે.. ॥ ૨ ॥

સંદેશો લઇ ઋષભદેવનો, બ્રાહ્મી સુંદરી આવે રે,
વડીલબંધુ બાહુબલીને, બે બેનો સમજાવે રે,
ગજ થકી ઉતરો એમ કહીને, થઇ છે અંતરધ્યાન રે... ॥ ૩ ॥

આંખ ઉઘાડી જોયું ત્યારે, આવ્યો કંઇક વિચાર રે,
અભિમાન રૂપી ગજ પર બેઠો, સમજાવે મને સાર રે,
સત્યજ્ઞાન થયું ક્ષણભરમાં, દૂર થયું અભિમાન રે... ॥ ૪ ॥

પશ્ચાતાપ થયો અંતરમાં, સત્યવાત સમજાય રે,
ભૂલ સમજાઇ બાહુબલીને, આંખડીઓ ભીંજાય રે,
નાનકડાએ સંદેશાથી, મુની ને આવ્યું ભાન રે... ॥ ૫ ॥

જાવું પૂજ્ય પ્રભુની પાસે, એનો નિર્ણય થાય રે,
નાના તોયે મુજથી મોટા, સહુને લાગુ પાય રે,
એકજ પગલુ ભર્યુ છે ત્યાં તો, ઉપન્યું કેવલ જ્ઞાન રે... ॥૬ ॥

અંતરથી અભિમાન ગયું ને, ઘાતી કર્મ ક્ષય થાય રે,
લોકાલોક પ્રકાશ થયો સવિ, જાણી દ્રવ્ય પર્યાય રે,
**"જ્ઞાન વિમલ"** કહે બાહુબલી મુનિ, પામ્યા અક્ષય ધામ રે. ॥ ૭॥

## ૭. શ્રી બાહુબલીજીની સજ્ઝાય

**(રાગ - ભુલ્યો મન ભમરા)**

રાજ તણા રે અતિ લોભિયા ભરત બાહુબલી જુઝે રે;
મુઠી ઉપાડી રે મારવા, બાહુબલી પ્રતિબુઝે રે;
**વીરા મોરા ગજ થકી ઉતરો,** ગજ ચઢ્યે કેવલ ન હોય રે. વીરા... ૧

ઋષભ દેવ તિહાં મોકલે, બાહુબલીજીની પાસે રે;
બંધવ ગજથકી ઉતરો, બ્રાહ્મી સુંદરી એમ ભાખે રે. વીરા... ૨

લોચ કરીને ચારિત્ર લીયો, વલી આવ્યો અભિમાન રે;
લઘુ બંધવ વાંદું નહિ, કાઉસ્સગ્ગ રહ્યા શુભ ધ્યાને રે, વીરા... ૩

વરસ દિવસ કાઉસ્સગ્ગે રહ્યાં, શીત તાપથી સુકાણા રે;
પંખીડે માળા ઘાલીયા, વેલડીયે વીંટાણા રે, વીરા... ૪

સાધવીનાં વચન સુણી કરી, ચમક્યો ચિત્ત મોઝાર રે;
હય ગય રથ સહુ પરિહર્યા, વળી આવ્યો અહંકાર રે, વીરા... ૫

વૈરાગ્યે મન વાળીયું, મૂક્યું નિજ અભિમાન રે;
પગ ઉપાડ્યો રે વાંદવા, ઉપન્યું કેવલ જ્ઞાન રે, વીરા... ૬

પહોંચ્યા તે કેવળી પરષદા, બાહુબલી મુનિરાય રે;
અજરામર પદવી લહી, **સમય સુંદર** વંદે પાય રે, વારી... ૭

### ૮. યે દો દિન કા જગ મેલા

યે દો દિન કા જગ મેલા, સબ ચલા ચલી કા ખેલા
કોઈ ચલા ગયા કોઈ જાવે, કોઈ ગઠડી બાંધ સિધાવે
કોઈ ખડા તૈયાર અકેલા, સબ ચલા ચલી કા ખેલા ॥ ૧ ॥

કર પાપ કપટ છલ માયા, ધન લાખ કરોડ કમાયા
સંગ ચલે ન એક અધેલા, સબ ચલા ચલી કા ખેલા ॥ ૨ ॥

સુત નાર માત પિત ભાઈ, કોઈ અંત સહાયક નાહી
ક્યું ભરે પાપ કા થેલા, સબ ચલા ચલી કા ખેલા ॥ ૩ ॥

તું કહેતા યે ઘર મેરા, યહાં કોઈ નહીં હૈં તેરા
હૈ ચૌરાસી કા ફેરા, સબ ચલા ચલી કા ખેલા ॥ ૪ ॥

યહ નશ્વર સબ સંસારા, કર ભજન પ્રભુ કા પ્યારા
કહે **હિત વિજય** સુન ચેલા, સબ ચલા ચલી કા ખેલા ॥ ૫ ॥

### ૯. વિદાયની સજ્ઝાય

(રાગ - સમરો મંત્ર ભલો)

અમે તો આજ તમારા, બે દિન કા મેહમાન
કરો સહજ સમાગમ, સુખનું એહીજ નિદાન. ॥ ૧ ॥

આવ્યા તેમ જાશું તે રીતે, સર્વે એમ સમાન
પાછો કોઈ દિન નહિ મળીયે, ક્યા કરશો સન્માન. ॥ ૨ ॥

સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન
સંપી સદ્‌ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન. ॥ ૩ ॥

લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન. ॥ ૪ ॥

શીવ સુખની છાયા માટે, સંવરમાં કરજો પ્રયાણ
પરંપરાએ કર્મ રહિત થઈ, પામો પદ નિરવાણ. ॥ ૫ ॥

સંસાર તજી તમે સંયમ મ્હાલો, ભાંગી જગ જંજાલ.
જિન ઉત્તમ પદ **પદ્મ** પ્રભાવે, **રૂપ** ભાવે સમભાવ. ॥ ૬ ॥

### ૧૦. બીજની સજ્ઝાય

**(રાગ - શ્રી નેમિસર જિન તણુજી)**

બીજ તણે દિન દાખવ્યો રે, દુવિધ ધર્મ પ્રકાર;
પંચમહાવ્રત સાધુનાં રે, શ્રાવકના વ્રત બાર રે
પ્રાણી ધર્મ કરો સુવિવેક, જેમ પામો સુખ અનેક ॥ ૧ ॥

પ્રાણાતિપાત વિરમણં પહેલું રે, જાવજ્જીવ તે જાણ;
બીજુ મૃષાવાદ જાણીયે રે, મોટું તેહ વખાણ રે, ॥ ૨ ॥

જાવજ્જીવ ત્રીજું વલી રે, વિરમણ અદત્તાદાન;
ચોથું વ્રત ઘણું પાલતાં રે, જગમાં વાધે માન રે, ॥ ૩ ॥

નવવિધ પરિગ્રહ છંડતાં રે, પંચમી ગતિ શુભ ઠામ;
એ વ્રત સુધાં પાલતાં રે, અણગારી કહ્યો નામ રે, ॥ ૪ ॥

પાંચ મહાવ્રત પાલે સદા રે, સાધુનો એહ આચાર;
પડિકમણાં બે ટંકનાં રે, રાખે ધર્મ શું પ્યાર રે, ॥ ૫ ॥

એહવાં વ્રત પાલે સદા રે, શાસ્ત્રતણે અનુસાર;
આરાધક એહને કહ્યો રે, તે પામે ભવપાર, ॥ ૬ ॥

મિથ્યાત્વે ભૂલો ભમ્યો રે, એહ અનાદિનો જીવ
સારધર્મ નવિ ઓળખ્યો રે, જેહથી મોક્ષ સદૈવ રે, ॥ ૭ ॥

આરંભ છંડો આતમા રે, સમિતિ ગુપ્તિ શું પ્રીત રે;
આઠ મદ દૂરે તજી રે, કરો ધર્મ સુવિનીત રે, ॥ ૮ ॥

પાળો જિનની આમન્યા રે, જો ચાહો શિવરાજ;
શ્રી **વિજયરત્ન સૂરિંદનાં** રે, દેવનાં સાર્યા સવિ કાજ રે, ॥ ૯ ॥

## ૧૧. બોલો બોલો રે શાલીભદ્ર દો વરિયાં

(રાગ-કાલિંગડા)

બોલો બોલો રે શાલીભદ્ર દો વરિયાં,દો વરિયા દો ચાર વરિયાં,
માય તુમારી ખડી ય પુકારે, વહુવર સબ આગે ખરીયાં. ॥ ૧ ॥
પોઢ્યો પુત્ર શીલા પર દેખી, આંખે આસું ઝળહળીયાં. ॥ ૨ ॥
ફૂલની શય્યા જેહને ખૂંચતી, તેણે સંથારો શિલા કરીયાં. ॥ ૩ ॥
પૂરવ ભવ માડી આહિરણી, આહાર કરી અણસણ કરીયાં. ॥ ૪ ॥
આજ પીછે ડુંગર ચઢને કી, શું કરું હું ઘણું વરિયાં. ॥ ૫ ॥
સન્મુખ ખોલો જોયો નહીં માકું, ધ્યાન નિરંજન મન ધરિયાં. ॥ ૬ ॥
કાજ સરે ઉદયરત્ન ઉન્હીં કે, જેણે પલકમેં શિવ વરિયાં. ॥ ૭ ॥

## ૧૨. મોંઘેરો દેહ

**(આ સજ્ઝાય પ.પૂ. વૈરાગ્યમૂર્તિ આ.દેવ શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ.સા. એ રચી છે)**

(રાગ - પદ્મપ્રભુ પ્રાણ સે પ્યારા)

મોંઘેરો દેહ આ પામી, જુવાની જોરમાં જામી;
ભજ્યા ભાવે ના જગસ્વામી, વધારો શું કર્યો સારો. ॥ ૧ ॥

પડીને શોખમાં પૂરા, બની શૃંગારમાં શૂરા;
કર્યાં કૃત્યો બહુ બુરા, પતાવ્યો શી રીતે વારો. ॥ ૨ ॥

ભલાઈ ના જરા કીધી, સુમાર્ગે પાઈ ના દીધી;
કમાણી ના ખરી કીધી, કહો કેમ આવશે આરો. ॥ ૩ ॥

ગુમાને જીંદગી ગાળી, ન આણા વીરની પાળી;
જશો અંતે અરે ખાલી, લઈ ભલા પાપનો ભારો. ॥ ૪ ॥

નકામા શોખને વામો, કરો ઉપકારનાં કામો;
અચલ રાખો રૂડાં નામો, વિવેકી વાત વિચારો. ॥ ૫ ॥

સદા જિન **ધર્મ**ને ધરજો, **ગુરૂભક્તિ** સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી મુક્તિને વરજો. ॥ ૬ ॥

### ૧૩. ક્ષણભંગુરતાની સજ્ઝાય

ક્યા તન માંજતા રે, એક દિન મિટ્ટિમેં મિલ જાના;
મિટ્ટિમેં મિલ જાના બંદે, ખાખમેં ખપ જાના. ક્યા ॥ ૧ ॥

મિટિયા ચુનચુન મહેલ બંધાયે, બંદા કહે ઘર મેરા;
એક દિન બંદે ઊઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા. ક્યા ॥ ૨ ॥

મિટ્ટિયા ઓઢન મિટ્ટિયા બીછાવન મીટી કા સીરાણા;
ઈસ મિટીયાકુ એક ભૂત બનાયે, અમરજાન લોભાના. ક્યા ॥ ૩ ॥

મિટીયા કહે કુંભારને રે, તું ક્યા જાણે મોય;
એક દિન એસા આવેગા બંદે, મૈં ખુંદુંગી તોય. ક્યા ॥ ૪ ॥

લકડી કહે સુતારકું રે, તું નહિ જાણે મોય;
એક દિન ઐસા આવેગા પ્યારે, મેં ભુંજુંગી તોય. ક્યા ॥ ૫ ॥

દાન શીયલ તપ ભાવના રે, શિવપૂર મારગ ચાર.
"આનંદઘન" કહે ચેત લો પ્યારે, આખર જાના ગમાર. ક્યા ॥ ૬ ॥

## ૧૪. ધર્મનાં ચાર પ્રકારની સજ્ઝાય

(રાગ-જીવનના મહાસાગરમાં)

શ્રી મહાવીરે ભાખીયા, ધર્મના ચાર પ્રકાર રે,
દાન શીયલ તપ ભાવના, પંચમ ગતિ દાતાર રે: શ્રી ॥ ૧ ॥

દાને દોલત પામીયે, દાને ક્રોડ કલ્યાણો રે;
દાન સુપાત્ર પ્રભાવથી, કયવન્નો શાલિભદ્ર જાણો રે. શ્રી ॥ ૨ ॥

શીયળે સંકટ સવિ ટળે, શીયળે વાંછિત સિદ્ધ રે,
શીયલે સુર સેવા કરે, સોળ સતી પ્રસિદ્ધ રે.શ્રી ॥ ૩ ॥

તપ તપીયે ભવિ ભાવશું, તપથી નિર્મળ તન્નો રે;
વર્ષોપવાસી ઋષભજી, ધન્નાદિક ધન્ય ધન્ય રે. શ્રી ॥ ૪ ॥

ભરતાદિક શુભ ભાવથી,પામ્યા પંચમ ઠામ રે;
ઉદયરત્ન મુનિ તેહને, નિત્ય કરે પ્રણામ રે. શ્રી ॥ ૫ ॥

## ૧૫. ચાર ગતિના બંધની સજ્ઝાય

આરંભ કરતો રે જીવ છોડી શકે નહિ, ધન મેલણ તૃષ્ણા અપારોજી,
ઘાત કરે પંચેન્દ્રિ જીવનો, વળી કરે મદ્ય માંસનો આહારોજી.
એ ચારે પ્રકારે જીવ જાયે નારકીમાં ॥ ૧ ॥

કુડ કપટને ગૂઢ માયા કરે, વળી બોલે મૃષાવાદજી,
કુડાં તોલાં રાખે માપલા, ખોટા લેખ લખાયજી,
એ ચારે પ્રકારે જીવ જાયે તિર્યંચમાં. ॥ ૨ ॥

ભદ્રિક પરિણામે રે સરલ સ્વભાવથી, વળી વિનયતણાં ગુણ ગાયજી,
દયા ભાવ રે રાખે જે દિલમાં, મત્સર નહિં ઘટમાંયજી,
એ ચારે પ્રકારે રે જીવ જાયે મનુષ્યમાં. ॥ ૩ ॥

સરાગપણાથી રે પાળે સાધુ પણું, વળી શ્રાવકનાં વ્રત બારજી,
અજ્ઞાનકષ્ટ ને અકામ નિર્જરા તિણ શું સુર અવતારોજી,
એ ચારે પ્રકારે જીવ થાય દેવતા. ॥ ૪ ॥

જ્ઞાનથી જાણે રે જીવ અજીવને, શ્રદ્ધા સમકિત થાયજી,
ચારિત્રથી રોકે નવા કર્મ આવતાં, તપથી પૂર્વલા કર્મ ખપાવેજી,
એ ચારે પ્રકારે રે જીવ જાયે મોક્ષમાં. ॥ ૫ ॥

આર્ત રૌદ્ર ધ્યાન બેઉં પરિહરો, ધર્મ શુક્લ ધરો ધ્યાનજી,
પર-પરિણતિ તજી નિજ પરિણતિ ભજો, તો જીવનું શિવ નિશાનજી,
મતિ પ્રમાણે રે ગતિ થાય જીવની,
એ ચાર પ્રકારે રે જીવ જાય મોક્ષમાં ॥ ૬ ॥

## ૧૬. પુનરપિ પાંચમ

**(રાગ - શ્રી નેમિસર જિનતણુજી)**

પુનરપિ પાંચમ એમ વદે રે, સાંભળો પ્રાણી સુજાણ
શ્રી જિન અનુમતે ચાલીયે રે, જિમ લહીયે સુખની ખાણ ॥ ૧ ॥

ભવિકજન ધરજો ધર્મ શું પ્રીત
એ તો આણી મન શુભ રીત (આંકણી)

આશ્રવપંચ દૂર કરી રે, કીજે સંવર પંચ
પંચ સમિતિ શુભ પાળીને રે, તુમે મેલો શિવવધુ સંચ ॥ ૨ ॥

પંચ મહાવ્રત અનુસરી રે, પાળો પંચ આચાર
ત્રિકરણ શુદ્ધિએ ધ્યાવજો રે, પંચ પરમેષ્ટિ નવકાર ॥ ૩ ॥

સમકિત પંચ અજુવાળજો રે, ધરજો ચારિત્ર પંચ
પંચ ભૂષણ ને પડિવજજે રે, ટાળો દૂષણ પંચ ॥ ૪ ॥

મત કરો પંચ પ્રમાદને રે,મત કરો પંચ અંતરાય
પંચમી તપ શુભ આદરો રે, જિમ દિન દિન દૌલત થાય ॥ ૫ ॥

પંચમી તપ મહિમા ઘણો રે, કહેતાં નાવે પાર
વરદત્તને ગુણમંજરી રે, જુઓ પામ્યા ભવનો પાર. ॥ ૬ ॥

પંચમી એમ આરાધીયે રે, લહીએ પંચમ નાણ
ચઉદ રજ્જવાત્મક લોકના રે, એ તો મનપજ્જવ શુભ નાણ. ॥ ૭ ॥

ઘનઘાતી કર્મ ખપાવતા રે, વાજે હો મંગળ શબ્દ
પંચમી ગતિ અવિચળ લહે રે, તિહાં સુખ અનંત સુલબ્ધ ॥ ૮ ॥

## ૧૭. પાંચમની સજ્ઝાય

(રાગ - એક દિન પુંડરિક...)

શ્રી ગુરૂચરણ પસાઉલે રે લાલ, પંચમીનો મહિમાય રે હો આતમા,
વિવરીને કહીશું સુણો રે લાલ, સુણતાં પાતક જાય રે હો આતમા,
પંચમી તપ પ્રેમે કરો રે લાલ. ॥ ૧ ॥

મન શુદ્ધે આરાધતાં રે લાલ, ત્રુટે કર્મ નિદાન રે હો આતમા,
આ ભવ સુખ પામો ઘણા રે લાલ, પરભવ અમર વિમાન ॥ ૨ ॥

સયલ સૂત્ર રચના કરી રે લાલ, ગણધર હુઆ વિખ્યાત રે હો આતમા,
જ્ઞાન ગુણે કરીને જાણતાં રે લાલ, સ્વર્ગ નરકની વાત ॥ ૩ ॥

જે ગુરૂ જ્ઞાને કરી દીપતા રે લાલ, તે તરીયાં સંસાર રે હો આતમા
અજવાળી પક્ષ પંચમી રે લાલ, કરો ઉપવાસ જગદીશ રે. ॥ ૪ ॥

નમો નાણસ્સ ગણણું ગણો રે લાલ, નવકાર વાલી વીશ રે હો આતમ,
યથા શક્તિ એ ઉજવો રે લાલ, જેમ હોય મનને ઉલ્લાસ ॥ ૫ ॥

વરદત્ત ને ગુણ મંજરી રે લાલ, તપથી નિર્મલ થાય રે આતમ,
કીર્તિ વિજય ઉવજ્ઝાયનો રે લાલ, કાંતિવિજય ગુણ ગાય ॥ ૬ ॥

## ૧૮. રામ કહો રહેમાન કહો કોઉ

(રાગ - નગરી નગરી દ્વારે દ્વારે)

રામ કહો રહેમાન કહો કોઉ, કાન્હ કહો મહાદેવ રી,
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી... ॥ ૧ ॥

ભાજન ભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી,
તૈસૈ ખંડ કલ્પના રોપિત, આપ અખંડ સ્વરૂપ રી... ॥ ૨ ॥

નિજપદ રમે રામ સો કહિયે, રહેમ કરે રહેમાન રી,
કરશે કર્મ કાન્હ સો કહિયે, મહાદેવ નિર્વાણ રી... ॥ ૩ ॥

પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હ સો બ્રહ્મ રી,
ઈસ વિધ સાધો આપ **આંનદઘન**, ચેતનમય નિઃકર્મ રી ॥ ૪ ॥

## ૧૯. આશા ઔરન કી ક્યા કિજે

(રાગ - આશાવરી)

આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, ॥ ૧ ॥

ભટકે દ્વાર દ્વાર લોકન કે, કૂકર આશા ધારી,
આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહું ખુમારી ॥ ૨ ॥

આશા દાસી કે જે જાયા, તે જન જગ કે દાસા,
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા... ॥ ૩ ॥

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાળી,
તન ભાટી અવટાઈ પીયે કસ, જાગે અનુભવ લાલી... ॥ ૪ ॥

અગમ પ્યાલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા,
**આનંદઘન** ચેતન વૈ ખોલે, દેખે લોક તમાસા... ॥ ૫ ॥

## ૨૦. ક્રોધની સજ્ઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. ॥ ૧ ॥

ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. ॥ ૨ ॥

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ,
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ. ॥ ૩ ॥

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે,
જળનો જોગ જો નવિ મળે તો, પાસેનું પરજાલે. ॥ ૪ ॥

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળ નાણી
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. ॥ ૫ ॥

ઉદય રત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી,
કાયા કરજો નિર્મળી, ઉપશમરસ નાહી ॥ ૬ ॥

## ૨૧. કરો ના ક્રોધ

(રાગ - લવિપઈ)

કરો ના ક્રોધ રે ભાઈ, પછી મન ખુબ પસ્તાશે
કરેલી છે કમાણી જે, પલકમાં તે ડુબી જાશે. ॥ ૧ ॥

દિવસભર જે જમ્યા મેવા, શરીરમાં લોહીને ભરવા
ઘડીભર ક્રોધ કરવાથી, બધુપાણી થઈજાશે. ॥ ૨ ॥

જન્મભર ભોગ દેવાથી, બન્યા છે જે સ્વજન સાથી
ઘડીભર ક્રોધ કરવાથી, બધા દુશ્મન બની જાશે. ॥ ૩ ॥

ભવોભવમાં તપશ્ચર્યા, કરીને જે કર્મ બાળ્યા
ઘડીભર ક્રોધ કરવાથી, ફરી પાછા વધી જાશે. ॥ ૪ ॥

ક્રોધની શોધ જે કરી, વળી વિવેકે મન ધરી
માણેક મુનિ એમ બોલે, મુગતિ દ્વાર તે ખોલે. ॥ ૫ ॥

## ૨૨. છઠ્ઠા આરાની સજ્ઝાય

(રાગ - રામચન્દ્ર કહ ગયે...)

છઠ્ઠો આરો એવો આવશે, જાણશે જિનવર દેવ,
પૃથ્વી પ્રલય થાશે, વરસશે વિરૂઆ મેહ રે. ॥ ૧ ॥

તાવડે ડુંગર તરડશે, વાએ ઊડી ઊડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમ પૂછીયું, પૃથ્વી બીજ કેમ થાય. ॥ ૨ ॥

વૈતાઢ્ય ગિરિ ઠામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેને બે કાંઠે બેહું ભેખડા, બહોતેર બીલની ખાણ. ॥ ૩ ॥
સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનખા કેરી ખાણ;
સોલ વરસનું આયખું, મુંઢા હાથની કાય. ॥ ૪ ॥
છ વરસની સ્ત્રી ગર્ભ ધરશે, દુઃખી મહાદુઃખી થાય;
રાત્રે ચરવા નીકળે, દિવસે બીલમાં જાય. ॥ ૫ ॥
સર્વ ભખી સર્વે માછલાં, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોશે બહુ, દુર્ગંધી તસ કાય. ॥ ૬ ॥
પ્રભુ બાળની પેરે વિનવું, છઠ્ઠે આરે જન્મ નિવાર;
**કાંતિ વિજય** કવિરાયનો, **'મેઘ'** ભણે સુખમાલ. ॥ ૭ ॥

## ૨૩. ક્રોધના સલોકોની સજ્ઝાય

ક્રોધ તણા હું કહું સલોકો, એક મને કરી સાંભળજો લોકો
ક્રોધી મરી ને નરકે તે જાય, ક્રોધી મરી ને તિર્યંચ થાય ॥ ૧ ॥
અનંતાનુબંધી ક્રોધ તે જાણ, ઉપમા જેમ કહ્યો પાષાણ,
અપ્રત્યાખ્યાની ક્રોધનું રૂપ, કાઢ્યું ક્ષેત્ર જયું જાણો સ્વરૂપ ॥ ૨ ॥
પ્રત્યક્ષ વાણી નું રૂપ છે જેમે, ધુળમાં લીટી કાઢી એ તમે,
ક્રોધ સંબલનું રૂપ છે એવું, પાણીનાં લીટી કાઢી તેવું ॥ ૩ ॥
ચાર ક્રોધની ઉપમા કહી, સુત્ર થકી તે ભેટ જ લહી,
ક્રોધ કરીને લોહી સુકાય, ધર્મતણી તે વાત ન થાય ॥ ૪ ॥
ક્રોધ સરખે વીંછીને સાપ, ક્રોધ વઢે તે પુત્ર ને બાપ,
ક્રોધ કરીને વઢે તે ભાઈ, ક્રોધ મરે તે સારૂ ભાઈ ॥ ૫ ॥
ક્રોધે પાણીમાં બુડી ને મરે, ક્રોધ પોતાની ઘાતજ કરે,
ક્રોધ કરીને ફાંસી તે ખાય, ક્રોધી મરીને દુર્ગતિ જાય ॥ ૬ ॥
ક્રોધ વઢે તે સાસુ ને વહુ, ક્રોધ કુટુંબમાં વઢે તે સહુ,
ક્રોધ તે ભવ કરે અનંત, કોઈ કાળે ન પામે તે અંત ॥ ૭ ॥

સદ્બુધ્ધિ ટાળી દુર્બલી થાય, ક્રોધે તે અક્કલ ચાતુરી જાય,
ક્રોધ સંસારનું જાય તે સુખ, ક્રોધે દેહમાં થાય જ દુઃખ ॥ ૮ ॥

ક્રોધ કરીને કમાણી જાય, ક્રોધ તે ઘરમાં અવગુણ થાય,
ક્રોધ કરીને સંપ શું લઢે, ક્રોધ કરીને સ્વ આતમ કાઢે ॥ ૯ ॥

ક્રોધી ની કોઇ આણે ન પ્રીત, ક્રોધે ન હોવે કોઇ શું રીત,
એવું જાણી ને ક્રોધ ને વારો, તે કોઇ કાલે પામે ન આરો ॥ ૧૦ ॥

## ૨૪. માનની સજ્ઝાય

(રાગ - ભુલ્યો મન ભમરા...)

રે જીવ ! માન ન કીજીયે, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે. ॥ ૧ ॥

સમકિત વિણ ચરિત્ર નહીં, ચારિત્ર વિણ નહી મુક્તિ રે.
મુક્તિનાં સુખ છે શાશ્વતા, તે કેમ લહીએ જુક્તિ રે ॥ ૨ ॥

વિનય વડો સંસારમાં, ગુણ માંહે અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જો જો વિચારી રે. ॥ ૩ ॥

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. ॥ ૪ ॥

સુકાં લાકડાં સારીખો, દુઃખજાયી એ ખોટો રે;
ઉદય રત્ન કહે માનને, દેજો દેશવટો રે ॥ ૫ ॥

## ૨૫. સાધુને સાત સુખ ને સાત દુઃખ

(રાગ - ચાર દિવસના ચાંદરડા)

સુદેવ સુગુરૂના પ્રણમી પાય રે, કરુ સજ્ઝાય અધિક ઉચ્છાંય રે
વીતરાગદેવના કહ્યાં કરશે રે, તે ભવસાગરને તરશે રે ॥ ૧ ॥

નવસો એંસી વરસ ગયા રે, શ્રી સિદ્ધાંત પુસ્તકારૂઢ થયા રે
સાધુ શિરોમણી દેવર્દ્ધિ ગણધાર રે, સાતે સુખે પુરા અણગાર. ॥ ૨ ॥

પહેલું સુખ જે સંયમ લીયો રે, બીજું સુખ જે નિર્મળ હીયો રે
ત્રીજું સુખ કરે વિહાર રે, ચોથું સુખ વિનિત પરિવાર. ॥ ૩ ॥

પાચમું સુખ ભણવું જ્ઞાન રે, છઠ્ઠું સુખ ગુરૂનું બહુમાન રે
નિરવદ્ય પાણીને ભાત રે, એટલા મળ્યા સુખ સાત રે. ॥ ૪ ॥

સાધુ થઈને સાવદ્ય કામ કરે, તે તો સાતે દુઃખ અનુસરે
પહેલું દુઃખ જે ક્રોધી ઘણો, બીજું દુઃખ મુરખપણો રે. ॥ ૫ ॥

ત્રીજુ દુઃખ જે લોભી બહુ રે, ચોથુ દુઃખ ખીજાવે સહુ રે
પાચમું દુઃખ નહિ વિનય લગાર રે, છઠ્ઠું દુઃખ અભ્યંતર બાર રે. ॥ ૬ ॥

રીશાંગી ને અભિમાની પણો રે, એ સાતે દુઃખે મુનિના જાણો રે
એ સાતે દુઃખ તજે અણગાર રે, **જીત વિજય** વંદે વારંવાર રે. ॥ ૭ ॥

## ૨૬. આઠ કર્મોની સજ્ઝાય

**(રાગ - પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો...)**

પ્રભુજી મારાં કર્મો લાગ્યાં છે મારે કેડલે;
ઘડીયે ઘડીયે આતમરામ મુંઝાય રે, પ્રભુજી મારા... ... ૧
જ્ઞાનાવરણીયે જ્ઞાન રોકીયું, દર્શનાવરણીયે કર્યો દર્શન ઘાત રે. પ્ર... ૨
વેદનીય કર્મે વેદના મોકલી, મોહનીય કર્મે ખવરાવ્યો છે માર રે. પ્ર... ૩
આયુષ્ય કર્મે તાણી બાંધીયો, નામકર્મે નચાવ્યો છે નાચ રે. પ્ર... ૪
ગોત્ર કર્મે બહુ રખડાવીયો, અંતરાય કર્મે વાળ્યો છે આડો આંક રે. પ્ર... ૫
આઠે કર્મોનો રાજા મોહ છે, મુંઝાવે મને ચોવીશે કલાક રે. પ્ર... ૬
આઠે કર્મોને જે વશ કરે, તેહનો હોશે મુક્તિ પુરીમાં વાસ રે. પ્ર... ૭
આઠે કર્મોને જે જીતશે, તેહને ઘેર હોશે મંગળ માલ રે. પ્ર... ૮
**હીર વિજય** ગુરૂ હીરલો, પંડિત **રત્ન વિજય** ગુણ ગાય રે. પ્ર... ૯

## ૨૭. અષ્ટમીની સજ્ઝાય

(રાગ - એક દિન પુંડરિક)

શ્રી સરસ્વતી ચરણે નમી, આપો વચન વિલાસ
અષ્ટમી ગુણ હું વર્ણવું, કરો સેવકને ઉલ્લાસ. ॥ દુહા ॥
અષ્ટમી તપ પ્રેમે કરો રે લાલ, આણી હર્ષ ઉમેદ
તો તુમ પામશો ભવતણો, કરશો કર્મનો છેદ. ॥ ૧ ॥
અષ્ટ પ્રચવન તે પાળીએ, ટાળીએ મદના ઠામ
અષ્ટ પ્રતિહાર્ય મનધરી,જપીએ જિનનું નામ. ॥ ૨ ॥
એહવો તપ તુમે આદરો, ધરો મનમાં જિનધર્મ
તો તુમ અપવાદથી છુટશો, ટાળશો ચિહું ગતિ મર્મ. ॥ ૩ ॥
જ્ઞાન આરાધન એહ થકી, લહીએ શિવસુખ સાર
આવાગમન જન નહિ હુએ, એ છે જગ આધાર. ॥ ૪ ॥
તીર્થંકર પદવી લહે, તપથી નવે નિધાન
જુઓ મલ્લી કુમારી પરે, પામે તે બહુ ગુણ જ્ઞાન. ॥ ૫ ॥
એ તપના છે ગુણ ઘણા, ભાખે શ્રી જિન ઈશ.
શ્રી વિજયરત્ન સૂરીંદનો, વાચક દેવ સુરીશ. ॥ ૬ ॥

## ૨૮. અષ્ટ કરમ ચૂરણ

(રાગ - એક દિન પુંડરિક...)

અષ્ટ કર્મ ચૂરણ કરી રે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે
ક્ષાયિક સમકિતના ધણી રે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે પ્યારે રે. ॥ ૧ ॥
અનંત જ્ઞાન દર્શન ધરા રે લાલ, ચોથું વીર્ય અનંત
અગુરૂ લઘુ સુક્ષ્મ કહ્યા રે લાલ,અવ્યાબાધ મહંત ॥ ૨ ॥
જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ
સિદ્ધ શિલાથી જોયણે રે લાલ, અવગાહન વીતરાગ ॥ ૩ ॥

સાદિ અનંતા તિહાં ઘણા રે લાલ, સમય સમય તે જાય
મંદિર માંહી દિપાલીકા રે લાલ, સઘળા તેજ સમાય ॥ ૪ ॥

માનવવભવ થી પામીએ રે લાલ, સિદ્ધતણા સુખ સંગ
એહનું ધ્યાન સદા ધરો રે લાલ, એમ બોલે ભગવતી અંગ ॥ ૫ ॥

શ્રી વિજયદેવ પટ્ટધરુ રે લાલ, શ્રી **વિજયસેન** સૂરીશ
સિદ્ધતણા ગુણ એ કહ્યા રે લાલ, દેવ દીયે આશીષ ॥ ૬ ॥

## ૨૯. માયાની સજ્ઝાય

**(રાગ - શ્રી નેમીસર જિનતણુંજી....)**

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ
રે પ્રાણી મ કરીશ માયા લગાર ॥ ૧ ॥

મુખ મીઠો જૂઠો મનેજી, કુટ કપટનો રે કોટ;
જીભે તો જી જી કરેજી, ચિત્તમાં તાકે ચોટ રે ॥ ૨ ॥

આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે મન વિશ્વાસ;
મનશું રાખે આંતરોજી, એ માયાનો પાશ રે ॥ ૩ ॥

જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂળ રે ॥ ૪ ॥

તપ કીધો માયા કરીજી, મિત્ર શું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તે પામ્યા સ્ત્રીવેદ રે ॥ ૫ ॥

'ઉદય રત્ન' કહે સાંભળોજી, મુકો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે ॥ ૬ ॥

## ૩૦. આઠ મદની સજ્ઝાય

**(રાગ - ભુલ્યો મન ભમરા...)**

મદ આઠ મહામુનિ વારીએ, જે દુર્ગતિના દાતારો રે;
શ્રી વીર જિણેસર ઉપદિશે, ભાખે સોહમ ગણધારો રે. મદ. ॥ ૧ ॥

હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધો રે;
ચંડાળતણે કુળે ઉપન્યો, તપથી સવિ કારજ સિધો રે. મદ. ॥ ૨ ॥
હાંજી કુળ મદ બીજો દાખિયો, મરિચી ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો એમ મન જાણી રે. મદ. ॥ ૩ ॥
હાંજી બળ મદથી દુઃખ પામીયા, શ્રેણિક વસુભૂતિ જીવો રે;
જઈ ભોગવ્યાં દુઃખ નરક તણાં, મુખ પાડંતા નિત રીવો રે. મદ. ॥ ૪ ॥
હાંજી સનત્કુમાર નરેસરુ, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથનું એ ટાણું રે. મદ. ॥ ૫ ॥
હાંજી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે;
થયા કુરગડુ ઋષિરાજીયા, પામ્યા તપનો અંતરાયો રે. મદ ॥ ૬ ॥
હાંજી દેશ દશારણનો ધણી, રાય દર્શાણભદ્ર અભિમાની રે;
ઇન્દ્રની ઋદ્ધિ દેખી બુઝીયો, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ. ॥ ૭ ॥
હાંજી સ્થૂલીભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઈ રે;
શ્રુત પરવ અર્થ ન પામીયા, જુઓ માન તણી અધિકાઈ રે. મદ. ॥ ૮ ॥
રાય સુભૂમ ષટ ખંડનો ધણી, લોભનો મદ કીધો અપાર રે;
હાય ગય રથ સબ સાયર ગયું, ગયો સાતમી નરક મોઝાર રે. મદ. ॥ ૯ ॥
ઈમ તન ધન જોબન રાજ્યનો, મ ધરો મનમાં અહંકારો રે;
એ અથિર અસત્ય સવિ કારમું, વિણસે ક્ષણમાં બહુ વારો રે. મદ. ॥ ૧૦ ॥
મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંયમ સુખકારી રે;
કહે "માન વિજય" તે પામશે, અવિચળ પદવી નરનારી રે. મદ. ॥ ૧૧ ॥

## ૩૧. આઠ પ્રભાવકની સજ્ઝાય

(રાગ - અભિનંદન જિન દરિસણ તરસીએ-દેશી....)

આઠ પ્રભાવક પ્રવચનનાં કહ્યાં, પાવયણિ ધુરિ જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ,
ધન ધન શાસન મંડન મુનીવરા ॥ ૧ ॥

ધર્મ કથી તે બીજો જાણીયે, નંદિષેણ પરે જહે;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ.॥ ૨ ॥
વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે રે જય કમલા વરે, ગાજતો જીમ મેહ ॥ ૩॥
ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જીરણ કાજ;
તેહ નિમિત્તી રે ચોથો જાણીયે, શ્રી જિનશાસન રાજ. ॥ ૪ ॥
તપ ગુણ ઓપે રોપે ધર્મને, નવી લોપે જિન આણ;
આશ્રવ લોપે રે, નવી કોપે કદા, પંચમ તપસી તે જાણ. ॥ ૫ ॥
છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી, જિમ શ્રી વયર મુણીંદ;
સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનીચંદ, ॥ ૬ ॥
કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે નરપતિ રીઝવે, અટ્ઠમ વર કવી તેહ. ॥ ૭ ॥
જબ નવી હોવે, પ્રભાવક એહવા, તવ વિધિ પૂરવ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ॥ ૮ ॥

### ૩૨. શ્રી નવપદની સજ્ઝાય

(રાગ - આ છે લાલ)

નવપદ મહિમા સાર, સાંભળજો નર નાર;
આ છે લાલ, હેજ ધરી આરાધીયેજી. ॥ ૧ ॥
તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર;
આ છે લાલ, નવ દિન મંત્ર આરાધીયેજી. ॥ ૨ ॥
આ સો માસ સુવિચાર, નવ આયંબિલ નિરધાર;
આ છે લાલ, વિધિ શું જિનવર પૂજીયેજી. ॥ ૩ ॥
અરિહંત સિદ્ધ પદ સાર, ગણણું તેર હજાર;
આ છે લાલ, નવપદ મહિમા કીજીયેજી. ॥ ૪ ॥

મયણા સુંદરી શ્રીપાલ, આરાધ્યો તત્કાળ;
આ છે લાલ, ફળદાયક તેહને થયોજી. ॥ ૫ ॥

કંચન વરણી કાય, દેહડી તેહની થાય;
આ છે લાલ, શ્રી સિદ્ધચક્ર મહિમા ઘણોજી. ॥ ૬ ॥

સાંભળો સહુ નરનાર, આરાધો નવકાર;
આ છે લાલ, હેજ ધરી હૈડે ઘણુંજી. ॥ ૭ ॥

ચૈત્ર માસે વળી એહ, નવપદ શું ધરો નેહ;
આ છે લાલ, પૂજંતા દે શિવસુખ ઘણુંજી. ॥ ૮ ॥

એણી પરે ગૌતમ સ્વામ, નવ નિધિ જેહને નામ;
આ છે લાલ, નવપદ મહિમા વખાણીયેજી. ॥ ૯ ॥

**ઉત્તમ સાગર રૂપ**, પ્રણમે નિશદિશ ભૂપ
આ છે લાલ, નવપદ મહિમા જાણીયેજી. ॥ ૧૦ ॥

### ૩૩. શ્રી નવકાર મંત્રની સજ્ઝાય
(રાગ-કડખા...)

સમર જીવ એક, નવકાર નિજ હેજશું, અવર કાંઈ આળ પંપાળ દાખે
વર્ણ અડસઠ, નવકારના નવપદ, સંપદા આઠ અરિહંત ભાખે. ॥ ૧ ॥

આદિ અક્ષર નવકારના સ્મરણથી, સાત સાગર ટળી જાય દુરા
એક પદ ઉચ્ચરે, દુરિત દુઃખડા હરે, સાગર આયુ પચાસ પૂરાં. ॥ ૨ ॥

સર્વ પદ ઉચ્ચરતાં, પાંચસે સાગર, સહસ્સ ચોપન નવકારવાળી
સ્નેહે મન સંવરી, હર્ષભર હેજ ધરી, લાખ નવ જાપથી કુગતિ ટાળી. ॥ ૩ ॥

લાખ એક જાપ જન, પુન્યે પુરા જપે, પદવી પામે અરિહંત કેરી
અશોક વૃક્ષ તળે, બાર વર્ષદા મળે, ગડગડે દુંદુભિ નાદ ભેરી. ॥ ૪ ॥

અષ્ટ વલી અષ્ટ સય, અષ્ટ સહસા વળી, અષ્ટ લાખા જપે અષ્ટકોડી
**કીર્તી વિમલ** કહે, મુક્તિ લીલા લહે, આપણે કર્મ આઠ વિછોડી. ॥ ૫ ॥

## ૩૪. શ્રી શ્રીપાલ-મયણાસુંદરીની સજ્ઝાય

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે;
મયણાં સુંદરી સતી ગાઈશું, આણી હઈડે ભાવો રે. ॥ ૧ ॥
નવપદ મહિમા સાંભલો, મનમાં ધરી ઉલ્લાસો રે;
મયણા સુંદરી શ્રીપાલને, ફળીયો ધરમ ઉદારો રે. ॥ ૨ ॥
માલવદેશ માંહે વલી, ઉજેણી નગરી નામ રે;
રાજ કરે તિહાં, રાજીયો પ્રજાપાળ નરીંદ રે. ॥ ૩ ॥
રાય તણી મનમોહની, ધરણી અનોપમ દોય
તાસ કુખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડ રે ॥ ૪ ॥
સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતો રે;
મયણા સુંદરી સિદ્ધાંતનો,અરથ લીધો સુવિચારો રે. ॥ ૫ ॥
રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહ રે;
વંછિત વર માગો તદા, આપું અનોપમ તેહ રે. ॥ ૬ ॥
સુરસુંદરી વર માંગીયો, પરણાવી શુચિ ઠામો રે;
મયણાસુંદરી વયણ કહે, કર્મ કરે તે હોયે રે. ॥ ૭ ॥
કર્મે તુમારે આવીયો, વર વરો બેટી જેહ રે;
તાત આદેશે કર ગ્રહી, વરીયો કુષ્ઠી તેહ રે. ॥ ૮ ॥
આયંબિલનો તપ આદરી, કોઢ અઢાર તે કાઢે રે;
સદ્‌ગુરૂ આજ્ઞા શિર ધરી, હુઓ રાય શ્રીપાલ રે. ॥ ૯ ॥
દેશ દેશાંતર ભમી કરી, આયો તે વર્ષ અંતે રે
નવ રાણી પરણ્યો ભણી, રાજય પામ્યો, મનરંગે રે. ॥ ૧૦ ॥
તપ પસાય સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહોંત્યો રે
ઉપસર્ગ સવિ દૂરે ટલ્યો, પામ્યો સુખ અનંતો રે. ॥ ૧૧ ॥
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સુરીંદો રે
તાસ શિખ્ય **વિમલ હેમ** વિનવે, સતી નામે આણંદો રે
નવપદ મહિમા સાંબલો. ॥ ૧૨ ॥

## ૩૫. લોભની સજ્ઝાય

(રાગ - અરણીક મુનિવર....)

તમે લક્ષણ જો જો લોભનાં રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથે સંચરે રે. ॥ ૧ ॥

તજે લોભ તેહનાં લેઉં ભામણાં રે, વળી પાયે નમીને કરું ખામણાં રે.
લોભે મર્યાદા ન રહે કેહની રે, તમે સંગત મૂકો તેહની રે. ॥ ૨ ॥

લોભે ઘર મુકી રણમાં ભમે રે, લોભે ઉંચ તે નીચું આદરે રે;
લોભે પાપ ભણી પગલાં ભરે રે, લોભે અકાર્ય કરતાં ન ઓસરે રે. ॥ ૩ ॥

લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન રહે પ્રીતિ ને પાવઠું રે, લોભે ધન મેળવે બહું એકઠું રે. ॥ ૪ ॥

લોભે પુત્ર તણે પિતા હણે રે, લોભે હત્યા પાતિક નવિ ગણે રે;
તે તો દામ તણા લોભે કરી રે, ઉપર મણિધર થાયે તે મરી રે. ॥ ૫ ॥

જોતાં લોભનો થોભ દીસે નહીં રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જુઓ રે, તે તો સમુદ્ર માંહે ડૂબી મુઓ રે. ॥ ૬ ॥

એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મ શું મમતા માંડજો રે;
**કવિ ઉદય રત્ન** ભાખે મુદા રે, વંદું લોભ તજે તેહને સદા રે. ॥ ૭ ॥

## ૩૬. મારા હાથમાં નવકારવાળી

(રાગ - જરા સામને તો...)

મારા હાથમાં તે નવકાર વાળી, મને અરિહંતનો આધાર જો
મને સિદ્ધચક્રનો આધાર જો, મને ભગવંતનો આધાર જો. ॥ ૧ ॥

સાસુ ચાલી સુથાર ઘેર ચાલી, લાવી પેટીમાં સાપ જો.
ઉઠો વહુવર ઘરેણાં પહેરો, થઈ ગયો નવસેરો હાર જો. ॥ ૨ ॥

ચાલી ચાલી દરજી ઘેર ચાલી, લાવી કપડામાં સાપ જો
ઉઠો વહુવર કપડા પહેરો, થઈ ગઈ ફુલની માળ જો ॥ ૩ ॥

ચાલી ચાલી કુંભાર ઘેર ચાલી, લાવી ઘડામાં સાપ જો
ઉઠો વહુવર પાણી ગાળો, થઈ ગઈ ફુલની માળ જો. ॥ ૪ ॥

ઉઠો વહુવર સેલજ કરવા, નદીએ બ્હોળા નીર જો
સાસુએ વહુને ધક્કો મેલ્યો, વહુ પહોંચ્યા પહેલે તીર જો. ॥ ૫ ॥

જયારે સાસુએ ધક્કો દીધો, ધરતી ધર્મનું ધ્યાન જો
સાસુ ઉભા ટગમગ જોવે, વહુ પહોંચ્યા દેવલોક જો. ॥ ૬ ॥

નવપદજીનું ધ્યાન ધરતા, ઘર ઘર નવ નિધાન જો
રૂપવિજય ગુરૂ એણી પરે બોલે, સોહીએ સોવન વાન જો.॥ ૭ ॥

## ૩૭. નવપદજીની સજ્ઝાય

રાજગ્રહી ઉદ્યાન, સમોસર્યા ભગવંત.
આ છે લાલ, શ્રેણીક વંદન, આવીયાજી. ॥ ૧ ॥

હયગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર.
આ છે લાલ, બહુ પરિવાર, સુપરિવર્યાજી. ॥ ૨ ॥

વાંદ્યા પ્રભુજીના પાય, બેઠી પર્ષદા બાર
આ છે લાલ, જિનવાણી સુણવા ભણીજી. ॥ ૩ ॥

દેશના દિયે જિનરાય, સાંભલે સહુ નરનાર.
આ છે લાલ, નવપદ મહિમા વરણવેજી. ॥ ૪ ॥

આસો ચૈતર માસ, કીજે ઓળી ઉલ્લાસ.
આ છે લાલ, સુદિ સાતમથી માંડિયેજી ॥ ૫ ॥

પંચ વિષય પરિહાર, કેવળ ભૂમિ સંથાર.

આ છે લાલ, જુકતે જિનવર પૂજીયેજી. ॥ ૬ ॥

ગણીયે શ્રી નવકાર, દેવવંદન ત્રણ કાલ.

આ છે લાલ, અઢાર હજાર ગણણું ગણોજી. ॥ ૭ ॥

નવ આંબીલ નિરમાય, કીજે ઓળી ઉદાર

આ છે લાલ, દંપતિ સુખ લિયે સ્વર્ગનોજી. ॥ ૮ ॥

મયણાં ને શ્રીપાલ, જપતાં નવપદ જાપ.

આ છે લાલ, અનુક્રમે શિવરમણી વર્યાજી ॥ ૯ ॥

**ઉત્તમ સાગર** શિષ્ય પ્રણમે તે નિશિદશ

આ છે લાલ, નવપદ મહિમા જાણીયેજી. નિશદિશ ॥ ૧૦ ॥

## ૩૮. ગોયમ મ કર પ્રમાદ

સમવસરણ સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ
દશમેં ઉત્તરાધ્યયનમેંજી દીયે દેશના સુજાણ
સમય મેં રે ગોયમ મ કર પ્રમાદ
વીર જિનેશ્વર શીખવેજી, પરીહર મદ વિખવાદ. ॥ ૧ ॥

જિમ તરુ પંડુર પાંદડુંજી, પડતાં ન લાગેજી વાર
તિમ એ ચંચલ જીવડોજી, સ્થિર ન રહે સંસાર. ॥ ૨ ॥

ડાભ અણી જલ ઓસનોજી, ક્ષણ એક રહે જલબિંદુ
તિમ એ ચંચલ જીવડોજી, ન રહે ઈન્દ્ર નરીન્દ્ર. ॥ ૩ ॥

સુક્ષ્મ નિગોદ ભમી કરીજી રે, રાશી ચઢ્યો વ્યવહાર
લાખ ચોરાશી જીવાયોનીમાંજી, લાધ્યો નરભવ સાર. ॥ ૪ ॥

શરીર જરાએ જર જર્યુંજી, શિરપર પલીયા જી કેશ
ઈન્દ્રિય બળ હિણા પડયાજી, પગ પગ પેખે ક્લેશ ॥ ૫ ॥

ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પૂર
તપ જપ સંયમ આકરાજી, મોક્ષ નગર છે દૂર ॥ ૬ ॥

એમ નિસુણી પ્રભુ દેશનાજી, ગણધર થયા સાવધાન
પાપ પડલ પાછા પડયાજી, પામ્યા કેવળજ્ઞાન. ॥ ૭ ॥

ગૌતમના ગુણ ગાવતાંજી, ઘર સંપત્તીની ક્રોડ
વાચકશ્રી **કરણ** ઈમ ભણેજી, વંદુ બે કરજોડ.॥ ૮ ॥

## ૩૯. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

કાશી દેશ વારાણસી સુખકારી રે, અશ્વસેન રાજન પ્રભુ ઉપકારી રે.
પટરાણી વામાસતી, સુખકારી રે, રૂપે રંભા સમાન પ્રભુ ઉપકારી રે. ॥૧॥

ચૌદ સ્વપન સુચિત ભલા, જન્મ્યા પાર્શ્વ કુમાર
પોષ વદી દશમી દિને, સુર કરે ઉત્સવ સાર ... ॥ ૨ ॥

દેહમાન નવ હાથનું, નીલવરણ મનોહાર
અનુક્રમે જોબન પામીયા, પરણી પ્રભાવતી નાર. ॥ ૩ ॥

કમઠ તણો મદ ગાળીયો, કાઢ્યો જલતો નાગ
નવકાર સુણાવી તે કીયો, ધરણ રાય મહાભાગ. ॥ ૪ ॥

પોષ વદી એકાદશી, વ્રત લઈ વિચરી સ્વામ
વડ તલે કાઉસગ્ગ રહ્યા, મેઘમાલી સુરતામ. ॥ ૫ ॥

કરે ઉપસર્ગ જળવૃષ્ટિનો, આવ્યું નાસિકા નીર
ચુક્યા નહીં પ્રભુ ધ્યાનથી, સમરથ સાહસ ધીર. ॥ ૬ ॥

ચૈત્ર વદી ચોથને દિને, પામ્યા કેવલનાણ
ચઉવિહ સંઘ થાપી કરી, આવ્યા સમેતગિરી ઠાણ. ॥ ૭ ॥

પાળી આયુ સો વર્ષનું, પહોતા મુક્તિ મહંત
શ્રાવણ શુદી દિન અષ્ટમી, કીધો કર્મનો અંત. ।। ૮ ।।

પાસ વીરને આંતરુ, વર્ષ અઢીસે જાણ
કહે **માણેક** જિન દાસને, કીજે કોટી કલ્યાણ.।। ૯ ।।

## ૪૦. શ્રી વિનયની સજ્ઝાય

(રાગ - શ્રી નેમિસર જિનતણુંજી...)

પવયણ દેવી ચિત ધરી જી, વિનય વખાણીશ સાર;
જંબૂને પૂછે કહ્યોજી, શ્રી સોહમ ગણધાર;
ભવિક જન, વિનય વહો સુખકાર (એ આંકણી) ।। ૧ ।।

પહેલે અધ્યયને કહ્યોજી, ઉતરાધ્યયન મોઝાર
સઘળા ગુણમાં મૂળગોજી, જે જિનશાસન સાર. ।। ૨ ।।

નાણ વિનયથી પામીયે જી, નાણે દરિસણ શુદ્ધ;
ચારિત્ર દરિસણથી હુવે જી, ચારિત્રથી પણ સિદ્ધ ।। ૩ ।।

ગુરૂની આણ સદા ધરેજી, જાણે ગુરૂનો ભાવ;
વિયનવંત ગુરૂ રાગીયો જી, તે મુનિ સરળ સ્વભાવ ।। ૪ ।।

કણનું કુંડું પરિહરી જી, વિષ્ઠાશું મન રાગ;
ગુરૂદ્રોહી તે જાણવાજી, સૂઅર ઉપમા લાગ ।। ૫ ।।

કોહ્યા કાનની કૂતરી જી, ઠામ ન પામે રે જેમ;
શિલ હીણ અકહ્યાગરાજી, આદર ન લહે તેમ, ।। ૬ ।।

ચંદ્ર તણી પરે ઉજળી જી, કિરતી તેહ લહંત
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત ।। ૭ ।।

વિજય દેવ ગુરૂ પાટવી જી, શ્રી વિજય સિંહ સૂરીંદ;
શિષ્ય ઉદય વાચક ભણે જી, વિનય સકળ સુખ કંદ ॥ ૮ ॥

## ૪૧. એકાદશીની સજ્ઝાય

આજ મારે એકાદશી રે, નણદલ મૌન ધરી મુખ રહીએ;
પૂછ્યાનો પડિઉત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ ॥ ૧ ॥

મારો નણદોઈ તુજને વાહલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો, ॥ ૨ ॥

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એક ન આવ્યો આડો;
પરભવ જાતાં પાલવ ઝાલે, તે મુજને દેખાડો. ॥ ૩ ॥

માગશર સુદિ અગિયારસ મોટી, નેવું જિનનાં નિરખો;
દોઢસો કલ્યાણક મોટાં, પોથી જોઈ જોઈ હરખો ॥ ૪ ॥

સુવ્રત શેઠ થયો, શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો;
પાવકપુર સગળો પર જાળ્યો, એહનો કાંઈ ન દહીયો ॥ ૫ ॥

આઠ પહોરનો પોસહ કરીયે, ધ્યાન પ્રભુ નું ધરીએ;
મન વચન કાયા જો વશ કરીએ, તો ભવ સાગર તરીએ. ॥ ૬ ॥

ઈર્યા સમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણાં શું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે. ॥ ૭ ॥

કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વન માંહી;
ચિત્તડું તો ચિહું દિશીયે ડોલે, ઈણ ભજને સુખ નાંહી. ॥ ૮ ॥

પૌષધશાળે ભેગાં થઈને, ચાર કથા વળી સાધે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે. ॥ ૯ ॥

એક ઉઠંતી આળસ મરડે, બીજી ઉંઘે બેઠી;
નદીઓમાંથી કોઈક નિસરતી, જઈ દરિયામાં પેઠી. ॥ ૧૦ ॥

આઈ-બાઈ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને;
સાસુ-સસરો, મા ને માસી, શિખામણ છે સહુને. ॥ ૧૧ ॥

'ઉદયરત્ન' વાચક ઉપદેશે, જે નર નારી રહેશે;
પોષહ માંહે પ્રેમ ધરીને, અવિચળ લીલાં લહેશે. ॥ ૧૨ ॥

## ૪૨. શ્રી કૃષ્ણ વાસુદેવની સજ્ઝાય

(રાગ - કર્મથી વધે સંસાર)

નગરી દ્વારિકામાં નેમિ જિનેશ્વર, વિચરંતા પ્રભુ આવે;
કૃષ્ણ નરેશ્વર વધાઈ સુણીને, જીતનિશાન બજાવે હો પ્રભુજી;
નહિ જાઉં નરકની ગેહે હો પ્રભુજી, નહિ જાઉ નરકની ગેહે ॥ ૧ ॥

અઢાર સહસ સાધુને વિધિસું, વાંદ્યા અધિકે હરખે;
પછી નેમિ જિનેસર કેરાં, ઉભા મુખડાં નિરખે ॥ ૨ ॥

નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણ તણાં દુઃખ રહીયાં;
કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદું, હર્ષ ધરી મન હૈયાં ॥ ૩ ॥

નેમિ કહે એહ ટાળ્યાં નવિ ટળે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાલ બ્રહ્મચારી, નેમિ જિનેસર ભ્રાત ॥ ૪ ॥

મ્હોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળશે;
સુરતરુ સરીખા અફલ જશે ત્યારે, વિષે વેલડી કેમ ફળશે. ॥ ૫ ॥

પેટે આવ્યો તેહ ભોરીંગ વેઠે, પુત્ર કપુત્ર જ થાય;
ભલો ભૂંડો પણ જાદવ કુળનો, તુમ બાંધવ કહેવાય ॥ ૬ ॥

છપ્પન ક્રોડ જાદવનો રે સાહિબો, કૃષ્ણ જો નરકે જાશે;
નેમિ જિનેસર કેરો રે બાંધવ, જગમાં અપજશ થાશે ॥ ૭ ॥

શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવળનાણી;
નેમિ જિનેસર દિયો રે દિલાસો, ખરો રૂપૈયો જાણી ॥ ૮ ॥

નેમિ કહે તુમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો તીર્થંકર, હરિ પોતે મન હરખી ॥ ૯ ॥

જાદવકુળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્ર વિજય કુળ દીવો;
ઈન્દ્ર કહે રે, શિવાદેવીના નંદન, ક્રોડ દિવાળી જીવો; ॥ ૧૦ ॥

## ૪૩ શ્રી રૂક્મીણીની સજ્ઝાય

(રાગ - આ છે લાલ...)

વિચરંતા ગામોગામ, નેમિ જિનેશ્વર સ્વામ
આ છે લાલ, નયરી દ્વારામતી આવિયા જી. ॥ ૧ ॥

વનપાલક સુખદાય, દીયે વધામણી આય;
આ છે લાલ, નેમિ જિણંદ પધારીયાજી. ॥ ૨ ॥

કૃષ્ણાદિક નરનાર, સહુ મળી પર્ષદા બાર;
આ છે લાલ, નેમિ વાંદવા તિહાં આવીયા જી. ॥ ૩ ॥

દેશના દીએ જિનરાય, આવે સહુને દાય;
આ છે લાલ, રુક્મિણી પૂછે શ્રી નેમને જી. ॥ ૪ ॥

પુત્રનો મારે વિયોગ, શો હશે કર્મ સંયોગ;
આ છે લાલ, ભગવંત મુજને તે કહો જી. ॥ ૫ ॥

ભાખે તવ ભગવંત, પૂર્વ ભવ વિરતંત;
આ છે લાલ, કીધાં કર્મ નવિ છૂટીયે જી. ॥ ૬ ॥

તું હતી નૃપની નાર, પૂરવ ભવ કોઈ વાર;
આ છે લાલ, ઉપવન રમવા સંચર્યા જી. ॥ ૭ ॥

ફરતાં વન મોઝાર, દીઠો એક સહકાર;
આ છે લાલ, મોરલી વિયાણી તિહાં કણે જી. ॥ ૮ ॥

સાથે હતો તુમ નાથ, ઈંડા ઝાલ્યાં હાથ;
આ છે લાલ, કુંકુમ વરણા તે થયાં જી. ॥ ૯ ॥

નવિ ઓળખે તિહાં મોર,કરવા લાગી શોર;
આ છે લાલ, ચૌદિશી ચમકે વીજળી જી. ॥ ૧૦ ॥

તિણ અવસર ઘમઘોર, મોરલી કરે છે શોર;
આ છે લાલ, સોળ ઘડી નવિ સેવિયા જી ॥ ૧૧ ॥

પછી વૂઠ્યો તિહાં મેહ, ઈંડાં ધોવાણાં તેહ;
આ છે લાલ, સોળ ઘડી પછી સેવાયી જી ॥ ૧૨ ॥

હસતા તે બાંધ્યા કર્મ, નવિ ઓળખ્યો જૈનધર્મ
આ છે લાલ, રોતા ન છુટે રે પ્રાણીયા જી ॥ ૧૩ ॥

તિહાં બાંધી અંતરાય, ભાખે શ્રી જિનરાય;
આ છે લાલ, સોળ ઘડીનાં વરસ સોળ થયાં જી. ॥ ૧૪ ॥

દેશના સુણી અભિરામ, રુક્મિણી રાણીએ તામ;
આ છે લાલ, સુધો તે સંયમ આદર્યો જી. ॥ ૧૫ ॥

થિર કરી રાખ્યા મન વચ કાય, કેવળનાણ ઉપાય;
આ છે લાલ, કર્મ ખપાવી મુગતે ગયા જી. ॥ ૧૬ ॥

તેહનો છે વિસ્તાર, અંતગડ સૂત્ર મોઝાર;
આ છે લાલ, **રાજવિજય** રંગે ભણે જી. ॥ ૧૭ ॥

### ૪૪. જ્ઞાનની સજ્ઝાય

ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો ધર્મ સલુણા
તે પ્રભુની પૂજા વિના રે, જન્મ ગુમાવ્યો ક્રોડ. ॥ ૧ ॥

જેમ જેમ અરિહા સેવિઆ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન
જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાન તણા બહુમાન. ॥ ૨ ॥

જ્ઞાન વિના આડંબરી રે, પામે જગ અપમાન
કપટ ક્રિયા જન રંજની રે, મૌન વૃત્તિ બગ ધ્યાન. ॥ ૩ ॥

મત્સરી ખર મુખ ઉજવલે રે, કરતા ઉગ્ર વિહાર
પાપ શ્રમણ કરી દાખીયા રે, ઉત્તરાધ્યયન મોઝાર. ॥ ૪ ॥

જ્ઞાન વિના મુક્તિ નહીં રે, ક્રિયા જ્ઞાનીની પાસ
શ્રી **શુભવીરની** વાણીયે રે, શિવકમલા ઘરવાસ ॥ ૫ ॥

## ૪૫. શ્રી પર્યુષણ પર્વની સજ્ઝાય

(રાગ - એક દિન પુંડરિક...)

પર્વ પર્યુષણ આવીયાં રે લાલ
કીજે ઘણુ ધર્મ ધ્યાન રે, ભવિકજન
આરંભ સકળ નિવારી એ રે લાલ
જીવોને દીજે અભયદાન ॥ ૧ ॥

સઘળ માસમાં માસ વડો રે લાલ
ભાદરવો માસ સુમાસ રે.
તેહમાં આઠ દિન રૂયડાં રે લાલ
કીજે સુકૃત ઉલ્લાસ રે. ॥ ૨ ॥

ખાંડણ પીસણ ગારના રે લાલ
ન્હાવણ ધોવણ જેહ રે
એહવા આરંભને ટાળીએ રે લાલ,
વાંછો સુખ અછેહ ॥ ૩ ॥

પુસ્તક વાસી ન રાખીએ રે લાલ
ઓચ્છવ કરીએ અનેક રે
ધર્મ સારુ વિત્ત વાવરો રે લાલ
હૈડે આણી વિવેક રે ॥ ૪ ॥

પૂજી અર્ચીને આણીયે રે લાલ
શ્રી સદ્ગુરુની પાસ રે
ઢોલ દદામા ફેરીયા રે લાલ
માંગલિક ગાવો ગીત. ॥ ૫ ॥

શ્રીફળ સરસ સોપારીયો રે લાલ
દીજે સાહમ્મિને હાથ રે
લાભ અનંતા બતાવીયા રે લાલ
શ્રીમુખે ત્રિભુવન નાથ રે ॥ ૬ ॥

નવ વાંચના શ્રી કલ્પ સૂત્રની રે લાલ
સાંભળો શુદ્ધ ભાવ રે
સાહમ્મીવત્સલ કીજીયે રે લાલ
ભવજલ તરવા નાવ રે ॥ ૭ ॥

ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ
પૂજા સત્તર પ્રકાર
અંગ પૂજા સદ્‌ગુરૂ તણી રે લાલ
કીજીયે હર્ષ અપાર. ॥ ૮ ॥

જીવ અમારી પળાવીએ રે લાલ
તેહથી શિવ સુખ હોય.
દાન સંવત્સરી દીજીયે રે લાલ
ઈણ સમ પર્વ ન કોય. ॥ ૯ ॥

કાઉસ્સગ્ગ કરી તમે સાંભળો રે લાલ
આગમ આપણે કાન
છઠ અઠ્ઠમ તપ આદરો રે લાલ
કીજે ઉજ્જવલ ધ્યાન ॥ ૧૦ ॥

ઈણ વિધ પર્વ આરાધશે રે લાલ
લેશે સુખની કોડ રે.
મુક્તિ મંદિરમાં મહાલશે રે લાલ
**મતિ હંસ** નમે કર જોડ રે ॥ ૧૧ ॥

## ૪૬. વેરણ નિદ્રાની સજ્ઝાય

વેરણ નિદ્રા તું ક્યાંથી રે આવી,
સુઈ સુઈ ને સારી રાત ગમાવી. ॥ ૧ ॥

નિદ્રા કહે હું તો બાલીને ભોળી,
મોટા મોટા મુનિવરને નાખું છું ઢાળી. ॥ ૨ ॥

નિદ્રા કહે હું તો જમડાની દાસી
એક હાથમાં મુક્તિને બીજા હાથમાં ફાંસી. ॥ ૩ ॥

ચાલો ચેતનજી સિદ્ધાચલ જઈએ,
આદેશ્વર ભેટીને પાવન થઈએ. ॥ ૪ ॥

આનંદ ઘન કહે સુનો ભાઈ બનિયા,
આપ મુઆ પીછે ડુબ ગઈ દુનિયા. ॥ ૫ ॥

## ૪૭. તપની સજ્ઝાય

(રાગ : આશાવરી)

કીધાં કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનું દાન ।
હત્યા પાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન ।
ભવિકજન ! તપ કરજો મન શુદ્ધ ॥ ૧ ॥

ઉત્તમ તપના યોગથી રે, સેવે સુરનર પાય ।
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનોવાંછિત ફળ થાય. ॥ ૨ ॥

તીર્થંકર પદ પામીએ રે, નાસે સઘળા રોગ ।
રૂપ લીલા સુખ સાહ્યબી રે, લહીએ તપ સંયોગ. ॥ ૩ ॥

તો શું છે સંસારમાં રે, તપથી જે નવિ હોય ।
જે જે મનમાં કામીએ રે, સકલ ફળે સવિ તેહ. ॥ ૪ ॥

અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાળે તત્કાળ ।
અવસર લહીને તેહનો રે, ખંપ કરજો ઉજમાળ. ॥ ૫ ॥

બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર ।
હોજો તેહની ચાલમાં રે,જેમ ધન્નો અણગાર. ॥ ૬ ॥

ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર ।
સ્વર્ગ હુએ ઘર આંગણે રે, દુર્ગતિ જાવે દૂર. ॥ ૭ ॥

## ૪૮. રોટલાની સજ્ઝાય

સર્વ દેવ મે પ્રત્યક્ષ દેવ રોટી, તાન માન સર્વ વાત એહી વિના ખોટી ॥ ૧ ॥
જિનરાજ મુનિરાજ બડે ધ્યાન ધ્યાવે, ઘડી થાય સોલમી તો ગોચરી સંભારે ॥ ૨ ॥
શેઠ બડે સાહુકાર લખે લાખ હુંડી, ઘડી થાય સોલમી તો આંખ જાય ઊંડી ॥ ૩ ॥
સંઘ લઈ સંઘવી પ્રયાણ પંથ ચાલે, ઘડી થાય સોલમી તો મુકામ ઠામ ઝાલે ॥ ૪ ॥
ચક્રવર્તી વાસુદેવ પુન્યના છે બલીયા, ઘડી થાય સોલમી તો અંગ જાય ગળીયા ॥ ૫ ॥
નિસ્નેહી નગ્ન ભાવે ભસ્મ અંગ લગાવે, ઘડી થાય સોલમી તો અલખ જગાવે ॥ ૬ ॥
ધ્યાન ધરે નાસિકા માળા મોટી મોટી, ઘડી થાય સોલમી તો યાદ કરે રોટી ॥ ૭ ॥
પેટ પડે રોટલો તો સર્વ વાત સૂઝે, પેટપૂરણ ઘાસ અન્ન,ગાય ભેંસ દૂઝે ॥ ૮ ॥
ધન ધન વીતરાગ ઋષભદેવ સ્વામી, એક વરસ આહાર ત્યાગી વંદુ શિર નામી॥ ૯ ॥
વીર વીર મહાવીર, જગને વિષે દીપે, ષટ્માસ આહાર ત્યાગી કર્મ સર્વે જીપે ॥ ૧૦॥
**દીપ વિજય** કવિરાજ, અઢી દ્વીપ છાજે , છઠ્ઠ અઠ્ઠમ માસ પાસ ધીરમુનિ ગાજે. ॥ ૧૧ ॥

## ૪૯. દીવાળીની સજ્ઝાય

(રાગ - ધારણી મનાવે)

આધારજ હુંતો રે, એક મુને તાહરો રે હવે કુણ કરશે રે સાર
પ્રીતલડી હુંતી રે, પહેલા ભવ તણી રે, તે કિમ વિસરી જાય. ॥ ૧ ॥

મુજને મેલ્યો રે, ટળવળતો ઇહાં રે, નથી કોઈ આસુ લુંછણહાર
ગૌતમ કહીને રે કુણ બોલાવશે રે, કોણ કરશે મોરી સાર. ॥ ૨ ॥

અંતરજામી રે અણઘટતું કર્યું રે, મુજને મોકલીઓ ગામ
અંતકાલે રે હું સમજયો નહિ રે, જો છોડી દેશો મુજને આમ. ॥ ૩ ॥

ગઈ હવે શોભા રે ભરતના લોકની રે, હું અજ્ઞાની રહ્યો છું આજ
કુમતી મિથ્યાત્વી રે જિમતિમ બોલશે રે, કુણ રાખશે મોરી લાજ. ॥ ૪ ॥

વલી શૂલપાણી રે, અજ્ઞાની ઘણો રે, દીધુ તુજને રે દુઃખ
કરૂણા આણી રે તેહના ઉપરે રે, આપ્યું બહોળું રે સુખ. ॥ ૫ ॥

જે અઈમત્તો રે બાળક આવીયો રે, રમતો જલશું રે તેહ
કેવલ આપી રે આપ સમો કિયો રે, એવડો શ્યો તસ નેહ. ॥ ૬ ॥

જે તુજ ચરણે આવી ડંસીયો રે, કીધો તુજને ઉપસર્ગ
સમતા લાવી રે, તે ચંડકોસીયો રે, પામ્યો આઠમું રે સ્વર્ગ. ॥ ૭ ॥

ચંદનબાલા રે અડદના બાકુળાં રે, પડિલાભ્યા તુમને સ્વામ
તેહણે કીધી રે સાહુણીમાં વડી રે, પહોંચાડી શિવ ધામ. ॥ ૮ ॥

દિન બ્યાસીનાં રે માતપિતા હુવા રે, બ્રાહ્મણ-બ્રાહ્મણી દોય,
શિવપૂર સંગી રે, તેહને તેં કર્યા રે, મિથ્યામલ તસ ધોય. ॥ ૯ ॥

અર્જુન માલી રે જે હતો પાતકી રે, મનુષ્યનો કરતો સંહાર
તે પાપી ને પ્રભુ તમે ઉદ્ધર્યો રે, કરી તેહ શું સુપસાય. ॥ ૧૦ ॥

જે જલચારી રે હું તો દેડકો રે, તે તુમ ધ્યાન સુહાય
સોહમવાસી રે તે સુરવર કીધો રે, સમકિત કેરે સુપસાય. ॥ ૧૧ ॥

અધમ ઉદ્ધર્યા રે, એહવા તેં ઘણા રે, કહું તસ કેતા રે નામ
માહરે તાહરા રે નામનો આશરો રે, તે મુજ ફલશે રે કામ. ॥ ૧૨ ॥

હવે મેં જાણ્યું રે પદ વીતરાગનું રે, જો તેં ન ધર્યો રે રાગ
રાગ ગયેથી ગુણ પ્રગટ્યા સવિ રે, તે તુજ વાણી મહાભાગ. ॥ ૧૩ ॥

સંવેગી રંગી રે ક્ષપક શ્રેણે ચડ્યા રે, કરતા ગુણનો જમાવ
કેવલ પામ્યા રે લોકાલોકના રે, દેખે સઘળા રે ભાવ. ॥ ૧૪ ॥

ઈંદ્રે આવી રે જિનપદ થાપીયા રે, દેશના દીયે અમૃત ધાર
પર્ષદા બોધી રે આત્મરંગથી રે, વરીયા શિવપદ સાર. ॥ ૧૫ ॥

## ૫૦. ચાર અવસ્થાની સજ્ઝાય

(રાગ - આશાવરી)

શી કહું કથની મારી, હો વીર પ્રભુ, શી કહું કથની મારી;
જન્મ પહેલાં મેં આપની પાસે, કીધો કોલ કરાર;
અનંત જન્મનાં કર્મ મીટાવવા, મનુષ્ય જન્મ દિલ ધારી હો. શી... ૧

સંસાર વાયરા લહેર થકી હું, વિસર્યો આણ તુમારી;
બાલપણામાં રહ્યો અજ્ઞાની, મનુષ્યજન્મ ગયો હારી હો. શી... ૨

જોબન વયમાં વિષય વિકારી, રાચી રહ્યો દિલ ધારી;
ધર્મ ન પામ્યો ધર્મ ન સાધ્યો, ધર્મને મેલ્યો વિસારી હો. શી... ૩

જોત જોતામાં ઘડપણ આવ્યું, શક્તિ ગઈ સહુ મારી;
ધન દોલતની આશાએ વળગ્યો, જાયે મનુષ્યભવ હારી હો. શી... ૪

ભરત ભૂમિમાં પંચમકાળે, નહીં કોઈ કેવળ ધારી;
સંદેહ સઘળા કોણ નિવારે, મન મુંઝાય છે ભારી હો. શી... ૫

**'ઉદય રત્ન'** કર જોડી કહે છે, રંગૂન શહેર મોઝારી;
ભક્તિ વત્સલ બહુ સહાય કરીને, લેજો મુજને ઉગારી હો. શી... ૬

### ૫૧. પડછાયાની સજ્ઝાય

(રાગ - નગરી નગરી...)

ચતુર વિચારો, ચતુર વિચારો, એ કોણ કહીએ નારી
પીયુથી ક્ષણ એક અળગી ન રહે, કુલવંતી અતિ સારી રે ॥ ૧ ॥

નાચે માચે પીયું શું રાચે, રમે ભમે પ્રિય સાથે રે
એક દિનની બાલા તરૂણી, નવિ ગ્રહવાયે હાથે રે ॥ ૨ ॥

ચીર ચીવર પહેરી સા સુંદર, ઉંડા પાણી પેસે રે
પણ ભીંજાયે નહીં તસ કાંઈ, અચરીજ એ જગદીશે રે ॥ ૩ ॥

વાદળ કાળે મરે તત્કાળ, આતપ યોગે જીવે રે
અંધારામાં નિશીએ આવે, તો દેખાડું દીવે રે ॥ ૪ ॥

અવધિ કરું છું માસ એકની, આપો અર્થ વિચારી રે
**કીર્તિ વિજય** વાચક વિષ્ય જંપે, બુદ્ધિ જનની બલિહારી રે. ॥ ૫ ॥

### ૫૨ શ્રી નવકારવાળીની સજ્ઝાય.

(રાગ - નગરી નગરી....)

કહેજો ચતુર નર એ કોણ નારી, ધર્મી જનને પ્યારી રે
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુમારી રે ॥ ૧ ॥

કોઈ ઘેર રાતી કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીળી રે.
પંચ રૂપી છે બાળ કુમારી, મનરંજન મતવાલી રે. ॥૨ ॥

હૈયા આગળ ઉભી રાખી, નયણા શું બંધાણી રે
નારી નહી પણ મોહનગારી, જોગીશ્વરને પ્યારી રે. ॥ ૩ ॥

એક પુરૂષ તસ ઉપર ઠાહે, ચાર સખી શું ખેલે રે
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે. ॥ ૪ ॥

નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી રે.
વિનય વિજય ઉવજ્ઝાયનો સેવક, રૂપ વિજય બુદ્ધિ સારી રે. ॥ ૫ ॥

## ૫૩. ઓઘાની સજ્ઝાય

(રાગ-આશાવરી)

સુગુણનર એ કોણ પુરૂષ કહાયો, મુજ દેખણસે સુખ પાયો
નિર્મલ તનુ બહુ નારી મળીને, પુરૂષ હી એક બનાયો
માતપિતા વિણ બેટો જાયો, સકલ જંતુ સુખદાયો. ॥ ૧ ॥

હાથ પગ દિસે નહી એહને, શિરપર કેશ જ સોહે
ખાવે ન પીવે નિદ્રા ન લેવે, તોહી પુષ્ટે દેખાયો. ॥ ૨ ॥

ધોતી કબજો કોટ ન પહેરે, ખભે પછેડી ન દીસે
મસ્તકે મુગટ નહી, ગલે ભૂષણ નહી, તોહી રૂપ વિશેષે. ॥ ૩ ॥

નયણ રહિત નિત્ય યતના કરતો, જીવદયા નિત્ય પાલે રે.
નરનારી શું રંગે રમતો, દુર્ગતિ દોષ નિવારે ॥ ૪ ॥

દેવ ગુરૂ ચરણે સદા નમતો, સુમતિ ને મન ભાવ્યો
કુમતિ કુદારા કો કાજ સરે નહિ, યોગી કે પાસ રહિયો. ॥ ૫ ॥

દોય અક્ષર સુંદર છે એહના, અનુભવ લીલા વરજો
રવિ વિજય કહે સહુ સજ્જનને, અર્થ લઈ આદરજો. ॥ ૬ ॥

## ૫૪. ફુલની માળાની સજ્ઝાય

(રાગ - ચાંદ કી દીવાર...)

એક નારી દો પુરૂષ મળીને, નારી એક નિપાઈ
હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ
એ તો દિસે છે રંગરસીલી, ચતુરનર એ કુણ કહીએ નારી. ॥ ૧ ॥

ચીર ચુંદડી ચરણા ચોળી, નવિ પહેરે તે સાડી
છેલ પુરૂષ દેખીને મોહે, તેહવી તેહ રૂપાળી. ॥ ૨ ॥

ઉત્તમ જાતિ નામ ધરાવે, મન માને ત્યાં જાવે
કંઠે વળગી લાગે પ્યારી, સાહેબને રીઝાવે. ॥ ૩ ॥

ઉપાસરે તો કદીય ન જાવે, દેહરે જાયે હરખી
નરનારી શું રંગે રમતી, સહુકો સાથે સરખી. ॥ ૪ ॥

એક દિવસનું યૌવન તેહનું, ફરીય ન આવે કામ
પાંચ અક્ષર છે સુંદર તેહના, શોધી લેજો નામ. ॥ ૫ ॥

**ઉદયરત્ન** વાચક એણી પરે જંપે, સુણજો નર ને નારી.
એ હરિયાલીનો અર્થ જે કરે, સજ્જનની બલીહારી. ॥ ૬ ॥

## ૫૫. મોટા નારીજીની સજ્ઝાય

નારીજી મોટા ને કંથજી છોટા
નાવે ભરતાં પાણીના લોટા. ॥ ૧ ॥

પુંજી વિના વ્યાપાર જ મોટા
કરતા આવે ઘરમાં ટોટા. ॥ ૨ ॥

મેરૂ પર્વત હાથી ચડ્યો
કીડીની ફૂંકે હેઠે પડ્યો ॥ ૩ ॥

હાથી ઉપર વાંદરો બેઠો
કીડીના દરમાં હાથી પેઠો. ॥ ૪ ॥

સુકો સરોવર હંસ તે મહાલે
પર્વત ઊડી ગગને ચાલે. ॥ ૫ ॥

છછુંદરથી વાઘ તે ભડક્યો
સાગર તરવા જહાજ તે અકડ્યો. ॥ ૬ ॥

પંડીત એહનો અર્થ તે કહેજો
તો બહુશ્રુત ચરણે રહેજો. ॥ ૭ ॥

શ્રી શુભવીરનું શાસન પામી
ખાધા પીધાના ન કરો ખામી ॥ ૮ ॥

## ૫૬. નાવ મેં નદિયા

(રાગ - ચાંદી જૈસા...)

નાવ મેં નદિયા ડુબી જાય, મુજ મન અચરીજ થાય.
કીડી ચાલે સાસરીયે મેં, સો મણ ચુરમું ખાય
હાથી ધરીયો ગોદમેં, ઉંટ લપેટ્યો જાય. ॥ ૧ ॥

એક અચંબો એસો દીઠો, મછલી ચાવે પાન
ઉંટ બજાવે બંસરી ને, મેંઢક જોડે તાન. ॥ ૨ ॥

કચ્ચા ઈંડા બોલતા, બચ્ચા બોલે ના
ષટ્દર્શન મેં સંશય પડીયો, સહેજે મુક્તિ મિલ જાય. ॥ ૩ ॥

એક અચંબો એસો દીઠો, મડદો રોટી ખાય
મુખ સે બોલે નહીં ને, ડગ ડગ હસતો જાય. ॥ ૪ ॥

બેટી બોલે બાપને, વિણ જાયો વર લાય,
વિણ જાયો વર ના મિલે તો, મુજશું ફેરા લગાય ॥ ૫ ॥

સાસુ કુંવારી, વહુ પરણેલી, નણદલ ફેરા ખાય,
દેખણવાલી હુલર જાયો, પાડોસણ હુલરાય ॥ ૬ ॥

એક અચંબો એસો દીઠો, કુંવામાં લાગી લાય
કચરો કરકટ સબહી બળ ગયો પણ, ઘટ તો ભર ભર થાય. ॥ ૭ ॥

આનંદ ઘન કહે સુન ભાઈ સાધો, ઈસ પદ સે નિરવાણ
ઈસ પદ કા જો અર્થ કરેગા, શીઘ્ર સાધે કલ્યાણ. ॥ ૮ ॥

## ૫૭. સત્તાવીશ ભવની સજ્ઝાય

(રાગ - શાસ્ત્રીય...)

ભવિયા, કર્મથી વધે સંસાર,
પહેલે ભવે નયસાર જંગલમાં, બ્રાહ્મણ ભક્તિ ઉદાર,
સાધુથી ઉપદેશ પામીને, પામે સમકિત સાર ॥ ૧ ॥

બીજા ભવમાં દેવ જ હુઆ, ત્રીજે મરિચિકુમાર,
ઋષભ પ્રભુથી દીક્ષા ગ્રહીને, હુઆ ત્રિદંડી સાર ॥ ૨ ॥

ભરત વંદનથી ગર્વિત થઈને, બાંધે કર્મ કતાર,
કપિલને ઉત્સૂત્ર સુણાવી, ફેલાવ્યો સંસાર ॥ ૩ ॥

ચોથાથી પંદરમાં ભવ સુધી, હુઆ લારોલાર,
દેવ અને બ્રાહ્મણ ત્રિદંડી, ભ્રમણ કરે સંસાર ॥ ૪ ॥

સોળમા ભવે યુવરાજપણામાં, વિશ્વભૂતિ અણગાર,
વિશાખાનંદી હંસી ઉડાવે, કોપ કરે અણગાર ॥ ૫ ॥

પટકીને ગાયના બળનું, કરે નિયાણું લાર,
સુર થઈ અઢારમાં ભવમાં, થયા ત્રિપૃષ્ઠ હોશિયાર ॥ ૬ ॥

શય્યાપાલકના કાનમાં નાખે ગરમ શીશાની ધાર,
કર્ણે ખિલા કર્મમેં બાંધે, અર્ધ એક બલધાર ॥ ૭ ॥

બાદ મેં નારકી સિંહ વ નારકી, મનુષ્યનો અવતાર,
તેવીશમેં ભવે પ્રિયમિત્રાજી, ચક્રવર્તી અણગાર ॥ ૮ ॥

દેવ થઈ પચીશમાં ભવમાં, નંદરાજ સુકુમાર,
સાધુ માસખમણ આરાધે, વીશસ્થાનક ઉદાર ॥ ૯ ॥

તીર્થંકર શુભ નામ કર્મને, બાંધે તે અણગાર,
દેવ થઈ સત્યાવીશમેં ભવે, ધરે મનુજ અવતાર ॥ ૧૦ ॥

નીચ ગોત્ર કર્મના બળથી, વિપ્ર કુળે અવતાર
દેવાનંદા ત્રિશલાને પણ, લેણ દેણ નિરધાર ॥ ૧૧ ॥

ઈંદ્ર હુકુમથી હરિણગમેષી, ગર્ભ હરણ કરે ત્યાંહી
દેવાનંદાની કુક્ષીથી લહી, ત્રિશલા કુક્ષી મોઝાર ॥ ૧૨ ॥

ત્રિશલા દેખે ચૌદ સ્વપ્ન, પામે હર્ષ અપાર
ચારિત્ર દર્શન જ્ઞાનના સ્વામી, **શ્રી શુભવીર** અવતાર. ॥ ૧૩ ॥

## ૫૮. કર્મ ની ગત કોણે જાણી

**(રાગ - સોનામાં સુગંધ ભળે...)**

કર્મની ગત કોણે જાણી મનવા! કર્મની ગત કોણે જાણી
બળવાન એવા મહાપુરૂષોની પણ, કર્મે કીધી ધૂળ ધાણી...કર્મ ની ॥ ૧ ॥

લવકુશનું પારણું ઝુલાવે, વનમાં એ વાલ્મીકી,
બળદેવ ના પુત્ર છતાં પણ, કર્મે લીધા તાણી...કર્મ ની ॥ ૨ ॥

રાજ્ય અયોધ્યા નગરનું છોડી, રામ ચાલ્યા વનવાસે,
લક્ષ્મણ સીતાજી સાથે ચાલ્યા, વનમાં ન મળે પાણી...કર્મ ની ॥ ૩ ॥

માટી ઘડુલે રમકડે રમતાં, રતન દડે રમનારા,
સૂર્યવંશી નૃપ નાં કુંવરો ની, કેવી એ કરૂણ કહાણી...કર્મ ની ॥ ૪ ॥

નળ રાજા સરખા રાજવી પણ, જુગાર ફંદ માં ફસાયા,
અર્ધે વસ્ત્રે વને વનમાં ભમતાં, તજી દમયંતિ નારી...કર્મ ની ॥ ૫ ॥

દધિવાહન રાજાની બેટી, કર્મે મહાસુખ પામી,
રાજ્ય મા-બાપ સર્વે ગુમાવી, ચંદના ચૌટે વેચાણી...કર્મ ની ॥ ૬ ॥

સત્યવંતા હરિશ્ચન્દ્ર રાજાની, કર્મે કીધી કસોટી, ,
તારામતી ને રોહીત વેચી, નીચ ઘરે ભર્યા પાણી...કર્મ ની ॥ ૭ ॥

પવનંજય પ્રિયા અંજના ને, સાસુ એ કાઢી ઘર બારી,
માત-પિતા એ દીધો જાકારો, સતી તો વનમાં ભટકાણી .કર્મ ની ॥ ૮ ॥

પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રોપદી રાણી,
બાર વરસ વનમાં ભોગવ્યા, નયણે નિંદ્રા ન આણી...કર્મ ની ॥ ૯ ॥

રાવણ સરીખો રાજીયો, જેની મંદોદરી રાણી,
સીતા ઉપર કુનજરના કારણે, બધી લંકા લુટાણી...કર્મ ની ॥ ૧૦ ॥

તીર્થંકર ચક્રવર્તી મહારાજા, સર્વે ને દેતા પછાડી,
કર્મતણાં કરતૂતોની લખી છે, ઈતિહાસે અમર કહાણી.કર્મ ની ॥ ૧૧ ॥

કર્મે જીવો મહાદુઃખ પામે, કર્મ ની છે અદ્‌ભૂત લીલા,
શ્રી **શુભ વીર વિજય** કહે એને, કોઈ શકે ના પીછાણી..કર્મ ની ॥ ૧૨ ॥

## ૫૯. કર્મની વિચિત્રતાની સજ્ઝાય

**(રાગ - શ્રી નેમિસર જિનતણુજી)**

સુખ દુઃખ સરજ્યાં પામીયે રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે પ્રાણી;
મન નાણો વિખવાદ, એ તો કર્મ તણા પરસાદ રે. પ્રાણી ॥ ૧ ॥

ફળના આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મ તણા એ કામ રે. પ્રાણી ॥ ૨ ॥

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;
નીચ તણે ઘરે જળ વહ્યા રે, શિરધરી હરિશ્ચંદ્ર. પ્રાણી ॥ ૩ ॥

નળે દમયંતી પરિહરિ રે, રાત્રિ સમય વનમાં રે;
નામ ઠામ કુળ ગોપવી રે, નળે વિતાવ્યો કાળ રે. પ્રાણી ॥ ૪ ॥

રૂપ અધિક જગ જાણીયે રે, ચક્રી સનતકુમાર;
વરસ સાતસો ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રાણી ॥ ૫ ॥

રૂપે વળી સુર સારિખા રે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રે રડવળ્યા રે, પામ્યા દુઃખ અપાર રે.પ્રાણી ॥ ૬ ॥

સુરનર જન સેવા કરે રે, ત્રિભુવન પતિ વિખ્યાત;
તેને પણ કર્મે વિડંબીયા રે, તો માણસ કોઈ માત્ર રે. પ્રાણી ॥ ૭ ॥

દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણ હાર;
'દાનમુનિ' કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રાણી ॥ ૮ ॥

## ૬૦. એક ભૂપાલ હૈ

(રાગ - સિધ્ધાચલના વાસી...)

એક ભૂપાલ હૈ, એક કંગાલ હૈ, ક્યાં બતાયે,
અપની કરણી સે સબ ફલ પાયે. ॥ ૧ ॥

એક ખાતા મીઠાઇ બંગાલી, એક ખાતા હૈ ઘર ઘર પે ગાલી ,
જૈસી કરણી કરે, વૈસી ભરણી ભરે, ક્યાં બતાયે.. ...॥ ૨ ॥

એક ફુલોકી શૈય્યા પે સોતા, એક ટાટ બીછાકર રોતા,
એક મોજ કરે, એક આહ ભરે.. ક્યાં બતાયે...॥ ૩ ॥

એક રાજાકી રાણી બની હૈ, એક મેતરાણી બની ખડી હૈ,
ઝાડુ દેતી ફરે, ગલીયો સાફ કરે.. ક્યાં બતાયે...॥ ૪ ॥

એક મોટરકી કરતા સવારી, એક ઘર ઘર મેં ભમતા ભિખારી;
જૈસા કર્મ કરે, વૈસા જીવ ફરે.. ક્યાં બતાયે...॥ ૫ ॥

એક શેઠાણી બનકર બોલે, એક માંગતી ઘર ઘર પે ટોલે,
ટુકડા દો દો કરે, નયણે નીર વહે.. ક્યાં બતાયે...॥ ૬ ॥

હરિ કવિન્દ્ર તુમે સમજાવે, ધર્મરત્ન સદા સુખ પાવે,
જૈસી કરણી કરે, વૈસી ભરણી ભરે, ક્યાં બતાયે...॥ ૭ ॥

## ૬૧. શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય

(રાગ - શાસ્ત્રીય)

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર, પ્રણમું તુમારા પાય;
રાજ છોડી રળીયામણું રે, જાણી અથિર સંસાર;
વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્ર...૧

સ્મશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઉંચા કરી રે, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્ર...૨

દુર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડ્યો જંજાળ. પ્ર...૩

શ્રેણિક પૂછે તે સમે રે, સ્વામી એહની કુણ ગતિ થાય;
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્ર...૪

ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વારથ સિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભિ રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન. પ્ર...૫

પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય;
રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્ર...૬

## ૬૨. શ્રી મેઘકુમારની સજ્ઝાય

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર;
તુજ વિણ જાયા રે સૂનાં મંદિર માળીયાં રે, રાખો રાખો ઘર તણાં સૂત્ર... ૧

તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાળ;
મલપતી ચાલે રે, જિમ વન હાથણી રે, નયણ વચન સુવિશાળ... ૨

મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુના રે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શક્યો રે, ઉપાયો એહ જંજાળ... ૩

ધન કણ કંચન રે રૂદ્ધિ ઘણીય છે રે, ભોગવો ભોગ સંસાર;
છતી રૂદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછી લેજો સંયમ ભાર... ૪

મેઘકુમારે રે માતા પ્રતિ બુઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતિવિમળ રે ઈણિ પરે ઉચ્ચરે રે, પહોંચી મ્હારા મનડાની આશ... ૫

## ૬૩. શ્રી અઈમુત્તા અણગારની સજ્ઝાય

(રાગ - દીન દુખિયાનો તું છે બેલી...)

સંયમ રંગે રંગ્યુ જીવન, નાનો બાલકુમાર, વંદો અઈમુત્તા અણગાર ॥ ૧ ॥

ગૌતમસ્વામી ગોચરી જાવે, નાના બાળકને મન ભાવે
પ્રેમ થકી નિજ ઘેર બોલાવે, ભાવ ધરી મોદક વોહરાવે
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર. ॥ ૨ ॥

મનની ઈચ્છા પૂર્ણ કીધી, માતા પિતાની આજ્ઞા લીધી
રાજ તણી ઋદ્ધિને છોડી, ગૌતમ પાસે દીક્ષા લીધી
રહે ઉમંગે, ગુરૂની સંગે, વહેતા સંયમ ભાર ॥ ૩ ॥

તલાવડી જલની એક આવી, બાલમુનિને મન બહુ ભાવી
પાત્ર તણી નૌકા ખેલાવી, ગુરૂને દેખી લજ્જા આવી
અણઘટતું કારજ કીધું તે, પામ્યા ક્ષોભ અપાર ॥ ૪ ॥

સમવસરણમાં પ્રભુજીની સામે, ઈરિયાવહીય પડીક્કમે પ્રમાણે
ચાર ગતિના કર્મ વિરામે, કેવલ જ્ઞાન તિહાં મુનિ પામે.
દેવ-દેવી બહુ ઉત્સવ કરતા, વરતે જયજયકાર. ॥ ૫ ॥

ક્ષણમાં સઘળા કર્મ ખપાવ્યા, એવા અઈમત્તા મુનિરાયા
ભવ્ય જીવોને બોધ પમાડી, અંતે મુક્તિપુરીમાં સીધાવ્યા.
ઉદય કહે એ મુનિને વંદો, થાયે બેડો પાર. ॥ ૬ ॥

## ૬૪. શ્રી ગજસુકુમાલ મહામુનિજી

(રાગ - આવો આવો વીર મારા...)

ગજસુકુમાલ મહામુનિજી રે, સમશાને કાઉસગ્ગ
સોમીલ સસરે દેખીને જી રે, કીધો મહાઉપસર્ગ
રે પ્રાણી ધન ધન એહ અણગાર, વંદો વારંવાર, રે પ્રાણી. ॥ ૧ ॥

પાળ બાંધી શિર ઉપરેજી, અગ્નિ ધરી તેહ માંહી
જળ જળ જવાળા સળગતીજી, ઋષિ ચઢીયા ઉત્સાહી. ॥ ૨ ॥

એ સસરો સાચો સગોજી, જે બાંધે મુક્તિની પાઘ
ઈણ અવસર ચુકું નહીજી રે, ટાળું કર્મ વિપાક. ॥ ૩ ॥

મારૂં કાંઈ બળતુ નથી જી રે, બળે બીજાનું એહ
પાડોશીની આગમાં જી રે, આપણો અલગો ગેહ. ॥ ૪ ॥

જન્માંતરમાં જે કર્યા જી રે, આ જીવે અપરાધ
ભોગવતા ભલી ભાતશું જી રે, શુક્લધ્યાન આસ્વાદ. ॥ ૫ ॥

દ્રવ્યાનળ ધ્યાનાનળ જી રે, કાયા કર્મ દહંત
અંતગડ હુઆ કેવળી જી રે, **ધર્મરત્ન** પ્રણમંત. ॥ ૬ ॥

## ૬૫. શ્રી મનોરમા સતિની સજ્ઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શિયળ પ્રભાવે શાસન સુરી, થઈ જસ સાનિધ્યકારી રે ॥ ૧ ॥

દધિવાહન નૃપની પ્રિયા, અભયા દિયે કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શૂળી રોપણ વંક રે. ॥ ૨ ॥

તે નિસુણી ને મનોરમા, કરે કાઉસ્સગ્ગ ધરે ધ્યાન રે;
દંપતિ શિયળ જો નિર્મળું તો, વાધો શાસન માન રે ॥ ૩ ॥

શૂળી તે સિંહાસન થઈ, શાસન દેવી હજુર રે;
સંયમ ગ્રહી થયા કેવળી, દંપતી દોયે સનુર રે. ॥ ૪ ॥

જ્ઞાન વિમળ ગુણ શીલથી, શાસન સોહ ચઢાવે રે;
સુર નર સવિ તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. ॥ ૫ ॥

## ૬૬. શ્રી મેતારજ મુનિની સજ્ઝાય

(રાગ - સુમતિનાથ ગુણશું મિલિજી)

શમ દમ ગુણના આગરૂજી, પંચ મહાવ્રત ધાર;
માસખમણને પારણેજી, રાજગૃહી નગરી મોઝાર;
મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર. ॥ ૧ ॥

સોનીને ઘર આવીયાજી, મેતારજ ઋષિરાય;
જવલા ઘડતાં ઉઠીયોજી, વંદે મુનિના પાય. ॥ ૨ ॥

આજ ફલ્યો ઘર આંગણેજી, વિણ કાલે સહકાર;
લ્યો ભિક્ષા છે સૂઝતીજી, મોદક તણો એ આહાર. ॥ ૩ ॥

ક્રૌંચ જીવ જવલા ચણ્યોજી, વહોરી વળ્યા ઋષિરાજ;
સોની મન શંકા થઈજી, સાધુ તણાં એ કાજ. ॥ ૪ ॥

રીસ કરી ઋષિને કહેજી, દ્યો જવલાં મુજ આજ;
વાધર શીર્ષે વીંટીયુંજી, તડકે રાખ્યા મુનિરાજ. ॥ ૫ ॥

ફટ ફટ ફૂટે હાડકાંજી, ત્રટ ત્રટ ત્રૂટે છે ચામ;
સોનીડે પરિસહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ ॥ ૬ ॥

એહવા પણ મોટા યતિજી, મન ન આણે રે રોષ;
આતમ નિંદે આપણોજી, સોનીનો શો દોષ. ॥ ૭ ॥

ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શિરે ધર્યાજી, મુગતે ગયા તત્કાળ. ॥ ૮ ॥

વાઘણે શરીર વલુરીયુંજી, સાધુ સુકોશલ સાર;
કેવલ લહી મુગતે ગયાજી, ઈમ અરણિક અણગાર. ॥ ૯ ॥

પાપી પાલકે પીલિયાજી, ખંધકસુરિના રે શિષ્ય;
અંબડ ચેલા સાતસેંજી, નમો નમો તે નિશદિશ. ॥ ૧૦ ॥

એહવા ઋષિ સંભારતાંજી, મેતારજ ઋષિરાય;
અંતગડ હુઆ કેવલીજી, વંદો મુનિના પાય. ॥ ૧૧ ॥

ભારી કાષ્ટની સ્ત્રીએ તિહાંજી, લાવી નાખી તેણી વાર;
ધબકે પંખી જાગીયુંજી, જવલાં કાઢ્યા તેણે સાર. ॥ ૧૨ ॥

દેખી જવલાં વિષ્ટમાંજી, મન લાજયો સોનાર;
ઓઘો મુહપતિ સાધુનાંજી, લેઈ થયો અણગાર. ॥ ૧૩ ॥

આતમ તાર્યો આપણોજી, થિર કરી મન વચન કાય;
**રાજ વિજય** રંગે ભણેજી, સાધુ તણી એ સજઝાય. ॥ ૧૪ ॥

## ૬૭. શ્રી કપિલ ઋષિની સજઝાય

**(રાગ - નયર માહણકુંડમાં વસે રે)**

કપિલ નામ કેવલી રે, ઈણિ પરે દીયે ઉપદેશ
ચોર સય પાંચને ચાહી રે, વિગતે નયણ વિશેષ રે
નાચ નાચીએ ચાર ગતીને ચોક રે રંગે ન રાચીએ. ॥ ૧ ॥
નાટક દેખાડ્યું નવું રે, ભવનાટકને રે ભાવ
જે નાચે સવિ જીવડાં રે, જયારે જે પ્રસ્તાવ. ॥ ૨ ॥
પંચ વિષયને પરિહરી રે ધરો મન સાથે રે ધીર
કાયરનું નહી કામ એ રે, નર જે જે હોય વીર. ॥ ૩ ॥
ભવદરીયો તરિયો દુઃખે રે, નિરમલ સંજમ નાવ,
ત્રણ ભુવનને તારવી રે, બાકી સર્વ બનાવ. ॥ ૪ ॥
મન વચનાદિક વશ કરી રે, જયણા જે કરે જાણ
દુરગતિના દુઃખ તે દલી રે, પામે પરમ કલ્યાણ. ॥ ૫ ॥

લાભે લોભ વાધે ઘણો રે, દો માસા લહી દામ
કોડી ધન મન કામના રે, તૃષ્ણા ન શમી તાન. ॥ ૬ ॥
તસ્કર તે પ્રતિ બુઝીયા રે, કપિલ ઋષિ ઉપદેશ
ઉદયરત્ન વાચક વદે રે, અરથ એહ લવલેશ. ॥ ૭ ॥

## ૬૮. શ્રી વંકચૂલની સજ્ઝાય

(રાગ - એક દિન પુંડરિક...)

જંબુદ્વીપમાં દીપતું રે લાલ, ક્ષેત્ર ભરત સુવિશાલ વિવેકી
શ્રી પુરનગરનો રાજીઓ રે લાલ, વિમલશા ભૂપાલ રે
વિવેકી આદરજો કાંઈ આખડી રે લાલ. ॥ ૧ ॥
સુમંગલા પટરાણીએ રે લાલ, જન્મ્યા યુગલ અમૂલ રે
નામ ઠરાવ્યું દોય બાલનું રે લાલ, પૂષ્પચુલા પુષ્પચુલ રે. ॥ ૨ ॥
અનુક્રમે ઉદ્ધત ભયો રે લાલ, લોક કહે વંકચૂલ રે
લોક વચનથી ભૂપતિ રે લાલ, કાઢ્યો સુત વંકચૂલ રે. ॥ ૩ ॥
પૂષ્પચુલા ધન બેનડી રે લાલ, પલ્લીમાં ગયો વંકચૂલ રે
પલ્લીપતી કીયો ભીલડો રે લાલ, ધર્મ થકી પ્રતિકૂલ રે ॥ ૪ ॥
સાત વ્યસન સરસો રમે રે લાલ, ન ગમે ધર્મની વાત
વાટ પાડે ને ચોરી કરે રે લાલ, પાંચસો તેની સંગાત ॥ ૫ ॥
ગજપૂર પતિ દિયે દીકરી રે લાલ, રાખવા નગરનું રાજ
સિંહ ગુફા તીણે પલ્લીમાં રે લાલ, નિર્ભય રહે ભીલ્લરાજ. ॥ ૬ ॥
સુસ્થિત સદ્‌ગુરૂથી તિણે રે લાલ, પામ્યા નિયમ તે ચાર
ફલ અજાણ્યું માંસ કાગનું રે લાલ, પટરાણી પરિહાર. ॥ ૭ ॥
સાત ચરણ ઓસર્યા વિના રે લાલ, ન દેવો રિપુ શિર ઘાય રે.
અનુક્રમે ચાર નિયમના રે લાલ, પારખા લહે ભીલ્લરાય. ॥ ૮ ॥

વંકચૂલે ચારે નિયમના રે લાલ, ફલ ભોગવ્યા પ્રત્યક્ષ
પરભવે શિવસુખ પામીયો રે લાલ, આગલ લેશે મોક્ષ ॥ ૯ ॥
કષ્ટ પડે જે સાહસી રે લાલ, ન લોપે નિજ સીમ
**જ્ઞાન વિમલ** કહે તેહની રે લાલ, જેહ કરે ધર્મ નીમ રે. ॥ ૧૦ ॥

## ૬૯. શ્રી ધન્નાજીની સજ્ઝાય

(રાગ - સંયમ રંગ લાગ્યો)

ચરણ કમલ નમી વીરના રે, પૂછે શ્રેણિક રાય રે
મુનિશું મન માન્યો, મુનિશું રંગ લાગ્યો રે
ચઉદ સહસ મુનિ તાહરે રે, અધિકો કોણ કહેવાય રે. ॥ ૧ ॥
જિન કહે અધિકો માહરે રે, ધન ધન્નો અણગાર,
રિદ્ધિ છતી જેણે પરિહરિ રે, તજી તરૂણી પરિવાર. ॥ ૨ ॥
સિંહ તણી પરે નિકલ્યો રે, પાલે વ્રત સિંહ સમાન
ક્રોધ લોભ માયા તજી રે, દૂર કર્યો અભિમાન. ॥ ૩ ॥
મુજ હાથે સંયમ ગ્રહી રે, પાલે નિરતિચાર.
છઠ્ઠ છઠ્ઠ આંબિલ પારણે રે, લીયે ઉચિત આહાર. ॥ ૪ ॥
ન વંછે કોઈ માનવી રે, તિમ નિરસ આહાર
ચાલતા હાડ ખડખડે રે, જેમ ખાખરાના પાન. ॥ ૫ ॥
શકટ ભર્યું જેમ કોચલે રે, તિમ ધન્ના મુનિનું વાન
પંચ સમિતી ત્રણ ગુપ્તીશું રે, રંગે રમે નિશદિન. ॥ ૬ ॥
સર્વાર્થ સિદ્ધ સુખ પામીયો રે, ધન ધન્નો અણગાર
નવમે અંગે જેહનો રે, વીર કહ્યો અધિકાર. ॥ ૭ ॥
પંડિત **જિનવિજય** તણો રે, નમે તેહને વારંવાર
પ્રાત ઉઠીને તેહનું રે, નામ લીજે સુવિચાર. ॥ ૮ ॥

## ૭૦. શ્રી અરણિક મુનિની સજ્ઝાય

(રાગ - છુ લેને દો...)

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે, તન સુકુમાળ મુનીશોજી. ॥ ૧ ॥

મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે રે દીઠો એકલો, મોહી માનિનીએ દીઠોજી. ॥ ૨ ॥

વયણ રંગીલી રે નયણે વીંધીયા, ઋષિ થંભ્યા તેણે ઠાણોજી;
દાસીને કહે જા રે ઉતાવળી, ઋષિ તેડી ઘર આણોજી. ॥ ૩ ॥

પાવન કીજે રે ઋષિ ઘર આંગણું, વહોરો મોદક સારોજી;
નવ જોબન રસ કાયા કાં દહો, સફલ કરો અવતારોજી. ॥ ૪ ॥

ચંદ્રવદનીયે ચારિત્રથી ચુકવ્યા, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી. ॥ ૫ ॥

અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારોજી;
કહો કેણે દીઠો રે મારો અરણિકો, પૂંછે લોક હજારોજી ॥ ૬ ॥

હું કાયર છું રે મારી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ્ ધિગ્ વિષયા રે મ્હારા જીવને, મેં કીધો અવિચારોજી. ॥ ૭ ॥

ગોખથી ઉતરી રે જનની પાય પડ્યે, મન શું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારોજી. ॥ ૮ ॥

એમ સમજાવી રે પાછો વાળીયો, આણ્યો ગુરૂની પાસોજી;
સદ્ગુરૂ દિયે રે શીખ ભલી પરે, વૈરાગ્યે મન વાસોજી. ॥ ૯ ॥

અગ્નિ ધખંતી રે શિલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
રૂપ વિજય કહે ધન્ય તે મુનિવરૂ, જેણે મનવાંછિત લીધુંજી. ॥ ૧૦ ॥

## ૭૧ શ્રી જયભુષણ મુનિની સજ્ઝાય

(રાગ - તપ કરીએ સમતા...)

નમો નમો જયભુષણ મુનિ, દુષણ નહીં લગાર રે;
શોષણ ભવજલ સિંધુના, પોષણ પુન્ય પ્રચાર રે, નમો. ॥ ૧ ॥

કીર્તિભુષણ કુલ અંબરે, ભાસન ભાણ સમાન રે,
કોસંબી નયરીપતિ, માત સ્વયંપ્રભા નામ રે ॥ ૨ ॥

પરણી નિજ ઘરે આવતાં, સખિ સવિ પરિવાર રે;
જયઘર કેવલી વંદીયા, નિસુણી દેશના સાર રે. ॥ ૩ ॥

પૂરવભવની માતડી,પરણી તે ગુણ ગે હરે;
જયસુંદરીએ સ્વયંવરા, આણી અધિક સ્નેહ રે. ॥ ૪ ॥

તે નિસુણીને પામીયો, જાતિસ્મરણ તેહ રે;
સંયમ લે સહસ્ત્ર પુરુષશ્યું, વનિતા સાથે અછેહ રે. ॥ ૫ ॥

એમ અનંતપણે હોઈ, સંબંધે સંસારી રે;
ઈમ પરિભાવના ભાવતાં, વિચરે પૂરવધારી રે. ॥ ૬ ॥

ઘાતિ કર્મક્ષાયે ઉપનું, કેવલજ્ઞાન અનંતરે,
પર ઉપગાર કરે ઘણા, સેવે સુરનર સંત રે. ॥ ૭ ॥

ઈમ વિરમે જે વિષયથી, વિષસમ કટુફલ જાણી રે.
જ્ઞાન વિમલ ચઢતી કલા, થઈ તે ભવિ પ્રાણી રે. ॥ ૮ ॥

## ૭૨. શ્રી અનાથી મુનિની સજ્ઝાય

(રાગ નવો વેશ રચે તેણી...)

બંભસારે વનમાં ભમતા, ઋષી દીઠો રયવાડીં રમતા
રૂપ દેખીને મન રીઝયો, ભારે કર્મી પણ ભીંજયો. ॥ ૧ ॥

પાણિ જોડીને એમ પૂછે, સંબંધ તમારે શું છે
નરનાથ હું છુ અનાથ, નથી માહરે કોઈ નાથ. ॥ ૨ ॥

હરખે જોડી કહે હાથ, હું થાઉ તમારો નાથ.
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ. ॥ ૩ ॥

મગધાધિપ હું છું મોટો, શું બોલે છે ભૂપ ખોટો
તું નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે. ॥ ૪ ॥

નયરી કૌશંબીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી
એક દિન મહારોગે ઘેર્યો, કેને તે પાછો ન ફેર્યો. ॥ ૫ ॥

માતપિતા છે મુજ બહુ વાહલા, વહેરાવે આંસુના વેરા.
વડા વડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હટાવે. ॥ ૬ ॥

તેહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ અમૂલ
રોગ જાયે જો આજની રાત, તો સંયમ લેવું પ્રભાત. ॥ ૭ ॥

એમ ચિંતવતા વેદના નાઠી, આખર બાંધી મેં કાઠી
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર. ॥ ૮ ॥

અનાથ સનાથનો વહેરો, તુમને દાખ્યો કરી ચહેરો
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ. ॥ ૯ ॥

શ્રેણિક તિહાં સમકિત પામ્યો, અનાથીને શિર નામ્યો
મુગંતે ગયા મુનિરાય, ઉદયરત્ન વંદે ઉવજ્ઝાય. ॥ ૧૦ ॥

## ૭૩. શ્રી જંબુકુમારની સજ્ઝાય (બારાખડી)

(રાગ : જાન જાડી આવ્યા શું ઘાટ..)

શ્રી સુધર્મા સ્વામી આવ્યા, મુજ મનને અતિ ભાવ્યા, **મોરી માતા** સંયમ લેઉ ભાવ થી

કક્કા - કુંવર સુણો મુજ વાત, જેથી દુઃખ માત તાત **મોરા જાયા** સંયમ ખાંડા ધાર છે.

ખખ્ખા - ખારો છે સંસાર, મેં ખૂબ કીધો વિચાર, **મોરી માતા** સંયમ લેઉ ભાવ થી

ગગ્ગા - ગોળ સમ જેની વાણી, એની વહુરો આવે શાણી, .....મોરા જાયા ....
ઘઘ્ઘા - ઘરવાસો નવિ કરીશું, સુખ સંયમ ને વરશું,.......... મોરી માતા .....
ચચ્ચા - ચિત્ત ચપળ નવિ કીજે, સંસારનો પણ રસ લીજે,.....મોરા જાયા .....
છછ્છા - છેટે રાખો એ વાત, જેથી મુજ મનને સંતાપ........ મોરી માતા .....
જજ્જા - જંબૂકુંવર મત ખીજો, માત તાતની આજ્ઞા લીજે..... મોરા જાયા ......
ઝઝ્ઝા - ઝટપટ આજ્ઞા દીજે, મુજ મનનું ઇચ્છીત કીજે....... મોરી માતા .....
ટટ્ટા - ટૂટે મારી આશ, સુત વધુ જોવાની આશ............. મોરા જાયા ......
ઠઠ્ઠા - ઠાઠથી દીક્ષા લેશું, તુમ કુલ ને ઉજ્વળ કરશું........... મોરી માતા .....
ડડ્ડા - ડગમગ મન નવિ કિજે, અમ મનનું ઇચ્છીત કીજે...... મોરા જાયા .....
ઢઢ્ઢા - ઢીલ જરી નવિ કરશું, સંયમને મનમાં ધરશું,.......... મોરી માતા .....
તત્તા - તુમ વિણ અમ કોણ હોય, દીઠો સંસાર જોયા.......... મોરા જાયા .....
થથ્થા - થારો મારો કરતાં, દુઃખે સંસારે ફરતાં,.............. મોરી માતા .....
દદ્દા - દમવી પડશે કરણો, તેથી સુખે કન્યા પરણો,.......... મોરા જાયા .....
ધધ્ધા - ધરશું સંયમ રંગે, દમશું કરણો ને રંગે..............મોરી માતા .....
નન્ના - નિર્મમત્વ ત્યાં રહેવું, તે કિમ કરી જાયે સહેવું,....... મોરા જાયા ......
પપ્પા - પરથી નવિ રાચું, ત્યાં નિર્મમત્વ હોય સાચું,........ મોરી માતા ......
ફફ્ફા - ફરક ફરક મન ફરકે, જેથી સંયમ દિલ બહેકે,...... મોરા જાયા ......
બબ્બા - બહું બોલે શું થાય, મુજ મનને સંયમ ભાય,........ મોરી માતા ......
ભભ્ભા - ભરમાયો તું આજ, જેથી મૂકી મોટાની લાજ,...... મોરા જાયા ......
મમ્મા - મત બોલો એવી વાણ, મોરા ગુરૂજી ચતુર સુજાણ,.. મોરી માતા ......
યય્યા - યમ નિયમને આભારી, તે કેમ કીધા જાય ભારી,..... મોરા જાયા ......
રરં - રીશ જરી નવિ કરશું, યમ નિયમમાં સ્થિર રહેશું,..... મોરી માતા ......
લલ્લા - લોચ કરાવવો પડશે, ત્યારે મનડું પાછુ પડશે,...... મોરા જાયા ......
વવ્વા - વાર જરી નવિ કરશું, યમ નિયમમાં સ્થિર રહેશું,... મોરી માતા ......
શશ્શા - શમદમ છે આભારી, તે કેમ કરી રાખશો ધારી,..... મોરા જાયા ......

ષષ્ષા - ષટખંડ ઋદ્ધિ આવે, તે મુજ મનને નવિ ભાવે,...... **મોરી માતા ......**

સસ્સા - સમજી કરજો કામ, શક્તિ શું ભરજો હામ,........ **મોરા જાયા ......**

હહ્હા - હર્ષ ઘણો મુજ આજ, સંયમ લેવાને કાજ,......... **મોરી માતા ......**

ક્ષક્ષા - ક્ષમાને મનમાં ધરજો, તમે કેવલ કમલા વરજો,.... **મોરા જાયા ......**

ત્રત્રા - ત્રેલોક્યને સુખ દેજો, અમ કુલને ઉજ્જવળ કરશોં,.. **મોરી માતા ......**

જ્ઞજ્ઞા - **જ્ઞાન દીપક** ને ધરજો, મને મોક્ષના સુખ દેજો,

મોરા જાયા સંયમ સુખે થી પાળજો.

## ૭૪. શ્રી વયરમુનિની સજ્ઝાય

(રાગ - સેવો ભવિયા...)

સાંભળજો તમે અદ્ભુત વાતો, વયર કુંવર મુનિવરની રે;
ખટ મહિનાના ગુરૂ ઝોળીમાં, આવે કેલિ કરંતાં રે.
ત્રણ વરસના સાધવી મુખથી, અંગ અગ્યાર ભણંતાં રે. સાં. ॥ ૧ ॥

રાજસભામાં નહિ ક્ષોભાણા, માત સુખડલી દેખી રે;
ગુરૂએ દીધાં ઓઘો મુહપત્તિ, લીધા સર્વ ઉવેખી રે. સાં. ॥ ૨ ॥

ગુરૂસંઘાતે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે;
બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શિરદાર રે. સાં. ॥ ૩ ॥

કોળાપાક ને ઘેબર ભિક્ષા, દોય ઠામે નવિ લીધી રે;
ગગનગામિની વૈક્રિય લબ્ધિ, દેવે જેહને દીધી રે. સાં. ॥ ૪ ॥

દશ પૂરવ ભણિયા તે મુનિવર, ભદ્રગુપ્ત ગુરૂ પાસે રે;
ક્ષીરાસ્ત્રવ પ્રમુખ જે લબ્ધિ, પરગટ જાસ પ્રકાશે રે. સાં. ॥ ૫ ॥

કોડિં સોનૈયા ધનને સંચે, કન્યા રૂક્મિણી નામે રે;
શેઠ ધનાવો દિયે પણ ન લિયે, વધતે શુભ પરિણામે રે. સાં. ॥ ૬ ॥

દેઈ ઉપદેશ ને રૂક્મણી નારી, તારી દીક્ષા આપી રે;
યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. સાં. ॥ ૭ ॥

સમક્તિ શીયળ તુંબ ધરી કરમાં, મોહ સાયર કર્યો છોટો રે
તે કેમ બુડે નારી નદીમાં, એ તો મુનિવર મોટો રે. સાં. ॥ ૮ ॥

જેણે દુર્ભિક્ષ સંઘ લઈને, મુક્યો નગર સુકાળ રે
શાસન શોભા ઉન્નતિ કારણ, પુષ્પપદ્મ વિશાળ રે. સાં. ॥ ૯ ॥

બૌદ્ધ રાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસન રાગી રે;
શાસન શોભા વિજય પતાકાં, અંબર જઈને લાગી રે. સાં. ॥ ૧૦ ॥

વિસર્યો સુંઠનો ગાંઠીયો કાનેં, આવશ્યક વેળા જાણ્યો રે;
વિસરે નહિં પણ એ વિસરિયો, આયુ અલ્પ પિછાણી રે. સાં. ॥ ૧૧ ॥

લાખ સોનાઈયે હાંડી ચડે જિહાં, બીજે દિન સુકાળ રે;
એમ સંભળાવી વયરસેનને, જાણી અણસણ કાળ રે. સાં. ॥ ૧૨ ॥

રથાવર્ત ગિરિ જઈ અણસણ કિધું, સોહમ હરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દેઈને, મુનિવર વંદે ભાવે રે. સાં. ॥ ૧૩ ॥

ધન્ય સિંહગિરિ સૂરી ઉત્તમ, જેહના એ પટ્ટધારી રે;
પદ્મવજય કહે ગુરૂ પદપકંજ, નિત્ય નમીયે નરનારી રે. સાં. ॥ ૧૪ ॥

## ૭૫. શ્રી ઉગ્ર વ્રતધારીઓની સજ્ઝાય

(રાગ - તુ પ્રભુ મારો, - યશોમતિ મૈયા સે

જુઓ રે જુઓ રે જૈનો કેવા વ્રત ધારી;
કેવા વ્રત ધારી આગે થયા નરનારી.
થયા નરનારી તેને વંદના હમારી, જુઓ... (આંકણી)

જુઓ જુઓ જંબુ સ્વામી, બાળવયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી;
તજી આઠ નારી તેને, વંદના હમારી. જુઓ... ૧

ગજ સુકુમાલ મુનિ, ધગે શિર પર ધુણી;
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી તેને, વંદના હમારી. જુઓ... ૨

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થુલિભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ન વિકારી,
થયા ન વિકારી તેને, વંદના હમારી. જુઓ... ૩

સતી તે રાજુલ નારી, જગમાં ન જોડી એની;
પતિવ્રતા માટે કન્યા, રહી તેં કુંવારી;
રહી તે કુંવારી તેને , વંદના હમારી. જુઓ... ૪

જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વિત્યાં ;
ઘણું કષ્ઠ વેઠ્યું તોયે, ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી તેને, વંદના હમારી. જુઓ... ૫

સતી કલાવતી નામે, થયા શંખપુર ગામે;
કર નિજ કાપ્યા તો એ, રહ્યાં ટેક ધારી,
રહ્યાં ટેક ધારી તેને, વંદના હમારી. જુઓ... ૬

ધન્ય ધન્ય નરનારી, એવા દ્દઢ ટેક ધારી;
જીવીત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી;
પામ્યા ભવ પારી તેને, વંદના હમારી. જુઓ... ૭

એવું જાણી સુજ્ઞ જનો, એવા ઉત્તમ આપ બનો
**વીરવિજય** ધર્મ પ્રેમ, દિયે ગતિ સારી
દિયે ગતિ સારી તેને, વંદના હમારી. જુઓ... ૮

## ૭૬. આધુનિક જમાનાને લગતી સજ્ઝાય

એક માસ પછી માસ જાય, ત્યારે માતાનો હરખ ન માય;
કુંવર ઉદરે રહ્યા નવ માસ, ત્યારે માતાની પંહોચી છે આશ. ॥ ૧ ॥

કુવંર ઉંધા મસ્તકે પોષ્યા, ત્યારે માતાના રૂધીર ચૂશ્યાં;
પુત્ર જન્મવેળાએ માતાનું મરણ, માતા તારે શીકોતર શરણ. ॥ ૨ ॥

એમ શીતળ ગર્ભની વાત, ત્યારે ભીનામાં પોઢતાં માત;
તારા ગોત્રજ ઘેલા થાય, પુત્ર જન્મ્યાનો હરખ ન માય. ॥ ૩ ॥

પુત્ર શરીરની વેદના દમતી, ત્યારે માતા છતે લુખું જમતી;
પુત્ર શરીરની વેદના જાણી, ત્યારે માત પીએ મગપાણી. ॥ ૪ ॥

જયારે પુત્રનું મુખડું જોયુ, ત્યારે હરખે મલ-મૂત્ર ધોયું;
જયારે પુત્ર હતા રે નાના, ત્યારે માતાને ચઢતા પાના. ॥ ૫ ॥

પુત્ર થયા રે જોબન ભર રાતા, ત્યારે માતાના અવગુણ ગાતા;
સ્વામિ પુત્ર પરણાવો તો રૂડું, વહુ વર વિના સંસારમાં સુનૂ . ॥ ૬ ॥

ત્યારે વાલમ હસી હસી બોલે, તારી અક્કલ બાળક તોલે;
પિતા પુત્રાને પરણાવે, કુંવર વહુ લઇને ઘેર આવે. ॥ ૭ ॥

સાસુને પગ ચાંપ્યાની ઘણી હેવા, વહુ આવે તો ઘણી કરે સેવા;
વહુને સાસુનું બોલ્યું ન સહેવાય, આવો અન્યાય તો કેમ વેઠાય. ॥ ૮ ॥

અમે સાસુથી જુદા રહિશું, નહિ તર અમારે મયિર જઇશું;
જયારે દીકરાને આવી છે મૂછો, ત્યારે મા-બાપને શીદ પૂછો. ॥ ૯ ॥

જયારે દીકરાને આવી દાઢી, ત્યારે મા-બાપને મૂકો કાઢી;
માતા ખભે તે નાંખો ગરણું, તમે ઘેર ઘેર માંગોને દરણું. ॥ ૧૦ ॥

માતા ઘર વચ્ચે મૂકો દીવો, તમે કાતી પીતીને ઘણું જીવો;
માતા ખભે તે નાંખો રાસ, તમે ઘેર ઘેર માંગોને છાશ. ॥ ૧૧ ॥

અમે ભાગ વેંચીને જુદા રહ્યા, પછી મા-બાપના સામે થયા;
પુત્ર આવું નહોતું જાણ્યુ, નહીતર ગાંઠે રાખત નાણું. ॥ ૧૨ ॥

એમ સંસારમાં નહીં સાર, તમે સાંભળજો નર-નાર;
**સુમતિવિજય** કહે સુણજો, જેવું વાવો તેવું લણજો. ॥ ૧૩ ॥

## ૭૭. શ્રી જંબૂસ્વામીનો વરઘોડો

(રાગ - મહેંદી રંગ લાગ્યો...)

સંયમ લેવા સંચર્યા રે, સાથે સૌ પરિવાર રે,....
સંયમ રંગ લાગ્યો... (આંકણી)
આઠે કન્યા સાંભળી રે, માત પિતા પરિવાર રે. ॥ ૧ ॥
પૂજા શ્રી જિનરાજ ની રે, વિરચે સત્તર પ્રકાર રે. ॥ ૨ ॥
સૂરિયાભ સૂરિ પ્રતિ પરે, નાટક વિવિધ પ્રકાર રે. ॥ ૩ ॥
મુખમાલા નીલ કમલ શું રે, છાયા રથ ચક ડોલ રે. ॥ ૪ ॥
ચુઆ ચંદન છાંટણા રે, કેસરીયા રંગ રોલ રે. ॥ ૫ ॥
ખુંપ સજયો જંબુ શીરે રે, મોતી ઝાક ઝમાલ રે. ॥ ૬ ॥
સોના વહેલ તીહો પાલખી રે, ધર્મવણા ઉજમાલ રે. ॥ ૭ ॥
માતા જગત શણગારીયું રે, સ્વર્ગ પુરી અનુસાર રે. ॥ ૮ ॥
સુરનર જોવા આવીયા રે, દીક્ષાનો અધિકાર રે. ॥ ૯ ॥
પાંચસે કુંવર શણગારીયા રે, પ્રભવનો પરિવાર રે. ॥ ૧૦ ॥
જિન ધર્મ પ્રભાવથી રે, ચોર થયો શાહુકાર રે. ॥ ૧૧ ॥
સાબેલા સહુ સજ્જ કર્યા રે, આવ્યો કોણીક રાય રે. ॥ ૧૨ ॥
પડહ વજાવે નગરમાં રે, ભવિ મન હર્ષ ન માય રે. ॥ ૧૩ ॥
ગંભીરવાજા ધન પરે રે, વાજીત્ર નવ છંદ રે. ॥ ૧૪ ॥
જે જે શબ્દ મુખથી કહે રે, સહેજે માનવ ગ્રંથ રે. ॥ ૧૫ ॥

ચામર છત્ર બિરાજતાં રે, ચાલે જંબૂકુમાર રે. ॥ ૧૬ ॥
નારી અપ્સરા કિન્નરી રે, ગાવે મધુરા ગીત રે. ॥ ૧૭ ॥
જિન શાસન શોભાવીશું રે, ધન ધન તુજ સુવિનિત રે. ॥ ૧૮ ॥
કર્મ બલે કેવલ લહ્યું રે, દેવત કોઇ આશિષ રે. ॥ ૧૯ ॥
વડ વખત વ્યવહારીયો રે, આવી નમાવે શિષ રે. ॥ ૨૦ ॥
લુણ ઉતારે બેનડી રે, આવે રાજદ્વાર રે. ॥ ૨૧ ॥
વધાવે મુક્તા ફલે રે, રાણી સોહાગણ નાર રે. ॥ ૨૨ ॥
જંબૂ ને જોવા ભણી રે, સોભાગી સસ્નેહ રે. ॥ ૨૩ ॥
નવબારી નગરી હતી રે, સાંકડી થઇ તસ તેહ રે. ॥ ૨૪ ॥
થાવચ્ચા સુતની પરે રે, જેની પરે મેઘકુમાર રે. ॥ ૨૫ ॥
તેની પરે ઓચ્છવો જાણજો રે, જ્ઞાતા સૂત્ર મોઝાર રે. ॥ ૨૬ ॥
એમ અંતરાય કરત થકાં રે, પરિવરીયા પરીવાર રે. ॥ ૨૭ ॥
ગુણશીલ ચૈત્ય આવીયા રે, જિહાં સોહમ અણગાર રે. ॥ ૨૮ ॥
રથ તુરંગ ગજ ઘોડો રે, સવિ ઉભા સરદાર રે. ॥ ૨૯ ॥
**નય વિજય** કહે તેહની રે, જગમાં ધન અવતાર રે. ॥ ૩૦ ॥

## ૭૮. પડિક્કમણાની સજ્ઝાય

(રાગ - જગજીવન જગવાલ...)

કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે
પરભવ જાતા જીવને, સંબલ સાચું જાણ લાલ રે ॥ ૧ ॥

શ્રીમુખ વીર ઇમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રતે જાણ લાલ રે.
લાખ ખાંડી સોના તણી, દીયે દિન પ્રત્યે દાન લાલ રે ॥ ૨ ॥

લાખ વર્ષ લગે તે વળી, એમ દીયે દ્રવ્ય અપાર લાલ રે.
એક સામાયિકને તોલે, નાવે તેહ લગાર લાલ રે. ॥ ૩ ॥

સામાયિક ચઉવિસત્થો ભલુ, વંદન દોય દોય વાર લાલ રે.
વ્રત સંભારો રે આપણો, તે ભવ કર્મ નિવાર લાલ રે. ॥ ૪ ॥

કર કાઉસગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચક્ખાણ સુધી વિચાર લાલ રે.
દોય સજ્ઝાયે તે વળી, ટાળો ટાળો અતિચાર લાલ રે. ॥ ૫ ॥

શ્રી સામાયિક પ્રસાદથી, લહીએ અમર વિમાન લાલ રે
ધર્મ સિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન લાલ રે. ॥ ૬ ॥

## ૭૯. પડિક્કમણાનાં ફળની સજ્ઝાય

(રાગ - ભુલ્યો મન ભમરા...)

ગોયમ પૂછે શ્રી મહાવીરને રે, ભાખો ભાખો પ્રભુજી સંબંધ રે.
પ્રતિક્રમણથી શું ફળ પામીએ રે, શું શું થાયે પ્રાણીને બંધ રે ॥ ૧ ॥

સાંભળો ગોયમ કે કહું પુન્યથી રે, કરણી કરતાં પુન્યનો બંધ રે;
પુણ્યથી બીજો અધિકો નહિ રે, જેથી થાયે સુખ સંબંધ રે. ॥ ૨ ॥

ઇચ્છા પડિક્કમણું કરી પામીએ રે, પ્રાણી પુન્યનો બંધ રે;
પુન્યની કરણી જે ઉવેખશે રે, પરભવે થાશે અંધો અંધ રે, ॥ ૩ ॥

પાંચ હજાર ને ઉપર પાંચશે રે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે,
જીવાભિગમ,ભગવઇ પન્નવણા રે, મુકે ભંડાર પૂન્યની રેહ રે, ॥ ૪ ॥
પાંચ હજાર ને ઉપર પાંચશે રે, ગાયો ગર્ભવતી જેહ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, મુહપતિ આપ્યાનું પુન્ય એહ રે. ॥ ૫ ॥

દસ હજાર ગોકુલ ગાયો તણી રે, એકેકો દસ હજાર પ્રમાણ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, ઉપજે પ્રાણીને નિર્વાણ રે. ॥ ૬ ॥

તેથી અધિક ઉત્તમ ફળ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશે પામે પરિમલ નાણ રે. ॥ ૭ ॥

શ્રી જિનમંદિર અભિનવ શોભતાં રે, શિખરનું ખરચ કરાવે જેહ રે,
એકેકો મંડપ બાવન ચૈત્યનો રે, ચરવલો આપ્યાનું પુન્ય એહ રે. ॥ ૮ ॥

માસખમણની તપસ્યા કરે રે, અથવા પંજર કરાવે જેહ રે;
એહવા કોડ પંજર કરતા થકાં રે, કાંબલિયું આપ્યાનું ફળ એહ રે. ॥ ૯ ॥

સહસ અઠયાસી દાનશાલા તણો રે, ઉપજે પ્રાણીને પુન્યનો બંધ રે.
સ્વામી સંઘાતે ગુરૂ સ્થાનકે રે, પ્રવેશ થાએ પુણ્યનો બંધ રે. ॥ ૧૦ ॥

શ્રી જિનપ્રતિમા સોવનમય કરે રે, સહસ અઠ્યાસી પ્રમાણ રે.
એકેકી પ્રતિમા પાંચસે ધનુષ્યની રે, ઈરિયાવહી પડિક્કમતાં ફલ જાણ રે. ॥ ૧૧॥

આવશ્યક પંજર જુગતે ગ્રંથમાં રે, ભાખ્યો એ પડિક્કમણાનો સંબંધ રે;
જીવા ભગવઈ આવશ્યક જોઈને રે, સ્વમુખ ભાખે વીર જિણંદ રે. ॥ ૧૨ ॥

**વાચક જસ** કહે શ્રદ્ધા ધરો રે, પાલે શુદ્ધ પડિક્કમણાંનો વ્યવહાર રે;
અનુત્તર સમ સુખ પામે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પાર રે. ॥ ૧૩ ॥

## ૮૦. ઈરિયાવહીયાની સજ્ઝાય

નારી મેં દીઠી એક આવતી રે, જાતી ન દીઠી કોય રે,
જે નર તેહને આદરે રે, તેહની સદ્‌ગતિ હોય રે. ॥ ૧ ॥
એકસો નવ્વાણું રૂડાં બેટડાં રે, મોટા તે ચોવીસ ઈશ રે,
નાનડીયા તમે સાંભલો રે, શત પંચાતેરે ઈશ રે. ॥ ૨ ॥
જૈન તણે મુખે રહે રે, પગ બત્રીસ કહેવાય રે,
ધર્મી નર પાસે વસે રે, પાપી સંગ ન જાય રે. ॥ ૩ ॥
આઠ સંપદાએ પરવરી રે, નારી છે દેવ સ્વરૂપ રે,
મુગતિરમણી ઘણાં મેળવ્યા રે, વડાં વડેરા ભૂપ રે. ॥ ૪ ॥
ગૌતમસ્વામીએ પૂછયું રે, ઉપદેશ્યું શ્રી વર્ધમાન રે,
અઈમુત્તા ઋષિ પામીયા રે, ક્ષણમાં કેવલજ્ઞાન રે. ॥ ૫ ॥

અઢાર લાખ જુદા બેટડાં રે, ઉપર ચોવીસ હજાર રે,
એકશો ને વીશ મૂકીએ રે, પામીયે સ્વર્ગ દુવાર રે. ॥ ૬ ॥

છ અક્ષર સુંદર છે એહનાં રે, શોધી લેજો નામ રે,
મનમાં ધારીને આદરો રે, આતમને હિતકાર રે. ॥ ૭ ॥

સાધુ શ્રાવક સહુ આદરે રે, આદરે અરિહંત દેવ રે,
**મેઘવિજય** ગણિ શિષ્ય કહે રે, એહની કરો ઘણી સેવ રે. ॥ ૮ ॥

## ૮૧. સ્વાર્થી જગતની સજ્ઝાય

## (રાગ - પદ્મપ્રભુ પ્રાણ સે પ્યારા)

જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના;
યે કાયા કાચકા કુંભા, નાહક તું દેખ કે ફૂલતાં;
પલક મેં ફૂટ જાયેગા, પતા જ્યું ડાલસે ગિરતા. જગત...૧

મનુષ્ય કી ઐસી જિંદગાની, અભી તું ચેત અભિમાની;
જીવન કા ક્યા ભરોસા હૈ, કરી લે ધર્મ કી કરણી. જગત...૨

ખજાના માલ ને મંદિર, ક્યું તું કહેતા મેરા મેરા;
ઈહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ કુછ તેરા. જગત...૩

કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા;
નીકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા. જગત...૪

તરે સંસાર સાગર કો, જપે જો નામ જિનવર કો;
કહે **ખાંતિ** વહી પ્રાણી, હટાવે કર્મ જંજીર કો. જગત...૫

## ૮૨. સત્સંગની સજ્ઝાય

સત્સંગનો રસ ચાખ, પ્રાણી તું તો, સતસંગનો રસ ચાખ;
પ્રથમ લાગે છે તીખો ને કડવો, પછી આંબા કેરી સાખ

પ્રાણી તું તો, સતસંગનો રસ ચાખ. પ્રા... ૧

મેડીને મંદિર માલ ખજાના, પડ્યા રહેશે દરબાર. પ્રા... ૨
આરે કાયાનો ગર્વ ન કરશો, અંતે થવાની છે રાખ. પ્રા... ૩
જુગતી જોઈને રાચમાં જરીએ, ખોટો બધો છે આ ખેલ. પ્રા... ૪
ચારે ગતિમાં જીવ તું ભમીયો, પંચમી ગતિ સંભાળ. પ્રા... ૫
તન ધન જોબન એ નહિ તારાં, અંતે માટીમાં મળનાર. પ્રા... ૬
મારું મારું કરી દાન ન દીધું, સાથે આવે ન તલભાર. પ્રા... ૭
રાય પ્રદેશી રાજ્યમાં ખૂંચ્યો, ગુરુ સંગત જુઓ સાર. પ્રા... ૮
ગુરુ ઉપદેશથી રાય પ્રદેશી પામશે મોક્ષ દ્વાર. પ્રા... ૯
શ્રેણિક રાજા સમકિત પામ્યા, ગુરૂ અનાથી મુનિરાય. પ્રા...૧૦
દાસનો દાસ તું તો જીવ અભાગીયો, 'જ્ઞાન વિમલ' ધરો ધ્યાન. પ્રા... ૧૧

## ૮૩. માનમાં માનમાં

(રાગ - વંદના વંદના)

માનમાં માનમાં માનમાં રે, જીવ મારું કરીને માનમાં,
અંતકાળે તો સર્વ મુકીને, ઠરવું છે જઈ શમશાનમાં રે. ॥ ૧ ॥

વૈભવ વિલાસી પાપ કરો છો, મરી તિર્યંચ થાશો રાનમાં રે
રાગના રંગમાં ભૂલા ભમો છો, પડશો ચોરાશીની ખાણમાં રે ॥ ૨ ॥

વૃધ્ધાવસ્થા આવશે ત્યારે, ધાકો પડશે તારા કાનમાં રે.
જગતમાં તારું કોઈ નથી રે, રાખજો મન ભગવાનમાં રે ॥ ૩ ॥

કોકદિન જાનમાં, તો કોક દિન કાણમાં, મિથ્યા ફરે અભિમાનમાં રે
એક દિન સુખમાં તો, એક દિન દુઃખમાં, સઘળા તે દિન સરખા જાણમાં રે. ॥ ૪ ॥

સુત વિત્ત દારા પુત્રીને ભૂલ્યો, અંતે તે તારા જાનમાં રે
આયુ અસ્થિરને ધન ચપળ છે, ફોગટ મોહ્યો તેના તાનમાં રે. ॥ ૫ ॥

છેલ બટુક થઈ શાને ફરો છો, અધિક ગુમાન માન તાનમાં રે
મુનિ કેવળ કહે સુનો સજ્જન સહુ, ચિત્ત રાખજો પ્રભુ ધ્યાનમાં રે. ॥ ૬ ॥

## ૮૪. મનાજી તું તો

(રાગ - આશાવરી)

મનાજી તું તો, જિનચરણે ચિત લાય, તેરો અવસર વિત્યો જાય
ઉદર ભરણ કે કારણે રે, ગૌઆ વનમેં જાય
ચારો ચરે ચિંહું દિશી ફરે રે વાંકું, ચિતડું વાછરીયા માંય. ॥ ૧ ॥

ચાર પાચ સાહેલી મળીને, હીલમીલ પાની જાય
તાલી દે ખડખડ હસે રે વાંકું, ચિતડું ગાગરીયા માંય ॥ ૨ ॥
નટુઓ નાચે ચોકમાં રે લખ આવે લખ જાય
વાંસ ચડીને નાટક કરે રે વાંકું, ચિતડું દોરડીયા માંય. ॥ ૩ ॥

સોની સોનાના ઘાટ ઘડે રે, વળી ઘડે રૂપાના ઘાટ
ઘાટ ઘડે મન રિઝુવે રે વાંકું, ચિતડું સોનૈયા માંય. ॥ ૪ ॥

જુગટીયા મન જુગટું રે, કામીને મન કામ
**આનંદઘન** એમ વિનવે રે, ઐસો ધર પ્રભુ કો ધ્યાન. ॥ ૫ ॥

## ૮૫. સ્વાર્થી સંસારની સજ્ઝાય

(રાગ : આશાવરી)

સમજ નર સ્વાર્થીઓ સંસાર, ચેતજો સહુ નર નાર......

ધોરી કાંધે ધરી છે ધુસરી, વહે છે જ્યાં સુધી ભાર
નિજ ગરજે તેની સાર કરે છે, પછી નીરે નહીં ચાર. ॥ ૧ ॥

કમાય ત્યાં લગી કહે છે પિતા, પુત્રાદિક પરિવાર.
ડોસો કહી દરકાર કરે નહીં, વૃદ્ધ બને જે વાર. ॥ ૨ ॥

ધન દેખી સહુ સાર કરે છે, લોક કરે છે જુહાર
ગરજે બાપા કહે ગર્દભને, અંતે ડફણાનો માર. ॥ ૩ ॥

મોટા મોટા મહેલ બનાવી, કરે છે બાગમાં બહાર
માલમત્તા ધનદોલત માંથી, લેશ ન આવે લ્હાર. ॥ ૪ ॥

સગાસંબંધી સાથે ન આવે, ધન દોલત ખાનાર
પુણ્ય પાપને પલ્લે બાંધી, આવ્યો તેવો જનાર. ॥ ૫ ॥

શ્રદ્ધાસહિત જિન ધર્મને પાળે, નિજ, શક્તિ અનુસાર
નિત્ય નેહથી સ્તવજે શ્રી જિન, આનંદ લક્ષ્મી દાતાર. ॥ ૬ ॥

સંસાર માયા ખોટી જાણી, કરો આતમ ઉદ્ધાર
**માન વિજય** કહે કરી લેજો, સફળ મનુષ્ય અવતાર. ॥ ૭ ॥

## ૮૯. આપ સ્વભાવની સજઝાય

આપ સ્વભાવ મેં રે, અવધૂ સદા મગન મેં રહનાં;
જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ. ॥ ૧ ॥

તું નહીં કેરા, કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા ?
તેરા હૈ સો તેરી પાસે, અવર સબહિ અનેરા. આપ. ॥ ૨ ॥

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવ કા વાસી. આપ. ॥ ૩ ॥

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખ કા દીસા;
જબ તુમ ઉનકો દૂર કરીસા, તબ તુમ જગ કા ઈસા. આપ. ॥ ૪ ॥

પર કી આશા સદા નિરાશા, એ હૈ જગ જન પાસા;
તે કાટન કો કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ. ॥ ૫ ॥

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી. આપ. ॥ ૬ ॥

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ. ॥ ૭ ॥

## ૮૭. શ્રાવકપણાના મહિમાની સજ્ઝાય

(રાગ - જયદેવ જયદેવ...)

ચેત ચેત ચેત પ્રાણી, શ્રાવક કુળ તું પાયો;
ચિંતામણી સે દુર્લભ એસો, મનુષ્ય જન્મ પાયો. ચેત. ॥ ૧ ॥

માયામેં મગન થઈ, સારો જન્મ ખોયો;
સુગુરૂ વચન નિર્મળ નીરે, પાપ મેલ ન ધોયો. ચેત. ॥ ૨ ॥

છિન છિન છિન ઘટત આયુ, જયું જળ અંજલિમાંહી;
યૌવન ધન માલ મુલક, સ્થિર ન રહેશે ક્યાંઈ. ચેત. ॥ ૩ ॥

પર રમણી કે પ્રસંગ મેં, રાત દિવસ રાચ્યો;
અજ્ઞાની જીવ જાણે નહિ, શીયળ રત્ન સાચો. ચેત. ॥ ૪ ॥

અબ તો દેવ ગુરૂ ધર્મ, ભાવ ભક્તિ કીજે;
**ઉદય રત્ન** કહે તીન રત્ન, યત્ન કરી લીજે. ચેત. ॥ ૫ ॥

## ૮૮. નરકના દુઃખોનું વર્ણન

હે સુણ ગોયમજી ! વીર પયંપે, નરક તણા દુઃખ વારતા
પરનારી સંગત જે કરતા;વળી પાપ થકી પણ નહીં ડરતા
જમરાયની શંકા નવિ ધરતા. ॥ ૧ ॥

હે શ્રોતાજનો ! નરકનાં દુઃખ સાંભલતા હૈયા થરથરે
હે ગુણવંતા ! વીરવાણી સાંભળીને ધર્મ ખજાનો ભરો.
લોહની પુતળીને તપાવે છે, અતિ અગ્નિમય બનાવે છે.
તસ આલિંગન દેવરાવે છે. ॥ ૨ ॥

પાંચસો જોજન ઉછાળે છે,પછી પટકી ભોંય પછાડે છે.
પછી તેહના દેહને બાળે છે. ॥ ૩ ॥

શ્વાન થઈને ફરી ફરી કરડે છે, ઝીલી પરમાધામી મરડે છે,
વળી તેહની પાછળ દોડે છે. ॥ ૪॥

મૃગની જેમ પાસમાં પકડે છે. કરવતે કરી તેહને ફોડે છે,
વળી પકડી પકડી ભમાવે છે. ॥ ૫ ॥

વળી તેહને શૂળીએ ચડાવે છે, કાન નાક પણ તેહના કાપે છે,
વળી ભરસાડમાં તેહને બાળે છે. ॥ ૬ ॥

વળી ખાલ ઉતારી જલાવે છે, તાતા તેલમાં પણ ઘાલે છે,
વિરુઆ વિપાકો તેહને દેખાડે છે. ॥ ૭ ॥

વળી માંસ કાપીને ખવડાવે છે, એમ નરકના દુઃખ,
ઘણા પાવે છે, અતિ ત્રાસમાં દિવસ ગમાવે છે. ॥ ૮ ॥

વળી શરીરમાં ખાર મિલાવે છે, એમ પરમાધામી દુઃખ દેખાડે છે,
**શુભવીરની** વાણીથી શીતળ થાવે છે. ॥ ૯ ॥

## ૮૯. જગતની રચના

**(રાગ - ભૈરવી)**

જુઓ ! આ જગત તણી રચના !
સુઘડ નારી ઘરને શોભાવે, રાખે સાર સંભાળ
કુવડ નારી ઘર ઘર ભટકે, સતીનો નહી આચાર ॥ ૧ ॥

એક પુત્ર નિજ કુળ દીપાવે, કરે ધર્મના કામ
અન્ય પુત્ર નિજ કુળ કલંકીત, પામે અપજસ નામ ॥ ૨ ॥

નિતી તણું ધન પેદા કરેલું, શુભ રસ્તે વપરાય
પાપીઓનું ધન પાપમાં જાવે, મરીને દુર્ગતિ જાય ॥ ૩ ॥

તન ધન નારી કુટુંબ કબીલા, મારું માની હરખાય
વિણસી જાતા વાર ન લાગે, પછી ઘણો પસ્તાય ॥ ૪ ॥

કામ વ્હાલું કાયા નહી વ્હાલી, દિલમાં રાખો વિચાર
માનવિજય કહે આત્મ સાધી, દૂર કરો સંસાર. ॥ ૫ ॥

## ૯૦. મિત્રો ચેતજો રે

(રાગ - સાહિબ સાંભલો રે)

મિત્રો ચેતજો રે, આ તો નરભવ છે બહુ નાનો
સુખ તણા જ્યાં સાંસાં છે ત્યાં, દુઃખનો છેક જમાનો. ॥ ૧ ॥

કોઈ કહે પૈસામાં સુખ છે, પૈસો સુખનો ભેરુ
પૈસો પૈસો પૈસો રટતા, ઉડી ગયો પંખેરુ. ॥ ૨ ॥

પુણ્ય સંયોગે પૈસો મળીયો, ન મળી સુંદર નારી
નારી વિના ધનવંત છતાં પણ, ભટકે જેમ ભિખારી. ॥ ૩ ॥

કોઈ તણી દારા ગઈ સ્વર્ગે, કોઈ રહ્યા વળી વાંઢા
ધર્મ ધ્યાનથી ધન મેળીયા, પણ ન રહ્યા શરીરે સાજા. ॥ ૪ ॥

પૈસો નારી ઉભય મળ્યાં પણ, ન થયો સુત એક
નરનારી દોય જણ રડે છે, મૂકી છેક વિવેક. ॥ ૫ ॥

પૈસો નારી પુત્ર થયાને, મા બાપ કહેવાતા
પુત્ર તણા સગપણ નહીં થાતા, રાતદિવસ દુભાતા. ॥ ૬ ॥

દિકરા કેરા લગ્ન થાતા, પોંખીને લ્હાવો લીધો
વીશ વરસનો જવાન દીકરો, કાળે કોળીયો કીધો. ॥ ૭ ॥

કોઈક દિકરો મોટો થયો ને, લાવ્યોં નવલી નારી
વર્ષ એક વીત્યું નહીં ત્યાં તો, પુત્રની વધી બિમારી. ॥ ૮ ॥

પાચ સાત છોકરા થયા ને, માતા મનમાં હરખી.
જોઈ લ્યો, વહુનું ઘર થાતા, બુઢ્ઢી દાસી સરખી. ॥ ૯ ॥

મળીયા દિકરા ધન પણ મળીયાં, ઘરમાં ક્લેશ અપાર
લાવો ભાગ અમારા બાપા, કરશું જુદો વ્યાપાર. ॥ ૧૦ ॥

કોઈ રોગીને કોઈ વિયોગી, કોઈ નિર્ધનતા પામી
મળીયો દિકરો કોઈક કેરો, કોઈનો વળી સ્વામી ॥ ૧૧ ॥

કાંઈ કરજને કોઈ ગરજમાં, ગુલામી ખોટો કરતો.
હમણાં ધન મળશે એ આશે, હાથ ઘસી ઘસી મરતો ॥ ૧૨ ॥

ગામ ગામ ઘર ઘર જોતા, સુખ છે નહીં કોઈ સ્થાને
છતાં જગતનાં મૂર્ખ જીવડાં, જગને સુખમય માને. ॥ ૧૩ ॥

ધર્મરત્નનો દીપ મળ્યો છે, મનુષ્ય જીવન સારો.
જિન વચન સમજી આરાધો, જેમ મળે ભવપારો ॥ ૧૪ ॥

**સિદ્ધિ વિજય** ભક્તિથી મળ્યો, જિન વચને ચિત ધરતા
સુંદર જિન વચનો આરાધતાં, ચરણ મહોદય વરતા. ॥ ૧૫ ॥

## ૯૧. કોના રે સગપણ

(રાગ - ચાર દિવસના)

કોના રે સગપણ કોની રે માયા, જીવ રહ્યો છે લોભાઈ રે;
અસ્થિર સંસારમાં કોઈ નથી તાહરૂં, સાચી ધર્મ સગાઈ રે. ॥ ૧ ॥

શ્રેણીક રાયને પિંજરમાં પૂર્યો, કોણીકે રાજ્ય લોભાઈ રે;
પુત્રે પિતાને અતિ દુઃખ દીધું, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે. ॥ ૨ ॥

ભરત-બાહુબલિ રાજ્યને માટે, માંડી મોટી લડાઈ રે;
ચક્ર મુક્યું નિજ ભાઈની ઉપરે, ક્યાં ગઈ ભાઈ સગાઈ રે. ॥ ૩ ॥

મયણરેહા વશ મોહ્યો મણીરથ, માર્યો યુગબાહુ ભાઈ રે;
વિષય-કષાયમાં મસ્ત બનીને, ક્યાં ગઈ ભાઈ સગાઈ રે. ॥ ૪ ॥

બ્રાહ્મણી નિજ પુત્રને વેચે, ધનને અર્થે લોભાઈ રે;
અમરકુમારને મારણ કાજે, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે. ॥ ૫ ॥

ગુરૂ ઉપદેશથી રાયપ્રદેશી, શુદ્ધ સમકિત પાઈ રે;
સ્વારથ કાજે, સૂરિકાન્તા નારીએ, માર્યો પિયુ વિષ પાઈ રે. ॥ ૬ ॥

ચુલણી માતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઈ રે;
વિષયમાં અતિલંપટ થઈને, ક્યાં ગઈ માત સગાઈ રે. ॥ ૭ ॥

શેઠાણી નિજ શેઠને નાંખે, ઉંડા કુવાની માંહી રે;
કર્મ તણી જોજો વિચિત્રતા, ક્યાં ગઈ પત્ની સગાઈ રે. ॥ ૮ ॥

નિજ અંગજના અંગ જ છેદે, જુવો રાહુ કેતુ કમાઈ રે;
સહુ સહુને નિજ સ્વારથ વહાલો, કોણ ગુરૂ ને કોણ ચેલો રે. ॥ ૯ ॥

સુભુમ પરશુરામ જ દોઈ, માંહે માંહે વેર બનાઈ રે;
ક્રોધ કરીને નરકે પહોચ્યાં, કીહાં રહી તાત સગાઈ રે. ॥ ૧૦ ॥

ચાણક્યે તો પર્વતની સાથે, કીધી મિત્ર ઠગાઈ રે;
મરણ પામી તે મનમાં હરખ્યો, કીહાં રહી મિત્ર સગાઈ રે. ॥ ૧૧ ॥

આપ સ્વાર્થ સહુને છે વ્હાલો, કોણ સજ્જન કોણ ભાઈ રે;
જમ રાજાનું તેડું આવ્યું, ટગમગ જોવે ભાઈ રે કો. ॥ ૧૨ ॥

કોની રે માતા કોના રે પિતા, કોના ભાઈ ભોજાઈ રે;
મારૂં મારૂં સૌ કહે છે પ્રાણી, તારૂં ન કોઈ સહાઈ રે ॥ ૧૩ ॥

સજ્જન વર્ગ કોઈ સાથે ન આવે, આવે આપ કમાઈ રે;
વિનયવિજય પંડિત એમ બોલે, જૈન ધર્મ સાચો ભાઈ રે. કો ॥ ૧૪ ॥

## ૯૨. આ તન છે રંગ પતંગી રે

(રાગ-આજનો ચાંદલીયો...)

આ તન છે રંગ પતંગી રે, તેની શી ધરવી માયા
ક્ષણમાં થાશે બે રંગી રે, જૈસી બાદલકી છાયા ...૧

જનમ્યા તે તો જરૂર જાશે, નથી અખંડ રહેવાના
વૃદ્ધ જુવાનને નાના મોટા, સહુએ અવધે જવાના
વિચારો મન એવું રે, કોણ અમર રહેવાના...૨

તારા દેખતાં તો કેઈ ગયા ચાલી, તારે જાવું એ વાટ
શાને મન કરતો નથી અલ્યા, સદ્‌ગતિ જવાના ઉચાટ
અરે ગુમાની જીવડા ! જૂઠી છે મમતા માયા...૩

કાયા તારી દિસે જર્જરી, જેહવો કાચનો કૂપ
વિણસી જાતાં વાર ન લાગે, જેમ એ રૂપ કુરૂપ
એમાં તું શું રાચે રે, છોડી દે મમતા માયા...૪

કાષ્ટ સમ બળશે તુજ કાયા, ઘાસ સમ બળ્યા કેશ
એવું દુઃખ નીરખે શ્મશાની, તો યે ન સમજ્યો લેશ
કોડીની છે કાયા રે, તેની શી ધરવી માયા...૫

માટીનાં મંદિર ચણી ચણી, પાયો નાંખ્યો મજબૂત
આયુ છે તો અસ્થિર તારું, તે ન વિચારે તું ભૂપ
વીર કહે છે આ ભીંત કાચી, તિમ કાચી તુજ કાયા...૬

## ૯૩. આ સંસાર છે અસાર

### (રાગ - યે હૈ પાવન ભૂમી)

આ સંસાર છે અસાર, વ્યાધિ-વેદનાનો નહી પાર,
એ જાણતો પણ આ જીવડો, ન કરે જિનધર્મ લગાર રે... આ સંસાર(૧)

ધર્મ આજે કરશું કાલે કરશું, પેલા પૈસા ભેગા કરશું,
તને ખબર નથી ક્યારે મરશું ? તો પણ ફરે બની મસ્તાન રે...(૨)

તુ કયાંથી અહી આવ્યો છે ? તારે પાછું કયાં જવું છે ?
તારે ક્યાં સુધી અહી રહેવું છે ? તને ખબર નથી કોઈ વાત રે...(૩)

જેની સાથે બેસી રમતો, વાતો કરતો ને જમતો,
તેને લઇ ગયો છે યમ તો, પછી નિશ્ચિંત કેમ તું સુતો રે...(૪)

રોગ-જરા-મરણ ઘણા ભુંડા, તારી પાછળ લાગ્યા ત્રણ ગુંડા
તારા શરીરમાં પેસી ઉંડા, તને પીડે એ વારંવાર રે.... (૫)

દેવેન્દ્ર, ચક્રવર્તિઓના, રાજાઓના ઉત્કૃષ્ટ ભોગો,
પામ્યો તુ અનંતી વાર, નથી તૃપ્તિ તને કોઈ વાર રે.... (૬)

દુર-દુરથી પંખીઓ આવે, એક ઝાડમાં રાત વિતાવે,
પડે સવાર અને ઉડ જાવે, તિમ તારા સંબધો જણાય રે... (૭)

તલમાત્રાનું જે વિષય સુખ, તેનું પર્વત જેવું મોટુ દુઃખ,
કોડો ભવો સુધીએ ન છોડે, તો શા માટે તે ભણી દોડે રે... (૮)

હવે જાગ્યા ત્યાંથી સવાર, **ધર્મામૃત** પી વારંવાર,
તજી વિષયો તણા વિકાર, હાર ચિંતામણી તું ન હાર રે... (૯)

### ૯૪. પુણ્ય સંયોગની સજ્ઝાય

પુણ્ય સંયોગે પામીયોજી રે, નરભવ આરજ ક્ષેત્ર;
શ્રાવકકુળ ચિંતામણિજી રે, ચેતી શકે તો ચેત રે.

જીવડા ! આ સંસાર અસાર............
સાર માત્ર જિનધર્મ છે જી રે, આપણું ઘર સંભાળ રે.

જીવડા૦ ૧

માતાપિતા સુત બંધવા જી રે, દાસ-દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જી રે, સહુ મતલબના યાર રે.

જીવડા૦ ૨

સરોવર જળનો દેડકો જી રે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે દેડકો જી રે, સહુને આપણો લક્ષ રે.

જીવડા૦ ૩

મયૂર તાકે છે સાપને જી રે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગલાગલ ન્યાય છે જી રે, નિર્ભય નહિ કોઈ ઠોર રે.

જીવડા૦ ૪

કર્મે નાટક માંડીયો જી રે, જીવડો નાચણહાર;
નવા નવા લેબાશમાં જી રે, ખેલે વિવિધ પ્રકાર રે.

જીવડા૦ ૫

ચોરાસી ચોગાનમાં જી રે, રુપ-રંગના ઠાઠ;
તમાશા ત્રણ લોકમાં જી રે, બાજીગરના પાઠ રે.

જીવડા૦ ૬

બહોત ગઈ થોડી રહી જી રે, પરભવ ભાતું રે બાંધ;
સમતાસુખની વેલડી જી રે, **ધર્મરત્ન** પદ સાધ રે.

જીવડા૦ ૭

## ૯૫. મનુષ્યભવની સજ્ઝાય

મનુષ્ય ભવનું ટાણું રે, કાલે વહી જશે,
અરિહંતના ગુણ ગાવો નર નાર;
રત્ન ચિંતામણિ આવ્યો હાથમાં રે,
ભગવંતના ગુણ ગાવો નર નાર...૧

બળદ થઈને રે ચીલાએ ચાલશો રે,
ચઢશો વળી ચોરાશીની ચાલ;
ચોકડું બાંધીને ઘાણીએ ફેરવશે રે,
ઉપર બેસી મૂરખ દેશે માર...૨

કૂતરા થઈને ઘર ઘર ભટકશો રે,
ઘરમાં પેસવા નહીં દે કોય;
કાનમાં કીડા રે પડશે અતિ ઘણાં રે,
ઉપર પડશે લાકડીઓના માર...૩

ગધેડા થઈને રે ગલીઓમાં ભટકશો રે,
ઉપાડશો અણતોલ ભાર;
ઉકરડાની ઓથે રે જઈને ભૂંકશો રે,
સાંજ પડે ધણી ન લીએ સંભાળ...૪

ભુંડ થઈને રે પાદર ભટકશો રે,
કરશો વળી અશુચિનો આહાર;
નજરે દીઠા રે કોઈને નવિ ગમો રે,
ઉપર પડશે પથ્થરના પ્રહાર...૫

ઊંટ થઈને રે બોજો ઉપાડશો રે,
ચરશો વળી કાંટા ને કંથાર;
હાથને હડસેલે ઘર ભેગા થાશો રે,
ઉપર પડશે પાટુના પ્રહાર...૬

ઘોડા થઈને રે ગાડીઓ ખેંચસો રે,
ઉપર પડશે ચાબૂકના પ્રહાર;
ચોકડું બાંધીને ઉપર બેસશે રે,
રાયજાદા થઈ અસવાર...૭

ઝાડ થઈને વનમાં ધ્રુજશો રે,
સહેશો વળી તડકો ને ટાઢ;
ડાળે ને પાંદડે રે પંખી માળા ઘાલશે રે,
ઉપર પડશે કુહાડાના ઘા...૮

ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે,
મેળવવો છે મુશ્કેલ;
**હીરવિજયની** એણી પેરે શિખડી રે,
તુમે સાંભળજો **અમૃત** વેલ...૯

## ૯૬. ઉપદેશની સજ્ઝાય

તુંને સંસાર સુખ કેમ સાંભરે રે લોલ,
દુઃખ વિસર્યા શું ગર્ભાવાસ જો;
નવ માસ રહ્યો તું માને ઉદરે રે લોલ,
મળ મૂત્ર અશુચિ વિશરામ જો...૧

તિહાં હવા પાણી નહિં સંચરે રે લોલ,
નહિ સેજ તલાઇ પલંગ જો;
તિહાં લટકી રહ્યો ઊંધે શિરે રે લોલ,
દુઃખ સહત અપાર અનંત જો...૨

ઊંટ કોડી સૂઈ તાતી કરી રે લોલ,
સમ કાળે ચાંપે કોય રાય જો;
તેથી અનંતગણું તિહાં કને રે લોલ,
દુઃખ સહેતાં વિચાર તે થાય જો...૩

હવે પ્રસવે જો મુજને માવડી રે લોલ,
તો કરું હું તપ જપ ધ્યાન જો;
હવે સેવું સદા જિનધર્મને રે લોલ,
મૂકું કુગુરુનો સંગ અજ્ઞાન જો...૪

જ્યારે જન્મ્યો ત્યારે ભૂલી ગયો રે લાલ,
'ઉંઆં ઉંઆં' રહ્યો ઇમ કહેવાય જો;
તિહાં લાગી લાલચ રમવા તણી રે લોલ,
આયુ અંજલી જળ સમ જાય જો...૫

ઇમ બાળક વય રમતાં ગઈ રે લોલ,
થયો યૌવને મકરધ્વજ સહાય જો;
ચિત્ત લાગ્યો તદા રમણી સુખે રે લોલ,
પુત્ર-પૌત્ર દેખી હરખાય જો...૬

થઈ ચિંતા વિવાહ વાજમ તણી રે લોલ,
ધન કારણે ધાવે દેશોદેશ જો;
પુણ્યહીણો થઈ પામે નહિ રે લોલ,
ચિંતે ચોરી કરું કે લૂંટું દેશ જો...૭

ગયું યૌવન આવી જરા ડાકણી રે લોલ,
ધ્રૂજે કર પગ શિર ને શરીર જો;
ઘરે કહ્યું કોઈ માને નહિં રે લોલ,
પડ્યો કરે પોકાર નહિ ધીર જો...૮

ઈમ કાળ અનંતો વહી ગયો રે લોલ,
અબ ચેત મૂરખ ભવ જાય જો
આવો જોગ મળવો મુશ્કેલ છે રે લોલ,
સેવો શ્રી જિન શિવ સંકેત જો...૯

કવિદાસ કહે મુજ સાહિબો રે લોલ,
કૂડો કપટી કુશીલ શિર મોડ જો,
મેં તો દીઠો નહિ કોઈ દેશમાં રે લોલ,
મોટો ધર્મનો ઠગ ઠાકોર જો...૧૦

મુનિ તત્ત્વસાગરના પ્રયાસની રે લોલ,
ધર્મ ધ્યાને થયો ઉજમાળ જો
સંઘ સેવા કરે શાંતીનાથની રે લોલ,
તેથી આનંદમંગલ વરતાય જો....૧૧

ઓગણીશે ત્રીશ અષાઢની રે લોલ,
શુદ્ધ એક મને બુધવાર જો
પ્રભુ કરો કૃપા **કવિદાસ** પરે રે લોલ,
ઘનઘાતીયા ચાર નિવાર જો...૧૨

## ૯૭. શ્રાવક ધર્મની સજ્ઝાય

તન ધન જોબન કારમુંજી રે, કોના માત ને તાત;
કોના મંદિર માળિયાંજી રે, જેસી સ્વપ્નની વાત.
સૌભાગી શ્રાવક ! સાંભળો ધર્મ સજઝાય.....૧

ફોટગ ફાંફાં મારવાજી, અંતે સગું નહિ કોઈ;
ઘેબર જમાઈ ખાઈ ગયોજી, કુટાઈ ગયો કંદોઈ....સૌ૦ ૨

પાપ અઢાર સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહીંજી, ખાવાવાળા છે અનેક....સૌ૦ ૩

જીવતાં જસ લીધો નહીજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત....સૌ૦ ૪

ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીનેજી, વીર પ્રભુની કરે સેવ....સૌ૦ ૫

બાપ દાદા ચાલ્યા ગયાજી રે, પૂરા થયા નહિં કામ;
કરવી દેવની વેઠડીજી, શેખચલ્લીના પરિણામ....સૌ૦ ૬

જો સમજો તો શાનમાંજી, સદ્‌ગુરુ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાજી, ધર્મરત્ન કરો ધ્યાન....સૌ૦ ૭

## ૯૮. ક્યા સોવે ઉઠ જાગ બાઉં રે

(રાગ : બિલાવલ)

ક્યા સોવે ઉઠ જાગ, બાઉં રે, ક્યા સોવે ઉઠ જાગ
અંજલી જલ જ્યું આયુ ઘટત હૈ, દેત પહોરીયા ઘરીય ઘાઉં રે ॥ ૧ ॥
ઈન્દ્ર ચન્દ્ર નાગેન્દ્ર મુનિન્દ્ર ચલે, કોણ રાજાપતિ સાહ રાઉં રે ॥ ૨ ॥
ભમત ભમત ભવ જલધિ પાયકે, ભગવંત ભજન વિણ ભાવ નાઉં રે ॥૩॥
કહાં વિલંબ કરે અબ બાઉં રે, તરી ભવજલનિધિ પાર પાઉં રે ॥ ૪ ॥
આનંદઘન ચેતન મય મૂર્તિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉં રે ॥ ૫ ॥

## ૯૯. ઇસ તન કા ક્યા ઠિકાના

(રાગ : મૌસમ હૈ આશિકાના)

ઈસ તન કા ક્યા ઠિકાના
એક દિન હમેશા તું તો, ગફલત મેં સો ન જાના...૧

બલશાલી તન થે જિસકે, વે ભી ચલે ગયે હૈ,
કરની ભલી બુરી કો, સબ સાથ લે ગયે હૈ,
મત કરના પાપ ઐસે, ઠુકરાયે યે જમાના...૨

તું તો બડા હૈ ચંચલ, માનવ કો ડગમગાયે,
હારે હૈ તેરે આગે, યોગી જો કહલાયે,
વિષયોં સે પ્યાર કરકે, જીવન કો ખો ન દેના...૩

ઉજ્જવલ જીવન બના લે, આતમ કા ભેદ જાને,
પ્રભુ પ્રીતિ મેલો લગા લે, ગર તું યે બાત માને,
મન હારે હાર જાના, મન જીતે જીત જાના...૪

## ૧૦૦. વૈરાગ્યની સજ્ઝાય

"હતું બાલકપણું પછી"

(રાગ : મેરા જુતા હૈ જાપાની)

હતું બાલકપણું પછી નિશાળે ભણું,
પંડિતપણું મેલી, મૂરખપણું લીધું...(૧)

આ સંસાર શું કૂડો, શું જ્ઞાની શું ધર્મી ? આવ્યો સાળો ને સાળી,
વચ્ચે મેલો ને પાળી, ભાઈએ બહેન જ ટાળી, જોજો હૃદય વિચારી...(૨)

દીકરાએ દગો જ દીધો, વહુએ દાવો જ કીધો,
ઓરડો જુદો જ લીધો, પીયું પોતાનો કીધો...(૩)

પિતા વિચારી જોજો, ભાગ વહેંચીને દેજો,
ન્યાય ચૂકવીને દેજો, નહીતર કોર્ટે ચાલો, નહીંતર દીવાને ચાલો...(૪)

ડોસી ખાટલે બેસી ખાય,ડોસો કાંઈ ન કમાય,
ભૂંડો મરીયે ન જાય, એની મોકાણો ના થાય...(૫)
એવી **હીરવિજયની** વાણી,સવિ સાંભળો ભવિ પ્રાણી
ધર્મ કરશો તો તરશો,નહીંતર ભવમાં ભટકશો...(૬)

## ૧૦૧. જીવદયાની સજ્ઝાય

### ''ગજ ભવે સસલો ઉગારીયો''

### (રાગ : પહેલે ભવે એક ગામનો રે)

ગજભવે સસલો ઉગારીયો રે, કરૂણા આણી અપાર;
શ્રેણિક ને ઘર ઉપન્યો રે, અંગજ મેઘકુમાર,
ચતુરનર જીવદયા ધર્મ સાર, જેથી પામીએ ભવનો પાર.॥ ૧ ॥

વીરવાંદી વાણી સુણી રે, લીધો સંયમ ભાર,
વિજય વિમાને ઉપન્યો રે, સિધશે મહાવિદેહ મોઝાર. ॥ ૨ ॥

નેમિપ્રભુ ગયા પરણવા રે, સુણી પશુડાનો પોકાર,
પશુડાની કરૂણા ઉપની રે, તજયા રાજીમતી નાર.॥ ૩ ॥

શરણે પારેવો ઉગારીયો રે, જુઓને મેઘરથ રાય;
શાંતિનાથ ચક્રી થયા રે, દયા તણે સુપસાય ॥ ૪ ॥

માસ ખમણને પારણે રે, ધર્મરુચિ અણગાર;
કીડીઓની કરૂણા ઉપની રે, કીધો કડવા તુંબડાનો આહાર ॥ ૫ ॥

સર્વાર્થ સિદ્ધમાં ઉપન્યા રે, સિધ્યા વિદેહ મોઝાર;
ધર્મઘોષના શિષ્ય થયા રે, રુડી દયા તણાએ પસાય॥ ૬ ॥

અર્જુનમાલી જાણજો રે, લીધો સંયમ ભાર,
કર્મ છ માસે ક્ષય કરી રે, પહોંતા મુગતી મોઝાર॥ ૭ ॥

દેવકીનંદન સોહામણા રે, નામે તે ગજસુકુમાલ,
ધગધગતી સગડી સહી રે, આણી દયા રે અપાર॥ ૮ ॥

એ ધર્મ છે સુરતરુ સમો રે, જેહની શીતલ છાંય;
**સેવક** જન નીતિ સેવજો રે, એ છે મુગતી નો દાય ॥ ૯ ॥

## ૧૦૨. ''સમકિત વિના, ભવ ભવમાં..''

### (રાગ : સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો)

સમકિત વિના, ભવભવમાં અથડાતાં અંત ન આવ્યો
એ સત્ય બિના, જિન આગમથી જાણી સમકિત પાયો...(૧)

ધનસાર ભવે મુનિદાન દઈ, સમકિત વરી ભવ તેર લહી
પદવી તીર્થંકર પામ્યા સહી...(૨)

તે નાભિનંદન ફરમાવે, મિથ્યાત્વ ગતી ચઉ રખડાવે
સમકિત વડે શિવપુર જાવે....(૩)

જુઓ ? જંગલમાંહે કઠીયારે, મુનિદાન દીધું ભવ નયસારે.
તે વીર નમો પંચમ આરે....(૪)

તે સમકિત રૂપી લ્યો મેવો, શુદ્ધ દેવ-ગુરુ ધર્મ જ સેવો
એમ ભાખે દેવાધિ દેવો...(૫)

સમકિત લહી ભવજળ તરજો, જિન ભક્તિ ભલી ભાવે ભરજો
શાશ્વત પદવી પ્રેમે વરજો....(૬)

## ૧૦૩. ''ખબર નહીં આ જગ મેં પલકી''

### (રાગ : માલકૌસ)

ખબર નહીં આ જગમેં પલકી,
સુકૃત કરનાં હોય સો કરલે, કોણ જાણે કલકી
યા દોસ્તી હે જગત વાસકી, કાયા મંડલ કી
સાસ ઉસાસ સમર લે સાહિબ, આયુ ઘટે પલકી ॥ ૧ ॥

તારા મંડલ રવિ ચંદ્રમાં, સબહે ચલને કી
દિવસ ચાર કા ચમત્કાર જ્યું, બીજલી આભલકી ॥ ૨ ॥

કુડકપટ કર માયા જોડી, કરી બાંતા છલકી
પાપ કી પોટલી બાંધી શીર પર, કૈસે હોય હલકી ॥ ૩ ॥

યા જુગ હે સુપ્રને કી માયા, જૈસે બુંદ જલકી
વિણસંતા તો વાર ન લાગે, દુનિયા જાય ખલકી ॥ ૪ ॥

માત તાત પ્રિય સુત બાંધવ, સબ જગ મતલબ કી
કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી ॥ ૫ ॥

મન માનવ તન ચંચલ હસ્તી, મસ્તી હૈ બલકી;
સત્ગુરૂ અંકુશ ધરો શીરપર, ચલ માર્ગ સતકી ॥ ૬ ॥

જબ લગ હંસા રહે દેહ મેં, ખુશીયાં મંગલ કી
હંસા છોડ ચલ્યા જબ દેહી, મિટિયા જંગલ કી ॥ ૭ ॥

પર ઉપકાર સમો નહી સુકૃત, ધર સમતાં સુખ કી
પાપ બલી પર-પ્રાણી પીડન, હર હિંસા દુઃખ કી ॥ ૮ ॥

કોઈ ગોરા કોઈ કાલા પીલા, નયણે નિરખનકી
એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્ગલ કી ॥ ૯ ॥

અનુભવે જ્ઞાને આતમ બૂઝી, કર બાતા ઘર કી
**અમર** પદ અરિહંત કું ધ્યાયા, પદવી અવિચલ કી ॥૧૦॥

## ૧૦૪. ચલ ઉડજા હંસ અકેલા

ચલ ઉડજા હંસ અકેલા, યહ હૈ જગજીવન મેલા...૧

પૃથ્વી પર દો સાધુ આયે, એક ગુરૂ એક ચેલા
ગુરૂ કી કરણી ગુરૂ જાનેગા, ચેલેકી કરણી ચેલા...૨

પૃથ્વી પર એક મહલ બનાયા, પંચ તત્વકા ગારા
પ્રેમ નગરસે જ્ઞાની બુલાયે, મહલ બના અલબેલા...૩

કોડી કોડી માયા જોડી, જોડી જમીન મેં ભેલા
સભી છોડકર ચલે હૈ બંદે, સંગ ચલે ન ઢેલા... ૪

બાજીગર જબ ખેલ રચાયા, લોક રહે સબ ઘેલા
જબ બાજીગરને ખેલ સમેટા, રહ ગયા હંસ અકેલા...૫

ચુન ચુન કંકર મહલ બનાયા, લોક કહે ઘર મેરા
ન ઘર તેરા ન ઘર મેરા, ચીડીયા રેન બસેરા...૬
ષટ્ દ્રવ્ય મેં ચેતન કેવલ, આતમ દ્રવ્ય અમુલા
**આનંદઘન** કહે સુનો ભાઈ સાધુ, સબસે ભૂલા અકેલા...૭

### ૧૦૫. અબ ચલ સંગ હમારે કાયા

(રાગ : ભીમપલાસ )

અબ ચલો સંગ હમારે, કાયા,
તોયે બહુત જતન કરી રાખી, અબ ચલ...૧
તોં યે કારણ મેં જીવ સંહારે, બોલે જૂઠ અપારે,
ચોરી કર પરનારી સેવી, જૂઠ પરિગ્રહ ધારે...૨
પટ આભુષણ સુંઘા ચુઆ, આશન પાન નિત્ય ન્યારે,
ફેર દિને ખટરસ તોં યે સુંદર, તે સબ મલ કર ડારે...૩
જીવ સુનો યા રીત અનાદિ, કહા કહત વારંવારે,
મૈ ન ચલુંગી તોરે સંગ ચેતન, પાપ પુણ્ય દોહી લારે...૪
જિનવર નામ સાર ભજ આતમા, કહા ભમત સંસારે,
સુગુરૂ વચન પ્રતીત ભયે તબ, **આનંદઘન** ઉપકારે...૫

### ૧૦૬. મેરે ઘટ ! ગ્યાન ભાનુ ભયો ભોર

(રાગ : સારંગ)

મેરે ઘટ ! ગ્યાન ભાનુ ભયો ભોર !
ચેતન ચકવા ચેતના ચકવી, ભાગો બિરહ કો શોર...૧
ફૈલી ચિહું દિશિ ચતુરા ભાવ રૂચી, મિટયો ભરમ તમ જોર...૨
આપકી ચોરી આપહી જાનત, ઔર કહત ન ચોર...૩
અમલ કમલ વિકચ ભયે ભૂતલ, મંદ વિષય શશિ કોર...૪
**આનંદઘન** એક વલ્લભ લાગત, ઔર ન લાખ કિરોર...૫

## ૧૦૭ બેર બેર નહીં આવે અવસર

(રાગ : આશાવરી)

બેર બેર નહીં આવે ! અવસર !
જ્યું જાણે ત્યું કર લે ભલાઇ, જનમ જનમ સુખ પાવે...૧
તન ધન જોબન સબ હી જૂઠો, પ્રાણ પલક મે જાવે... ૨
તન છૂટે ધન કૌન કામકો, કાહેકું કૃપણ કહાવે...૩
જાકે દિલમેં સાચ બસત હૈ, તાકું ઝુઠ ન ભાવે...૪
**આનંદઘન** પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણ ગાવે...૫

## ૧૦૮. અબ હમ અમર ભયે ન મરેંગે

(રાગ : આશાવરી)

અબ હમ, અમર ભયે ન મરેંગે
યા કારણ મિથ્યાત દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે...૧

રાગ દોસ જગ બંધ કરત હૈ, ઈન કો નાશ કરેંગે
મર્યો અનંત કાળ તે પ્રાણી, સો હમ કાલ હરેંગે...૨

દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે
નાસી જાસી, હમ થીરવાસી, ચૌખે વે નિખરેંગે...૩

ભયો અનંત કાળ બિન સમજ્યો, અબ હમ દુઃખ વિસરેંગે
**આનંદઘન** નિપટ નિકટ અક્ષર દો, નહી સમરે સો મરેંગે...૪

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ, શંખેશ્વર મહાતીર્થે

પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્ય દેવ

શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના

વરદ હસ્તે અનન્ય કૃપાપાત્ર શિષ્યરત્નો

**પૂ. પંન્યાસપ્રવર શ્રી હેમચંદ્ર વિજયજી મ.સા.**

**તથા**

**પૂ. પંન્યાસપ્રવર શ્રી રત્નશેખર વિજયજી મ.સા.**

**ને ભવ્યાતિભવ્ય**

# આચાર્યપદ પ્રદાનની

**વિશિષ્ટ સ્મૃતિમાં**

**આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે**

પૂ. પં. શ્રી હેમચંદ્ર વિજયજી મ.સા.



પૂ. પં. શ્રી રત્નશેખર વિજયજી મ.સા.



**વિ.સં. ૨૦૬૨, વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)**

**તા. ૭-૫-૨૦૦૬, રવિવાર**


શ્રી ગુરુ-પ્રેમ ધામ
શ્રી પાવાપુરી જલમંદિર
પંચાસર
દેર પધારો..
સ્વામી સલુણા
પ્રતિષ્ઠા દિન
વિ.સં. ૨૦૬૨, જેઠ સુદ-૨,
તા. ૨૯-૫-૨૦૦૬, સોમવાર